# આત્યંતિક કલ્યાણની દીવાદાંડી

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા - ૮૭



સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

અમદાવાદ-૧૩

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં
સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

## જમણા ચરણકમળમાં નવ ચિહ્નો

**સ્વસ્તિક:** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ:** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઇશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખા:** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ:** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજ:** અથવા **કેતુ** સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર :** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મ:** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ:** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ:** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

## ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો

**મીન:** સામા પ્રવાહે વહી ઉદ્‌ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્‌ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ:** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ:** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

**ગોપદ:** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

**વ્યોમ:** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

**અર્ધચંદ્ર:** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ:** ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિ:સ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

સહજાનંદ મન ભાઈ સદાઈ, સહજાનંદ મન ભાઈ;
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ.

બ્રહ્મમહોલ વાસી અવિનાશી, મનુષ્ય દેહ ધરી આઈ;
જે જન આઈ રહે ઇન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ.

કાલ કર્મ કો દુઃખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ;
સુખકારી ઘનશ્યામ ભજનસે, ભવ ભટકન મીટ જાઈ.

અંતર પ્રીત રીતસું કરી કે, મૂરતિ મન ઠહરાઈ;
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ.



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

|| સહજાનંદ સુખદાઈ ભજ મન, સહજાનંદ સુખદાઈ. ||

|| શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, ધ્યાન ધરો ઉર લાઈ. ||

|| સુંદર બોલની સુંદર હસની, મુશકની બરની ન જાઈ. ||

|| શોભા ધામ સુખ સૂરત, સંત મુક્ત  સંગત આઈ. ||

|| અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં  ઠહરાઈ. ||




જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(ભાઈઓ)

સુંદર શ્રી ઘનશ્યામ સદાઇ, શરનાગત સુખકારી રે;
એહી છબી અંતરમેં ધરી લેં, દેત ગર્ભ દુઃખ ટારી રે.

અધમ ઉધાર પતિત કે પાવન, ભક્ત વત્સલ ભયહારી રે;
એસેં હરિ સુખકારી વિસારત, સો નર હોત ખુવારી રે.

જેહી જન આઇ રહે ઇન શરને, હો ગયે ભવજન પારી રે;
અવધપ્રસાદ થાનકી છબીપેં, વાર વાર બલિહારી રે.



જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(બહેનો)

## અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી

અને સદા સાકાર

દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ

**શ્રી સ્વામિનારાયણ ભગવાન**ના

ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા,

એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું

સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિમુક્તની

સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા

- આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ

પર મહદ્ ઉપકાર કરનારા પરમ દયાળુ

**અનાદિ મહામુક્તરાજ**

**પ. પૂ. શ્રી અબજીબાપાશ્રી**ના

ચરણકમળોમાં સાદર સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

# અર્ઘ્ય

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના

સર્વોપરી તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત

કરી આધ્યાત્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે,

અદ્વિતીય યોગદાન આપનાર, ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ ને

ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી તથા ચૈતન્યનું ઊર્ધ્વીકરણ

કરવારૂપ બ્રહ્મયજ્ઞની આહલેક જગાડવા સર્વજીવહિતાવહ

સંસ્થા **'શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન'**નું

સ્થાપન કરનાર કરુણામૂર્તિ સદ્ગુરુવર્ય

**અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈ**ના

ચરણકમળમાં શતકોટિ વંદન !

## સંસ્થાપક



અનાદિ મુક્તરાજ

પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

## સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઉઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માવનજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ

પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઇ દૂર થઇ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ

**નારાયણભાઈ ગી. ઠક્કર**

સ્થાપક પ્રમુખ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સં. ૨૦૪૨, શ્રીહરિજયંતી
એપ્રિલ ૧૮, ૧૯૮૬
અમદાવાદ

श्री स्वामिनारायण डिवाइन मिशन

सर्वजीवहितावह

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# આત્યંતિક કલ્યાણની દીવાદાંડી

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૮૭

સંસ્થાપકઃ અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

અમદાવાદ-૩૮૦૦૧૩

**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

**• પ્રકાશન સમિતિ •**

*: પ્રેરક - માર્ગદર્શક:*

**● અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર ●**

© શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, અમદાવાદ

(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ: ૧૯૮૧)

ઈન્કમટેક્સ એક્ઝેમ્પશન u/s 80(G)5

**પ્રથમ આવૃત્તિ**

પ્રત : ૨૦૦૦

૨૦૨૩, ૧૬ ફેબ્રુઆરી

સં. ૨૦૭૯ મહા વદ અગિયારસ

**સેવા મૂલ્ય** : રૂ. ૪૦/-

**પ્રકાશક**

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન
૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ
નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩. ✆079-27682120

E-mail: info@shriswaminarayandivinemission.com

Website: www.shriswaminarayandivinemission.org

**: મુદ્રક:**

મુદ્રણ સંસ્કાર;
મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઓફસેટ
આંબલી ગામ, અમદાવાદ.

# નિવેદન

જીવનું સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વરૂપમાં રસબસ જોડાવું એટલે આત્યંતિક કલ્યાણ. આત્યંતિક કલ્યાણ કરવું એ તો સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ અને એમના સમર્થ અનાદિમુક્તો દ્વારા જ શક્ય છે. શ્રીજીમહારાજ અને અનાદિમુક્તો દર્શન, સેવા, સમાગમ, જ્ઞાન વગેરે દ્વારા મુમુક્ષુઓને દીવાદાંડીરૂપી માર્ગદર્શન આપતા રહે છે.

આ સંસારરૂપી ભવસાગરમાં આત્યંતિક કલ્યાણને માર્ગે ચાલવું અતિ કઠણ છે. ‘‘આત્યંતિક કલ્યાણની દીવાદાંડી’’ નામના આ ગ્રંથમાં સ્વામિનારાયણ સંપ્રદાયના પાયાના ગ્રંથો જેવા કે વચનામૃત રહસ્યાર્થ, શિક્ષાપત્રી, હરિચરિત્રામૃતસાગર, હરીવાક્યસુધાસિન્ધુ, ભક્તચિંતામણી, અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીની વાતો, અબજીબાપાશ્રીનું જીવન ચરિત્ર, સદ્. શ્રી વૃંદાવનદાસજી સ્વામીની વાતો, સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈની અનુભવસિદ્ધ દિવ્ય વાણી અમૃત સરિતા વગેરે જેવા ગ્રંથોના માધ્યમથી અનેક પ્રશ્નોનું નિવારણ કરવામાં આવ્યું છે. જેથી મુમુક્ષુઓને આત્યંતિક કલ્યાણના માર્ગમાં આગળ વધવા આ ગ્રંથ દીવાદાંડી સમ બની રહેશે. અને તેથી જ ‘‘આત્યંતિક કલ્યાણની દીવાદાંડી’’ ગ્રંથ શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન દ્વારા પ્રકાશિત કરતા ખૂબ જ આનંદની લાગણી અનુભવીએ છીએ.

પરમકૃપાળુ શ્રીજીમહારાજ અને બાપાશ્રી, મહાન સદ્ગુરુશ્રીઓ અને અનાદિમુક્તો તથા શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન સંસ્થાના આદ્ય સંસ્થાપક, પ્રેરક, પોષક ને સંવર્ધક એવા અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈની પ્રસન્નતા આ ગ્રંથના પ્રકાશનમાં સહભાગી થનાર, ગ્રંથનો અભ્યાસ કરનાર, પ્રચાર અને પ્રસાર કરનાર સર્વે સત્સંગી બિનસત્સંગી ભાઈ-બહેનો ઉપર ઉતરે એવી અંતરની અભ્યર્થના.

ઈ.સ. ૨૦૨૩, ૧૬ ફેબ્રુઆરી — પ્રકાશન સમિતિ

સં. ૨૦૭૯, મહાવદ અગિયારસ — શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

**૧ મનુષ્યદેહની દુર્લભતા :**

આપણા આઠ અબજ ને ચોસઠ કરોડ ૮૬૧0000000 વરસ થાય ત્યારે બ્રહ્માની અહોરાત્રિ થઈને તેનો એક દિવસ થાય છે. એવા ત્રીસ દિવસનો એક માસ, એવા બાર માસનું એક વરસ, એવા સો વરસ બ્રહ્મ દેહ રાખે છે. તે બ્રહ્મ દેહ મૂકે ત્યારે એ ચૌદ લોક સહિત બ્રહ્માંડનો નાશ થાય છે. ત્યારે પ્રકૃતિથી ઊપજ્યું જે કારજ તે સર્વે પ્રકૃતિમાં લય પામે છે; એ ત્રીજો પ્રાકૃતપ્રલય કહેવાય. આવા સાડા ત્રણ કરોડ ૩૫000000 પ્રાકૃતપ્રલય થઈ જાય પછી જીવને આવો મનુષ્યદેહ મળે છે. અધધ !!! કેટલો વિલંબ !!! કેટલા બધા વરસ !!! ૮૬૪0000000 × ૩0 × ૧૨ × ૧00 × ૩૫000000 બરાબર જેટલા આવે એટલા વરસ પછી. જીવ આટલા વિલંબ પછી મેળવેલા મનુષ્યદેહને ખોટા ને ક્ષણિક યામિક સુખમાં અને ન કરવાના કામો પાછળ વેડફી નાખે છે. તે જીવ યમયાતના ને નરક કુંડના દુઃખ ને લખચોરાસી જાતના જે દેહ છે તેના દુઃખ ભોગવીને તેમાં ફરી; પાછો ઉપર કહ્યા એટલા વરસ પછી ફરીને મોક્ષ ક્ષેત્રમાં આવો મનુષ્યનો દેહ પામે છે. એટલો ફરીને મનુષ્યદેહ પામવાનો વિલંબ છે. માટે હે ભાઈ ! ગંભીરતાથી વિચારો, શું કરવા આવ્યા છીએ ને શું કરી રહ્યા છીએ !! સૂઝે તો આજે જ સમજીને મોક્ષના દાતા સદ્‌ગુરુ ને સંત તેમનો આશ્રય કરીને, તમની આજ્ઞામાં વર્તીને, પોતાના આત્માનું શ્રેય કરીને ભગવાનના ધામમાં પહોંચી જવાય એવા પ્રયત્નોમાં લાગી જવું. આ છેલ્લો જન્મ થાય એવું કરી લેવું. મનુષ્યદેહ મોક્ષ મેળવવા માટેનું શ્રેષ્ઠ સાધન છે, જો આજ એ વાત નહિ સમજાય ને આ મળેલા મનુષ્યદેહને વૃથા ગુમાવી દેશું તો ફરી આવો જોગ મળવાની વાર (વિલંબ) તો આગળ લખી એટલી છે.

**૨ સંત કોને જાણવા ? સંત કોન કહેવાય ? મહાત્વકાંક્ષા કોને કહેવાય ? પ્રભુ મેળવવા શું કરવું ?**

મહારાજ સંતના છ લક્ષણો જણાવે છે. (૧) ભગવાનને દિવ્ય સાકાર સમજે

(૨) એકાંતિક ભક્તિ કરે ને નામ-સ્મરણ કરતા હોય તેને દેખીને રાજી થાય. (૩) સ્વભાવનો ત્યાગ કરે પણ ભક્તના સમૂહથી છેટે ન રહે (૪) સારું પદાર્થ ભક્તને આપીને રાજી થાય (૫) સરળ સ્વભાવ હોય (૬) વિમુખના સંગની અરુચિ હોય. આવા લક્ષણે યુક્ત હોય એવા એકાંતિકને સંત જાણવા.

**સંત કોન કહેવાય ?**

શાંતિ પમાડે તેને. શાંતિ કોણ પમાડે ? જેને શાંતિ પ્રાપ્ત થઈ હોય તે. શાંતિ ક્યારે પમાય ? અંતઃશત્રુઓથી મુક્ત થયા હોય. ઘાટ-સંકલ્પ બંધ થઈ ગયા હોય ત્યારે. જેણે અખંડ વૃત્તિ રાખીને આજ્ઞાનું પાલન કરીને પાત્રતા કેળવીને સુખની પ્રાપ્તિ કરી હોય તેને સાચી શાંતિ હોય. એવાના સમાગમથી શાંતિ મળે. દિવ્ય સેવક દિવ્ય સ્વામી સાથે જળતરંગવત્ એકતા ભોગવવે છે. જળતરંગવત્ ।। નિષ્કુળાનંદસ્વામીએ જળતરંગવત્ એકતા કહી દીધી. (એટલે કે અનાદિમુક્તની સ્થિતિ) દૂધ ને સાકર જેવું નહિ ? તો કહે નહિ. દૂધ અને સાકરમાં દૂધના પોલાણમાં સાકર રહેલી છે. એ રસબસ નથી. અણુ જુદા છે. પણ આ તો જળતરંગવત્ એકતા. એટલે ત્યાગ - ભાગ નહિ. એવા સંતને મહારાજ કહે છે. "સંત જાણજો મારી મૂર્તિ રે, તેમાં ફેર નહિ એક રતિ રે" સંત કહેતા શ્રીહરિના સંબંધવાળા બધા - પૂજ્યશ્રી નારાયણમામા જે શ્રીજીમહારાજની મૂર્તિના સુખનો આહાર કરે તે.

**સર્વોપરી સુખ પામવા મોટા મોટા સંત હતા તે શું કરતા ?**

તે જડ માયા ને ચૈતન્ય માયાને ત્યાગ કરીને વનમાં રહેતા, સાગના પાંદડા પહેરતા ને ગોળા (લોટમાં પાણી મેળવીને) જમતા. આજ તો પત્તરમાં પાણી નાખતા રખે વધારે પડી જાય નહિ એવા ઘાટ કરે છે. તે બહુ મોટી ખોટ કહેવાય.

આકાંક્ષા તો બધી હોય. પ્રભુને પ્રાપ્ત કરવાની આકાંક્ષા રહે એનું નામ મહત્ત્વાકાંક્ષા ગાંધીજી કહેતા કે શાસ્ત્ર કે ભારતમાં જે જે સંતપુરુષોએ ભગવાનનો સાક્ષાત્કાર કર્યો છે તે જ સાચા મહત્વાકાંક્ષી કહેવાય. હજી

હું એવી મહત્વકાંક્ષાની સ્થિતિને પામ્યો નથી. હું વિચારથી બ્રહ્મની ઝાંખી કરી શકું છું, પણ અનુભવે કરીને એ બ્રહ્મની સ્થિતિ પામ્યો નથી. પોતે એમ કહેતા કારણ કે સત્યવાદી હતા. તેઓ કહેતા કે લોકો મને મહાત્મા (સંત) કહે છે; પણ સંત તો એને કહેવાય કે જેને પ્રભુના સાક્ષાત્ દર્શન થઈ ચૂક્યા હોય. સંતને માર્ગે ચાલ્યો હોય એ પણ સંત કહેવાય પણ એ સાધનિક સંત કહેવાય. જ્યારે પેલો સંપૂર્ણ સંત કહેવાય. દરેકે સંત બન્યા વગર છૂટકો નથી. ગમે તે જ્ઞાતિનો હોય, ભૌતિકવાદી હોય, નાસ્તિક કે આસ્તિક હોય, કોઈ પણ મનુષ્યને પોતાની મુક્તિ માટે પ્રભુનો આશ્રય લીધા વગર છૂટકો નથી. ભલે ગમે તેટલા જન્મ લઈએ પણ ભક્તિ વગર મુક્તિ થતી નથી. વિજ્ઞાન ગમે તેટલી મહેનત કરે પણ પ્રભુ આગળ એનું કંઈ ચાલતું નથી. વિજ્ઞાન એવું માનતું થયું છે કે એવી કોઈ અજબ શક્તિ છે કે જે પારાવાર, અપાર છે. બસો વર્ષ પહેલા મનુષ્યો જે વાણી બોલેલા તે સાંભળવાનો અત્યારે પ્રયોગ ચાલે છે. કોમ્પ્યુટરો વિચાર કરતા થઈ ગયા, પણ તે કાંઈ ભગવાનની પ્રાપ્તિ કરાવી શકે ? ન કરાવી શકે. એના માટે તો સંતરૂપી કોમ્પ્યુટર જોઈએ કે જે પ્રભુને જોઈ શકે. પ્રભુને મેળવવા હશે તો સંત પાસે જવું પડશે. પ્રભુને પામવા માટે આ મનુષ્ય જન્મ છે એ યાદ રાખવું. - પૂજ્યશ્રી નારાયણમામા.

મહારાજે કહ્યું છે કે સંકલ્પ થાય અને સમાવે તે સંત; અને ન થાય તે ભગવંત. બીજી. રીતે મહારાજ એમ પણ બોલે છે કે સંત તે મારી મૂર્તિ રે, તેમાં ફેર નહિ એક રતિ રે. ક્યાં મેળ ? પોતાની મૂર્તિ તૂલ્ય હોય એવા અનાદિમુક્ત (કૈવલ્યમુક્ત) સુધી પહોંચી જવાનું મહારાજ કહે છે. મામા કહે આપણામાંથી કોઈ ત્યાં ન પહોંચે એવું હું દેખતો નથી. આ સત્ય કહું છું. તમારા કંઈ વખાણ કરતો નથી. ખરેખર આ આખી દિવ્યસભા ત્યાં જ બેઠી છે. મહારાજ કહે છે કે છે તો એમ જ, પણ કોઈને ખબર ન હોય તો તું બોલીશ નહિ. અનાદિમુક્તની સ્થિતિને આપણે છતે દેહે જ પહોંચી જવું જોઈએ. - પૂજ્યશ્રી નારાયણમામા.

૩ **મુનિસ્વામી પૂછે છે કે શિક્ષાપત્રમાં મહારાજે દ્વારિકા આદિક તીર્થની યાત્રા કરવાનું કહ્યું છે તે દ્વારિકાનો શો અર્થ હશે ?**

મહારાજ કહે "મોક્ષનું દ્વાર ઉઘાડે તે દ્વારકા જાણવું" બાપાશ્રીએ કહે, "મોક્ષનું દ્વાર ઉઘાડે એવા મોટા જ્યાં હોય તેના દર્શન થાય ત્યાં દ્વારિકા જાણવું અને તેમનો સમાગમ કરવો એ દ્વારિકાની યાત્રા કહેવાય."

૪ **ભગવાન કાળા છે કે પીળા, સાકાર છે કે નિરાકાર, લાંબા છે કે ટૂંકા એમ કહ્યું છે તે શું સમજવું ?**

(ઈશ્વર ચરણદાસજીસ્વામી) બાપાશ્રી કહે, "પ્રકૃતિના પતિ મૂળ પુરુષ જેવા જાણે તે કાળા જાણ્યા કહેવાય કેમ જે એમને માયાનો સંબંધ છે માટે એટલો જ મહિમા જાણે તો કાળા જાણ્યા કહેવાય. બ્રહ્મ તથ મૂળઅક્ષર જેવા જાણે તો પીળા જાણ્યા કહેવાય કેમ જે એમને માયાનો સંબંધ તો નથી પણ શ્રીજીમહારાજ આગળ પરાધીન છે તેથી. શ્રીજીમહારાજને દિવ્ય મૂર્તિમાન જાણે તો સાકાર જાણ્યા કહેવાય અને આકારે રહિત જાણે તે નિરાકાર જાણ્યા કહેવાય. સર્વદેશી જાણે તે લાંબા જાણ્યા કહેવાય ને એકદેશી જાણે તે ટૂંકા જાણ્યા કહેવાય."

૫ **શ્રીજીમહારાજ ધામમાં ક્યારે લઈ જાય ?**

જીવ ભગવાનની બાંધેલી શાસ્ત્ર મર્યાદા મૂકીને વિષય ભોગવે તો કાળ યમપૂરીમાં લઈ જાય ને ત્યાં દુઃખ ભોગવવા પડે. આજ્ઞા પ્રમાણે વર્તતા હોય એવા સાધુનો સંગ કરે ને તેમના થકી આત્મા - પરમાત્માનું જ્ઞાન શીખીને અંતઃકરણ પૂર્ણ થયા પછી અંતઃકરણ વિષય સંબંધી સંકલ્પ કરે નહિ. એટલે સાધુ તેની સહાય કરે ને જન્મ-મરણ તથા યમયાતનાના દુઃખ ટાળીને શ્રીજીમહારાજ ધામમાં લઈ જાય.

૬ **મહારાજનું ને મુક્તનું સુખ કેવી રીતે આવે અને તે સુખ ભિન્ન ભિન્ન કેવી રીતે દેખાય ? (પુરાણી ધર્મ કિશોરદાસજી.)**

જ્યારે મુક્તને સજાતિ થાય છે ત્યારે માલમ પડે છે, તે વિના ખબર ન

પડે. સજાતિ થાય ત્યારે બધી ખબર પડે છે અને મહારાજના ને મુક્તના સુખને વિભાગે સહિત જાણે છે ને લઈ શકે છે. જ્યારે એ સુખમાં ખરેખરી ગતિ પહોંચે ત્યારે જાણપણું રહે છે; ન પહોંચી હોય ત્યાં સુધી ઓરું રહેવાય છે. જેની ગતિ પહોંચી છે તે તો એ સુખમાંથી પાર પામતા જ નથી. જ્યાં સુધી એ માર્ગમાં સિદ્ધતા થઈ નથી ત્યાં સુધી મહારાજનો ને તેમના મુક્તનો મહિમા બરાબર સમજાતો નથી.

૭ **મહિમા : માહાત્મ્ય :: ભગવાનનો મહિમા જાણ્યો ક્યારે કહેવાય ?**
શ્રીજીમહારાજને સર્વથી પર, તેમના તેજરૂપ અક્ષરધામમાં સદા સાકાર મૂર્તિ વિરાજમાન એમ જાણે ને સર્વેના કારણ, નિયંતા, અંતર્યામી ને દિવ્ય સુખમય મૂર્તિ જાણે ત્યારે. **મહિમા સમજાયો ક્યારે કહેવાય ?** રાજ્ય હોય અથવા ભીખ માગી ખાય તે બેય સરખું વર્તે, બાળક સ્ત્રી, સોળ વર્ષની સ્ત્રી ને એંશી વર્ષની તે સર્વેમાં સરખો ભાવ વર્તે, સંસારમાં જે જે સારું - નરસું પદાર્થ હોય તે સર્વેમાં સરખી ભાવના રહે પણ સારા પદાર્થમાં પતંગિયાની પેઠે અંજાઈ જાય નહિ અને ભગવાન વિના બીજા કોઈ પદાર્થમાં લોભાય નહિ, એક ભગવાનની મૂર્તિમાં જ લોભાય ત્યારે. આવી રીતે મૂર્તિનું માહાત્મ્ય જાણ્યા વિના બીજા કોટી સાધન કરે તોપણ મૂર્તિનું અખંડ ચિંતવન થાતું નથી. **ભગવાનના સ્વરૂપનો દિવ્યભાવે સહિત મહિમા જાણે તો જ અખંડ ચિંતવન થાય છે. મનુષ્યભાવે મહિમા જાણે તો ન થાય.**

**મહિમા સમજાય ત્યારે શું ન થાય ? !!**

મહિમા સમજાણો ત્યારે ઈન્દ્રે ભગવાનને પ્રાર્થના કરીને કહ્યું કે મને વ્રજમાં ગોવાળાને ઘેર જન્મ આપો કેમ જે શ્રીકૃષ્ણ ભગવાન ત્યાં સખા ને મિત્ર ભાવે વર્તે છે, તેવો મોટો લાભ છે. વળી બ્રહ્મા તો ચૌદ લોકનો ધણી તોપણ તેણે વ્રજમાં વૃક્ષવેલીનો અવતારા માગ્યો. બ્રહ્મા તો શતધૃતિ હતા એટલે કે સો આપત્કાળે પણ ધીરજ ડગે નહિ એવું એનું અંગ પણ જ્યારે મહિમા સમજાણો ત્યારે આ માગ્યું. સત્સંગમાં ભૂજના લાધીબા વિધવા

હતા. એ ઓઝલનો જમાનો હતો. એ જમાનામાં પરણેલી સ્ત્રીઓ પણ મુખ ઢાંકીને વર્તતી હતી; જ્યારે લાધીબા વિધવા હોવા છતાં મહારાજનો મહિમા સમજાણો તો તેમના કહેવાથી સૌભાગ્યવતી / નવોઢાનો વેશ પહેરીને; માથે પાણીની હેલ લઈને ભડના નાકેથી ઊભી બજારે આવેલા. દાદાખાચરના પુત્ર અમરોખાચર મંદિરમાં આવે ત્યારે આળોટતા આળોટતા આવીને શ્રી ઠાકોરજીના દર્શન કરતા. કેવો મહિમા ! કેવું દાસપણું ! નહિતર રાજાથી એવું બને ? આમને તો પોતાપણું જ નહિ. મહિમા વગર આ થઈ શકે નહિ. - વૃંદાવનસ્વામી. (અમરોખાચર પુર્વેના અંબરીષ રાજા હતા). ચિત્રકેતુ રાજાને ભગવાનનો મહિમા સમજાયો ત્યારે પૃથ્વીના ચક્રવર્તિ રાજ્યનો તથા કરોડ સ્ત્રીઓનો ત્યાગ કરેલો.

જે મહિમા (માહાત્મ્ય) જાણે તેને જ્ઞાનના અંગવાળા જાણવા. તેઓ ભગવાનને અંતર્યામી જાણે છે. મહિમા સમજાય છે ત્યારે ભગવાન ને ભગવાનના ભક્તમાં હેત થાય છે. હેતનું અંગ થયા પછી ભગવાન કે ભક્ત ઉપર ક્રોધ કે ઈર્ષ્યા આવે જ નહિ અને અવગુણ પણ કોઈ રીતે આવે જ નહિ.

**મહિમા સમજવાનો શો ઉપાય છે (સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામી) ?**

શ્રદ્ધા સહિત શ્રીજીમહારાજના વચન પાળવા માંડે તે જેમ જેમ પાળતો જાય એટલે વચનમાં વર્તતો જાય તેમ તેમ સિદ્ધતા થાતી જાય ને બ્રહ્મભાવને પામતો જાય ને સાક્ષાત્ શ્રીજીમહારાજના સુખનો અનુભવ થાય ત્યારે મહિમા સમજાય. મહારાજ ને મુક્ત સાક્ષાત્ બિરાજે છે એવું જણાય નહિ ત્યાં સુધી મહિમા સમજાય નહિ ને સુખમાં પણ ફેર રહે છે. એ તો જ્યારે અનાદિમુક્તનો જોગ કરીને મૂર્તિનો સાક્ષાત્કાર થાય ત્યારે યથાર્થ મહિમા સમજાય. મહારાજનું સુખ તો બહુ જ જબરું છે. મોટાનો વિશ્વાસ રાખીને મંડે તો એ સુખની પ્રાપ્તિ થાય. મોટા તો દ્રષ્ટિ સેવનથી પણ સુખિયા કરે છે, મોટાની દ્રષ્ટિથી સુખિયું થવાય છે. એકલા સાધનથી કેટલું થાય સાધન ભેળી મોટાની કૃપા જોઈએ.

૮ **અંતર્દ્રષ્ટિ એટલે શું ? એ ક્યારે રહે ?**

બાહેર અથવા માંહીલી કોરે ભગવાનની મૂર્તિ સામી જે વૃત્તિ કરવી (જોઈ રહેવું) એ જ અંતર્દ્રષ્ટિ છે. **અંતર્દ્રષ્ટિ કોને કહેવાય ?** દેહભાવ ભૂલીને, પોતાના ચૈતન્યને મહારાજના તેજરૂપ માનીને, આત્માકારે વૃત્તિ કરીને તેમાં મૂર્તિ ધારે તે અંતર્દ્રષ્ટિ કહેવાય. **જ્ઞાનયજ્ઞ કોને કહેવાય ?** અંતર્દ્રષ્ટિએ કરીને વર્તવું તે જ્ઞાનયજ્ઞ કહેવાય. બહાર ભગવાનનું દર્શન, પૂજન, કથા-કીર્તન વગેરે ભગવાન સંબંધી બધી ક્રિયાઓ અંતર્દ્રષ્ટિ છે ને એ સર્વે જ્ઞાનયજ્ઞ થાય છે. તે મૂર્તિને અંતરમાં ધારીને તેનું પૂજન-વંદન કરવું તે પણ અંતર્દ્રષ્ટિ છે ને જ્ઞાનયજ્ઞ છે. ઉપાસના વિના કેવળ આત્માને જોવાની ઈચ્છાથી ધ્યાન કરતો હોય તે બાહ્ય દ્રષ્ટિવાળો છે, કેમ જે મૂર્તિની ઉપાસના વિના આત્મા પણ દેખાય નહિ. આત્માને માંહી ને આત્માથી બહાર મૂર્તિ જોવી તે અવરભાવની અંતર્દ્રષ્ટિ છે અને મૂર્તિથી બહાર થવા અંદર રહીને જોવા એ પરભાવની અંતર્દ્રષ્ટિ છે. **લૌકિક ઘાટ મટી જાય ત્યારે અંતર્દ્રષ્ટિ રહે.** ॥ એક મૂર્તિ ને મૂર્તિના સુખની ઈચ્છા રાખવી. ઐશ્વર્યની, કાંઈ જોવાની, નિરાવરણ થવાની કે અંતર્યામીપણાની ઈચ્છા રહે તો જગતની કોરનો લોચો કહેવાય. મૂર્તિ વિના નકરું મૂર્તનું તેજ જે અક્ષરધામ તે દેખાય તે પણ લોચો છે. **એક મૂર્તિ ને મુક્ત બે જ દેખાય તે અંતર્વૃતિ કહેવાય** અને તે લોચાથી રહિત કહેવાય. **માટે મૂર્તિમાં રસબસ થઈ રહેવું.**

**અંતર્વૃત્તિ કોને કહેવાય ?**

એક મૂર્તિ ને મુક્ત બે જ સર્વત્ર દેખાય તે અંતર્વૃત્તિ કહેવાય. માટે મૂર્તિમાં રસબસ થઈ રહેવું. તે ક્યારે રહેવાય ? મહિમા યથાર્થ જાણ્યો હોય તો રહેવાય.

૯ **સાધન કોને કહેવાય ? સાધનનો ભાર એટલે શું ?**

માળા-મનસીપૂજા-કથા-વાર્તા-કીર્તન-ધ્યાન-ભજન-ધૂન-જપ-તપ-વ્રત-ઉપવાસ વગેરે સાધન કહેવાય. સાધનનો ભાર એટલે તેનું મહત્ત્વ. સાધન

પડ્યા મૂકવાના નથી, તે તો કરવાના જ છે પણ તેનો ભાર રાખવાનો નથી. સાધનનો ભાર હોય ત્યાં સુધી ધ્યાન કરે તોપણ મૂર્તિ દેખાય નહિ અને સત્સંગ પણ દિવ્ય સમજાય નહિ. મૂર્તિ રાખી હોય તો સુખ આવે પણ એકલે સાધને ન આવે. સાધનની ગતિ ગોલોકથી આગળ નથી. ગોલોકથી આગળ તો કૃપાએ ચલાય છે. મહારાજ ને મુક્તને આશરે આવીને દેહ, મન ને જીવ સોંપી દઈએ તો કલ્યાણ થવામાં વાર લાગે નહિ.

**૧૦ મહારાજ કહે છે કે સર્વે વાતમાં આ વાતનું બીજ લાવજો. એટલે શું સમજવું ?**

એટલે મહારાજ કહે છે કે જે જે વાત કરો તેમાં અમે સર્વેથી પર ને સર્વેના કારણ છીએ અને તેજરૂપ અક્ષરધામમાં સદાય વિરાજમાન છીએ એ વાત લાવજ્યો.

**૧૧ મૂર્તિ શ્વેત છે કે શ્યામ ? મૂર્તિ ઘનશ્યામ કહી છે ને તેજ શ્વેત કહ્યું છે તે કેમ સમજવું ?**

બાપાશ્રિ કહે. “મનુષ્યભાવે ઘનશ્યામ / શ્યામ દેખાય છે પણ અક્ષરધામમાં મૂર્તિ શ્વેત જ છે. જેને સ્થિતિ થાય છે તે દેખે છે. મહારાજ તો તેજોમય છે. તે તેજ ઘન એટલે ઘાટું છે. “અતિ તેજોમય રે; રવિ શીશી કોટિક વારણે જાય, શીતળા શાંત છે રે તેજની ઉપમા નવ દેવાય.” એવું ન્યારું તેજ છે. - પૂજ્યશ્રી નારાયણમામા

પુરાણી ધર્મકિશોરદાસજીએ કહ્યું જે બાપાશ્રીએ એકવાર વાત કરી હતી કે તેજની ઘાટ્યપ છે તેથી મૂર્તિ શ્યામ જણાય છે. પાણી ઝાઝું હોય તો શ્યામ જણાય છે તે મહારાજના તેજની બહુ ઘાટ્યપને લીધે મૂર્તિ શ્યામ જણાય છે. પછી વૃંદાવનદાસજી બોલ્યા કે વાદળા શ્યામ જણાય છે પણ કેવા સુંદર લાગે છે ?! તેમ મૂર્તિ એવી જ મનોહર છે કે તે જનોના મન હરી લે છે. આકાશ શ્વેત છે પણ ઘાટ્યપને લીધે શ્યામ છે. મૂર્તિ એ રીતે ઘનશ્યામ છે.

**૧૨ અવતારો મૂર્તિમાંથી પ્રગટ ને લીન થાય છે તે કેમ સમજવું ?**

બીજા અવતારોમાં પોતાનું ઐશ્વર્ય મૂકે છે ને પાછું લઈ લે છે એમ પ્રગટ ને લીન સમજવું.

**૧૩ મહારાજ કહે છે કે ક્યારેક બે તત્ત્વનું, ક્યારેક ચાર તત્ત્વનું, ક્યારેક પાંચનું ને ક્યારેક ચોવીસ તત્ત્વનું ગ્રહણ કરીને પ્રગટ થઈએ છીએ ને ક્યારેક કૈવલ્યપણે પ્રગટ થઈએ છીએ, એમ કહ્યું તે કેવી રીતે સમજવું ?**

ભગવાન સૃષ્ટિમાં અનુક્રમે તથા કૈવલ્યપણે અવતાર ધારે છે. જ્યારે અનુક્રમે ધારે ત્યારે પ્રકૃતિપુરુષ દ્વારે ધારે છે. તે એક તત્ત્વ પુરુષ ને બીજું તત્ત્વ પ્રકૃતિ; એમ બે તત્ત્વ કહ્યા છે. પ્રધાનપુરુષ દ્વારે ધારે ત્યારે પ્રધાનમાં પ્રકૃતિ ને પુરુષ બેનો પ્રવેશ હોય છે, માટે એ બે તત્ત્વ અને પ્રધાન અને પુરુષ એ બે તત્ત્વ મળીને ચાર તત્ત્વ કહ્યા છે. મહત્તતત્વ દ્વારે ધારે ત્યારે તે મળીને પાંચ રહ્યા છે. વૈરાજરૂપે ધારે ત્યારે ચોવીસ તત્વનું ગ્રહણ કરીને પ્રગટ થાય છે અને જીવોના આત્યંતિક કલ્યાણ કરવા સારું પોતે આવે તે કૈવલ્યરૂપે પ્રગટ થાય છે એમ કહ્યું છે.

**૧૪ મહારાજના આશીર્વાદ કેવી રીતે મળે ?**

આશીર્વાદ એ સુખ. સુખ એ આશીર્વાદ પરમ કૃપાળુ શ્રીજીમહારાજે બાપાશ્રી દ્વારા આપણને સૌને મૂર્તિના સુખમાં રાખ્યાના આશીર્વાદ આપ્યા છે. એવા આશીર્વાદ મહારાજ તેમના આવા અનાદિમુક્ત દ્વારા જ આપે છે. એ આશીર્વાદ ગમે ત્યાં નથી મળતા.

**૧૫ પ્રેમ ભક્તિ ક્યારે થાય ?**

પાગલ થવાય તો જ પ્રેમભક્તિ થાય. મહારાજ કહે પાગલ નથી થવાતું એટલી ખોટ છે.

**૧૬ સ્થાવર તીર્થ કોને કહેવાય ? એ શું કરે ?**

મંદિર તથા મહારાજ ને મુક્તોએ વિચરણ કર્યું હોય તેવા સ્થાનોને સ્થાવર તીર્થ કહેવાય. એ મુમુક્ષુઓને પાવન કરે, ઈન્દ્રિયો અંતઃકરણને શુદ્ધ કરે.

**૧૭ જંગમ તીર્થ કોને કહેવાય ? એનાથી શું થાય ?**

સ્થાવર તીર્થમાં રહેલા અનાદિમુક્તરૂપ સત્પુરુષો એ જંગમ તીર્થ કહેતા હરતું - ફરતું તીર્થ કહેવાય. તેઓ કૃપાદ્રષ્ટિ કરીને, સમજણ આપીને મહારાજની મૂર્તિના સુખમાં જોડી દે છે. તારવાનું કામ એ રીતે તીર્થમાં પૂર્ણ થાય છે. ભગવાનના જંગમ (હરતા-ફરતા) તીર્થના જોગ જેવો બીજો કોઈ જોગ નથી. તેઓ તો ચૈતન્યમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરી નાખે છે.

**૧૮ માનવજીવનનું ધ્યેય શું છે ?**

અનાદિમુક્તની સ્થિતિ થવી એ જ માનવજીવનનું ધ્યેય છે. ત્યાં પહોંચ્યા પછી જ છૂટકો. ત્યાં સુધી ભટક્યા કરવાનું છે. ૯૯.૯૯% માણસો હું શું કામ માણસ બન્યો છું એ જાણતા પહેલા જ ગુજરી જાય છે. એટલે ભટકવાનું (જન્મ-મરણ) ચાલુ જ રહે છે. **મનુષ્યનો દેહ મળ્યા પછી કરવાનું શું છે ?** કરવાનું એ છે કે આપણો ચૈતન્ય આ જન્મે જ મહારાજના સુખમાં પહોંચી જવો જોઈએ. ઉધારો શા માટે ?

**મનુષ્ય દેહનું કર્તવ્ય :**

મનુષ્ય દેહ દુર્લભ છે. મનુષ્ય દેહનો હેતુ ત્યારે જ સર્યો કહેવાય કે જ્યારે પ્રભુના સાધર્મ્યપણાને / સરખા - તુલ્યપણાને પામવાનું દુર્લભ કામ સાધ્ય બને. એ કાર્ય સિદ્ધ કરવા માટે ભગવાનને પામેલા મુક્ત - સંતનો સમાગમ જરૂરી / અનિવાર્ય છે. એવા સંતના સમાગમ વગર સ્વામિનારાયણ ભગવાનની પ્રાપ્તિ શક્ય નથી. આ દુર્દભ દેહ દ્વારા એ જ કાર્ય સિદ્ધ કરવાનું છે. મુક્ત સિવાય ભગવાનનું સાચું સ્વરૂપ ઓળખવું શક્ય નથી બનતું. જન્મ-મરણ તો ત્યારે જ ટળે કે જ્યારે આત્માનો પરમાત્મા સાથે સંબંધ થાય. આ દેહે કરીને ભગવાનનું ગમતું કરવું એથી બીજી વાત કોઈ મોટી નથી. ને એ જ ભક્તિ છે, એણે કરીને જ ભગવાનને પમાય છે.

**૧૯ મહારાજ અને એમના મુક્તો જ્યારે દયા રાખવાનું કહે ત્યારે તેનો શું અર્થ સમજવો ?**

એનો અર્થ એ કે શ્રીજીમહારાજના વચનોનું જેમ બાપાશ્રીએ પોતાના વર્તન

દ્વારા - પોતાને તો કંઈ કરવાનું હતું જ નહિ છતાં - જે ધર્મ - નિયમે યુક્ત એવું અણીશુદ્ધ વર્તન બતાવ્યું તેવું સદાય રાખજો. તેવી અમારા ઉપર દયા રાખજો એમ કહેવા માંગે છે. જેથી અમારું ઝાંખું ન દેખાય. આપણે એમના વચન અદ્ધરથી ઝીલીને (સંપૂર્ણ શ્રદ્ધા ને વિશ્વાસ સાથે) પંચવર્તમાને યુક્ત વર્તી મહારાજની મૂર્તિમાં જોડાઈને બધું કામ કરીએ તેવી દયા આપણે ઝીલી લઈએ, દયા રાખવાનો એ અર્થ થાય.

**૨૦ આપણે મહારાજ ને મુક્તને શું કહેવું ને કઈ દયા રાખવાનું કહેવું ?**

આપણે એમ કહેવું જોઈએ કે હે દિવ્ય સ્વરૂપ ! મહારાજના મુક્ત ! તમે અમારા ઉપર દયા રાખજો. એનો અર્થ એ છે કે અમે ખૂબ સાવધાન તો રહીશું પણ અમારામાં અંતર પડદે રહીને અમારું સેવન કરજો કે જેથી ધર્મ - નિયમમાં કે શેમાંય કોઈ વાંધો આવે નહિ અને મહારાજની મૂર્તિ ન ભૂલાય. આપણે એ દયા રાખવાનું કહેવાનું છે.

જ્યા સુધી છેવટની સ્થિતિ પમાય નહિ ત્યાં સુધી સંકલ્પ - વિકલ્પ પણ થઈ જાય. મનુષ્યભાવ પણ આવી જાય, કોઈને કંઈ કહેવાઈ જાય, કોઈનો અપરાધ થઈ જાય, એવું બને અને પછી પશ્ચાતાપ થાય એવું પણ બને. એટલે એવું ન બને એવું પણ દયા રાખવાના અર્થમાં આવે છે.

**૨૧ કોઈ ધામમાં જાય ત્યારે શું કરીએ તો દુઃખ ન થાય ?**

આ લોકમાંથી કોઈ જતું રહે તો ધડાપીટ થઈ પડે; પણ જો શ્રીજીમહારાજનો મહિમા વિચારીએ તો કાંઈ દુઃખ થાય જ નહિ અને લૌકિક ઘાટ (વ્યવહારિક કામમાં આવતા, હવે શું થશે ? વગેરે) પણ થાય નહિ. જો ઘાટ થાય તો ત્યાગીએ ધર્મામૃત પ્રમાણે ને ગૃહસ્થે ધર્મશાસ્ત્ર પ્રમાણે દંડ દેવો. પણ હારી બેસવું નહિ, કેમકે દંડ દીધા વિના સુખી થવાય નહિ. માયિક આકાર માત્રમાંથી હેત તોડીને મહારાજને વિષે હેત કરવું ને એક મહારાજ ને સંતને રાખવા તો દુઃખ ન થાય.

**૨૨ ભગવાન અને તેમના મુક્તો પોતાની અજાપણાની સ્થિતિ રાખે છે.**

એ આશીર્વાદ છે. પાત્ર કરવાને માટે એવું અજાપણું રાખે છે. મુક્ત

આપણને જ્ઞાન સમજવા માટેની બુદ્ધિ પ્રેર છે. નહિતર જ્ઞાન કેવી રીતે થાય.

**૨૩ ભગવાન સાકાર છે કે નિરાકાર ?**

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી કહે, "ભગવાન નિરાકાર પણ છે ને સાકાર પણ છે. ભગવાન દિવ્ય સ્વરૂપે સાકાર છે અને પોતાનામાંથી નીકળતી અન્વય દિવ્ય શક્તિ જે પ્રકાશરૂપ છે, જે અનંત બ્રહ્માંડમાં વ્યાપક છે, બધા પ્રકાશથી જુદો પ્રકાશ છે, જેને કોઈ આવરણ નથી, ઘટ ઘટમાં સર્વત્ર વ્યાપક છે, એ મહારાજની અન્વય શક્તિ નિરાકાર છે." ભગવાન એ અન્વય શક્તિ દ્વારા નિરાકારૂપે વર્તે છે અને જીવને (ચૈતન્યને) એક મહાન, વરિષ્ઠ દિવ્ય સુખ આપવા માટે પોતે સાકાર સ્વરૂપે બિરાજે છે. એ તો જ્યારે અનુભવ થાય ત્યારે જ ખબર પડે. સાકર અને ગોળના સ્વાદમાં ખૂબ ભેદ છે ને ? એ બંને ખરેખર ગળ્યા છે, પણ બંનેનું ગળપણ અલગ અલગ છે. તે ખબર ત્યારે જ પડે કે જ્યારે મોઢામાં સાકર લે ને પછી ગોળ લે, ત્યાં સુધી ન પડે. તેમ અન્વય ને વ્યતિરેક સ્વરૂપની ત્યારે જ ખબર પડે કે જ્યારે ભગવાનના સુખનો અનુભવ થાય દિશ બતાવાય પણ જ્યાં સુધી એ સુખનો અનુભવ ન થાય ત્યાં સુધી શંકા રહ્યા કરે. એ શંકાને ટાળવા અનુભવ કરવો પડે. ભગવાન વડે ભગવાન મળે, તો એ ભગવાનને વળગી રહેવાનું. એ પ્રયોગ શરુ કરી દેવાનો એ સુખનો અનુભવ થાય એટલે બધું પૂરું - પૂજ્યશ્રી નારાયણમામા

મૂર્તિ વિના તેજ નથી. માટે શ્રીજીમહારાજ નિરાકાર નથી. બ્રહ્મજ્ઞાનીનો માર્ગ ખોટો છે ને તે નરકમાં પડે છે. મહારાજ ને મુક્ત અહીં દર્શન આપીને પોતાનો આશરો કરાવે છે ને મહિમા સમજાવે છે ત્યારે જીવનું કલ્યાણ થાય છે. પણ પ્રકાશ આવીને કોઈને ઉપદેશ કરતો નથી. માટે તેજથી કલ્યાણ ન થાય. મહારાજ ને મુક્ત સદા દિવ્ય ને સાકાર છે તે કલ્યાણ કરે છે - પૂજ્યશ્રી નારાયણમામા ॥ ભગવાનને સાકાર ન સમજે તો તેની ઉપાસના દ્રઢ ન કહેવાય. સાકાર ન હોય તેને વિષે આકાશની પેઠે કર્તાપણું

ન કહેવાય તથા એક દેશને વિષે રહેવાપણું ન કહેવાય. માટે ભગવાન તો સદા સાકાર જ છે. ॥ ભગવાનને જે નિરાકાર સમજે એ તો પંચમહાપાપ કરતા પણ અતિ મોટું પાપ છે, એ પાપનું કોઈ પ્રાયશ્ચિત નથી. જો ભગવાનના આકારને વિષે દ્રઢ પ્રતીતિ હશે ને કદાચ જીવથી કાંઈક પાપ થઈ જશે તો પણ તેનો ઉદ્ધાર થશે કારણકે તેનું પ્રાયશ્ચિત કહ્યું છે. માટે સાકારપણાની દ્રઢ પ્રતીતિ રાખીને એની દ્રઢ ઉપાસના કરવી. આ વાત સર્વે દ્રઢ કરીને રાખજો. - મહારાજ.

પ્રેમાનંદ સ્વામીના ઓરડાના પદમાં મહારાજ કહે છે જે : ''મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ । સર્વે સામ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ । અતિ તેજોમય રે, રવિ શશી કોટિક વારણે જાય । શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય । **તેમાં હું રહું રે, દ્વિભૂજ દિવ્ય સદા સાકાર ॥**

**૨૪ બ્રહ્મ એટલે શું ? કર્મોનો નાશ ક્યારે થાય ? પ્રારબ્ધ ભોગવવા જ પડે કે ન પણ ભોગવવા પડે ? પ્રારબ્ધનો અંત ક્યારે આવે ? ક્યાં સુધી કર્તવ્ય કર્યા કરવું ?**

બ્રહ્મ કહેતા ભગવાનની દિવ્ય શક્તિ. જે ઘટ-ઘટમાં વ્યાપેલી છે, જે અંતર્યામી શક્તિ છે, જે પ્રારબ્ધ અને બધાના કર્મોની આપોઆપ નોંધ કરી નાખે છે. એ પ્રભુની અન્વય શક્તિ છે. જીવન જે જે કર્મો કરે એ કર્મ એના કારણ દેહ સાથે આપોઆપ જોડી દે છે. જેના માટે આપણે વિધાતા શબ્દ વાપરીએ છીએ. કર્મો આપોઆપ વળગી જાય છે, એમાં જરાય મિથ્યા થતું નથી. અનેક જન્મોના કર્મો આપણે અહીં આવીએ ત્યારે આપણી સાથે જોડાયેલા હોય છે. જેમ અગ્નિ તૃણને બાળી નાખે છે તેમ જ્યારે પ્રભુ મળે ને કૃપા દ્રષ્ટ્રિ કરે ત્યારે કર્મો નાશ થઈ જાય, નહિ તો કર્મો કદી નાશ ન થાય, એ તો પ્રભુની કૃપાથી જ નાશ થાય. કર્મબંધનો અને પ્રારબ્ધ નાશ કર્તા એક સર્વોપરી મહાપ્રભુજી જ છે, પ્રારબ્ધ જરૂર દુર થઈ જાય ભલે શાસ્ત્રમાં લખ્યું છે કે પ્રારબ્ધ તો ભોગવવા જ પડે, ન પણ ભોગવવા પડે. ભગવાન કહે છે કે મારી કૃપાને કોઈ શરત નથી. બહુધા એ વાત

સાચી છે કે પ્રારબ્ધ ભોગવવા જ પડે, પણ જો ભગવાન ઓળખાઈ જાય તો પ્રારબ્ધનો અંત આવે. આવા સરળ ભગવાન ઓળખાણા તો એ ભગવાનને લાગી પડવાનું એને અંતરમાં રાખીને બધું જ કામ કરવાનું, કામ સરસ કરવાનું, કામ સારું કર્યું એનું અનુસંધાન રાખી કામ કરવા છતાં જો પ્રભુ આપણી બધી વૃત્તિઓ ખેંચીને કામ ન કરવા દે તો સમજવું કે આપણા ભાગે જે કર્તવ્ય છે તે પૂરું થઈ ગયું. જ્યારે જીવ (ચૈતન્ય) પ્રભુમાં જોડાઈ જાય ત્યારે કશું જ કરવાની શક્તિ રહેતી નથી. કરવાનું પૂરું થઈ ગયું. એમ થાય ત્યારે વાત જુદી છે, ત્યાં સુધી ભગવાન સાથે જીવ જોડીને પોતાનું કર્તવ્ય નિરાસક્ત રહીને કર્યા જ કરવું. - પૂજ્યશ્રી નારાયણમામા.

**૨૫ કયા એક વિચારે ભૂંડો / કઠણ સ્વભાવ ટળી જાય ?**

કામ આદિક સ્વભાવરૂપી શત્રુ અથવા બીજો ગમે તેવો કઠણ સ્વભાવ હોય તેની ઉપર વેરબુદ્ધિ (શત્રુપણું) રાખવી એ જ સર્વ વિચારમાં શ્રેષ્ઠ વિચાર છે અને એવા સ્વભાવને ખોદે તેનો ગુણ લે તો શત્રુ (આંતરશત્રુ) માત્રનો નાશ થઈ જાય છે ને કોઈ ભૂંડો સ્વાભવ તેના હૃદયમાં રહી શકતો નથી. ॥ **ભજનમાં અંતરાય કરે એવો અયોગ્ય સ્વભાવ કેવી રીતે ટળે ?** એક તો વેરાગ્ય હોય તો ટળે, બીજું આજ્ઞામાં વર્તનારા ને મૂર્તિમાં નિમગ્ન એવા સંતની સેવા કરે અને આજ્ઞા પાળે તો ભગવાનની કૃપા થાય ને તત્કાળ વિકાર ટળી જાય. સાધને કરીને તો બહુ કાળે ટળે. ॥ **સ્વભાવ તે વસ્તુ ગતે શું હશે ?** (દીનાનાથ ભટ્ટ) મહારાજે કહ્યું જે જીવે પૂર્વ જન્મ વિષે કર્મ કર્યા છે તે કર્મ પરિપક્વ અવસ્થાને પામીને જીવ ભેળા એકરસ થઈ ગયા છે, તેને જ સ્વભાવ રહીએ અને વાસના તથા પ્રકૃતિ કહીએ. (ટૂંકમાં સ્વભાવ = પ્રકૃતિ = વાસના, એટલે પૂર્વેના કર્મ જીવ સાથે મળી ગયા છે તે). સત્સંગમાં સ્વાર્થ જણાય તો પ્રકૃતિ ટળવી કઠણ ન પડે, તેમ સ્વાર્થે કરીને પ્રકૃતિ ટળે છે ને ભયે કરીને પણ ટળે છે પણ તે અતિશે ટળતી નથી. ॥ મહારાજ કહે છે કે અમે વારંવાર કઠણ વચનના ડંખ માર્યા

હોય ને કચવાવ્યો હોય તો પણ કોઈ રીતે પાછો ન પડ્યો હોય તે ઉપર જાગ્રત-સ્વપ્નમાં સંભાર્યા વિના હેત એમનું એમ રહ્યું જાય છે ને ગમે તેમ થાય પણ તે હેત ટળતું નથી.

૨૬ ભગવાનનું સ્વરૂપ ૩૯ ગુણે યુક્ત છે. તે ગુણો પ્રથમના બાંસઠમાં વચનામૃતમાં આપેલા છે.

૨૭ **સ્વરૂપનિષ્ઠાનું રૂપ :**
પોતે અક્ષરધામરૂપ થઈને તેને વિષે શ્રીજીમહારાજની મૂર્તિનો અખંડ સાક્ષાત્કાર થાય તે સ્વરૂપનિષ્ઠા જાણવી.

૨૮ **ધર્મનિષ્ઠાનું રૂપ :**
શ્રીજીમહારાજે ત્યાગી - ગૃહીના જે જે ધર્મ કહ્યા છે તેને આપત્કાળમાં પણ સ્થૂળ - સૂક્ષ્મ દેહે કરીને પાળે તે ધર્મનિષ્ઠા જાણવી.

૨૯ **શ્રીજીમહારાજ દેવલોકમાં પ્રગટ થાય છે ?**
**ના, નથી થતા.** એ ભોગભૂમિ છે. દેવલોકમાં એકાંતિક ધર્મનું સ્થાપન થયું નથી ને ત્યાં એકાંતિક ભક્ત પણ નથી. એકાંતિક ભક્ત તો મર્ત્યલોકમાં જ છે ને એકાંતિક ધર્મ પણ મર્ત્યલોકમાં સ્થાપન થાય છે, કેમ જે કર્મભૂમિ છે. બીજા અવતારો કોઈક પ્રયોજન માટે દેવલોકમાં પ્રગટ થાય છે. તે અવતારોને વિષે પોતે અંતર્યામી શક્તિએ (તેજ દ્વારા) રહ્યા છે, માટે દેવલોકને વિષે પ્રગટ થાય છે એમ કહ્યું હોય.

૩૦ **સ્વપ્ન સૃષ્ટિ તથા તેના ભોગ કોણ સર્જે છે ?**
જીવ, વૈરાજપુરુષ ને પ્રધાનપુરુષ એ સર્વને સ્વપ્ન સૃષ્ટિ તથા સ્વપ્ન સૃષ્ટિના ભોગ કર્મને અનુસારે મૂળપુરુષ દ્વારા મહારાજ જ સર્જે છે.

૩૧ **ભગવાન અતિશે રાજી ક્યારે થાય ?**
ઘરમાં એક મણ અન્ન મળતું હોય ને ત્યારે જેવી સંતની ઉપર પ્રીતિ ને જેવું દીનપણું હોય તેવું ને તેવું દીનપણું ને પ્રીતિ એક ગામનું કે પાંચ / પચાસ /

સો ગામનું કે સર્વે પૃથ્વીનું રાજ્ય આવે તોપણ રહે તેમજ ઈન્દ્રલોક તથા બ્રહ્મલોકનું રાજ્ય આવે તોપણ સંતની આગળ તેવો ને તેવો જ કંગાલ ને દીન-આધીન રહે ત્યારે. ત્યાગી માટે : જેવો પ્રથમ ગરીબ હોય ને સૌ સંતની ટેલ - ચાકરી કરતો હોય તેવી ને તેવી જ પોતામાં ભગવાનના જેવા ઐશ્વર્ય આવે તો પણ કરતો રહે ને કોઈ સાધુ સાથે પિતરાઈ દાવો બાંધે નહિ, બરોબરિયાપણું કરે નહિ ત્યારે.

**૩૨ એકલાપણું ક્યારે ન લાગે ?**

મહારાજની મૂર્તિ સાથે અનંત મુક્તો ભેગા હોવાથી તે મૂર્તિ સાથે એકતા કરીએ, લગની લગાવીએ અને મહારાજ તથા એમના અનંત મુક્તો સદાય આપણી સાથે જ છે તેવો ભાવ કાયમ રાખીએ તો ક્યારેય એકલાપણું લાગતું નથી.

**૩૩ પાપી પ્રત્યે કેવું વર્તન રાખવું ?**

પાપ પ્રત્યે તિરસ્કાર કરવો. પાપ કરનાર પાપી પ્રત્યે નહિ. જે કાંઈ થાય છે તે મહારાજની ઈચ્છાથી જ થાય છે. વિશ્વના કોઈપણ ચૈતન્યને વિષે મનુષ્યભાવ લાવવો નહિ.

**૩૪ બાપાશ્રીના સાર્ધ શતાબ્દી મહોત્સવ વખતે તા. ૧૩-૧૧-૧૯૯૪, કારતક સુદ, ૧૧ રાત્રે ૯.૨૫ વાગ્યે, મામા દ્વારા બાપાશ્રી અને મહારાજે શું આશીર્વાદ આપેલા ?**

**આશીર્વાદ આપેલા કે** શ્રીજીમહારાજ અને એમના અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીનો આ મહોત્સવ સર્વોત્તમ ઉદ્ધારને માટે પોતે આપણા સૌ દ્વારા ઉજવાવ્યો અને તે પ્રસંગે જે કોઈ સંતો, હરિભક્તો, ભાઈ-બહેનો અહીં પધાર્યા છે તથા પધારવાની ઈચ્છા હોવા છતાં સંજોગોવસાત નહિ આવી શક્યા હોય તે બધાયનો મહારાજ સ્વામિનારાયણ ભગવાન છેલ્લો જન્મ કરી, ખરી વેળાએ આવી અને ઊભા રહી પોતાની મૂર્તિના સુખમાં ઝીલાવશે.

**૩૫ મહારાજ અને મોટાની પ્રાપ્તિ થઈ હોય તો પણ માયાના ગુણ કેમ વ્યાપે છે ?**

બાપાશ્રી કહે, "તે તો મહારાજ ને મોટાએ તેના સમાસને અર્થે રાખ્યા છે, જેનાથી એને દીનપણું રહે, મોટાના જોગની ત્વરા રહે ને નિર્માનીપણું રહે એટલે મોટાનો જોગ ને સેવા કરે, તેણે કરીને તેમની પ્રસન્નતા થાય. તેઓ કૃપાએ કરીને મહિમા સમજાવે, એટલે મહારાજનું અને મુક્તનું સાધર્મ્યપણું પામે. એટલા માટે એ રાખ્યા છે."

**૩૬ સંકલ્પ તે શું ને વિકલ્પ તે શું ? તે કેવી રીતે ટળે ?**

પદાર્થના ઘાટ થાય તે સંકલ્પ કહેવાય અને તે સંકલ્પ વારંવાર થાય તે વિકલ્પ કહેવાય. એટલે જે સંકલ્પ થયો તે વિવિધ પ્રકારે થાય તે વિકલ્પ કહેવાય. તે મોટા સાથે જીવ જોડે તો સર્વે ટળી જાય, કાંઈ બાકી રહેવા દે નહિ ને પૂરું કરીને ઠેઠ મૂર્તિમાં મૂકી દે. એવો મોટાનો પ્રતાપ છે. સૂક્ષ્મ ઘાટ ક્યારે ન થાય ? જો શ્રીજીમહારાજને અંતરમાં પધરાવીએ તો સૂક્ષ્મ ઘાટ થવા પામે નહિ.

**૩૭ બાપાશ્રીએ છત્રીએ ચરણારવિંદ પધરાવતી વખતે શું વર આપેલો ?**

(સં. ૧૯૭૧, ચૈત્ર સુદ-૩) બાપાશ્રીએ વર આપેલો કે આ છત્રી તથા આ સ્થાનના જે દેવ તથા મનુષ્યો દર્શન કરશે અને ઉપર થઈને પક્ષી ઊડીને જશે તે સર્વેનો અમે આત્યંતિક મોક્ષ કરીશું અને શ્રીજીમહારાજની મૂર્તિમાં લઈ જઈશું.

**૩૮ વાસના ક્યારે ટળે ?**

જ્યાં સુધી મૂર્તિમાં રસબસ થઈને મૂર્તિમાં જોડાયો નથી ત્યાં સુધી બીજે હેત થઈ જાય છે ને ખોટા ઘાટ પણ થઈ જાય છે. માટે બીતા રહેવું. મહારાજ વિના જો ખોટો ઘાટ થાશે તો જન્મ ધરવો પડશે. મૂર્તિનું ધ્યાન કરતા હોય તેમાંથી વાસના બહાર લાવે છે. પુરુષોત્તમરૂપ થઈને ધ્યાન કરવાનો આગ્રહ રાખે તો વાસના કુંઠિત થાય, જ્યારે મૂર્તિ આત્માને વિષે

દેખે ત્યારે વાસના મૂળમાંથી બળી જાય. ॥ કોની વાસના મૂળમાંથી ટળી જાય છે ? લો. ૧૬ માં મહારાજ કહે છે કે જેમાં આત્મનિષ્ઠા, વૈરાગ્ય, બ્રહ્મચર્ય આદિક ધર્મ તથા મહાત્મ્યે સહિત ભક્તિ સંપૂર્ણ હોય તેની વાસના નિર્મૂળ થઈ જાય છે. ॥ **જેની વાસના નિર્મૂળ થઈ ગઈ હોય તેના લક્ષણ શા છે ?** જેને વાસના નિર્મૂળ થઈ ગઈ હોય તેને તો જાગ્રતને વિષે સુષુપ્તિની પેઠે વિષયનો અભાવ વર્તે (વિષયમાં ચોટે નહિ) ને સારા નરસા બેય વિષય સમાનપણે જણાય ને પોતે ગુણાતીતપણે વર્તે. વૃંદાવન સ્વામી કહે, ‘‘જેને વાસના ટળી ગઈ હોય તેને તો સત્સંગ બધો પ્રફુલ્લિત જણાય પણ જેને માંહી વાસના હોય તે તો એમ કહે કે હવે સત્સંગમાં કાંઈ નથી.’’ મ.૨૫ માં મહારાજ કહે છે કે ઉકાખાચારની જેમ ભગવાન તથા સંતની સેવા કરવાનું જેને વ્યસન પડે ને તે વિના ક્ષણ માત્ર પણ રહેવાય નહિ તો એના અંતઃકરણની દ્રઢ વાસના (મલિન) નાશ પામી જાય છે. મોટા પુરુષ પણ ત્યારે રાજી થાય છે જ્યારે કોઈ પ્રકારે અંતરમાં મલિન વાસના ન રહે. ॥ **વિષય સુખની વાસના નિવૃત્તિ ક્યારે થાય ?** ત્રણ દેહથી પોતાના આત્માને જુદો સમજે, મહારાજને સર્વોપરી જાણે અને પોતાના આત્માને વિષે અખંડ વિરાજમાન જાણે, મહારાજના એક રોમના સુખ આગળ અનંત જીવ, મૂળપુરુષ, વાસુદેવબ્રહ્મ અક્ષર તેમની કોટીઓના સુખને અતિશે તુચ્છ જાણે. આવું ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે સર્વે વિષય સુખની વાસના રહેતી નથી. - મહારાજ. ॥ **વાસના ટાળવાના ઉપાય :** જુદા જુદા વચનામૃતોમાં અલગ અલગ ઉપાયો બતાવ્યા છે. એ બધામાં સંતનો એટલે મુક્તનો સમાગમ મન-કર્મ-વચને નિષ્કપટપણે કરવો તે સર્વથી શ્રેષ્ઠ ઉપાય છે. મહારાજ અને મુક્તને નિર્લેપ જાણીને તેમને મન અર્પે તો ઉર્ધ્વરેતા થવાય અને સર્વ વિકાર માત્ર ટળી જાય. બીજા ઉપાયો : આત્મનિષ્ઠા, મહારાજની મૂર્તિનું યથાર્થ જ્ઞાન, મહારાજ ને મુક્તના વચનામાં વિશ્વાસ, પ્રીતિ, માહાત્મ્ય, પ્રીતિએ સહિત ભગવાનની વાત સાંભળવી, વૈરાગ્ય - બ્રહ્મચર્ય આદિક ધર્મ, માહાત્મ્યે સહિત ભક્તિ આ એવો જબરો ઉપાય છે જેને વિષે સર્વે સાધન આવી જાય. મહારાજ ને

સંતની સેવા, સંત સમાગમ, પવિત્ર દેશ-કાળ-ક્રિયા ને સંગ. શિશ્ન ને ઉદર એ બેને વિષે જીવને આસક્તિ છે એ જ અસત્પુરુષપણું છે. ઈન્દ્રિયોને ક્યારેય વિષય થકી તૃપ્તિ થઈ નથી ને થાશે પણ નહિ. માટે વિષયની આસક્તિ ટાળવી. આ દેહમાંથી નીકળીને મુક્તના જેવા બ્રહ્મરૂપ થઈને ભગવાનની ભક્તિ કરવી છે એવી વાસના રાખવી. મહારાજ પોતાના અંતરનું રહસ્ય કહે છે કે જેના હૃદયમાં જગતના સુખની વાસના હોય તે સંગાથે તો અમે હેત કરીએ તોપણ થાય નહિ. નિર્વાસનિક ભક્ત જ અમને વહાલા છે. માટે ભગવાન ને ભગવાનના ભક્ત વિના કોઈ ને વિષે પ્રીતિ રાખવી નહિ. ॥

૩૯ **જાગૃતમાં તો મૂર્તિની અખંડ સ્મૃતિ રખાય પણ સ્વપ્ન ને સુષુપ્તિમાં કેમ રખાય ?**

બાપાશ્રીએ કહ્યું જે મૂર્તિનો વેગ લાગીને તે વેગ જીવમાં પેસે તો ત્રણેય અવસ્થામાં મૂર્તિ ભૂલાય નહિ.

૪૦ **મૂર્તિ ક્યારે મળે ?**

બાપાશ્રી કહે જો ધ્યાનનો આગ્રહ થાય તો મૂર્તિ મળે, પણ ધ્યાનમાંથી તો ભાગીને પાછા આવતા રહે છે. પોતાને જરાય કારસો આવવા દેવો નથી અને ખોટ ટાળીને સુખિયા થાવું છે, એવા જીવના સ્વભાવ છે.

૪૧ **માયિક ઘાટ-સંકલ્પ થાય તેનું કેમ કરવું ?** બાપાશ્રી બોલ્યા જે **મલિન આહાર ને અશુદ્ધ સંગનો સંસ્કાર બંધાયેલો છે માટે માયિક ઘાટ થાય છે.**

જો આહાર શુદ્ધ કરે અને મહારાજ ને મોટાની આજ્ઞા પાળનારનો સંગ કરે તો ભૂંડા ઘાટ થાય નહિ. માટે દેશ - કાળ આદિક શુભ સેવવા ને આજ્ઞા પ્રમાણે દેહ નિર્વાહ કરવો ને બીજા ઠરાવ બધા પડ્યા મૂકીને ધ્યાન - ભજન કરવું તો મહારાજ ને મોટા સહાયમાં ભળીને મૂર્તિ સિદ્ધ કરાવે. મહારાજ ને મોટાની સન્મુખ થાય ત્યારે ઘાટ - સંકલ્પ ટળે. **મહારાજ ને મોટાને સન્મુખ થયા ક્યારે કહેવાય ?** શ્રીજીમહારાજની આજ્ઞા યથાર્થ પાળે

અને મૂર્તિ વિના બીજા સર્વમાંથી લૂખા થઈને મહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખે ત્યારે.

**ઘાટ :**

જો નબળા ઘાટ થઈ જાય તો પ્રાયશ્ચિત કરી નાખવું, પણ તેને સંભારવા નહિ. સંભારવાથી તે દોષની મૂર્તિ બંધાઈ જાય છે. માટે વિસારી દેવા ને જાણપણારૂપી દરવાજે ઊભા રહેવું તો સભાને વિષે મનુષ્યભાવ ન આવે. જાણપણારૂપી દરવાજો એટલે સદા દિવ્યભાવ રહે, અભાવ ન આવે તે. બીજું મહારાજ વિના બીજો ઘાટ ન થયા દેવો તે પણ જાણપણારૂપી દરવાજો જાણવો. ભગવાનમાં હેત હોય તોપણ જ્ઞાન ન હોય તો ભગવાન વિના બીજો ઘાટ થાય. હેત ભેળું જ્ઞાન હોય તો બીજો ઘાટ ન થવા દે. બાપાશ્રી કહે, "જે મોટા અનાદિમુક્તનો પ્રસંગ રાખે ને તેમને અંતર્યામી જાણીને સદા સમીપે રાખે તો તેના ઘાટ - સંકલ્પ ટાળી નાખે."

**ચિત્ત : ચિત્તના ઘાટ - સંકલ્પ :**

ચિત્તનો સ્વભાવ એવો છે જે, જે જે પદાર્થ સાંભરે તે તે પદાર્થમાં ચોટી જાય છે. પથરો, કચરો, કૂતરાનો મળ, એવી નકારી વસ્તુમાં લેશ માત્ર સુખ નથી તોપણ એમાં વળગે છે ને તે સાંભરી આવ્યું હોય તો તેનું પણ ચિંતનવન કરે છે. એવો એનો વળગવાનો સ્વભાવ છે. જેમ મોટો કાચનો અરીસો હોય તેમાં સાધુ. પૂણ્યશાળી, પાપી, કૂતરા, ગધેડા, ચંડાળ જે જે આવે તેના પ્રતિબિંબ છે તેમ જ દેખાય તેમ ચિત્ત અતિ નિર્મળ હોવાથી જે પદાર્થ સાંભરે તે દેખાઈ આવે છે. એમાં સારા - નરસાનો કાંઈ મેળ નથી. માટે મુમુક્ષુ હોય તેણે એમ ન વિચારવું જે મારે વૈરાગ્ય નથી તે માટે સ્ત્રી આદિક પદાર્થ મારા ચિત્તમાં સ્ફૂરે છે. એ તો વૈરાગ્યવાન હોય તેના ચિત્તમાં પણ જે સમે જે પદાર્થ આવ્યું તે સહેજે સ્ફુરી આવે છે. માટે વૈરાગ્ય - અવૈરાગ્યનું કાંઈ કારણ નથી. (નવા આદરવાળાને હિંમત દેવા એમ કહ્યું છે; બાકી વૈરાગ્ય હોય તો બીજા પદાર્થ સાંભરે જ નહિ.) એ

તો ચિત્તનો સ્વભાવ જ એવો છે જે ભલું અથવા ભૂંડું જે સાંભર્યું તેને ચિંતવે. માટે એમ જાણવું જે હું તો ચિત્ત થકી જુદો છું. હું તો એનો જોનારો આત્મા છું, એમ જાણીને ચિત્તના સારા - ભૂંડા ઘાટે કરીને ગ્લાનિ પામવી નહિ. પોતાને ચિત્ત થકી જુદો જાણીને, ભગવાનનું ભજન કરવું ને સદાય આનંદમાં રહેવું. - મહારાજ.

**ભૂંડા ઘાટ ક્યારે બંધ થાય ?**

જ્યારે ભવસાગરનો નિશ્ચય યથાર્થ થાય છે ને યથાર્થ મહિમા સમજાય છે ત્યારે ભૂંડા ઘાટ માત્ર ટળી જાય છે. જેને એ બે ન હોય તેના ઈન્દ્રિયો તથા અંતઃકરણ પોતપોતાના વિષય થકી યથાર્થપણે નિવૃત્તિ પામતા નથી. ॥ ''ભવસાગરનો પાર ન આવે પ્રભુ વિના'' તે ભવસાગર શું ? તો સંકલ્પ વિકલ્પ થાય એ જ. મૂર્તિરૂપ થઈને મૂર્તિમાં જોડાઈ જાય તો તેનો પાર આવે. મૂર્તિ વિના બીજું તાન રહે તેને મોટપ ક્યાંથી વધે? માટે એક મૂર્તિ જ રાખવી. ॥ જીવને જેવો દેહગેહ આદિકને વિષે પ્રસંગ છે તેવો એને સંતનો દ્રઢ પ્રસંગ થાય ત્યારે એ નેત્રને મીંચીને દોડે એટલે કે શ્રુતિ - સ્મૃતિને ન જાણતો હોય તોપણ ભાગવત ધર્મથી પડે નહિ ને આખડે પણ નહિ એટલે કે અંતઃકરણમાં ખોટા ઘાટ થાય. - મહારાજ.

**૪૨ મોટા મુક્તના દર્શન - સ્પર્શ આદિનું ફળ કેટલું થતું હશે ?**

જામનગરમાં સદ્. સ્વરૂપાનંદ સ્વામી સાથે પંચોતેર સાધુ તળાવની પાળ ઉપર વડ નીચે બેઠા હતા તે જોઈને એક બ્રાહ્મણ બોલ્યો કે સાધુ તો આગળ નારદ, શુક, સનકાદિક તથા નવ યોગેશ્વરો થઈ ગયા અને ભગવાન પણ આગળ મચ્છ, કૂર્મ, વારાહ, નૃસિંહ, વામન, રામ, કૃષ્ણ તે થઈ ગયા. આજ તો એવા સાધુ ને ભગવાન ન હોય. ત્યારે સદ્. સ્વરૂપાનંદ સ્વામી બોલ્યા જે તે જે સાધુ ને ભગવાન થઈ ગયા એમ કહ્યું તે બધા આ બેઠા. તારે દર્શન કરવા હોય તો કર. એ બધાય એમના કલ્યાણને માટે અમારા શીષ્ય થઈને, આમારી પાસેથી સર્વોપરી એવા સાક્ષાત્ શ્રી સ્વામિનારાયણ

ભગવાન તેમના સ્વરૂપનું જ્ઞાન ને મહિમા શીખે છે. તેમને સર્વેને અમે તે સમજાવીને સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિના સુખમાં લઈ જઈશું. ભગવાન તો સ્વામિનારાયણ એક જ છે. તેં કહ્યા એ તો સર્વે ભક્ત છે એમ બોલ્યા. એવો આ સત્સંગનો મહિમા છે. આ ભગવાન ને મુક્તના દર્શન-સ્પર્શ આદિકના ફળનું માપ થાય નહિ. એ તો અપાર ને અવિનાશી છે. તેમના દર્શન આદિ કરીને તો આત્યંતિક મોક્ષ થાય છે. જે મહારાજ ને મોટાને ઓળખે નહિ પણ ખાલી દર્શન જ થાય તોપણ તેના સર્વે પાપ બળી જાય ને મોક્ષને માર્ગે ચાલે અને તેનું જન્માંતરે કલ્યાણ થાય. ઓળખ્યા વિના ખાલી દર્શનનું પણ આવું ફળ છે.

**૪૩ ભગવાનને રાજી-કરવાનો શો ઉપાય છે અને ભગવાન કુરાજી શાથી થાય છે ?**

મન - કર્મ - વચને ભગવાનના ભક્તની સેવા કરવી એ જ રાજી કર્યાનો ઉપાય છે અને ભગવાનના ભક્તના દ્રોહ કરીને ભગવાન કુરાજી થાય છે. જેને ભક્તનો અભાવ આવ્યો છે તે અતિશે મોટા હતા તોપણ પોતાની પદવી થકી પડી ગયા છે. જેનું રૂડું થાય છે તે ભક્તની સેવામાંથી જ થાય છે અને ભૂંડું થાય છે તે દ્રોહમાંથી જ થાય છે. મહારાજ કહે, “જો ખરેખરો ભક્ત હોય તો હું તો તે ભક્તનો પણ ભક્ત છું અને હું તેની ભક્તિ કરું છું એટલે કે પોતાના ભક્તની કાળ, કર્મ, માયા થકી રક્ષા કરીને પોતાના ધામમાં લઈ જઈને પોતાનું સુખ આપે છે, એ ભક્તિ કહી છે. એ જ મારે વિષે મોટો ગુણ છે, એટલો ગુણ જેમાં ન હોય તો તેમાં કોઈ જાતની મોટપ શોભે નહિ.”

મહારાજ કહે, “અમારો દયાળુ સ્વભાવ છે તોપણ જે હરિભક્તનો દ્રોહી હોય તેનો તો અમને અભાવ આવે છે અને જો કોઈ હરિભક્તનું ઘસાતું બોલ્યો હોય ને હું સાંભળું તો તે સાથે હું બોલવાને ઈચ્છું પણ બોલવાનું મન થાય જ નહિ ભક્તની સેવા - ચાકરી કરે તેના ઉપર અતિશે રાજીપો

થઈ જાય છે. જો ભગવાનના ધામમાં છે ને ભગવાનનો રાજીપો નથી ને ભક્ત ઉપર ઈર્ષ્યા છે તો તે ધામમાંથી જરૂર હેઠો પડશે. (અહીં ધામ એટલે મનુષ્યરૂપે વિરાજમાન હોય ત્યાં સદાય સેવામાં ભેળો રહેતો હોય તે સ્થાન સમજવું કારણકે ધામમાંથી પડવાની રીત નથી.) આ વાર્તા કરી છે તે પરમ રહસ્ય છે ને સારનું પણ સાર છે. વેદશાસ્ત્ર, પુરાણ આદિકમાંથી સાર કાઢીને આ વાર્તા કરી છે. સર્વેને માટે જીવનદોરીરૂપ છે.''

મહારાજ કહે છે કે ભગવાનના ભક્તનો મને, વચને ને દેહે કરીને જે કાંઈ જાણ્યે - અજાણ્યે દ્રોહ થઈ આવે ને તેણે કરીને જેવું આ જીવને દુ:ખ થાય છે, ભૂડું થાય છે તેવું બીજે કોઈ પાપે કરીને થાતું નથી અને ભક્તની મને-વચને-દેહે કરીને જે સેવા બણી આવે ને તેણે કરીને આ જીવનું રૂડું થાય છે ને જીવને સુખ થાય છે તેવું બીજા કોઈ સાધને કરીને થતું નથી. દ્રોહ નિવારણને અર્થે પૂજા કર્યા પછી નિત્ય નિયમના દંડવત્ પ્રણામ કર્યા પછી એક દંડવત્ પ્રણામ નિત્યે કરવો.

૪૪ **આસક્તિ :**

મહારાજ કહે, ''શિશ્ન ને ઉદર એ બેને વિષે જીવને આસક્તિ છે એ જ અસત્પુરુષનું લક્ષણ છે.'' મહારાજ સિવાય બીજે આસક્તિ રહે તો જન્મ ધરવો પડે. મહારાજ કહે છે કે જે કરવું હોય તે મારા સંબંધી જ કરો. ખુશામત કરવી હોય તો તે મારી કરો. કેમ ? તો તમે મારી જેટલી પ્રસંશા કરશો તેટલી ઓછી છે. મુક્તો પ્રસંશા કરતા પાર નથી પામતા. મારા સિવાય બીજે ક્યાંય આસક્તિ ન કરો. પ્રસંશા, આસક્તિ બધું મારું કરો. હું તો અવર્ણનીય છું. મારા ગુણ ને મહિમાનો પાર કોઈ પામી શકતું નથી.''

- મામા ॥ **ભગવાનને વિષે દ્રઢ આસક્તિ કેવી રીતે થાય ?** પૂર્વ જન્મનો એવો બળિયો સંસ્કાર હોય અથવા જે સંતને ભગવાનને વિષે એવી દ્રઢ આસક્તિ હોય તેને સેવાએ કરીને રાજી કરે તો દ્રઢ આસક્તિ થાય છે, એ વિના બીજો ઉપાય નથી.

**ભગવાનને વિષે દ્રઢ આસક્તિ થઈ હોય તેના લક્ષણ શુ ?**

(૧) ચાલીને અતિશે થાકી ગયો હોય, બેઠું થવાની પણ શક્તિ ન રહી હોય ને તેવામાં ભગવાનની વાર્તાનો કાંઈક પ્રસંગ નીકળે તો સાવધાન થઈને તે વાર્તાને કરવા - સાંભળવામાં અતિશે તત્પર થઈ જાય (૨) ગમે તેવા રોગાદિકે કરીને પીડાને પામ્યો હોય વા ગમે તેવું અપમાન થવું હોય ને તેવામાં જો ભગવાનની વાર્તા સાંભળે તો તત્કાળ સર્વે દુઃખ થકી રહિત થઈ જાય. (૩) ગમે તેવી રાજ્ય સમૃદ્ધિને પામીને અવરાઈ ગયો હોય ને જે ઘડીએ ભગવાનની વાર્તા સાંભળે તો તે ઘડીએ એને કોઈનો સંગ જ નથી થયો એવો થઈને વાર્તા સાંભળવામાં સાવધાન થઈ જાય. આવા લક્ષણ હોય તેને દ્રઢ આસક્તિ થઈ કહેવા. ॥ **જીવને ક્યાંય પણ આસક્તિ ક્યારે ન રહે ?** ભગવાનનું સ્વરૂપ જેવું છે તેવું પરિપૂર્ણ જાણ્યામાં / સમજ્યામાં આવે ત્યારે. ભગવાન મનુષ્યદેહ ધારણ કરે તોપણ કૈવલ્યરૂપે જ છે અને તે ભગવાન જે જગ્યામાં વિરાજતા હોય તે જગ્યા પણ નિર્ગુણ છે અને તેમના વસ્ત્ર, અલંકાર, વાહન, પરિચર્યાના કરનારા સેવક તથા ખાનપાન આદિક જે જે પદાર્થ તેમના સંબંધને પામે છે તે સર્વે નિર્ગુણ છે. એવી રીતે જે ભગવાનનું સ્વરૂપ જાણે છે તેને પંચવિષયમાં ક્યાંય પ્રીતિ રહેતી નથી ને સ્વતંત્ર થાય છે.

**૪૫ દિવ્ય એટલે કેવું ?**

દિવ્ય એટલે માયાથી પર, સંપૂર્ણ સત્ય, સત્ય એ દિવ્યતાનું અંગ છે. જે સભામાં સત્ય ઉચ્ચારવાની ના પાડવામાં આવે એ સભા દિવ્ય કેમ કહેવાય ? કોઈ એમ કહે કે હું બાપાશ્રીના હેતવાળો નથી તો એનો અર્થ એ કે એ સ્વામિનારાયણ ભગવાનનો જ નથી. શા માટે ? કારણ કે બાપાશ્રીનું વર્તન શ્રીજીમહારાજની આજ્ઞા મુજબ અણીશુદ્ધ હતું. બાપાશ્રીના હેતવાળો નથી. એમ કહે તો એનું અણીશુદ્ધ વર્તન નથી, એને ઉપાસનાનું ઠેકાણું નથી. તો પછી સ્વામિનારાયણનો આશ્રિત કેવી રીતે ? દરેકે સાચા આજ્ઞા અને

ઉપાસનાના પાલક થવું હશે તો બાપાશ્રીને જેમ છે એમ અનાદિ મહા-મુક્તરાજ તરીકે ઓળખવા પડશે.

૪૬ **મહારાજની મૂર્તિ ને સુખ કેવા છે ? મુક્તને કેવું સુખ આવે છે ?**
મહારાજની મૂર્તિ અકળિત છે ને સુખ પણ કળાય એવું નથી, એ તો અપાર છે. અનાદિમુક્ત અનાદિકાળથી મૂર્તિમાં સળંગ રહીને નવીન સુખ લે છે, એમને મૂર્તિનો કે સુખનો પાર આવતો નથી. મુક્તને અનંત લોચન છે. તે સર્વત્ર દેખે ને ભોગવે તથા રોમ રોમ પ્રત્યે જોવાપણું ને ગ્રહણ કરવાપણું છે, એવું સુખ છે. માટે મૂર્તિ વિના સર્વે ખોટું કરવું.

૪૭ **આદિ-અનાદિ એટલે શું સમજવું ?**
''મેં હું આદિ - અનાદિ આ તો સર્વે ઉપાધિ'' - સદ્. નિષ્કુળાનંદસ્વામી. જે અનાદિ છે તે પ્રત્યક્ષ દેખાય ત્યારે તેમને આદિ કહેવાય; અને પરોક્ષ એટલે અક્ષરધામમાં છે તે અનાદિ કહેવાય.

૪૮ અંતઃકરણ શુદ્ધ થાય તો બ્રહ્મરૂપ થવાય ને શ્રીજીમહારાજ સાક્ષાત્ બિરાજમાન થાય, બોલાવવા પડે જ નહિ. જેમ કાચની પૃથ્વીમાં સૂર્ય દેખાય તેમ, માટે અંતઃકરણ શુદ્ધ કરવું પણ નબળા ઘાટ ઘડવા નહિ. કોઈ પ્રકારનું કપટ રાખવું નહિ.

૪૯ **પવિત્ર થવાનો ઉપાય શું ?**
સર્વે ઈન્દ્રિયે કરીને ભગવાન સંબંધી ક્રિયા કરે અને અનાદિમુક્તની બ્રહ્મસભામાં નહાય તો પવિત્ર થવાય.

૫૦ **સેવા :**
ભગવાનને રાજી કર્યાનો ઉપાય તો મન-કર્મ-વચને ભગવાનને ભગવાનના ભક્તની સેવા કરવી એ જ છે. સંત (મુક્ત)ની સેવા બહુ મોટા પૂણ્યવાળાને મળે છે, પૂર્વ જન્મને વિષે મહારાજની અથવા સંત (મુક્ત)ની સેવા કરી

હોય કે તેમની પ્રાપ્તિ થઈ હોય તેને જ બીજે જન્મે એમની સેવા મળે છે; પણ બીજે કોઈ સાધને કરીને મળતી નથી. એવાને આ જન્મમાં તેમનામાંથી હેત મટે જ નહિ ને નિશ્ચયમાં પણ ડગમગાટ થાય નહિ. તેની દ્રઢતા કણભાના પાટીદાર નાથભક્ત, ડભાણના પાટીદાર વિષ્ણુદાસ, સુંદરિયાણાના વણિક હિમરાજ શાહ, બોચાસણના પાટીદાર કાશીદાસ, સુરતના વાણિક ભાઈચંદ શેઠ તથા અમદાવાદના પાટીદાર દામોદરભાઈ જેવી હોય ॥ મોટા પુરુષની સેવા થકી અસાધારણ (અતિશે માહાત્મ્યે સહિત) ભક્તિ આવે છે. ધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય પણ એના પેટામાં આવી જાય છે. **જીવને બળ પામવાનો ઉપાય શું છે ?** મહારાજ કહે, "અમારે ને અમારા સંતને વિષે પ્રીતિ ને સેવામાં અતિશે શ્રદ્ધા ને નવધા ભક્તિ તેણે કરીને જીવને તત્કાળ બળ આવે છે. ઐશ્વર્યમાંથી રાગ ટાળીને કેવળ સત્તારૂપે રહેવું તે શ્રેષ્ઠ છે, તેથી પણ અમારી ને ભક્તની દેહે કરીને સેવા કરવી તે શ્રેષ્ઠ છે. સેવા બરોબર બીજો કોઈ ઉપાય નથી. સેવા જેવું કોઈ પૂણ્ય નથી ને દ્રોહ જેવું કોઈ પાપ નથી. માટે તેમને મન-વચન-કર્મે શુદ્ધ ભાવે કરીને સેવવા. **મોટા પુરુષની સેવા ને પ્રસંગમાંથી માહાત્મ્ય સહ વર્તમાન એવી** ભક્તિ જીવના હૃદયમાં ઉદય થાય છે. માહાત્મ્ય સહિત ભક્તિ હોય તેમાં કોઈ જાતનું વિઘ્ન આવતું નથી. માહાત્મ્ય જાણ્યા વિના પ્રાકૃત બુદ્ધિએ કરીને ભક્તિ કરે તો તેમાં વિઘ્ન આવે છે. - મહારાજ. ॥ **ધામમાં શી સેવા હશે ?** શ્રીજીમહારાજને વિષે દાસપણું રાખવું ને મૂર્તિનું સુખ ભોગવવું તે. ॥ "નીચે ટેલ મળે તો માને મોટા ભાગ્ય જો" માંદા સાધુની સેવા કરવી, મંદિર વાળવું, ખાડા ધોવા એ બધી નીચી ટેલ કહેવાય. - બાપાશ્રી. જેમને ધ્યાન કરતા કે અંતર્વૃત્તિ કરતા ન આવડતું હોય તેમણે મહારાજ કે તેમના અનાદિમુક્તની શ્રદ્ધાએ સહિત સેવા કરવી, તો તેમની કૃપાથી પાત્રતા આવી જાય ને મહારાજના દિવ્ય દર્શન થાય. - મામા.

**સેવાનું ફળ :**

શ્રીજીમહારાજ ને એમના મુક્તની સેવા કરવાથી, એમને જમાડવાથી

અક્ષરધામમાં મહારાજની મૂર્તિનું સુખ મળે છે. વ્યવહારમાં દેહ ઘસી નાખે તે તો સૂકા લાકડાને પાણી પાય તો સડી જાય તેવું છે; આ તો મહારાજની મૂર્તિમાં રસબર કરી દે છે. લીલું ઝાડ સૂકાવા આવેલું હોય ને તેને પાણી પાય તો એક કલાકમાં લીલું થઈ જાય તેમ સેવાનું પણ એવું ફળ થાય. સેવા ગ્રહણ કરનારને પણ એવો ખટકો રહે જે આને ઝટ ધામમાં લઈ જઈએ. સત્સંગની સેવા કરતા શ્રીજીમહારાજને અનાદિમુક્તની સેવા મળે તે શ્રેષ્ઠ છે, કેમ જે તે મૂર્તિમાં જોડી દેને સર્વોપરી એવા જે સ્વામિનારાયણ તેને જીવમાં પધરાવી દે.

**૫૧ ધામધૂમ / પ્રવૃત્તિ :**

બોટાદવાળા શિવલાલ શેઠે આચાર્ય રઘુવીરજી મહારાજની પધરામણી ભાવનગરમાં કરાવીને રાજા પાસે સન્માન કરાવેલું, તે પ્રવૃત્તિમાં પોતાના આત્માને ને મહારાજને દેખતા તે બંધ થઈ ગયેલું. પછી સદ્. ગુણાતીતાનંદ સ્વામીના કહેવાથી સદ્. ગોપાળાનંદ સ્વામીને પ્રાર્થના કરી ત્યારે તેમણે કહેલું કે ધ્યાન કરો. બે મહિને દેખાશે. પછી બે મહિને આત્મા ને મહારાજ દેખાય. એમ પ્રવૃત્તિ પણ મૂર્તિમાં જોડાવામાં વિક્ષેપ કર્તા છે. જેને મૂર્તિમાં જોડાવું હોય તેણે કાર્યમાં તાન રાખવું નહિ, સર્વ વિસારીને મૂર્તિમાં જોડાવું. સારો વ્યવહાર પણ હરિભક્તોએ દુઃખદાયી જાણવો. પ્રવૃત્તિ તો ભગવાન ભૂલાવે એવી છે. માટે તેને ટાળીને ભગવાન ભજવા.

**૫૨ ભગવાનના છ ઐશ્વર્ય :**

(૧) **બળ :** સમાધિ કરવી નાડી-પ્રાણનું આકર્ષણ કરવાપણું તથા પ્રાણને નિયમમાં કરાવવાનું સામર્થ્ય આપવાપણું. (૨) **શક્તિ :** તેજરૂપ શક્તિ દ્વારે જીવકોટી, ઈશ્વરકોટી, બ્રહ્મકોટી, મૂળઅક્ષરકોટી તથા મુક્તકોટીને ધારણ કરવાની શક્તિ આપવાપણું. (૩) **ઐશ્વર્ય :** સર્વેનું નિયંતાપણું. (૪) **કીર્તિ :** એકાંતિક ધર્મ સ્થાપન કરી મોક્ષદાનરૂપી અપૂર્વ કીર્તિ ફેલાવવાપણું તથા ભક્તોની કીર્તિ વધારવાપણું (૫) **તેજ :** કોઈથી પરાભવ ન પામવાપણું, આશ્રિતોને કાળ, માયા આદિકથી પરાભવ ન પામવા દેવાપણું

(૬) **જ્ઞાન :** જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ, અક્ષર તથા મુક્ત એ સર્વેનું નિયંતા એવું જે પોતાનું સ્વરૂપ તેનું યથાર્થ (જેવા છે તેવા જણાવવાપણું.

**૫૩ ઈર્ષ્યા :**

ઈર્ષ્યાના ત્રણ રૂપ છે : (૧) **ઈર્ષ્યા :** પોતાથી આગળ હોય / થાય, મોટો હોય તેનું સન્માન થાય તે જીરવી ન શકાય તે. સન્માન જીરવવું એ તપ છે. (૨) **મત્સર :** કોઈ દે ને કોઈ લે તેમાં વચ્ચે બળી મરે તે. (૩) **અસૂયા / અનસૂયા :** ગુણમાં અવગુણ / દોષ દેખાય તે. ।। **ઈર્ષ્યા શેના લીધે થાય છે ? ઈર્ષ્યાનું શું રૂપ છે ?** જેના હૃદયમાં માન હોય તેમાંથી ઈર્ષ્યા પ્રવર્તે છે. ક્રોધ, મત્સર, અસૂયા પણ માનથી પ્રવર્તે.

**૫૪ આશીર્વાદ ઝીલ્યા ક્યારે કહેવાય ?**

જ્યારે તમામ ક્રિયાઓ મૂર્તિ દ્વારા જ કરીએ ત્યારે. અનાદિમુક્તે આપેલા આશીર્વાદ અચળ છે. એક વાત તદ્દન હકીકત છે કે જો એ આશીર્વાદ મહિમા સાથે, સંપૂર્ણ શ્રદ્ધાથી અને કોઈ પણ જાતના વિકલ્પ વગર ઝીલીએ તો આપણું સમગ્ર જીવન દિવ્યબની જાય એમાં કોઈ શંકા નથી. આપણા બધા અવયવો ફરી જઈ ભગવાનનું સ્વરૂપ અંતરમાં અનાયાસે દેખાય અને અંત વખતે અથવા તે પહેલા સ્વામિનારાયણ ભગવાન એ આશીર્વાદ મુર્તિમાન કરીને એ મૂર્તિના સુખભોક્તા કરે. આ સત્ય છે એમ માનવાનું. આશીર્વાદ ફરતા નથી. ભલે બરાબર પાત્ર ન હોઈએ તોપણ ચિંતા કરવાની જરૂર નથી. ભગવાન કહે છે કે હું તમારો સર્વોત્તમ ઉદ્ધાર કરી દઈશ અને તમને મારી મૂર્તિના સુખમાં રાખીશ. એ ભગવાન પરમાત્મા બોલે એમાં કંઈ ફેર પડે ખરો ? આપણને પૂર્ણકામપણું હૃદયમાં દ્રઢ થઈ ગયું કે હવે પછી આપણો જન્મ રહેશે નહિ. એ આશીર્વાદમાં મુખ્ય બોલનારા તો ભગવાન સ્વામિનારાયણ જ છે. મુક્તને નિમિત્ત બનાવી પોતે કામ કરે છે - પૂજ્યશ્રી  નારાયણમામા.

**૫૫ મનુષ્યભાવ કોને કહેવાય ?**

કંઈ સંકલ્પ થાય તેને, એ નુકસાન કરે. કોઈ દિવસ એમ ન કહેવું કે આવું

કેમ થાયું ? એમ કેમ બોલાય ? મહારાજ આપણું પ્રારબ્ધ થયા પછી બોલીએ તો ગુનેગાર નહિ ? કદીયે ગુનેગાર ન થવું. હાણ - વૃદ્ધિ તો એની / ભગવાનની ઈચ્છાથી થાય છે.

**૫૬ દિવ્યભાવ :**

દિવ્યભાવમાં વર્તવું એટલે **એક** તો કોઈના પ્રત્યે વેર - ઝેર, રાગ - દ્વેષ, તિરસ્કાર, અભાવ ન થાય, આંટી ન બંધાય ને એક સરખો પ્રેમ રહે તે. **બીજું** ભગવાન પ્રત્યે દિવ્યભાવ એટલે એમ માનવું કે મહારાજ જ બધું કરે છે. હાણ - વૃદ્ધિ થાય તો યે મહારાજ કરે છે. કોઈ દિવસ એમ ન માનવું કે મારા કર્મોને લીધે આ હાણ થાય છે. આપણા ઉપર કાળ, કર્મ, માયાનો અધિકાર જ નથી, તો એનાથી હાણ - વૃદ્ધિ થવાનો સવાલ જ ક્યાં રહે ? ભગવાનને જ કર્તા માનવા, જે કાંઈ હાણ - વૃદ્ધિ થાય છે તે તેમની ઈચ્છાથી જ થાય છે. આમ કેમ થયું ? કેમ કર્યું ? એવો સંકલ્પ જ ન થાય તે. આટલું સમજાય તો ખરો દિવ્યભાવ સમજાયો કહેવાય ને મહારાજને પ્રારબ્ધ ત્યારે જ જાણ્યા કહેવાય. **ત્રીજું** પોતાને પુરુષોત્તમરૂપ માનીને સર્વેમાં પુરુષોત્તમનારાયણના દર્શન કરવા તે.

**૫૭ પ્રારબ્ધ એટલે શું સમજવું ?**

ભગવાનની ઈચ્છા પ્રમાણે થાય તેમ માનવું તે. જીવ જે જે કર્મ કરે છે તેના ફળને ભગવાનની જબરજસ્ત દિવ્ય અન્વયશક્તિ એ જ ક્ષણે તેના કારણ શરીર સાથે જોડી દે છે. આવા પહેલાના અનેક જન્મોના તથા ચાલુ જન્મના એકઠા થયેલા કર્મફળોને જ પ્રારબ્ધ, નસીબ, લલાટના લેખ કે વિધાતાના લેખ કહે છે. જે આ જન્મમાં ભોગવવાના રહી જાય તે કારણ શરીર સાથે આગળના જન્મમાં જાય છે ને ત્યાં ભોગવવા પડે છે. એ ભોગવ્યા વિના છૂટકો જ નથી.

**૫૮ સિદ્ધદશા એટલે શું ?**

મૂર્તિમાં જ નિમગ્ન રહેવાય તે. ભક્તિ માર્ગનું અનુસંધાન ન રહે. જ્ઞાન,

ઉપદેશ મહારાજ કરે છે તેનું જેટલું અનુસંધાન રહે તેટલી સાધનદશા કહેવાય ને ત્યાં સુધી ભક્તિમાર્ગ કહેવાય. - સદ્. વૃંદાવનદાસજી સ્વામી.

**સિદ્ધદશા ક્યારે પ્રાપ્ત થાય ?**

સિદ્ધદશા ત્યારે જ પ્રાપ્ત થાય કે જયારે મહારાજની મૂર્તિ નીરખતા બીજું કાંઈ નજરમાં ન આવે. મનમાં કોઈ વસ્તુ સ્ફુરે નહિ. સિદ્ધદશા આવ્યા પછી કથા - વાર્તારૂપી સાધનોની આવશ્યકતા રહેતી નથી. જેમને ધ્યાન કરતા કે અંતર્વૃત્તિ કરતા ન આવડતું હોય તેમણે મહારાજ કે તેમના અનાદિમુક્તની શ્રદ્ધાએ સહિત સેવા કરવી. તો તેમની કૃપાથી પાત્રતા આવી જાય અને મહારાજના દિવ્ય દર્શન થાય. - પૂજ્યશ્રી નારાયણમામા

**૫૯ મૌન અને આત્યંતિક મૌન એટલે શું ?**

મૌન એટલે ભગવાનના સ્વરૂપમાં મન સ્થિરતાથી જોડાય અને મનની અસ્થિરતા બિલકુલ મટી જાય તે આત્યંતિક મૌન એટલે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિની સંપૂર્ણ સ્થિરતા થાય તે.

**૬૦ માનસીપૂજા :**

નવરાવવું, ચંદન ચર્ચવું હાર પહેરાવવા, પૂજા એ બધું તેજમાં મૂર્તિ ધારીને કરવું. પણ તે કરતા પ્રતિલોમપણે કરવું વધારે સારું છે. - બાપાશ્રી

**૬૧ છ ઉર્મિઓ / ષડુર્મિ અટલે શું ?**

બે પ્રાણની : ભૂખ - તરસ, બે મનની : શોક - મોહ અને બે શરીરની : જરા - મૃત્યુ = ઘડપણ / વૃદ્ધાવસ્થા), આત્માનો આ કંઈ હોય નહિ.

**૬૨ સોનું અને સ્ત્રી અતિ બંધનકારી કોને ન થાય ?**

મહારાજન કહે છે કે શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ જે અમારું તેજ તે રૂપ થઈને પરબ્રહ્મ જે અમે તે અમારું ભજન કરે અને અમારા વિના બીજેથી વૈરાગ્ય પામે તેને સોનું ને સ્ત્રી બંધન ન કરે. (શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ એટલે જેમાં બીજાનું તેજ ભળેલું નથી એવું તેજ, બીજાના તેજમાં તેના ઉપરીના તેજ ભળેલા

હોય છે.) બ્રહ્મ જે અમારું તેજ તેને જ એક સત્ય જાણે ને તેને જ પોતાનું સ્વરૂપ માને ને બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મ જે અમે તે અમારું ભજન કરે અને બ્રહ્મ થકી ઓરું જે પ્રકૃતિ, પ્રકૃતિનું કાર્ય માત્ર તેને અસત્ય, નાશવંત તે તૃચ્છ સમજે ને માયિક નામરૂપ વિષે અતિશ દોષ દ્રષ્ટિ રાખીને અતિશે વૈરાગ્ય પામે તેને સોનું ને સ્ત્રી બંધન ન કરે.

**૬૩ કુટુંબી કોને જાણવા તેનો સંબંધ કેવી રીતે ટળે ?**

દેહના સંબંધી તથા ઈન્દ્રિયો - અંતઃકરણ તે સર્વે કુટુંબી જાણવા. સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહ થકી નોખો આ દેહને વિષે જીવાત્મા છે તેને પોતાનું રૂપ જાણીને ને તેને વિષે ભગવાનની મૂર્તિ ધારીને ને જાતિ, વર્ણ, આશ્રમ તેના માનને મૂકીને કેવળ ભગવાનના સ્મરણને વિષે તત્પર થાય તો કુટુંબીનો સંબંધ ટળે. તેના વિના બીજો કોઈ ઉપાય નથી. આમાં કુટુંબીનો સંબંધ તો ટળે પણ કલ્યાણ તો ભક્તિએ કરીને જ થાય.

**૬૪ ખાલી આત્મ દર્શનથી કલ્યાણ ન થાય.**

આત્મદર્શન કરીને ભક્તિમાં વિઘ્ન ન થાય એ પ્રયોજન છે. જીવનું કલ્યાણ ચાર વાનાએ કરીને જ થાય છે. (૧) ભગવાનના સ્વરૂપની ઉપાસના (૨) ભગવાનના ચરિત્રનું શ્રવણ-કીર્તન (૩) નામ-સ્મરણ (૪) ધર્મ - નિયમ.

**૬૫ તપ કોને કહેવાય ?**

ભૂખે મરવું, ઉપવાસ કરવા એવું બધું દેહ દમન એ તપ નથી. બધી ઈન્દ્રિયોના આહાર શુદ્ધ કરવા ને મૂર્તિનું અખંડ સ્મરણ કરવું એ ખરું તપ છે. એવું તપ ભગવાનને ખૂબ વહાલું છે, એવા તપથી ભગવાન રાજી થાય છે.
**તપનો મહિમા :** ભક્ત જો તપ ન કરે ને ભગવાનને જ સર્વ કર્તા જાણે તોય પણ જન્મ - મરણના દુઃખથી તો જીવ તરી જાય પણ તપ કર્યા વિના તે જીવ ઉપર ભગવાનનો રાજીપો થાય નહિ. વિવેક હોય તે તો જાણીને

પોતાના દેહ ઈન્દ્રિયોને દમીને તપ કરે છે અને આપણને તો શરીરમાં જે કાંઈ સુખ - દુઃખ વર્તતું હશે તે તો ભગવાનની ઈચ્છાએ કરીને વર્તતું હશે, માટે વિવેકી સાધુએ તો જાણીને દેહ - ઈન્દ્રિયોને કષ્ટ થાય એમ વર્તવું જોઈએ; તો ઈશ્વર ઈચ્છાએ જે કાંઈ કષ્ટ આવે તેને શીદ ટાળવાને ઈચ્છે ?

**૬૬ ભગવાનનું દર્શન ક્યારે થાય ?**

આવરણો (દેહભાવ, કામ, ક્રોધ, માન, ઈર્ષ્યા....) હટાવે એ ભેગા દર્શન થાય, એ ભેગી બધી વાસનાઓ ભૂંસાઈ જાય, ચિત્ત નિર્મળ થઈ જાય, કંઈ યાદ જ ન રહે. **આવરણો હટે તો દર્શન થાય કે દર્શન થાય તો આવરણો હટે ?** બંને રીતે થાય. ભગવાન કૃપા કરે તો આવરણો હટાવી દે અને જો પ્રેમલક્ષણા ભક્તિ થાય તો પણ આવરણો હટી જાય.

**૬૭ આશીર્વાદનું શું મહત્ત્વ છે ?**

અનાદિમુક્ત દ્વારા ભગવાન સ્વામિનારાયણે આપેલા આશીર્વાદ તેમની મૂર્તિને પમાડે ત્યાં સુધી જપે નહિ એવા એ આશીર્વાદ છે, એ અજય દિવ્ય શક્તિ છે. એ કૃપાવર્ષામાં એક જ વાર જો કોઈ આવી જાય; તો એ આશીર્વાદ ધીમે ધીમે એના આખા જીવનનું પરિવર્તન લાવે છે. ભગવાનની સન્મુખ ઊભો રહે એવા સંજોગો ઊભા કરે છે, જરૂર પડે તો શારીરિક શિક્ષા પણ કરે અને જરૂરી પાત્રતા આવે તો એ શિક્ષા પાછી પણ ખેંચી લે છે. એ આશીર્વાદ આ બધું જ કામ કરે છે અને ઠેઠ મૂર્તિના સુખને પમાડી દે ત્યારે એનો વિરામ થાય છે, ત્યાં સુધી છોડે નહિ. આ સત્ય હકીકત છે. નહિતર ભગવાનને પામવા એ કેટલું અઘરું છે ? રાફડા વળી જાય તોપણ ભગવાનની પ્રાપ્તિ થતી નથી. સ્વામિનારાયણ ભગવાન કહે છે કે અમારા અનાદિમુક્તો દ્વારા અમે જે આશીર્વાદ વરસાવીએ છીએ તેમાં એકવાર તો જરૂર બધાએ આવી જવું. ન આવ્યા હોય એને પણ સમજાવીને એકવાર લઈ આવવા.

**૬૮ દાસત્વપણું આવ્યું ક્યારે કહેવાય ?**

પોતાપણું નિર્મૂળ થઈ જાય ત્યારે સાચું દાસત્વ આવ્યું કહેવાય.

**૬૯ તન અને મનની તમામ પ્રકારની બિમારીનું ઔષધ ભગવાનની મૂર્તિ અને ભગવાનના નામનું રટણ છે. :**

બાપાશ્રી તો એમ કહે છે કે મૂર્તિ આવે તો રોગ પણ ભાગી જાય. કોઈ રોગ થાય નહિ. પ્લેગ, તાવ કે માથું પણ દુઃખે નહિ. કાંઈ આવે નહિ. કોઈવાર આવે તો પાત્રતા કેળવવા ભગવાનની ઈચ્છાથી આવે. આજ્ઞા લોપે તો દુઃખ આવે, એ દુઃખ એ દુઃખ નથી. એ સુખ છે. એ આપણને પાત્ર બનાવવા માટે હોય છે. બીજું કારણ એ છે કે અનંત જન્મના પાપ કર્મો ભર્યા હોય એ ભગવાન પોતે પ્રારબ્ધરૂપી શૂળીનું દુઃખ કાંટે કાઢે, એવી રીતે થોડુક દેખાડીને માફ કરે છે.

જ્યારે ભગવાનના સ્વરૂપમાં રોમે - રોમ એકતા થાય ત્યારે આ દેહ સાથે કોઈ સંબંધ રહેતો નથી. એનો અર્થ એ કે દેહથી જુદા થઈ ગયા. વાસ્તવિકરૂપે એ બાધિતાનુંવૃત્તિ તૂટી ગઈ. મહારાજની સાથે એકતા થવાથી બાધિતાનુંવૃત્તિ દૂર થઈને ભગવાનના સુખનો અનુભવ થવા માંડે. એ સ્થિતિમાં મહારાજ પોતે કામ કરે છે. મુક્તને સુખ સિવાય જાણપણું રહેતું નથી.

૭૦ ભગવાનના ભક્તનો પક્ષ ઘવાઈ પડીએ એટલો અથવા જરૂર પડે તો છેવટે મરણ થાય ત્યાં સુધી પણ રાખવો. પક્ષ, નિયમ ને નિશ્ચય એ ત્રણે સરખા છે. માટે ભક્તને દુઃખ પડે તો રક્ષા કરવી. ભક્તને પાપી દુઃખ દેતો તેના પર દાઝ કરવી ને સત્સંગીને પોતાનો ગોત્રી જાણીને પક્ષ રાખવો. મરણ થાય એવો પક્ષ રાખે તો નિયમ ને નિશ્ચયથી પણ વધી જાય. આપણે એક બાપના દીકરા છીએ. માટે બધા સત્સંગનો પક્ષ રાખવો. **તેમાંયે મૂર્તિમાં જોડાયેલાનો પક્ષ શિર સાટે રાખે તો આત્યંતિક મોક્ષ થાય. ભક્તનો પક્ષ રાખવાથી બહુ જ કામ થાય છે. પક્ષ રાખવામાં મહારાજ બહુ રાજી છે.** ભક્ત સાથે કોઈ પ્રકારની આંટી ન રાખવી.

૭૧ **શુદ્ધ સત્વગુણમાં રહીને બધી ક્રિયા કરવી એટલે શું ?**
મૂર્તિને આત્માને વિષે પધરાવીને અને સદા સાથે રાખીને બધી ક્રિયા કરવી તે. મૂર્તિને ભૂલીને કોઈ ક્રિયા કરવી નહિ તે શુદ્ધ સત્વ કહેવાય.

૭૨ ગૃહસ્થને ઘરેણા, વસ્ત્ર, વાહન, સ્ત્રી, છોકરા એ બધું હોય પણ તેમાં હેત ન રાખવું તો કલ્યાણ થાય. ફરજ બજાવવી પણ ફરજનું આસક્તિમાં રૂપાંતર ન થવું જોઈએ, નહિતર જન્મ ધરવો પડે.

૭૩ જેતલપુરમાં અશ્લાલીના કંકુબા (પૂર્વેના ગંગામાં) એ સત્સંગીજીવનની પારાયણ કરાવેલી. તેના છેલ્લા દિવસે છત્રીએ (દેવ સરોવરના કિનારે) ચરણારવિંદ પધરાવેલા; ત્યાં બાપાશ્રીએ વર આપેલો જે "આ છત્રીએ જે દર્શન કરશે તે સર્વેને અમે અક્ષરધામમાં લઈ જઈશું અને ઉપરથી ઊડીને પક્ષી જશે તેનો પણ મોક્ષ થશે."

૭૪ **ભગવાનના પાંચ સ્વરૂપો :**
(૧) પર સ્વરૂપ = પરબ્રહ્મ - મહારાજનું મૂળ સ્વરૂપ જે અક્ષરધામમાં છે તે (૨) વિભવ = પૃથ્વી ઉપર અવતાર થાય છે તે, અવતારો, અંશાવતાર (૩) વ્યૂહ સ્વરૂપ; ચતુર્વ્યૂહ = વાસુદેવ, અનિરુદ્ધ / બ્રહ્મા, પ્રદ્યુમ્ન / વિષ્ણુ, સકર્ષણ / મહેશ (૪) અંતર્યામી સ્વરૂપ = અન્વયરૂપે વ્યાપક છે તે (૫) અર્ચા સ્વરૂપ (પ્રતિમા, મૂર્તિ) = અષ્ટ પ્રકારની મૂર્તિ : ચિત્રામણ, ધાતુ, પાષાણ, કાષ્ટ, રેતી, મણીમય (સ્ફટિક), માટી વગેરેની.

૭૫ **બળદિયા છત્રી સ્થાનનો મહિમા :**
બાપાશ્રી કહે જ્યારે અમે અદ્રશ્ય થઈશું તે પછી પણ આ સ્થાનમાં જે દર્શન કરશે તેને આ સભા સાંભરી આવશે, ઘાટ - સંકલ્પ ટળી જશે, ધ્યાન કરશે તેને મૂર્તિનું સુખ આવશે, કામ - ક્રોધ - માન આદિ સર્વે અદ્રશ્ય થઈ જશે અને જ્યાં જુએ ત્યાં મૂર્તિ દેખાશે. એવો આ સ્થાનનો મહિમા છે.

૭૬ **બાપાશ્રી કહે,**
"આજ ભગવા કપડા મૂકી દઈને ધોળા પહેરવા પડે તો આબરૂ આડી આવે ને મરીને જન્મ ધરવો પડે તેમાં આબરૂ આડી ન આવે, તે સમજણ કેવી ઊંધી કહેવાય ?"

૭૭ **કોઈ** હરિજન દરિદ્રી રહે છે તે તો મહારાજ એને પાકો કરે છે

૭૮ **દ્રવ્ય હોય તો** મહારાજને અર્થે વાપરવું પણ સગા - સંબંધીને આપી દેવું નહિ, તો મોક્ષ કરે.

૭૯ મહેનત કરીને, દાખડો કરીને કરીએ તો વધુ સુખ આવે, એ ટકે. મહારાજ પાત્ર કરે છે પણ આપણેય દાખડો કરવો પડે. મહેનત કર્યા વગરનું ખાય તો શું કહેવાય ? હરામનું ખાય છે એમ કહેવાય. એવું નહિ કરવાનું મહારાજ ! જરૂર દાખડો કરશું પણ દાખડા ભેળા તમે ભળજો. - પૂજ્યશ્રી નારાયણમામા

૮૦ **આપણને મૂર્તિમાં રાખ્યા છે એની એવી તો હા પાડી દેવી કે કોઈ દિવસ શ્રદ્ધા ડગે નહિ.**
આ આશીર્વાદ અખંડ સાથે રાખીને ખૂબ સરસ રીતે આનંદના કેફમાં રહીએ. કોઈ દિવસ આ લોક કે દેહની ફરિયાદ કરવી જ નહિ, કારણ કે દેહભાવ જ કાઢી નાખ્યા પછી ફરિયાદ ક્યાં રહી ? તો હવે આપણે ફરિયાદ કરવી નહિ. સદાય સુખિયા રહેવું એટલું જ માનવું કે કૃપાળુ ભગવાન આપણી સાથે અખંડ છે અને આપણી સંભાળ રાખે જ છે. આપણે કહેવાની જરૂર ન પડે છતાંય કહેવાયની ઈચ્છા થઈ જાય તો એમ કહેવું કે તમે મારા ભેળા જ છો, મને આ થોડી તકલીફ આવી છે તો દયા કરીને નિવારો. તો તરત નિવારી નાખશે. મહારાજ માટે કોઈ વસ્તુ અશક્ય ખરી ? જરાય અશક્ય નથી. આપણને થોડું બળ ઓછું થઈ જાય છે. એનું કારણ એ છે કે આપણે એનું અનુસંધાન ભૂલી જઈએ છીએ. મહારાજ અખંડ ભેળા છે એ ભૂલવું નહિ. - પૂજ્યશ્રી નારાયણમામા.

૮૧ **બાપાશ્રીને પ્રાર્થના કરીએ કે તમે ભેળા જ છો અને જે જે કોઈ અમારા સંપર્કમાં આવે અને તમે દયા કરીને મૂર્તિમાં રાખી દેજો ! એ જરૂર રાખી દેશે. રાખનારને રાખવા છેને ?**

આપણા ભેળા ભગવાન છે તો આપણા દ્વારા કલ્યાણનું કામ નહિ કરે ? એકે એક જણ પ્રત્યે કરશે. એને કરવું છે. માટે શ્રીજીમહારાજ અને બાપાશ્રીના આ આશીર્વાદ અને વચનો સાથે રાખીને અનેકને વર્તમાન ધરાવી દેવાના. - પૂજ્યશ્રી નારાયણમામા

૮૨ મહારાજ કહે છે કે કોઈ ભક્તને પોતાપણું બિલકુલ ન હોય અને હું સાથે છું ને હું જ કામ કરું છું, જો એમ રહે ને બધો યશ મને આપે તો હું એને ન્યાલ કરી નાખું છું. તો આપણે પણ કહેવું કે મહારાજ ! બધો યશ તમને. મારામાં કાંઈ નથી. મહારાજ મારા દ્વારા પોતાનું જ્ઞાન બીજા જીવોને આપે છે એમ ધારવું. એને જ કર્તા રાખવાના. પૂજ્યશ્રી નારાયણમામા

૮૩ **એકાંતિક ભક્ત :**

મહારાજ કહે છે કે પંચવિષય (શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધથી ભોગવાતા ભોગો) ભગવાન સંબંધી જ ઈચ્છે. પરમેશ્વર વિના અન્ય વસ્તુને સુખદાયી જાણે જ નહિ તે અમારો એકાંતિક ભક્ત છે. સ્વધર્મ-જ્ઞાન-વૈરાગ્ય ને માહાત્મ્યે યુક્ત અનન્ય ભક્તિ હોય. ભગવાન સિવાય ક્યાંય વાસના ન હોય ને પોતાનું રૂપ દેહ માને નહિ ને પોતાને ચૈતન્યરૂપ માને અને બ્રહ્મરૂપ થઈને ભગવાનની ભક્તિ કરતો હોય. આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને ભક્તિ ત્રણેય હોય તે. અને તેને જ્ઞાની ભક્ત પણ કહ્યો છે. ભગવાનની મૂર્તિને હૈયામાં ધારવી તેમાં શૂરવીરપણું રહે ને મૂર્તિ ધારતા ધારતા જો ન ધરાય તો પણ કાયર ન થાય, નિત્ય નવી શ્રદ્ધા રાખે ને જ્યારે ભૂંડા ઘાટ - સંકલ્પ થાય ને તે હઠાવ્યા હઠે નહિ, તો ભગવાનનો મોટો મહિમા સમજીને, પોતાને પૂર્ણકામ માનીને તે સંકલ્પને ખોટા કરતો રહે ને ભગવાનના સ્વરૂપને હૈયામાં ધારતો રહે તે દસ, વીસ, પચીસ અથવા સો વર્ષ થાય

તોપણ કાયર થઈને ભગવાનના સ્વરૂપને ધારવું મૂકી દે નહિ, એવું જેને વર્તનું હોય તેને એકાંતિક ભક્ત કહીએ.

એકાંતિક ભક્ત સાધનદશામાં છે, માટે એનો દેહ માયિક છે. એકાંતિકમાં ભગવાન રહ્યા છે. પણ એને ભગવાન મનાય નહિ. મહારાજ ને મુમુક્ષુની વચ્ચે એકાંતિકના દેહનો ને જીવ / ચૈતન્યનો એ બે પડદા રહેલા છે. એનામાંથી દેહભાવ ટાળી નાખીયે તોય ચૈતન્યનો પડદો તો રહે જ છે. એટલે એને ભગવાન માનવાથી ભગવાનની પ્રાપ્તિ થતી નથી.

**એકાંતિકના લક્ષણ :**

તેનું મન ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન કરે, વાણી ભગવાનના યશને જ ગાય, હાથ, ભગવાન કે ભક્તની સેવા - પરિચર્યા જ કરે, કાન અખંડ ભગવાનના યશને જ સાંભળે ।। ધર્મ યથાર્થ પાળે, ત્યાગી - ગૃહીને પોત પોતાના ધર્મ યથાર્થ પળાવે, શ્રીજીમહારાજની પ્રતિમાને વિષે જોડે પણ પોતાને વિષે જોડે નહિ, માન-અપમાન, સુખ-દુઃખ, હાણ-વૃદ્ધિ, કચરો-કંચન, શત્રુ-મિત્ર સર્વમાં સમબુદ્ધિ હોય, પોતાના સંગીને સત્સંગમાંથી લૂખા થવા દે નહિ, માયિક વિષય તથા ઐશ્વર્યની વાસના ન હોય ને શ્રીજીમહારાજમાં અખંડ વૃત્તિ રાખતા હોય, આવા લક્ષણ હોય તે એકાંતિક જાણવા.

મહારાજ કહે છે કે જે ભક્તને અમારા આ પ્રત્યક્ષ મનુષ્યરૂપને વિષે દિવ્યભાવનો દ્રઢ નિશ્ચય થાય તેના પ્રાણ લીન ન થયા હોય તો પણ સદા નિર્વિકલ્પ સમાધિ જ છે અને ગુણથી પર એવો એકાંતિક ભક્ત છે. મનને જીતે તો નિર્વિકલ્પ સ્થિતિને પામે ને એકાંતિક ભક્ત થાય. મન આગળ હારે તોપણ યોગભ્રષ્ટ થાય તે પછી એક, બે અથવા ઘણે જન્મે પણ અંતે એકાંતિક ભક્ત થાય ।। જેને સર્વથી ભગવત્સ્વરૂપનું બળ અધિક હોય ને ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી હોય એ જ એકાંતિક ભક્ત કહેવાય ને તે જ પાકો સત્સંગી કહેવાય. ।। ભગવાનની સેવા વિના ચર્તુધા મુક્તિને પણ ન ઈચ્છે, એને કોઈ પદાર્થમાં ઈશક ન હોય તે એકાંતિક ભક્ત છે. ।।

જેને વિષે ભક્તિનિષ્ઠા, સ્વરૂપનિષ્ઠા, આત્મનિષ્ઠા, ત્યાગનિષ્ઠા એ ચારેય હોય તે સર્વથી અધિક છે, તેને પરમ ભાગવત કહીએ અને એને જ એકાંતિક ભક્ત કહીએ. ॥ સત્સંગ થયા પછી એમાં એકાંતિકપણું આવે દુર્લભમાં દુર્લભ સાધન છે. એકાંતિકપણું ને આત્મનિષ્ઠા એ પાંચ સાધન તે પુરુષપ્રયત્ન છે, તેણે યુક્ત થાય તે જન્મ-મરણથી રહિત થઈને આત્મસત્તાને પામે છે એટલે ભગવાનના તેજરૂપ થાય છે અને પરમેશ્વરની કૃપા પણ એવે લક્ષણે યુક્ત હોય તે ઉપર જ થાય છે, પછી એ ભગવાનનો એકાંતિક ભક્ત થાય છે.

**એકાંતિક ભક્ત કેવી રીતે વર્તે છે ?**

એકાંતિક ભક્ત એ અગ્નિ જેવા છે. તેમને માયારૂપી ગમે તેટલો વરસાદ પડે, ગમે એવા ઉત્તમ માયારૂપી રજોગુણથી ભરેલા પદાર્થો તેમની પાસે પડે તોપણ તેઓ નિર્લેપ રહે છે કારણકે એમને ભગવાન સિવાય બીજી વાસના જ નથી. રહી. એકાંતિક ભક્ત થઈએ પછી જ ભગવાન પાસે જઈ શકાય છે.

૮૪ વાસુદેવબ્રહ્મના બે ધામ છે. એક શ્વેતદ્વીપ જ્યાં તેમનાં સાધનિક મુક્તો રહે છે, તે પૃથ્વી પર હોય છે અને પ્રલય સમે નાશ પામે છે. બીજું બ્રહ્મપુર નામે ધામ છે, ત્યાં તેમના નિષ્કામ મુક્તો રહે છે જે ચૈતન્ય ભૂમિકામાં છે ને અચળ છે.

૮૫ **કોઈ ભક્ત દેહ મૂકે ત્યારે તેને જે સંત કે હરિજનને વિષે હેત હોય તેવે રૂપે મહારાજ દર્શન આપે છે :**

પણ સાધનવાળા દર્શન આપી શકતા નથી. જે સિદ્ધ મુક્ત હોય તે તો પોતે દર્શન આપીને તેડી જાય છે. પરિપક્વ જ્ઞાની ન થયો હોય તેને સાધનદશાવાળારૂપે મહારાજ દર્શન આપે છે ને તેને જન્મ ધરવાનો બાકી રહે છે. પરિપક્વ જ્ઞાની થાય તેને મહારાજ ને મુક્ત દર્શન આપીને તેડી જાય છે ને મૂર્તિના સુખે સુખિયો કરે છે.

૮૬ **ત્રિવિધ તાપ :** (૧) **અધ્યાત્મ** = દેહના દુઃખો - દેહમાં રોગ રહ્યા જ કરે, ઘાસણીનો રોગ મોટો થાય વગેરે. (૨) **અધિભૂત** = બહારના પરિબળોથી થતા દુઃખો, રાજા - સત્તાવાળાનો ઉપદ્રવ જે પકડો, ઝાલો, બાંધો, મારો, કેદ કરો, ચારેકોરથી મારવા ધાવે વગેરે - માનસિક ઉપાધિઓ / મનના દુઃખો. (૩) **અધિદૈવ** = કુદરતી આફતોથી થતા દુઃખો, સો વર્ષ સુધી લાગઠ કાળ પડે, જરાય અન્ન ખાવા ન મળે, પૂર, ધરતીકંપ, વાવાઝોડું, અનાવેષ્ટિ, અતિવૃષ્ટિ, વાવાઝોડું, ધરતીકંપ, રોચાળો વગેરે. બાપાશ્રી કહે, "ભગવાનના ભક્તે ત્રિવિધ તાપમાં અંતર ડોલવા દેવું નહિ. એવા દુઃખમાં રાજી રાજી રહેવું, પણ ભગવાનની મૂર્તિ મૂકવી નહિ. **"મહારાજનો ખરો મહિમા સમજાયો ક્યારે કહેવાય ?** ત્રિવિધિના તાપમાં પણ જરાય મૂંઝાય નહિ ત્યારે - શ્રીજીમહારાજની મૂર્તિથી મન જરાય ચળે નહિ ત્યારે મહારાજનો ખરો મહિમા સમજાયો કહેવાય.

૮૭ નિર્વિકલ્પથી સુખિયા ને સંકલ્પથી દુઃખિયા થવાય છે, તો નિર્વિકલ્પ જ ન થઈ જઈએ ? શું કામ સવિકલ્પ થવું સંકલ્પી થઈએ તો દુઃખિયા થવાયને ? માટે જીવમાંથી જ સંકલ્પી મટી જવું. સદાય નિર્વિકલ્પ રહેવું.

૮૮ બાપાશ્રી કહે, "માંદાને તો અવશ્ય સંતના દર્શન કરાવવા જોઈએ."

૮૯ **મહારાજ પોતાનું સ્વરૂપ સમજાવે છે.**
અમે તો શ્રીકૃષ્ણ (મૂળ પુરુષ) થી પર મહાકાળ ને તેથી પર નરનારાયણ, એથી પર વાસુદેવબ્રહ્મ, એથી પર મૂળઅક્ષરના મુક્ત, ને એથી પર મૂળઅક્ષર અને તેથી પર તો શ્રીરામાનંદસ્વામી અમારા મુક્ત હતા અને અમે એવા અનંત મુક્તના સ્વામી છીએ ને શ્રી પુરુષોત્તમ નારાયણ છીએ. અમે એક જ ભગવાન છીએ, પણ અમારી કોઈ જોડ નથી ને અમારી જેવો કોઈ થાય તેમ નથી. માટે ભગવાનને તેમના મુક્તની સેવા જેવું કોઈ સાધન નથી.

વાસુદેવબ્રહ્મનું બ્રહ્મપુર નામે ધામ છે. વાસુદેવબ્રહ્મના ત્રણ મુક્તો છે. નરનારાયણ, મહાકાળ ને મૂળપુરુષ નરનારાયણ નિષ્કામ મુક્ત છે. મૂળપુરુષ સકામ મુક્ત છે. વાસુદેવબ્રહ્મ પોતાના ધામમાં રહ્યા થકા શ્વેતદ્વીપ (જે પૃથ્વી ઉપર હોય છે અને ત્યાં તેમના સાધનિક મુક્તો રહે છે.) માં દર્શન આપીને ત્યાંના મુક્તોને બ્રહ્મપુરમાં પોતાના સમીપે લઈ જાય છે. નરનારાયણ બ્રહ્મપુરમાં રહ્યા થકા બદરિકાશ્રમમાં દર્શન આપીને ત્યાંના મુક્તોને બ્રહ્મપુરમાં પોતાનાસ્વામી જે વાસુદેવબ્રહ્મ તેમની સમીપે લઈ જાય છે પણ પોતાના શિષ્ય કરતા નથી. મહાકાળને મહાપ્રલય કરવાનું કામ સોંપ્યું છે. તે વાસુદેવની સમીપે રહ્યા થકા તે કામ કરે છે પણ પોતાના શિષય જુદા નથી. મૂળપુરુષને સૃષ્ટિ કરવાનું કામ સોંપ્યું છે. તે સૃષ્ટિ સમયને વિષે માયા સાથે જોડાય છે ત્યારે ગોલોકધામ રચે છે ને ત્યાં રહે છે. તેમને પોતાના પાર્ષદો જુદા છે. જ્યારે મહાપ્રલય થાય ત્યારે તે મૂળપુરુષો બ્રહ્મપુરમાં વાસુદેવબ્રહ્મના તેજમાં પોતાના પાર્ષદોએ સહિત રહે છે. તે પાર્ષદો પોતાના સ્વામી જે મૂળપુરુષ તેને દેખે છે પણ મહાકાળ, નરનારાયણ ને વાસુદેવને દેખતા નથી. ઉત્પત્તિ આદિક ક્રિયા મૂળઅક્ષરોએ વાસુદેવબ્રહ્મને સોંપી છે, પણ મૂળઅક્ષરોના ને શ્રીજીમહારાજના મુક્તોને માથે કાંઈ ક્રિયા નથી, ફક્ત મોક્ષ કરવાની ક્રિયા છે. એમને પોતાના શિષ્યો પણ નથી. એ તો પોતાના સ્વામીનું સુખ લે છે અને એ મુક્તો નિષ્કામ છે. તે મૂળઅક્ષરો તથા તેમના મુક્તો. મૂળક્ષર પાસે લઈ જાય છે અને શ્રીજીમહારાજ ને તેમના મુક્તો શ્રીજીમહારાજ પાસે લઈ જાય છે.

૯૦ જે સમજુ હોય તેને કોઈક વઢીને કહે ત્યારે સામો ગુણ લે એને જે મૂર્ખ હોય તેને કોઈક હિતની વાત કહે ત્યારે મૂંઝાઈ જાય, ધોખો કરે ને તેને ખોટું લાગે પણ એમ ન સમજે કે મારા સારા માટે કહે છે.

૯૧ **મોહનું રૂપ શું ?**
પોતાનો અવગુણ ન સૂજે એ જ મોહનું રૂપ છે.

૯૨ જ્યારે ભગવાન પ્રગટ થાય છે ત્યારે જેને પ્રભુ મેળવવાની ઈચ્છા હોય તેને પ્રભુ પોતે જ શોધી કાઢે છે. તમે સોમચંદબાપાએ બાપાશ્રીના વચન અનુસાર ઘેર-ઘેર જઈને જે મહારાજને ઓળખી શકે એવા મુમુક્ષઓ શોધી કાઢેલા ને તેમને ખબર ન પડે એવી રીતે તેમના ચૈતન્યમાં મહારાજની મૂર્તિ પધરાવી દીધેલ.

૯૩ **અનાદિમુક્ત :**

જે મુક્ત મહારાજની મૂર્તિમાં રસબસ રહીને અખંડ સુખ ભોગવતા હોય તેની અનાદિમુક્ત એવી સંજ્ઞા છે. જેને સદ્. ગોપાળાનંદસ્વામી કૈવલ્યમુક્ત કહેતા. આ ઉપરાંત સર્વાત્માહ્મ, નિત્યમુક્ત, મહામુનિ એવે નામે પણ સંબોધાય છે. જે મુક્ત સન્મુખ રહીને સુખ ભોગવતા હોય તેને પરમએકાંતિક કહે છે. જેને સદ્. ગોપાળાનંદસ્વમી વિદેહીમુક્ત કહેતા. તેને મહામુક્ત પણ કહે છે. બંન્નેના આકાર મહારાજ જેવા જ હોય છે; પણ અનાદિમુક્તની સામર્થી, સુખ ને ઐશ્વર્ય અતિ ઘણા વિશેષ છે, ને તેમને દાસપણું પણ અતિ અધીક છે. મહારાજ પોતાનો મહિમા તેમના અનાદિમુક્ત દ્વારા પોતે જ સમજાવે છે. ॥ અનાદિમુક્ત થકી જ્ઞાન પામ્યો તે જ્ઞાન દિવ્ય છે. માટે તે મૂર્તિને દેખે નહિ તોપણ તે પુરુષોત્તમરૂપ થયો છે, કેમ જે અહીં મનુષ્યરૂપે શ્રીજીમહારાજ કે અનાદિમુક્ત વિરાજતા હોય તેમને વિષે એને દિવ્ય બુદ્ધિ થઈ ગઈ છે, પણ આજ્ઞા વિરુદ્ધ સંકલ્પ ન થાય તો. ॥ **મહારાજ જેવો જ મુક્તનો જોગ કહેવાય. એવું ન જાણે તો નાસ્તિક ભાવ છે.** - અ.મુ. બાપાશ્રી ॥ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તે મહારાજ તથા અનાદિમુક્તની શક્તિઓ છે, તે સત્પુરુષના સમાગમે કરીને જીવને વિષે આવે છે ત્યારે જીવને મુક્ત કરે છે. ॥ અનાદિમુક્તો તો મહારાજની મૂર્તિમાં જ લીન હોય છે પણ અતિ પ્રકાશને લીધે દેખાતા નથી. **અનાદિમુક્તો ન વિચરતા હોય ત્યારે તેમણે કહેલી વાણી સાંભળવી એ પણ એમનો સાક્ષાત્ સમાગમ છે. આપણને એ પોતે બધી જ વાત સમજાવી દે છે એ પણ એક ખૂબી છે.** મહારાજને મુક્ત ક્યારેય જતા રહેતા નથી. એવા ને એવા જ રહે છે ને એવા જ સુખ આપે છે. ॥ મુક્ત મુર્તિમાં

અદ્રશ્ય થઈ જાય પણ સદાય સાથે જ છે. ॥ ભગવાનના અનાદિમુક્તનો વિરોધ કરતા પહેલા સો ગરણે પાણી ગાળવું જોઈએ. દિવ્ય સ્વરૂપ મહામુક્તરાજ અબજીબાપા જેવા મોટા મુક્તનો સહેજ પણ અપરાધ થઈ જાય તો મોક્ષનું દ્વાર બંધ થઈ જાય. મૂર્તિ દેખાય જ નહિ. સદ્. ગોપાળાનંદસ્વામીના મોટામાં મોટા એક શીષ્યે સદ્. મહાનુભાવાનંદસ્વામી વિષે સંકલ્પ કરેલો, સ્વામીને વીષે આમ છે. તેમ છે એવું બોલેલા, તો મૂર્તિ અંતરમાં દેખાતી હતી તે જતી રહેલી, અંધકાર છવાયેલો. પછી જ્યારે સદ્. મહાનુભાવાનંદસ્વામી પાસે થઈ ક્ષમા માગી ત્યારે પાર આવેલો અને અંતરમાં મહારાજ દેખાયેલા. માટે અનાદિમુક્તને વિષે શંકા-કુશંકા કરવી નહિ ને અભાવ - અવગુણ લેવો નહિ, નહિતર જીવનું કલ્યાણ બગડી જાય છે. - પૂજ્યશ્રી નારાયણમામા ॥ મોટા મુક્ત મૂર્તિમાં રમ્યા કરે છે. આ તમને મળ્યા છે તે કોઈને મળ્યા નથી. **જેવા મહારાજ ને મુક્તને જાણશો તેવા થશો.** મોટા મુક્તની વૃત્તિ તો શ્રીજીમહારાજ વીના બીજે છે જ નહિ, પણ અજ્ઞાની ને વિષયીને એવા મોટા પણ અજ્ઞાની ને વિષયી ભાસે છે. મોટા મુક્તના હાથની પ્રસાદીથી, દ્રષ્ટિથી, તેમને ભટકાઈને આવેલા વાયુનો સ્પર્શ થવાથી પણ કલ્યાણ થાય. પ્રતાપ તો જુઓ !! - અનાદિમુક્ત બાપાશ્રી. ॥ અનાદિમુક્ત કોઈ દિવસ માયામાં આવતા જ નથી. તેઓ મૂર્તિમાં રહ્યા થકા ખંપાળી નાખીને (કૃપાસાધ્ય બનીને) મુમુક્ષુઓને ઘસડી લે છે. ॥ મહારાજે મૂર્તિમાં રાખ્યા પછી મુક્તને કાંઈ સંકલ્પ જ નહિ. મૂર્તિમાં રહ્યા એ તો નિરૂત્થાન હોય, તેને બીજા મુક્ત સુખ લે છે ? કે માંહી રહ્યા છે ? એવું કંઈ પણ અનુસંધાન રહેતું નથી. જો કે એ તો જેટલું મહારાજ જાણે ને દેખે એટલું જ જાણે ને દેખે છે; પણ એ તો સુખમાં જ લુબ્ધ રહે છે, એટલે મૂર્તિ વિના બીજું કાંઈ જોતા જ નથી. હું તો અનાદિકાળથી મૂર્તિમાં જ છું, છું ને છું જ; એમ રહે છે - સદ્. વૃંદાવનદાસજીસ્વામી. ॥ **એકવાર જીવ અનાદિમુક્તની દ્રષ્ટિમાં પડ્યો પછી તે ઉપાસના ન ફેરવે તો બીજે જન્મે પણ તેનું કલ્યાણ નક્કી થાય જ છે.** ગમે તે સ્વરૂપને માનતા હોવા છતાં જો એ સ્વરૂપમાં સર્વોપરી પરમતત્વની ભાવના સાથે એને ભજે તો

એ જીવ સુખમાં પહોંચી જાય છે. - પૂજ્યશ્રી નારાયણમામા ॥ **મૂર્તિમાં અખંડ નિમગ્ન રહેનારને આ લોકના વ્યવહાર જે લોકોને મળવું, વાતો કરવી વગેરેમાં જરા પણ રૂચિ હોતી નથી. તેમને તો એ મૂર્તિના સુખરૂપી સથવારો જ જોઈએ છે.** ॥ મોટા મુક્તને વિષે મન, વચને બંધાઈએ તો તેમના જેવી સ્થિતિ થાય. માટે મોટા અનાદિને દિવ્યભાવે સંભારવા. તો મૂર્તિથી બહાર નીકળાય નહિ ને સાધર્મ્યપણું આવે. મહારાજને સજાતિ થાય ત્યારે સાધર્મ્યપણું કહેવાય. અનાદિમુક્તમાં જીવ બાંધે તેને પોતાના જેવા દિવ્ય કરી મૂકે છે. જેને મોટાનો જોગ ન થયો હોય તેને માયા ઘણી બળવાન જણાય છે, પણ કરે. મોટાના જોગમા રહે તેને પરાભવ કરી શકે નહિ. જેટલું મહારાજ જાણે, દેખે ને કરે તેટલું મોટા મુક્ત પણ કરે. મોટાના તો સ્વતંત્ર હોય તે માયામાં પણ નિર્લેપ રહે. સ્વતંત્ર પ્રગટ થાય અને પતીત જીવનો ઉદ્ધાર કરી નાખે એવું એમાં સામર્થ્ય હોય છે. માટે **અનાદિમુક્તને વિષે પણ મહારાજ જેવો દિવયભાવ લાવવો. જેને મહારાજ ને મોટાને વિષે અનન્ય પ્રીતિ થાય તેને પ્રારબ્ધ બળી જાય છે અને કોઈ પ્રકારનું બંધન રહેતું નથી.** મોટા અનાદિ અનંત કોટી બ્રહ્માંડની ક્રિયાને હસ્તામળ દેખે છે; અને અસંખ્ય જીવને અક્ષરધામમાં મૂકી આવે છે. પણ જીવને વિશ્વાસ આવતો નથી. **જો મહિમા સમજે તો મહારાજના દર્શન જેવો જ આનાદિમુક્તના દર્શનનો લાભ છે.** એવા મોટા મુક્ત મહારાજની સમૃદ્ધિ છે. ॥ **અનાદિમુક્તની સ્થિતિ કરવી હોય તો શું કરવું ?** બાપાશ્રી કહે છે કે અનાદિમુક્તની સ્થિતિ કરવી હોય તો તમારે બાળ-અવસ્થામાંથી ઠેક દઈને વૃદ્ધાવસ્થામાં જવું પડશે; અને **એ ક્યારે થાય ?** એ ભગવાનને પામેલા મૂક્તનો જોગ-સમાગમ મળ્યો હોય ને એના થકી ભગવાનનું જ્ઞાન સમજાયું હોય ત્યારે. ॥ **શું કરવાથી અનાદિમુક્તના લક્ષણ (ગુણ) મુમુક્ષુમાં આવે ?** અનાદિમુક્તને વિષે દેવબુદ્ધિ, ગુરુભાવ રાખવાથી, તેમની અનુવૃત્તિ (મરજી) પ્રમાણે વર્તવાથી ને પંચવર્તમાન યથાર્થ પાળવાથી અનાદિમુક્તના ગુણ મુમુક્ષુમાં આવે. ॥ **મહારાજનું સુખ ક્યારે પમાય ? મહારાજનું સુખ તો મુક્ત આપે ત્યારે જ પમાય. શાસ્ત્રથી પણ મૂર્તિ પમાય નહિ. અનાદિમુક્ત વગર કોઈ સાધને**

**પણ મૂર્તિનું સુખ મળતું નથી. જીવ કરોડો સાધન કરે પણ અનાદિમુક્ત વગર મહારાજની મૂર્તિને પમાતું નથી. બ્રહ્મવિદ્યા મહારાજના અનાદિમુક્ત થકી જ સમજાય છે. અનાદિમુક્ત મહારાજનું સ્વરૂપ જેમ છે તેમ સમજાવી શકવા સમર્થ છે. અનાદિમુક્તોને મહારાજ સાથે જળતરંગત એકતા છે. અનાદિમુક્ત થકી જ શ્રીજીમહારાજના સુખને પામી શકાય છે, એ સત્ય હકીકત છે.** - પૂજ્યશ્રી નારાયણમામા ॥ મોટા મુક્ત તો જમીને જમાડીને, દ્રષ્ટિ વડે ને સંકલ્પે કરીને પણ કલ્યાણ કરે. **મોટા મુક્તના દર્શન જેને થયા હોય તે જો ભાવે કરીને સંભારે તો તેનું પણ કલ્યાણ કરે. ॥ મુક્તો કેવી રીતે પ્રગટ થાય છે ? આવે છે ?** મુક્તો ગર્ભમાં આવતા નથી., એ એક ખૂબી છે. જન્મ ને મૃત્યુ સામાન્ય મનુષ્ય માટે અલગ - અલગ છે. મુક્તો માટે અંતર્ધાન દિન અને જન્મદિનમાં કોઈ જ ફરક નથી. દિવ્ય પુરુષો જગતનો વ્યવહાર કર્યા વગર, કોઈપણ જાતનો સંબંધ કર્યા વગર; સંકલ્પ માત્રે આપોઆપ પ્રગટ થાય છે. ॥ ભગવાનના દિવ્ય મુક્તોને કળવા (ઓળખવા) એ જબરી ઘાટી છે. મહારાજ જાણે એટલું એ જાણે છે. તેઓ જાણી શકે છે કે આપણા મનમાં શું વિચારે ચાલે છે, એ જોઈ શકે છે. ઘટ - ઘટમાં વ્યાપક છે. જ્યાં જ્યાં મહારાજ ત્યાં પોતે પોતાને એમ થાય કે હું બધેય છું, કણે કણમાં છું. થોડા સમય પછી આપણા મનમાં શું વિચાર ઉદ્ભવશે (થશે) એની પણ એમને ખબર પડે છે. દિવ્યતાને પામ્યા પછી કેટલું બધું જ્ઞાન પ્રગટ થાય છે, !! છતાં અનાદિમુક્ત એ જ્ઞાનને ઢાંકીને વર્તે છે. ॥ **શ્રીજીમહારાજની અનાદિની રીત છે કે પોતાનું જ્ઞાન પોતાના મુક્તો દ્વારા જ આપણા સુધી પહોંચાડે છે. કલ્યાણ પણ મુક્તો દ્વારા જ કરે છે.** ॥ ધામમાંથી ભગવાને પોતાના સંકલ્પથી જે મુક્તને પ્રગટ કર્યા હોય એમનો આખોય દેહ દિવ્ય હોય છે. હાથ - પગ, મસ્તક બધું જ દિવ્ય હોય છે. એમના હાડ - માંસ, મળ - મૂત્ર પણ દિવ્ય હોય છે. શ્રીકૃષ્ણ ભગવાને રથ, ઘોડા વગેરે દિવ્ય બનાવ્યા હતા. તો મૂર્તિમાંથી પ્રગટ થયા હોય તે દિવ્ય હોય એમાં શું કહેવું ? ॥ **મહારાજનો સદા સંબંધ રહે ત્યારે મુક્તની પંક્તિમાં ભળાય.** ॥ જીવ જ્યાં સુધી પોતાપણું મૂકે નહિ ત્યાં સુધી

મોટાના આશીર્વાદ મળે નહિ. માટે પોતાપણું મૂકી દેવું તો મહારાજ તથા મોટા રાજી થાય. ॥ **દરેકે પાત્ર જાતે જ થવું પડે તેમાં અનાદિમુક્ત મદદ કરે.** ॥ ભગવાનનો આશરો કર્યો હોય પણ મહારાજ કે મુક્તને ઓળખ્યા ન હોય ત્યાં સુધી નિવૃત્તિ કે પ્રવૃત્તિ કર્મ કરે તોપણ માયા તરાય નહિ, એટલે જન્મ - મરણ ટળે નહિ. તે સુષુપ્તિમાં લીન થયો જાણવો. "સ્વામિનારાયણ" તો સર્વે કહેતા હોય પણ મુક્તને પ્રતિમાને દિવ્ય ન જાણે ત્યાં સુધી જન્મ-મરણ માથે રહે છે. ॥ પણ તે સુખ મૂકીને બીજું કાંઈ કરતા જ જથી." રસબસ હોઈ રસિયા સંગ, જ્યું મીસરી પય માંહી ભળી" - સદ્. બ્રહ્માનંદસ્વામી. (મીસરી = સાકાર, પય = દૂધ). મોટા તો મૂર્તિના સુખમાં રમ્યા કરે છે ને મૂર્તિમાં રહ્યા થકા મહારાજના સંકલ્પે દેખાય છે. તેથી એવા મોટા મહારાજનો જેવો છે તેવો મહિમા સમજાવે તો સુખ લેવાની ગતિ વધારે થાય. ॥ હજારો સાધનિક સંત હોય તે એક અનાદિમુક્તની તુલ્ય ન થાય, એવી અનાદિમુક્તની અલૌકિક સામર્થી છે. ॥ જેમ મોટા કહે તેમ કરવું તે મન સોંપ્યું કહેવાય. બધું મહારાજને મોટા પાસે ન કરાવવું. એરંડાકાકડીની ભેટ કરવી એટલે કે મન સોંપી દેવું (મોટા = અનાદિમુક્ત). ॥ દયાળુ અનાદિમુક્ત કોઈના દોષ દેખાતા નથી અધમ જેવા જીવને પણ ઉદ્ધારે છે. બિચારો કોઈ જીવ દુઃખિયો ન થઈ જાય એવી દયા રાખે છે. માટે એવી દયા રાખવી તો ભગવાન રાજી થાય. ॥ જોગ - સમાગમ કરવો હોય ત્યારે તો સિદ્ધદશાવાળા હોય તેમની સાથે જ હેત બાંધીને કરવો, નહિ તો વાંધો આવે. આપણે તો મહારજ મુક્ત સાથે હેત બાંધવું, તો તેઓ છાના છાના આશીર્વાદ આપીને આપણું ઘર ભરી દે. હેતરૂપ જ ભક્તિ છે. - સદ્. વૃંદાવનદાસજીસ્વામી. ॥ **મોટા પુરુષનું આયુષ્ય :** મોટા પુરુષને આયુષ્યની કોઈ મર્યાદા નથી, એ તો સામાન્ય જીવો માટે છે. સદ્ગુરુઓ અને દિવ્યસભાએ પ્રાર્થના કરી તો મહારાજના સંકલ્પથી બાપાશ્રી દસ વર્ષ વધુ રહેલા. આપણું પ્રારબ્ધ મહારાજ બન્યા એટલે હવે તેમને જેટલું રાખવું ઘટે તેલું આપણને બધાયને રાખે. - પૂજ્યશ્રી નારાયણમામા ॥ મહારાજની જેમ જ મહારાજના અનાદિમુક્તોના પણ

સંકલ્પ મૂર્તિમાન ફરતા હોય છે. ॥ **જેને મોટા અનાદિનો જોગ થયો છે તેના આત્માને વિષે શ્રીજીમહારાજની મૂર્તિ પધરાવી દીધી છે, તે જોગ કરનારને ખબર નથી, પણ જોશે ત્યારે દેખાશે.** ॥ મુક્ત મૂર્તિમાં રહે છે. તે મુક્ત સદા સાકાર છે. એવા મહામુક્તની કૃપાએ અંતર્વૃત્તિ થાય તો સત્સંગ બધોય દિવ્ય જણાય. ॥ જેને કાંઈ સમજાણું ન હોય અને વગર ખબરે અનાદિમુક્તનો જોગ કરેલો હોય તેને અંત વખતે મહા મોટા સુખની પ્રાપ્તિ થાય ને પુરુષોત્તમને પામે છે. - અનાદિમુક્ત બાપાશ્રી. ॥ **અનાદિમુક્ત જગતને ભૂલીને મૂર્તિને પામવાની જ વાત કરે છે. જ્યારે મોટા ભાગના બીજા બધા તથા બીજા શાસ્ત્રો જગતને સુધારવા માટેની જ વાતો કરતા હોય છે.** પાત્રતા કેળવવા માટે એટલા બધા ગ્રંથો લખાયા છે કે માણસ મૂંઝાઈને મરી જાય. ત્યારે અનાદિમુક્તનો એકાદ પાઠ વાંચીએ તો મૂર્તિરૂપ થઈ જવાય પૂજ્યશ્રી નારાયણમામા. ॥ **મહારાજ તથા મોટા પોતાના આશ્રિતની રક્ષામાં જ છે, તેમને હેતથી સંભારીએ તો મૂંઝવણ ને શંકા ટાળી નાખે.** ॥ મોટાને જીવના અનંત જન્મની ખબર હોય છે. ॥ મોટા મુક્ત મનુષ્ય જેવા દેખાય છે પણ મનુષ્ય જેવા ન જાણવા, એ તો સદા દિવ્ય જે છે. ॥ અનાદિમુક્તની છાયામાં સુખ સુખ ને સુખ જ હોય. એવા મળે ત્યારે પૂરું થાય. તે અખંડ મહારાજની મૂર્તિમાં રસબસ હોય છે. અનંત જીવના આત્યંતિક મોક્ષને અર્થે દયા કરી પૃથ્વી ઉપર મહારાજના સંકલ્પે દેખાય છે. ત્યારે જે જે જીવ દ્રષ્ટિએ ચડે તેને ન્યાલ કરે છે. શ્રીજીમહારાજ કહે છે કે એવા અનાદિના જોગથી હું તરત પ્રાપ્ત થાઉં છું. ॥ મોટા મુક્ત જરાપણ મોટપ કે સામર્થી કહેતા નથી કેમકે તેમને પોતાપણું છે જ નહિ. તે તો જેટલી સામર્થી, સુખ મોટાઈ કહે છે તે પુરુષોત્તમ ભગવાનની જ કહે છે. ॥ બાપાશ્રી કહે, ‘‘જો અમને સાચો થઈને કોઈ મન સોંપે તો તેને તો અમે અનાદિમુક્તની પંક્તિમાં ભેળવી દઈએ. ॥

**સાધનદશાવાળાને મુર્તિના સુખની પ્રાપ્તિ થઈ હોય તોપણ બીજી ક્રિયામાં તેને વિક્ષેપ થઈ જાય અને મોટા મુક્તને તો શ્રીજીમહારાજની પેઠે કોઈ વિક્ષેપ છે જ નહિ, એવા સ્વતંત્ર મુક્તની વાત જુદી છે.** માટે એમને રાજી

કરવા, મહિમા જાણી જોગ કરવો. શ્રીજીમહારાજે કેવળ કરુણા કરી પોતાના અનાદિમુક્તોએ સહિત આ લોકમાં દર્શન આપ્યા, પછીથી બાપાશ્રી તથા નારાયણમામાને મોકલ્યા, એ કેવડી દયા ! નહિ તો લાખ વરસ ઊંધે માથે વાયુ ભક્ષણ કરીને તપ કરે તોય એમના દર્શન ન થાય, એવા મોંઘા છે.

**જીવને બળ ક્યારે આવે ?** બાપાશ્રી કહે છે કે મહારાજ તથા મોટા મુક્તના દર્શન થયા હોય, વાયરો અડ્યો હોય અથવા બે શબ્દ જીવમાં પડી ગયા હોય તોય બહુ બળ આવે છે. ઝાડ, પહાડ, વૃક્ષ, વેલી આદિ જે જે તેમની દ્રષ્ટિએ પડે તેના પણ ધન્ય ભાગ્ય. મોટા અનાદિના શબ્દ તો બહુ ચમત્કારી હોય, તેથી એવા શબ્દ જીવમાં જેમ જેમ ઉતરતા જાય તેમ તેમ સુખ સામર્થી ને પ્રકાશ વધતા જાય, માટે તેમના જોગ - સમાગમની, રાજીપાની ને સેવાની ગરજ રાખવી. ॥ અનાદિ થકી અનાદિની સ્થિતિ થાય પણ તે વિના ન થાય સાધને કરીને કેટલુંક થાય ? મહારાજ ને મુક્ત તે કારણ. કારણ વિના આત્યંતિક મોક્ષ ન થાય.

**મામા કહે છે જે આપણને અનાદિમુક્તો મળ્યા, એવા સદ્‌ગુરુઓ મળ્યા. હવે શું જોઈએ ? અખંડ હવે એટલું જ કરવાનું રહ્યું કે આનંદથી કામ કરીને આ જીવનયાત્રા પુરી કરી નાખવાની. તે જીવનયાત્રા મૂર્તિના સુખના સંબંધવાળી બનાવવાની, એમાં રહીને આનંદ જ કરવાનો. દુઃખ શું ? દુઃખ આપનારય એ છે ને કાઢી નાખનાર પણ એ જ છે. આપણા ભેળા ભગવાન હોય તો બીજા કોઈની તાકાત ખરી કે દુઃખ આપી શકે ? કદીયે નહિ. આપણે દિવ્યભાવ રાખવાનો એનો અર્થ એ કે આપણા ભેળા ભગવાન. આપણે બધા આશીર્વાદ - કૃપાથી થયેલા અનાદિમુક્ત છીએ. એવા આશીર્વાદ કેમ ભૂલાય ? એ આશીર્વાદમાં રહીને અખંડ આનંદમાં રહીએ એ જ કરવાનું કદી પણ દુઃખનું ગાણું ગાવું નહિ. મહારાજ કહે છે કે હું કોઈપણ દુઃખ આપતો જ નથી. મારી ઝોળીમાં તો સુખ જ ભર્યું છે, એમાં બીજું કાંઈ છે જ નહિ. કદીયે ન માનવું કે હવે આપણને દુઃખ છે. અરે ! મહારાજની મૂર્તિમાં રહીને મજા કરો.**

અનાદિમુક્ત એક સંકલ્પ કરે એટલામાં તો અનંત કોટી બ્રહ્માંડમાં જે ધારે તે થાય કેમકે એ તો મહારાજરૂપ છે. તેને મૂર્તિ વિના બીજું કાંઈ છે જ

નહિ. સદ્. ગોપાળાનંદસ્વામી જેવા એક સંકલ્પે અનંત બ્રહ્માંડના નાડીપ્રાણ ચલાવે ને બંધ કરે એવા સમર્થ હોય છે છતાં કેવા નિર્માનીપણ વર્તે છે !!! આપણા ઉપર મોટા રાજી થયા છે, તે ઓચિંતા મહારાજ આવીને ઊભા રહેશે; જેમ વીજળીના ઝબકાર ઓચિંતા થઈ જાય છે તેમ, એમ જાણી અંતરમાં બહુ જ આનંદ રાખવો. મહારાજ ને મોટાની સમીપમાં રહેવાય એ જેવું તો કોઈ ઔષધ જ નથી.

૯૪ **સાધનની ગતિ ક્યાં સુધી ?**

સાધનની ગતિ ગોલોકથી આગળ નથી. ગોલોકથી આગળ તો કૃપાએ ચલાય છે ગોલોક સુધી સાધન ચાલે. પછી તો શ્રીજીમહારાજ અથવા મુક્ત કૃપા કરીને મૂર્તિનો સાક્ષાત્કાર કરાવે ત્યારે પરમએકાંતિ થવાય. પછી મહારાજની મૂર્તિમાંથી અનુભવજ્ઞાન છૂટે છે તે મૂર્તિમાં લઈ જાય છે. જેમ સમુદ્રમાંથી વેળ આવે ને પાછી વળે ત્યારે જીવજંતુને પાછા લઈ જાય છે તેમ અનુભવજ્ઞાન મૂર્તિમાં લઈ જાય છે. ત્યારે તે મુક્ત અનાદિ કહેવાય છે. તે અનુભવજ્ઞાન તે અનાદિમુક્ત જાણવા.

૯૫ બાપાશ્રી કહે છે **કે સેવાભક્તિ ઓછી કરીને મૂર્તિમાં જોડાવું અને આજ્ઞા પાળવી.**

૯૬ અક્ષરધામમાં કીર્તન ગવાતા નથી પરભાવામાં તો એક સુખ જ લેવાય છે. ગવાય છે એમ કહ્યું હોય એ તો જીવને ઉપાસના-ભક્તિને રસ્તે ચડાવવા કહ્યું હોય. શ્રીજીમહારાજ તો સર્વે ઠેકાણે છે, અહીં ને ત્યાં એક જ છે, જુદું નથી. કીર્તન પણ અહીં ગવાય છે.

૯૭ **બાપાશ્રીએ કઈ કઈ જગ્યાએ આત્યંતિક કલ્યાણ / મોક્ષના આશીર્વાદ આપેલા છે ?**

બળદિયા કાળીતલાવડી પર છત્રીએ ચરણારવિંદ તથા હનુમાનજી પધરાવેલા ત્યારે અને કુંભારિયાના તળાવ પર પ્રસાદીને ઠેકાણે મિસ્ત્રી ગોવાભાઈ જીવણભાઈ છત્રી કરાવીને તેમાં ચરણારવિંદ તથા હનુમાનજી પધરાવેલા

તે વખતે બાપાશ્રીએ વર આપેલો કે આ છત્રીના ને હનુમાનજીના જે દર્શન કરશે તેને તેડવા અમે આવીશું ને મૂર્તિમાં રાખીશું, એવા જ આશીર્વાદ જેતલપુર દેવ સરોવર પર અસલાલીના કંકુબા (પૂર્વેના જેતલપુરના ગંગામા) એ છત્રી કરાવીને તેમાં ચરણારવિંદ પધરાવેલા તે વખતે આપેલા છે પાટડીમાં કાળીદાસભાઈ (નાગજીબાપાના ભાઈ)ના ઘરના બારણાંમાંથી જે નીકળશે તેને અમે અક્ષરધામમાં મહારાજ પાસે લઈ જઈશું એવા આશીર્વાદ આપેલા છે, કરાંચી મંદિરમાં આવીને જે શ્રીમહારાજ તથા જ્યાં મહારાજે દિવ્ય સ્વરૂપે દર્શન આપેલા તેની સ્મુતિરૂપ છત્રી સ્થળ કરી ચરણારવિંદ પધરાવેલા ત્યાં બાપાશ્રીએ આરતી ઉતારી તેના દર્શન કરશે તેનો આત્યંતિક મોક્ષ થશે એવો વર આપેલો છે, કરાંચી મલીર બંદરના બગીચામાં કૂવો છે તેમાં પ્રસાદીનું જળ નાખીને આશીર્વાદ આપેલા કે આ કૂવાનું પાણી જે કોઈ પીશે તેનો અમે મોક્ષ કરશું. કરાંચી ગાડીખાતાવાળા બાઈઓના મંદિરમાં જ્યાં શ્રીજીમહારાજની સ્મૃતિરૂપ છત્રી થયેલ છે ત્યાં બાપાશ્રી તથા સંતો પધાર્યા ને મહારાજની મૂર્તિઓની તથા ચરણરવિંદના દર્શન કરી આરતી ઉતારેલી ત્યારે બાપાશ્રીએ કહેલું કે આવા સ્થાન તો અક્ષરધામ તુલ્ય ગણાય. આ ઠેકાણે જે કોઈ આવી મહારાજ તથા ચરણારવિંદના દર્શન કરશે તેનો આત્યંતિ મોક્ષ થશે. બાપાશ્રી કહે, “નારણપરના ખળખળીયા / નાગધરામાં શ્રીજીમહારાજ સંતોએ સહિત ઘણીવાર નાહ્યા છે અને અમે પણ સ્નાન કરીને ઘણો જ પ્રસાદીનો કર્યો છે માટે આમાં જે કોઈ નહાશે કે જળ પીશે તે સર્વેને અક્ષરધામમાં તેડી જઈશું ને મૂર્તિના સુખમાં રાખશું તથા દહિંસરાના આ તળાવમાં મહારાજે ઘણી વાર સંતોએ સહિત નાહીને જળપાન કર્યું છે ને અતિ પ્રસન્ન થઈને હરિસરોવર એવું નામ પાડ્યું છે; તેથી આ તળાવમાં નાહીને જે કોઈ પાણી પીશે તથા આ ઠેકાણે છત્રીમાં ચરણારવિંદની પ્રતિષ્ઠા કરી છે તેના દર્શન કરશે તેનો આત્યંતિક મોક્ષ થશે.” ભૂજના જૂના મંદીરમાં હરિકૃષ્ણ મહારાજ - રાધા - કૃષ્ણની મૂર્તિ પ્રતિષ્ઠા વખતે આશીર્વાદ આપેલા કે જે કોઈ અહીં આવી મહારાજના દર્શન કરશે તેનો પણ આત્યંતિક મોક્ષ થશે. કડીમાં

ઘનશ્યામ મહારાજની આરતી ઉતારીને પ્રસન્ન થકા આશીર્વાદ આપેલા જે "આ ઠેકાણે આવી જે કોઈ આ દિવ્ય મૂર્તિના દર્શન કરશે તેનો આત્યંતિક મોક્ષ થશે." કચ્છમાં ભારાસરના કેશરાજભાઈએ ભૂજના જૂના મંદિરમાં સુખશય્યામાં પધરાવવા માટે શ્રીજીમહારાજની ચાંદીની મૂર્તિ તૈયાર કરાવેલી, બાપાશ્રીએ તેના દર્શન કરીને કહ્યું જે તમે આ કામ ભારે કર્યું ! આ કારણ મૂર્તિના જે દર્શન કરશે તેનું આત્યંતિક કલ્યાણ થશે. અત્યારે આ મૂર્તિ નવા મંદિરના સભા ખંડમાં છે.

૯૮ **કસોટી ને મૂંઝવણું :**

ભગવાન કહે છે કે મારા ભક્તની હું કસોટી કરું છું. અને બળ પણ આપું છું. પણ તે ભૂલી જાય છે એટલે મારું અનુસંધાન રહેતું નથી. આપણે ભગવાનને કહેવું કે કસોટીમાં તું બળ આપજે. તને પામ્યા પછી જ હું જંપીશ. કોઈ તકલીફ ઊભી થાય ત્યારે તેમનામાં જ શ્રદ્ધા રાખી તેનો સામનો કરવો. ભગવાન બળિયા બનાવવા અને પોતાના તરફ લઈ જવા કસોટી અને મૂંઝવણ ઊભી કરે છે. અન્ન - વસ્ત્ર તો આપવાના જ છે. નોકરી જાય, આવક બંધ થઈ જાય તો મૂંઝવણ થાય, પણ શા માટે સંકલ્પ થવો જોઈએ ? તે નહિ જાણતા હોય ? બાપાશ્રી શું જમતા રોટલો ને શાક. અન્ન - વસ્ત્ર તો એમના થઈને રહ્યા છે એ બધાંને આપવાના જ છે, એમનું બિરૂદ છે. માટે મૂંઝાવું નહિ ને ચિંતા કરવી નહિ. - પૂજ્યશ્રી નારાયણમામા

૯૯ ભગવાનના થોડા ગુણો આવે એટલે અવતાર કહેવાય.

૧૦૦ **ભગવાને આપણા ઉપર કેટલી કૃપા કરી છે !**

તેમણે કહ્યું કે મારો મહિમા જાણો હું તમને બધા દોષોથી રહિત કરીને સુખને પમાડીશે. મેં બધા જ અવતારો મારામાં લીન (લીન એટલે આપેલું ઐશ્વર્ય પાછું ખેંચી લે તે) કર્યા છે. એ મારામાંથી (મૂળપુરુષમાંથી હતા પણ મૂળપુરુષમાં મહારાજ અન્વય સ્વરૂપે - તેજ દ્વારા રહેલા હોવાથી તેમનામાંથી કહેલા છે) જ પ્રગટ થયેલા હતા. **તમે બધા જ અવતારોના નામો મારા**

**નામની અંદર લીન કરી નાખો ને એક જ નામનું ભજન કરો, 'સ્વામિનારાયણ, એમાં બધા જ મંત્રોનો સમાવેશ થઈ જાય છે. તો હવે આપણે સ્વામિનારાયણ આ એક જ મહામંત્રનો જાપ કરવો. - પૂજ્યશ્રી નારાયણમામા.**

૧૦૧ ભગવાન સ્વામિનારાયણમાંથી દિવ્ય શક્તિ પ્રગટ થઈને જુદા જુદા સ્વરૂપે અનંત બ્રહ્માંડમાં વહેંચાઈ જાય છે અને જુદા જુદા સ્વરૂપ ધારણ કરે છે. ભૂત - ભૈરવમાં એ શક્તિ વિકરાળ સ્વરૂપ ધારણ કરે છે કારણ કે એ મલીન દેવોમાં એટલી જ પાત્રતા છે. એને એ કામ માટે મૂક્યા છે. જીવોની કક્ષા બહુ નીચી હોય ત્યારે એ સમાસ કરે છે. પછી ધીરે ધીરે જ્યારે જીવો ઊંચા આવતા જાય છે, એની પ્રગતિ થતી જાય છે ત્યારે એને વધારે દેવોની પ્રાપ્તિ થતી જાય છે. મલીન દેવોની પ્રાપ્તિ ઘટતી જાય છે. ભગવાને આખા બ્રહ્માંડમાં અનેક દેવ - દેવતાઓ પ્રગટ કર્યા છે એ બધાયમાં એમની શક્તિ કામ કરે છે. - પૂજ્યશ્રી નારાયણમામા.

**૧૦૨ અવતારો પાસે જો સ્વામિનારાયણ નામ લો તો અવતારો નાચવા લાગી જાય છે. ત્યારે વિચાર કરો કે આ અવતારી પ્રભુ કેવા છે !!**

**મામા કહે, "આ અવતારી પ્રભુનું દર્શન મને ભગવાનના સાક્ષાત્કારવાળા મોટા સંતોએ કરાવ્યું છે એટલે હું પ્રત્યક્ષ જોઈને તમને કહું છું કે સ્વામિનારાયણ ભગવાન સિવાય બીજા કોઈ દર્શન કરવાની જરૂર રહેતી નથી. આ હું સત્ય બોલું છું. ભગવાન સ્વામિનારાયણની આ દિવ્ય સભામાં એની સાક્ષીએ કહું છું કે આ દીવ્ય સ્વરૂપ સર્વોપરી છે. સર્વ કાર્તાહર્તા છે. દિવ્ય સાકાર સ્વરૂપ છે. એ બધાંને પોતાનામાં લીન કરીને સૌને સુખિયા રાખે છે. અનંત કોટી ભૂમિકાઓ પોતાના તેજે તેજાયમાન છે અને જુદી જુદી કક્ષાના બધા જીવોને સમાસ કરવાને માટે બધા દેવો - અવતારોને રાખ્યા છે. તુર્યાવસ્થા (પ્રધાનમાયા), મહાકારણ દેહ, સામ્યાવસ્થા (મૂળમાયા) અને મૂર્તિથી ઓરી બીજી ભૂમિકાઓનું વર્ણન કરવાની શી જરૂર ? એ અવસ્થાઓનું ત્યાં ક્યાં કોઈ વજન છે ? માટે મહારાજનો મંત્ર - સ્વામિનારાયણ - સ્વામિનારાયણ સિવાય કાંઈ જ કરવું નહિ. આ નામથી**

**દોષો તો મટી જાય પણ આ ચૈતન્ય પણ બદલાઈ જાય છે.** ત્યારે વિચાર કરો કે ચૈતન્ય બદલવો, સ્વભાવ - કર્મ દૂર કરવા એ કંઈ સહેલું છે ? આ એક જ નામ એવું છે કે જે સ્વભાવ - કર્મ બદલી નાખે. ભગવાન શ્રીકૃષ્ણે કંસો, રાક્ષસોને માર્યા, એ બધું જ કર્યું પણ સ્વભાવ - કર્મ દ્રષ્ટિ માત્ર કોઈના દુર કર્યા હોય એવો કોઈ દાખલો ભાગવતમાં નથી, રસ્તા બતાવ્યા છે. જ્યારે મહારાજે તો દ્રષ્ટિ કર્યા ભેગી જ સમાધિ કરાવી ને સાધુ બનાવી દીધા. જોબનપગી સામી દ્રષ્ટિ કરી તો એના બધા દોષો દૂર થઈને મુક્ત થઈ ગયા. આવું દ્રષ્ટાંત કોઈ જગ્યાએ જોવા મળે છે ? સ્વભાવ - કર્મ બદલવા એ તો એક અવતારી પ્રભુ જ કરે. આપણે અવતારી પ્રભુ બધાંને ઓળખાવવા ને કહેવું કે તેમનું ભજન કરો, તમારા બધા દુઃખ દૂર થઈ જશે, શાંતિ અને સુખ પ્રાપ્ત થશે.''

૧૦૩ ઉપદેશ કર્યા નિમિત્ત કાંઈક થોડી ઘણી ઉપાધિ રહે તોપણ પરમેશ્વરની વાત કરવામાં કાયરપણું રાખવું નહિ - મહારાજ.

**૧૦૪ ભગવાન મળ્યા ક્યારે કહેવાય ?**

ભગવાનને વિષે જ્યાં સુધી દિવ્યભાવ ન આવે ત્યાં સુધી મનુષ્યરૂપે મળે, પ્રતિમા (મૂર્તિ) રૂપે મળે તોપણ યથાર્થ મળ્યા ન કહેવાય. જ્યારે દિવ્યભાવે સહિત સાક્ષાત્ જ્ઞાન થાય ત્યારે જ મળ્યા કહેવાય. મહારાજનું યથાર્થ જ્ઞાન થાય ત્યારે જ મળ્યા કહેવાય, જ્ઞાને કરીને મળ્યા એ જ મળ્યા કહેવાય. જ્ઞાનીને ભગવાન આવતા જતા નથી, સદાય છે છે ને છે જ. મનુષ્યરૂપે મળે કે પ્રતિમારૂપે મળે પણ જ્યારે એમાંથી મનુષ્યભાવ ને પ્રતિમાભાવ ટળીને દિવ્યભાવ સમજાય તો જ મળ્યા કહેવાય.

**૧૦૫ કેવા જીવનું કોઈ કાળે કલ્યાણ ન થાય ?**

ભગવાનના ભક્ત સાથે આંટી પડી જાય ને જીવે ત્યાં સુધી જાય નહિ એવાનું. એવો ચાંડાળ જેવો જીવ હોય તે ધર્મે, ત્યાગે ને તપે યુક્ત હોય તે સર્વે વૃથા છે. એ બીજા પણ કોટીક સાધન કરે પણ તેના જીવનું કોઈ

કાળે કલ્યાણ થાય નહિ. મહારાજ કહે એવો અમને દીઠો પણ ગમતો નથી ને તે ઉપરથી રીસ પણ કોઈ દિવસ ઉતરતી નથી. આ સંસારમાં પંચ મહાપાપના કરનારાનો કોઈ દિવસ છૂટકો થાય પણ ભક્તના દ્રોહ કરનારાનો કોઈ દિવસ છૂટકો થાતો નથી. ભક્તની સેવા - ચાકરી બરોબર કોઈ પૂણ્ય નથી ને દ્રોહ બરોબર કોઈ પાપ નથી. માટે જીવને બળવાન કરવા ભગવાન કે ભક્તને મન - કર્મ - વચને શુદ્ધ ભાવે સેવવા. **આત્મસત્તારૂપે રહેવા કરતાય ભગવાન ને ભક્ત (મુક્ત)ની સેવા કરવી તે અતિશે શ્રેષ્ઠ સાધન છે. કેવળ આત્મનિષ્ઠાવાળા ત્યાગી કરતા ભગવાન ને ભક્તની સેવાને અર્થે પ્રવૃત્તિ માર્ગમાં રહે છે તે અતિશે શ્રેષ્ઠ છે ને ભગવાનની કૃપાનું પાત્ર છે.**

**૧૦૬ પાકો સત્સંગી કોને કહેવાય ?**

મહારાજ કહે, “જેને પંચવર્તમાનમાં કોઈ વાતે ખોટ ન હોય અને ગમે તેવા વચનનના ભીડામાં લઈએ ને એનું ગમતું મૂકીને અમારા ગમતામાં રાખીએ તોપણ દેહપર્યંત મૂંઝાય નહિ (આજ્ઞા વિરૂદ્ધ સંકલ્પ ન થાય) એવો હોય તે પાકો સત્સંગી છે. એવા હરિભક્ત ઉપર અમારે વગર કર્યું સહેજે જ હેત થાય છે અને એવા ગુણ ન હોય તો હેત કરવા જઈએ તોપણ ન થાય. મહારાજ કહે છે કે (૧) નિયમ શિર શા દ્રઢ કરીને પાળે (૨) ભગવાનના સ્વરૂપનો નિશ્ચય અતિશે દ્રઢ હોય અને (૩) ભક્તનો પક્ષ રાખે તેને પાકો સંત્સંગી કહેવાય. (ટૂંકમાં ભગવાનના નિયમ, નિશ્ચય હોય ને ભક્તનો પક્ષ રાખે તેને).

**૧૦૭ જીવના કલ્યાણને અર્થે કયા ત્રણ અંગ જરૂરી છે ?**

(૧) આત્મનિષ્ઠા (૨) પતિવ્રતાપણું (૩) દાસપણું - આત્મનિષ્ઠા શુકજી જેવી, પતિવ્રતાપણું ગોપીઓ જેવું અને દાસપણું હનુમાનજી તથા ઉદ્ધવજી જેવું.

**૧૦૮ આત્મદર્શન તથા મહારાજનું દર્શન કેવી રીતે થાય ?**

મહારાજ કહે છે કે દેહ આદિક માયાના ટોળાથી પોતાને જુદો માને ને જ્ઞાનરૂપી વિચારે કરીને વૃત્તિ પાછી વાળે; તે વૃત્તિ આત્માને વિષે લીન થાય ત્યારે વાસનાલિંગ દેહ નાશ પામે પછી તેના હૃદયમાં પ્રકાશ થાય ને પોતાના આત્માનું બ્રહ્મરૂપે દર્શન થાય ને આત્મામાં અમારું દર્શન થાય.

**૧૦૯ યોગ્ય / અયોગ્ય કર્મ :**

આજ્ઞા પ્રમાણે વ્યવહાર કરે તે યોગ્ય કર્મ જાણવું. આજ્ઞા વિરુદ્ધ સંકલ્પ થઈ જાય તે અયોગ્ય કર્મ જાણવું. કોઈક ઉપર ક્રોધ થઈ જાય તે પણ અયોગ્ય કર્મ જાણવું. તેનું પ્રાયશ્ચિત કરવું. મોટાપુરુષને તરત જણાવી દે તો અડધું કરવું પડે અને પૂછતા વાર લગાડે તો પૂરું કરવું પડે. કોઈક કરાવે ને કરવું પડે તો બમણું કરવું પડે.

કર્માધીન જીવો પોતાના કર્મ તથા સ્વભાવ-પ્રકૃતિ પ્રમાણે ક્રિયા કરે છે. તેમને કેમ વર્તવું તે શાસ્ત્રમાં આજ્ઞા કરી છે, એ પ્રમાણે વર્તવું. જ્યારે અક્ષરો, વાસુદેવબ્રહ્મ, મૂળપુરુષો (શ્રીકૃષ્ણો) એ ઈશ્વરોને શાસ્ત્રમાં આજ્ઞા કરી નથી, એ તો જગતની ઉત્પત્તિ આદિક શ્રીજીમહારાજની મરજી પ્રમાણે કરે છે, પણ એ કર્માધીન નથી. જે કર્માધીન જીવ છે તેમણે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે વર્તવું ને ન વર્તે તો દુઃખ ભોગવવું પડે.

**૧૧૦ સત્સંગ એટલે શું ?**

સત્ એવા ભગવાન, સત્ એવા અનાદિમુક્ત ને સત્ એવા શાસ્ત્ર સાથે વાસ્તવિક સંબંધ, આપોપું, આત્મબુદ્ધિ થઈ જાય તે. **પૂરો સત્સંગ કોને કહેવાય ?** મૂર્તિ ને મૂર્તિમાં રહેલા મુક્તની ઓળખાણ પડે તેને. દેહનો સંગ છે ત્યાં સુધી કુસંગ ને મૂર્તિનો સંગ થાય તેટલો સત્સંગ. મહારાજે મને નખ - શિખ પર્યંત સળંગ દિવ્ય તેજોમય કરીને મૂર્તિમાં રાખ્યો છે એ ભાવ આવે ત્યારે શાશ્વત શાંતિ, એટલો જ સત્સંગ કરવાનો છે. તે થાય છે કે કેમ ? તે તપાસવું. - સદ્ વૃંદાવનદાસજીસ્વામી. સત્સંગમાં સત્સંગ એટલે શું ? સત્સંગમાં, સત્સંગ એટલે કારણ સત્સંગ કારણ એટલે

અનાદિમુક્ત, કારણના કારણ એટલે શ્રીજીમહારાજ. મૂર્તિ ને મૂર્તિનું સુખ અનાદિમુક્ત દ્વારા જ મળે છે. અનાદિમુક્તમાં આત્મબુદ્ધિ કરવી એ જ આત્યંતિક કલ્યાણનું અમોઘ (રામબાણ, સચોટ) સાધન છે. ॥ ઉત્સવ, સમૈયા, આચાર્ય વગેરે કાર્ય સંત્સંગ છે. ॥ **સત્સંગમાં કોણ મોટેરો છે ?** (૧) ચૌદ લોક પર્યંત તૃણ સમાન જાણે એવા વેરાગ્યે યુક્ત હોય (૨) જેમ દેહને વિષે આત્મબુદ્ધિ છે તેમ અમારા સ્વરૂપની દ્રઢતા જ્ઞાને યુક્ત સાક્ષાત્કાર કરે (૩) સુપુપ્તિમાં જેમ જગતની વિસ્મૃતિ છે તેમ જાગ્રત અવસ્થામાં જગતની વિસ્મૃતિએ યુક્ત વર્તે, તે સત્સંગમાં મોટેરો છે. ॥ **ભગવાન કોને સગાવહાલા ને પોતાની નાતના જાણે છે ?** ગમે તેવા દુઃખ આવી પડે તથા સત્સંગમાં અપમાન થાય તોપણ સત્સંગમાંથી મન પાછુ હઠે નહિ તેવાને. (પોતાના મુક્તોને). ॥ **સત્સંગ કેવી રીતે કરવો ?** આત્મસત્તારૂપ થઈને અતિ દ્રઢપણે કરવો; પણ દેહ તથા દેશના સંબંધી સાથે હેત રહી જાય એવો સત્સંગ ન કરવો. - મહારાજ. ॥ **સત્સંગમાં સત્સંગ ઓળખવો એટલે શું ?** એટલે કાર્ય અને કારણને ઓળખવા. આચાર્ય, સાધુ, બ્રહ્મચારી એ કાર્ય છે. મહારાજ ને મુક્ત કારણ છે. તેમને ઓળખીને મન-કર્મ-વચને જોગ કરીને પોતાનું પુરું કરી લેવું. જેવી કારણમાં એટલે મહારાજ ને મુક્તમાં શાંતિ ને સુખ છે તેવું કાર્યમા નથી. કાર્યની વાતોએ કરીને કારણ જે મુર્તિ તેમાં પહોંચાવાય નહિ, તોપણ કેટલાક કાર્યની જ વાતો કરે પણ કારણને સંભારે નહિ. ॥ **કારણ સત્સંગ : કાર્ય સત્સંગ :** મહારાજની મૂર્તિની જ વાતો થતી તે કારણ સત્સંગ. સત્સંગમાં મૂર્તિની વાતો ન આવે તો એ કારણ સત્સંગ મટીને કાર્ય સત્સંગ થઈ જાય. કાર્ય સત્સંગનો આનંદ કાર્ય ચાલતું હોય, ત્યાં સુધી આવે, કાર્ય પૂરું થાય પછી એનો આનંદ રહેતો નથી. એ આનંદ ક્ષણજીવી હોય મહારાજની મૂર્તિ જો અખંડ રાખીએ તો સદાય આનંદ રહે. **કારણ સત્સંગ એટલે મહારાજની મૂર્તિમાં રહીને કાર્ય કરવાનો સત્સંગ. કારણ એટલે મૂર્તિ. જે સત્સંગ કરતા મહારાજની મૂર્તિ હાથ આવે તેનું નામ કારણ સત્સંગ.** મૂર્તિ સાથે જોડાઈને કાર્ય કરીએ તો કાર્ય બહુ સરસ થાય. અભ્યાસ ય સારો થાય હોંશિયાર ય થવાય. બધું જ્ઞાન સ્વયં પ્રગટે. કારણ સત્સંગ એટલે છેવટની અનાદિની સ્થિતિ - પૂજ્યશ્રી નારાયણમામા.

**૧૧૧** મૂળપુરુષ (શ્રીકૃષ્ણ / પ્રકૃતિ પુરુષ / મહાપુરુષ) અનંત છે, તે સર્વે મૂળપરુષોના કાર્યનો સાથે પ્રલય થતો નથી. એક મૂળપુરુષના કાર્યનો પ્રલય થાય તેને મહાપ્રલય તથા આત્યંતિક પ્રલય કહે છે.

**૧૧૨** શ્રીજીમહારાજનું તેજ જેને આત્મા કહે છે, તેમાં મૂર્તિ ધારવી. તે તેજને વિષે મૂર્તિનો સાક્ષાત્કાર થઈ જાય તે શ્રેષ્ઠ છે; ને તે સિદ્ધમુક્ત કહેવાય, પરમએકાંતિક કહેવાય. જે મૂર્તિમાં સળંગ વ્યાપીને મુર્તિનું સુખ લે તે અનાદિ કહેવાય અને તે સૌથી શ્રેષ્ઠ છે.

**૧૧૩ ઉપશમ એટલે શું ?**

ધ્યાન કરતા કરતા મૂર્તિ સમગ્ર ન દેખાય, મુખારવિંદ સામું જુએ તો ચરણ ન દેખાય અને ચરણ સામું જુએ તો મુખારવિંદ કે મસ્તક ન દેખાય તે નેત્રની વૃત્તિએ જોવાય છે. સમગ્ર મૂર્તિ દેખાય ત્યારે જીવની વૃત્તિએ દેખાય છે એમ જાણવું. એવી રીતે ધ્યાન કરતા કરતા એક મૂર્તિ આકારે વૃત્તિ થઈ જાય પણ દેહ કે જગતનું ભાન રહે નહિ તે ઉપશમ કહેવાય. ઉપશમવાળાની ક્રિયા શ્રીજીમહારાજ અનુસંધાન પ્રમાણે કરાવે છે પણ તેને ખબર રહેતી નથી. દા.ત. (૧) ગોરધનભાઈ : તેમને સાકર કે મીઠું છે તેની ખબર નહિ, કોઈક વખતે ઘણું જમે; ક્યારેક થોડું જમે ને ક્યારેક જમે પણ નહિ, બધું મહારાજના હાથમાં. ઉપશમવાળાને મહારાજ જાળવે છે. (૨) અયોધ્યાપ્રસાદજી મહારાજ : ધ્યાન કરતા લૂગડામાં વીંછી હતો તે સાત આઠ ઠેકાણે કરડ્યો તોપણ ધ્યાનમાંથી ઉઠ્યા નહિ. ધ્યાન પછી પાળાએ જોયું તો લૂગડામાંથી વીંછી નીકળેલો. આવી સ્થિતિ ઉપશમ કરતા પણ અધિક કહેવાય. વળી ગામડી ગામમાં દૂધપાકમાં સાકરને બદલે ભૂલમાં મીઠું નાખ્યું હતું તોપણ નિત્ય જમતા તેટલું જમી ગયેલા, તે પણ ગોરધનભાઈથી અધિક સ્થિતિ કહેવાય, કેમ જે ગોરધનભાઈને તો ખબર નહોતી પડતી ને મહારાજને તો આત્મનિષ્ઠા હતી. આત્મનિષ્ઠાને બળે વીંછીની પીડા ખમ્યા ને મીઠું જમી ગયા, માટે તે વિશેષ કહેવાય. તેઓ આદિ આચાર્ય - મહારાજ સાથે ધામમાંથી આવેલા હતા.

**ઉપશમ દશા કેવી રીતે પમાય ?**

ભગવાનનું અતિશે માહાત્મ્ય સમજે તથા ભગવાન ને તેમના ભક્તની સેવા - ચાકરી, દર્શન કરવામાં અતિશે વેગવાન શ્રદ્ધા હોય ને પછી પોતાને ત્રણ દેહથી પર બ્રહ્મરૂપ માનીને મૂર્તિનું ચિંતવન કરે, તે ચિંતવનના બળે કરીને ઉપશમ દશા પમાય છે, પછી વિષય જન્મ - મરણના હેતુ થતા નથી. સેવા નિર્માનીપણે કરવાથી ધણીનો રાજીપો થાય છે. ધણીનું ગમતું કરે તે જ સેવક સાચો.

**ખાવા બેસો ત્યારે ખાટું, ખારું, મોળું, મીઠું એવો ભાવ આવવા દેવો નહિ, એમ કર્યા વિના ઉપશમ આવે નહિ ને રાગ ટળે નહિ. જેને મહાપ્રભુજીનું સુખ લેવું હોય તેણે ખાધા - પીધાના, માન - મોટપના રાગ ટાળવા જોઈશે; તો મૂર્તિમાં ઉપશમ થશે. (ઉપશમ = ઈન્દ્રિયો વિષયમાં ન તણાય ને ભગવાનમાં સ્થિર થાય, ધ્યાન કરતા કરતા વૃત્તિ મૂર્તિ આકારે થઈ જાય, દેહ - જગતનું ભાન ન રહે તે.) આ લોકની સિદ્ધિઓ જે ખાવા - પીવાના પદાર્થ; તેમાંથી રાગ ટળી જાય તો દેહની વિસ્મૃતિ થાય, પછી કોઈ આવરણ કે ધામ આડા આવે નહિ.**

૧૧૪ જો મોટા પુરુષના વચન મનાય તો કલ્યાણમાં વાંધો ન આવે, મોટા મુક્ત કોઈને વચન આપે તે સત્ય કરે છે. તેઓ કૃપા કરે તો તરત મૂર્તિ સિદ્ધ થઈ જાય, મહારાજના તેજોમય દર્શન થવા માંડે.

**૧૧૫ દેહ / શરીર :**

ત્રણ છે, સ્થૂળ, સૂક્ષ્મ, કારણ - મહાકારણ. સ્થૂળ = દેખાય તે. સૂક્ષ્મ = ઘાટ - સંકલ્પ થાય તે. કારણ = માયિક પદાર્થના અવ્યક્ત રાગ રહે તે. મહાકારણ = ઐશ્વર્યના રાગ રહે અથવા સારપ મનાય તે.

**૧૧૬ અક્ષર - મૂળઅક્ષર :**

અક્ષર બે રૂપે છે. (૧) **સાકાર અક્ષર :** જેના દ્વારા ઉત્પત્તિ આદિક સેવા કરાવાય છે, જે સૃષ્ટિ રચવાનું કાર્ય કરે છે. મહારાજ સૃષ્ટિ રચવાની પ્રેરણા પ્રથમ અક્ષરને કરે છે તેથી તેને મૂળઅક્ષર પણ કહે છે. તે અક્ષર તો

અનંતકોટી છે ને તેમના મુક્ત ને ધામ પણ જુદા છે. મૂર્તિમાન મૂળઅક્ષર મહારાજના તેજરૂપ અક્ષરનું બીજું સ્વરૂપ છે, તેને મહારાજની હજૂરની સેવા કરવાપણું નથી. (૨) **નિરાકાર અક્ષર :** મૂળઅક્ષર પર અક્ષરધામ જુદું છે ને તે અક્ષરધામ તો શ્રીજીમહારાજના તેજનો સમૂહ છે; તેને મહારાજે વચનામૃતમાં અક્ષરધામ કહ્યું છે. મતલબ કે શ્રીજીમહારાજની મૂર્તિના તેજને જ નિરાકાર અક્ષર કહે છે. જેને બ્રહ્મ, અક્ષરધામ, નિરાકાર અક્ષરબ્રહ્મ, બ્રહ્મમહોલ, સર્વેનું આત્મા, સચ્ચિદાનંદ, ચિદાકાશ, અન્વય સ્વરૂપ, મહાતેજ, શક્તિ, કાંતિ, દિવ્યશક્તિ, સર્વાધાર, તેજનો સમૂહ, પરમપદ, કિરણ, બ્રહ્મજ્યોતિ, એકરસ તેજ, ચિદઘન તેજ, એવે ઘણે નામે કહેલ છે. અક્ષર (મૂળઅક્ષર) અને મહારાજની વચ્ચે આડો તેજનો પડદો છે. અક્ષરને મહારાજની વ્યક્તિરેક મુર્તિના દર્શન નથી. અન્વયપણે એટલે કે તેજની કિરણો દ્વારા દર્શન થાય. જેમ સૂર્ય ચંદ્રનો પાણીના કુંડમાં આભાસ પડે છે તેમ અક્ષરને તેજ દ્વારો દર્શન છે. મહારાજ અક્ષરને તેજ દ્વારા - અંતર્યામીપણે સૃષ્ટિ રચવાની પ્રેરણા કરે છે. અક્ષરના મુક્તો જુદા છે. અક્ષરને તેમના મુક્તોનું ભૂમિકા નામે સ્થાન છે. સદ્. મુક્તાનંદસ્વામીએ પણ ગાયું છે જે, ''અક્ષર પર આનંદઘન પ્રભુ, કિયો કે ભૂ પર ઠામ'' આમ મહારાજ અક્ષર (મૂળઅક્ષર) થી પર છે. મહારાજ ને અક્ષર આદિક મુક્તોને સરખા કહે તે દુષ્ટ મતવાળા, અતિ પાપી જાણી તેનું દર્શન કરવું નહિ, દર્શન કરીએ તો પંચમહાપાપ જેવું પાપ થાય.

**૧૧૭ શ્રીજીમહારાજની વ્યક્તિરેક મૂર્તિનો સંબંધ ખાલી બે મુક્તોને જ છે.** (૧) પરમએકાંતિક / વિદેહીમુક્ત / મહામુક્ત, જે સન્મુખ રહીને સુખ ભોગવે છે. નખથી શિખા સુધી મહારાજ જેવો જ દિવ્ય આકાર છે. (૨) અનાદિમુક્ત / કૈવલ્યમુક્ત / સર્વાત્માબ્રહ્મ / નિત્યમુક્ત, જે બહાર દેખાતા નથી, મૂર્તિમાં જ રહીને રસબસ ભાવે સુખ ભોગવે છે. મહારાજના આકારે છે. પૃથ્વીથી લઈને અક્ષર પર્યંત એકબીજાના ઉપરી છે, તે સર્વેને શ્રીજીમહારાજના અન્વય સ્વરૂપનો સંબંધ છે, પણ વ્યતિરેક મૂર્તિનો સંબંધ નથી. અક્ષરથી લઈને પશુ - પક્ષી આદિક સર્વેને વિષે શ્રીજીમહારાજ

અંતર્યામીપણે તેજ દ્વારે રહ્યા છે અને વ્યતિરેકપણે અનેક શક્તિએ યુક્ત પોતાના ધામને વિષે રહ્યા છે. તે જેવા અક્ષરમાં છે તેવા ઉત્તરોતર એકબીજમાં નથી રહ્યા. મૂળઅક્ષરમાં શ્રીજીમહારાજ એક જ પોતાના તેજ દ્વારે અન્વયપણે રહ્યા છે, વાસુદેવબ્રહ્મને વિષે શ્રીજીમહારાજને મૂળઅક્ષર એ બેય તેજ દ્વારે અન્વયપણે રહ્યા છે અને મૂળપુરુષમાં વાસુદેવબ્રહ્મે સહિત ત્રણેય તેજ દ્વારે રહ્યા છે અને જીવમાં પુરુષે સહિત તેજ દ્વારે ચારેય અન્વયપણે રહ્યા છે. પ્રકૃતિ (લક્ષ્મીરૂપ માયા) પણ મૂળપુરુષના ભેગી જ રહે છે. માટે પ્રકૃતિ પણ જીવ જીવ પ્રત્યે અંતર્યામીપણે રહી છે.

**૧૧૮ સ્વામી-સેવકભાવ :**

મહારાજ પોતાની મૂર્તિમાં રહેલા અનંત મુક્તોને અખંડ સુખ આપ્યા જ કરે છે અને મુક્તો એ સુખ લીધા જ કરે છે, ક્યારેય તૃપ્ત થતા જ નથી. એમ એ સુખને આપવું - લેવું એ જ સ્વામી - સેવકભાવ.

**૧૧૯ ભગવાનનો સાચો આશ્રિત કોને કહેવાય ?**

જેને પહેલા ભગવાનની આજ્ઞા અને ઉપાસના સમજણમાં પરિપક્વ થઈ હોય અને પછી એનો લક્ષ્યાર્થ કરવા તરફ જેની હંમેશ નજર રહે, મતલબ કે જે ભગવાનની આજ્ઞાઓનું પાલન અણીશુદ્ધ રીતે કરવા સતત પ્રયત્નશીલ રહે અને શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના દ્રઢ હોય તેને. - પૂજ્યશ્રી નારાયણમામા.

**૧૨૦** પુસ્તકનું જ્ઞાન જીવને સ્પર્શતુ નથી. ગમે તેવું ઉચ્ચ કક્ષાનું પુસ્તકિયું જ્ઞાન અનુભવજ્ઞાન આગળ વામણું ભાસે છે. અનાદિમુક્તની વાણી અનુભવવાણી હોવાથી જીવનમાં આમૂલ પરિવર્તન લાવનારી હોય છે.

**૧૨૧ વચનામૃતનું રહસ્ય :**

સદ્. ગુણાતીતાનંદસ્વામીએ સદ્. ગોપાળાનંદસ્વામીને કહ્યું કે સ્વામી ! અંતરમાં ભગવાનની મૂર્તિ દેખાવી જોઈએ, પરમ શાંતિ, શીતળ શાંત એવું સુખ અનુભવાવવું જોઈએ, એ થાતું નથી; એનું કારણ શું સ્વામી કહે તમે

વચનામૃતનું રહસ્ય જેમ છે તેમ સમજી શક્યા નથી. એનું કારણ એ છે. સદ્. ગુણાતીતાનંસ્વામી કહે એટલું ગહન છે ? તો કહે, હા પછી એ સદ્ગુરુઓ બાર માસ સુધી એક એક વચનામૃત સદ્. ગોપાળાનંદસ્વામી થકી સમજ્યા ત્યારે યથાર્થ સમજી શક્યા. સ્વામી જેવા મહાન સત્પુરુષ સિવાય એ સમજવા એ કંઈ સહેલી વાત નથી.

**૧૨૨** જ્યાં સુધી મહારાજ સન્મુખ હોય ત્યાં સુધી વિધિ કરવાનો બાકી જણવો; પણ પ્રતિલોમપણે મુખેમુખ, હસ્તેહસ્ત, ચરણેચરણ થયા એટલે વિધિ પૂરો થયો જાણવો. જ્યાં સુધી એવું ન થયું હોય ત્યાં સુધી સત્સંગ અધૂરો જણાવો.

**૧૨૩** શ્રીજીમહારાજ કહે, 'અમને અભેદપણે (સરખાપણે) ભજે તે ન ગમે. દાસપણું મૂકી દેવું તે અભેદપણે ભજ્યા કહેવાય.' માટે દાસપણું રાખીને જ ભજન કરવું.

**૧૨૪** મામા કહે, 'મહારાજે વર આપ્યો છે કે જો મારા ભક્ત પંચવર્તમાન પાળશે તો હું કૃપાસાધ્ય થઈને સંપૂર્ણ પણે આવરણો ટાળીશ. એ પાળવા માટે આપણે પ્રયત્ન કરવો. પંચવર્તમાનનું સ્થૂળ સ્વરૂપ પાળવાનું પણ અત્યારના સજોગોમાં કઠીન પડે છે. તો સૂક્ષ્મ સ્વરૂપ તો કેટલું અઘરૂં થઈ જાય ? નાહિંમત થઈ જવાય કે આપણે ધામમાં જવાના જ નથી, મૂકો આ બધી માથાકૂટ.' ત્યારે મહારાજ કહે, 'તમે કોઈ ચિંતા ન કરો; કાંઈ પણ કચાશ રહી જશે તો હું કૃપાસાધ્ય થઈશ.' - પૂજ્યશ્રી નારાયણમામા

**૧૨૫ પ્રીતિ : હેત : પ્રીતિનું લક્ષણ :**

જેને ભગવાનને વિષે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહિ. જેમ ભગવાનનું ગમતું હોય તેમ જ રહે, એ પ્રીતિનું લક્ષણ છે. હરિભક્તને ભગવાન વિના બીજા પદાર્થમાં પ્રીતિ થઈ જાય તો જે ઠેકાણે પોતાના હૃદયમાં જાણપણામાં ભગવાન રહ્યા છે તે ઠેકાણે ધન, સ્ત્રી આદિક બીજા પદાર્થ પણ પેસી જાય, ત્યારે એની ભક્તિ ખોટી થઈ જાય. માટે જાણપણારૂપ ભગવાનના દરવાજાને વિષે સાવધાન રહેવું ને ભગવાન વિના

બીજા પદાર્થ ત્યાં પેસવા દેવા નહિ. જેવી પોતાના દેહને વિષે આત્મબુદ્ધિ ને દ્રઢ પ્રીતિ રહે છે તેવી જ ભગવાન તથા ભક્તને વિષે રહે તો નિર્વિકલ્પ સમાધિમાં શાંતિ રહે છે તેવી શાંતિ એ સમાધિ વિના પણ સદાય રહ્યા કરે. મહારાજ કહે છે કે મારા જેવું હેત તો મારા મુક્તને વિષે પણ ન કરવું. મને પામવું હોય તો મારામાં જ આસક્તિ કરો. ભગવાન સિવાયના બીજામાં આસક્તિને લીધે પુર્નજન્મ / બીજો જન્મ થાય. આસક્તિ કારણ દેહમાં વળગી છે.

૧૨૬ **મહામૂલી, મોંઘી મૂર્તિનું દિવ્ય સુખ કોને મળે છે ?**
ધ્યાનનો આગ્રહ રાખે તેને.

૧૨૭ **મામા કહે છે કે કદીયે એમ નહિ માનવાનું કે મહારાજ આપણામાં રહીને કામ નહિ કરે. આપણામાં રહીને એ જ કામ કરે છે. બધા ગળાઓ કોના છે ?**
**મહારાજના. મહારાજ બધાયના ગળાઓ દ્વારા કંઈ ને કંઈ બોલે છે. ભગવાન સ્વામિનારાયણનું તત્ત્વજ્ઞાન અને સંદેશ જો સારાય જગતમાં પ્રસરાવવું હશે તો ભગવાને ચીંધેલી આજ્ઞાઓ આચરણમાં ઉતારવી પડશે. આચારણમાં ઉતાર્યા વગરની વાતો કોઈના હૃદયને કે મનને સ્પર્શ કરશે નહિ. બાપાશ્રી કહે છે કે જેના અંતરમાં મહારાજની મૂર્તિનું સુખ હોય તેની વાતથી શાંતિ અને સમાસ થાય.**

૧૨૮ **ભગવાનનો દ્રોહ : ભક્તનો દ્રોહ :** દ્રોહ ભગવાનને નિરકાર માનવા ને બીજા કાળ, કર્મ, સ્વભાવ ને માયા આદીકને કર્તા કહેવા એ જ ભગવાનનો દ્રોહ છે. એવો દ્રોહ જે ન કરે તેણે સંપૂર્ણ પૂજા કરી અને તે વિના તો ચંદન પુષ્પ આદિકે કરીને પૂજે છે તોપણ ભગવાનનો દ્રોહી છે. માટે ભગવાનને જગતના કર્તા - હર્તા ને મૂર્તિમાન (દિવ્ય સાકાર) જાણવા તો તે રાજી થાય. ॥ **જીવ ક્યારે નાશ પામી જાય છે ?** (૧) ભગવાન (૨) ભગવાનના ભક્ત (૩) બ્રાહ્મણ (૪) ગરીબ, એ ચારમાંથી એકેયનો દ્રોહ

કરે તો જીવ નાશ પામી જાય છે. પર્વતનું કે એવું બીજું જ કોઈક જડ દેહ આવે તેમાં કોઈ કાળે જીવનું કલ્યાણ થાય નહિ, એટલે જીવનો નાશ થઈ ગયો એમ જાણવું. **ભગવાનનો દ્રોહ ક્યારે કર્યો કહેવાય ?** તેમને નિરાકાર, અકર્તા જાણે ને તેમની બાંધેલી પંચવર્તમાન સંબંધી આજ્ઞા ન પાળે ત્યારે. **ભક્તનો દ્રોહ :** તેને ધ્યાન - ભજન કરવામાં વિક્ષેપ કરે, દુઃખ દે, તાડન કરે ને એનું ભુંડું થવાનો સંકલ્પ કરે ત્યારે. **બ્રાહ્મણના લક્ષણે યુક્ત એવા બ્રાહ્મણનો દ્રોહ :** ભયંકર વચને ડારો દે, આજીવીકા તોડે એમ દુઃખવે ત્યારે. **ગરીબનો દ્રોહ :** વાંક વિના પીડે, વઢે તાડન કરે એમ દુઃખ દે ત્યારે. (ગરીબ = ભક્ત હોય, આજ્ઞા પાળતો હોય પણ સ્વભાવે ગરીબ હોય, સામું બોલતો ન હોય એવો.) ॥ **ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહી હોય તેનો કોઈ કાળે એ પાપ થકી છૂટકો ન થાય; અને પુરુષ હોય તો રાક્ષસ થઈ જાય ને સ્ત્રી હોય તો રાક્ષસી થઈ જાય, પછી તે કોઈ જન્મમાં અસુર મટીને ભગવાનનો ભક્ત થાતો નથી. ભગવાન પોતાના ભક્તના દ્રોહ કરનારા ઉપર જેવા કુરાજી થાય છે ને દુઃખાય છે તેવા કોઈ પાપે કરીને દુઃખાતા નથી.** ॥ જ્ઞાન માર્ગ : ભગવાનના સ્વરૂપનો દ્રોહ : જ્ઞાન માર્ગ એવો સમજવો કે ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાય નહિ કોઈ કાળે વચન લોપાણું હોય તો તેની ચિંતા નહિ કેમકે પ્રાયશ્ચિત કરીને તેમાંથી છૂટકો થાય પણ ભગવાનના સ્વરૂપનો દ્રોહ કર્યો હોય તો તેનો કોઈ રીતે છૂટકો થાય નહિ. માટે પોતાને સાક્ષાત્ મળ્યુ જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકાર, સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું તે પાકી નિષ્ઠા કહેવાય અને જો નિરાકાર ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય. ॥ જેમ ક્ષય રોગ થયો હોય તે કોઈ ઔષધે કરીને મટે નહિ. તેમ જેને ભગવાન ને ભક્તનો અવગુણ આવ્યો હોય તેના હૃદયમાંથી આસુરી મતિ (બુદ્ધિ) ટળે નહિ. અનંત બ્રહ્મહત્યા, બાળહત્યા, કરી હોય ને અનંત ગુરુ સ્ત્રીનો સંગ કર્યો હોય તેનો પણ કોઈ કાળે છૂટકો થાય, શાસ્ત્રમાં તે પાપ છૂટ્યાનો ઉપાય કહ્યો છે પણ અવગુણ લેવાવાળાને એ પાપ છૂટ્યાનો ઉપાય કહ્યો નથી. ઝેર ખાય,

સમુદ્રમાં પડે, પર્વતથી પડે અથવા કોઈ રાક્ષસ મળે ને ખાઈ જાય તો એક જ વાર મરવું પડે પણ દ્રોહીને તો અનંત કોટી કલ્પ સુધી મરવું પડે ને અવતરવું પડે. વળી રોગથી તથા કોઈ શત્રુથી શરીરનો નાશ થાય પણ જીવનો નાશ થાતો નથી. દ્રોહ કર્યાથી તો જીવનો પણ નાશ થઈ જાય છે. ॥ **દ્રોહનું ફળ :** ભગવાનના ભક્તનો દ્રોહ કરે તેની આસુરી મતી થઈ જાય છે. જય-વિજય ભગવાનના ધામને દરવાજે હતા પણ પોતાને માને કરીને ખબર ન રહી; તેથી સનકાદિકનું અપમાન કર્યું. પછી શ્રાપ (શાપ) થયો એટલે અસુર થયા અને ત્રણ જન્મ સુધી અસુરભાવે ભજન કર્યું, ત્યાં સુધી દ્રોહનું ફળ ભોગવવું પડ્યું. માટે એ માર્ગે ચાલવું જ નહિ. ભગવાનના ભક્તનો દ્રોહ કરવો તે પણ હિંસા કહેવાય. અત્યારે તો દ્રોહની નદીઓ ચાલે છે. દ્રોહમાંથી તો જીવનો નાશ થઈ જાય છે ને તેમાંથી જીવનું બહુ બગડે તે આપણે જાળવવું. - અનાદિમુક્ત બાપાશ્રી. મોટા પુરુષનો દ્રોહ થાય તો જીવ આસુરી થઈ જાય. મોટા પુરુષ તો કોપ કરતા જ નથી; પણ જીવ આકુડો આસુરી થઈ જાય. મોટા તો અધમ જેવા જીવને વિષે પણ સારો સંકલ્પ કરે છે.

૧૨૯ જ્યાં સુધી મનુષ્ય ભગવાનને સંપૂર્ણ ઓળખે નહિ ત્યાં સુધી એનામાં રાગ હોય, ઐશવર્યનો રાગ મહાકારણ દેહ. ભક્તિ કરતાં કરતાં ખૂબ ઊંચા સાધને પહોંચે પછી એનામાં ઐશ્વર્ય આવે. ત્યારે સાધારણ બુદ્ધિવાળા માણસો હોય એને તો એમ થાયને કે કેવડા મોટા છે ! અને પાછુ એ ઐશ્વર્યાર્થીમાં સ્થૂળ રીતે તો ત્યાગ, વૈરાગ્ય બધું દેખાય. ભગવાન એને જે રાગ હોય તેનો ઉપયોગ કરીને જીવોને પોતાનું નામ એકવાર પહોંચાડે છે. પછી જેણે પ્રસિદ્ધિના રાગ સાથે ઐશ્વાર્યાથી બનીને ભગવાન ઓળખાવ્યા તેને વધુ સહન કરવાનું રહે. માટે ઐશ્વર્યાર્થીએ સમજવું જોઈએ કે મહાકારણથી (ઐશ્વર્યના / પૂજાવા - મનાવા - ઉપાસવાના રાગથી) આગળ જવું. મહારાજ મૂક્તોનું ઐશ્વર્ય ઢાંકી રાખતા એટલા માટે કે જીવ એમને ભગવાન માનતો ન થઈ જાય ને તેઓ ભગવાનમાં જોડે.

૧૩૦ મામા કહે છે કે અરે ! અંત વખતે ગમે તેટલું દુઃખ થાય, અંત વખતે ભગવાન સાંભરે નહિ, કંઈ વાંધો નહિ. ભગવાન તો જાણે છે ને ? છેલ્લી ઘડીએ જ્યારે દેહમાંથી જીવ નીકળવાનો હોય એ વખતે દર્શન આપે છે. જેમ પાંદડા હટાવી લે ને જળ દેખાય એમ ચેતન્ય નિર્મળ બને છે અને પછી અનુભવજ્ઞાને કરીને મૂર્તિમાં ખેંચાઈ જાય છે. આટલી જ વાર લાગે ! બાપાશ્રી કહેતા આમ ચપટી વગાડીને.

૧૩૧ સત્પુરુષ વચન બોલે એટલે થઈ જાય. એકવાર બોલ્યા એટલે એમાં ફેરફાર ન થાય, પણ આપણને શંકા થવી જોઈએ નહિ. દેહનું દુઃખ હોય તો થોડું સહન કરી લેવું મૂંઝાવું નહિ. સુખ - દુઃખથી શું મૂંઝાવું ? આનંદમાં રહેવું. દેહ છે તો વહેલો મોડો પડવાનો તો છે જ. બીજું શું થવાનું છે ?

૧૩૨ **કૃપાસાધ્ય :**

જેને મૂર્તિમાં રાખ્યા અને છેલ્લા જન્મના આશીર્વાદ આપ્યા એના બે દેહ કરી નાખ્યા છે. એક દેહ ભાગવતીતનું ને બીજા દેહે કામ કરાવે છે. આ દેહે અંતરશત્રુ નડે એવુય દેખાય. એની સાથે આપણે નિસ્બત નથી. આપણે તો એક જ તાન રાખવું કે હું તો મહારાજની મૂર્તિમાં છું. મહારાજે મને રાખ્યો છે. છેલ્લા જન્મનો અર્થ એ કે બીજી કોઈ કોટિમાં જવાનું ન રહે. જો વિશ્વાસ હોય તો છેલ્લો જન્મ થયા વગર રહે જ નહિ. આપણે મૂર્તિથી બહાર છીએ એવો ભાવ કદીયે લાવવો નહિ - એ કૃપાસાધ્ય.

૧૩૩ આપણે મહારાના પંચવર્તમાન પાળીએ એટલે અન્ન, વસ્ત્ર અને રહેઠાણ આપે જ છે. ભાઈ ! કોઈ પણ કરોડપતિ હોય તે પણ અન્ન, વસ્ત્ર ને રહેઠાણ આ ત્રણ સિવાય ચોથું શું ભોગવે છે ? આટલું આપવા તો ભગવાન બંધાયેલા છે, પણ આપણને શ્રદ્ધા નથી. સ્વામિનારાયણ ભગવાન કહે છે કે સર્વોપરી પરમાત્માને જો ઓળખે તો અન્ન, વસ્ત્ર, ધન મળ્યા વગર ન રહે. માટે ભગવાનને યથાર્થ ઓળખવા ને આજ્ઞાઓ પાળવી.

૧૩૪ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ એમાં શ્રેષ્ઠ શું છે જેના પેટામાં બાકીના ત્રણેય આવી જાય ? માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ હોય તો તેના પેટામાં બાકીના ત્રણેય આવી જાય.

૧૩૫ માહાત્મ્યે સહિત ભક્તિ (અસાધારણ ભક્તિ), જે મોટા પુરુષની સેવા પોતપોતાના ધર્મમાં રહીને મન-કર્મ-વચને કરે તે જીવના હૃદયમાં આવે છે.

**૧૩૬ એવું એક કયુ સાધન છે જે રાખવાથી કલ્યાણને અર્થે સાધન છે તે સર્વે એકમાં આવી જાય ?**

મહારાજ કહે, ''બત્રીસ લક્ષણે યુક્ત સંતનો સંગ મન-કર્મ-વચને કરીને રાખે તો બધા સાધન તે સંતના સંગમાં આવી જાય.'' વળી મ.૧૨ માં મહારાજ કહે છે કે જેટલા કલ્યાણને અર્થે સાધન છે તે સર્વે પુરુષપ્રયત્નરૂપી સાધનને વિષે આવે છે. નાદાર ન થવું. ઈન્દ્રિયો - અંતઃકરણને દાબીને વર્તવું પણ તેથી દબાવું નહિ. બીજું ભગવાનનું માહાત્મ્ય જાણીને ધ્યાન કરવું અને ઈન્દ્રિયોને નિયમમાં રાખીને વશ કરવી. **ઈન્દ્રિયોને કેવી રીતે વશ કરવી ?** મનને ધ્યાને કરીને, શ્રોત્રને કથા સાંભળીને - ગ્રામ્યવાર્તા સાંભળવા દેવી નહિ, ત્વચાને ભગવાન ને ભક્તનો સ્પર્શ કરાવીને સ્ત્રી આદિકના સ્પર્શ તજવા, નેત્રને પરમેશ્વર ને તેના દાસના દર્શન કરાવીને, રસનાને અખંડ ભગવદ્ ગુણ ગવરાવીને ને ભગવાનના પ્રસાદનો સ્વાદ લેવરાવીને, નાસિકાને ભગવાનના પ્રસાદી જે પુષ્પ આદિકનો જ સુગંધ લેવરાવીને. આમ કોઈ ઈન્દ્રિયને કુમાર્ગે ચાલવા દેવી નહિ. આમ નાદારપણાનો ત્યાગ કરીને સાવધાન થઈને પુરુષપ્રયત્ન કરવાથી ઈન્દ્રિયોને વશ કરી શકાય.

**૧૩૭ શ્રીજીમહારાજ કહે,**

''પોતામાં માયાના ગુણ હોય પણ અમને માયાથી પર જાણે તે ભક્ત માયાથી પર થાય છે ને તે માયાને તર્યો કહેવાય.''

**૧૩૮ ધર્મધુરંધર :**

ધર્મનો સર્ગ જેનામાંથી ચાલે તે. મહારાજ મર્ધધુરંધર કહેવાય.

૧૩૯ જેનામાં અજ્ઞાન હોય એનામાં સામાન્ય રીતે દ્રેષ અને ઈર્ષ્યાનું થોડું સૂક્ષ્મ સ્વરૂપ હોય છે.

૧૪૦ **શ્રદ્ધા : વિશ્વાસ :** અનંત જન્મોના સંસ્કારના પરિણામરૂપે અંતરમાં સ્વયંભૂ પ્રગટે છે. તેને પૂરાવા કે સાબિતીની જરૂર હોતી નથી. તેને કોઈ કારણ નથી હોતું. - Faith is reasonless. બુદ્ધિ અને ક્રિયાશીલતા (કામ કરીએ તે) આપણી શ્રદ્ધા પ્રમાણે જુદા જુદા કાર્યમાં લગાડીએ તો જે પરિણામ આવે તેમાં સારો એવો ભેદ જોવા મળે છે. કોઈ પણ મનુષ્યનું નિર્માણ તેની શ્રદ્ધાને આધારે થાય છે. બુદ્ધિ અને સક્રિયતા (ક્રિયાશીલતા) બંને શ્રદ્ધાના અનુચર - Follower છે. તે શ્રદ્ધા પ્રમાણે કરે છે. મનુષ્ય શ્રદ્ધામય જ છે. જેવી શ્રદ્ધા હોય તેવો તે બને છે. જેવી જેની શ્રદ્ધા તેવી તેની સ્થીતિ !

**શ્રદ્ધા :**

ભગવાન ભક્તના સંકલ્પ પૂરા કરે છે, એમ કહેવાય છે એ સત્ય છે. ભક્તને એમાં પુર્ણ શ્રદ્ધા ન હોવાથી માગ્યા કરે છે. એને એમ કે હું માગું તો જ ભગવાન સાંભળશે, નહિ તો નહિ સાંભળે. ભગવાન જાણે બહેરા ન હોય !! પ્રભુને પ્રાર્થના કરવી પણ શ્રદ્ધા સંપૂર્ણ હોવી જોઈએ. શ્રદ્ધા વગરની ભક્તિ કોઈ દિવસ ફળ આપતી નથી. એનાથી કોઈ સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. વિજ્ઞાનના પ્રયોગોમાં પણ જો શ્રદ્ધા ન હોય તો વૈજ્ઞાનિક સત્યો શોધી શકાતા નથી. શ્રદ્ધા દરેક કાર્ય કે ધંધામાં પણ હોવી જોઈએ, જો આત્મશ્રદ્ધા ન હોય તો કોઈ કાર્ય કે ધંધો પણ કદીયે ફળ આપશે નહિ. સફળતા નહિ મળે. શ્રદ્ધા નહિ હોય તો કોઈ મનુષ્યની સાથે આત્મીયતા પણ નહિ થઈ શકે. શ્રદ્ધા એ તમામ વસ્તુઓની સિદ્ધિઓ માટેનું અમોઘ શસ્ત્ર છે, અમોઘ સાધન છે. શ્રદ્ધાથી જ હંમેશા પોતાનું ધારેલું કામ પાર પડે છે. માટે શ્રદ્ધા પૂરેપૂરી રાખવી. આત્યંતિક કલ્યાણ માટે પણ શ્રદ્ધા એ અક્ષરધામમાં જવાનો પૂલ છે. - મામા. ભગવાનનું માહત્મ્ય જાણે તો શ્રદ્ધા મંદ હોય તો વૃદ્ધિને પામે છે અને ન હોય તોપણ થાય છે.
**મૂર્તિ સિવાય ક્યાંય શ્રદ્ધા ન રાખવી. કંઈક મુશ્કેલી આવે ત્યારે કોઈક કહે કે આ ભાઈ તારી મુશ્કેલી ટાળી દેશે. મુશ્કેલીથી એવો કંટાળેને !! ભગવાન**

**એવી પરીક્ષા કરે કે મટાડે પણ નહિ. ગમે તેટલી પ્રાર્થના કરે તો વધે અને એ વખતે સહન ન થતા ગમે તેને શોધે. શોધે એટલે શ્રદ્ધા નથી એમ નક્કી થઈ ગયું. બીજે પ્રતીતિ આવી જાય. ન આવવી જોઈએ. થઈથઈને શું થઈ જવાનું હતું ? બહુ બહુ તો દેહ પડી જાય. અરે ! આટલા બધા દેહ પડી ગયા તોય કંટાળ્યા નહિ, તોય થાક્યા નહિ, તો એક વધારે, એમાં થાકી જવાનું ? અરે ! મૂવો પડી જાય તો, શ્રદ્ધા જરા પણ ડગવી જોઈએ નહિ. ભલેને ગમે તે થઈ જાય. આપણે તો અક્ષરધામના અધિપતિના પાટવી કુંવરો, અનાદિમુક્તો છીએ. મગજમાં ભય જેવી વસ્તુ રહેવી જોઈએ નહિ. નિર્ભય કર્યા અભયપદ આપ્યું. મૂળઅક્ષર સુધીના જે ભય છે એમાંથી મહારાજે મુક્ત કર્યા. પોતે આપણો ભય લઈ લીધો આપણને ભલે ખબર ન પડે. એની ચિંતા નહિ કરવાની. શ્રદ્ધા નહિ ડગાવવાની. એક જ વાત, ગમે તેવા દુઃખનો સંબંધ થાય, આ જન્મે જ ભોગવી લેવું છે. દેહમાં ગમે તેવો રોગ આવે, આ લોકની ગમે તેવી આપત્તિ આવે, અરે ! આપત્તિ તો એક સ્વપ્ન માત્ર છે. સ્વપ્નમાં આવે પણ સ્વપ્ન જતું રહે એટલે કંઈ હોય ? માટે શ્રદ્ધા પૂરેપૂરી રાખવી.**

**વિશ્વાસ :**

વિશ્વાસનો પાયો નક્કર પૂરાવાને સાબિતીઓ છે. Trust is the core Conviction of Judgement based on Knowledge, instinct and Experience. શ્રદ્ધા વિશ્વાસ સાથે જોડાય એટલે અંતરમાં કંઈક કરવાનો સંકલપ થાય છે. તે સંકલ્પ જ કોઈક ક્રિયા / કાર્ય કરવા પ્રેરણા કરે છે. વિશ્વાસ = વિશ્ ₹ વાસ. વિશ્ એટલે દાખલ થવું અને વાસ એટલે નિવાસ કરવો, એટલે કે અંદર દાખલ થઈને કાયમી નિવાસ કરવો. જે ભાવસંવેદના અંતઃકરણમાં દાખલ થઈને નિવાસ કરતી હોય તેને વિશ્વાસ કહે છે.

બાપાશ્રી કહે છે કે શ્રીજીમહારાજ ને એમના મુક્તના વચનમાં આસ્તિક બુદ્ધિ તેને જ શ્રદ્ધા કહે છે. શ્રદ્ધા તો મહારાજ ને મોટા આપે પણ વિશ્વાસ નથી. મોટાનો વિશ્વાસ લાવીને જો તેમની સાથે પોતાના જીવને જડી દે

તો મોટા તેને મૂર્તિના સુખે સુખિયો કરે. **મહારાજ કહે છે કે હું રાજી થાઉં એમ રહેવાનું. એમાં સંકલ્પ નહિ કરવાનો કે આમ કેમ કર્યુ ? એવો વિશ્વાસ રાખવાનો. એ અચળ વિશ્વાસ એવો દ્રઢ કરી રાખવો કે માથું ઉડાડી દે તોય ફિકર થાય નહિ. મહારાજને ઈચ્છા હોય તેમ થયું હોય !! ગમે તેવી પરિસ્થિતિ આવે એ પ્રભુએ સર્વેલી છે તેમ માની તેનો સહર્ષ સ્વીકાર કરવો.** મહારાજ કહે છે કે **"પંડિતથી ગાઉ પચાસ; જ્ઞાનીથી ગાઉ વીસ, પ્રેમીને આસપાસ; ને વિશ્વાસની શીશ" માટે વિશ્વાસ પૂરેપૂરો રાખવો.**

**૧૪૧ "છેલ્લો જન્મ"**

એટલે અનંત જન્મોના કરેલા કર્મોના બંધનમાંથી કાયમી મુક્તિ. પૂજ્યશ્રી નારાયણમામા.

**૧૪૨ જીવની વૃત્તિ :**

જો આપણે ભગવાનને અનુભવવા હોય તો આપણી પાસે એક અને માત્ર એક જ સાધન છે. એ છે આપણા જીવની વૃત્તિ - પૂજ્યશ્રી નારાયણમામા. જો વૃત્તિને ભગવાનમાં રાખીશું તો ભગવાનને પામીશું ને જગતમાં રાખીશું તો જગતને પામીશું.

**૧૪૩ શંખનું જળ :**

મહાપવિત્ર અને ઉર્જાસભર માનવામાં આવે છે. તેથી જ મંદિરોમાં આરતી પછી શંખજળથી આરતીની પ્રદક્ષિણા કરવામાં આવે છે.

**૧૪૪ આસન : પાથરણું :**

પૂજા-જપ-ધ્યાન કરવાથી આપણા શરીરમાં વિદ્યુતશક્તિરૂપ ઊર્મિ ઉત્પન્ન થાય છે. આધ્યાત્મિક ઉત્થાન માટે આ ઉર્જા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આસન વિના ધ્યાન માટે બેસવાથી શરીરમાં ઉત્પન્ન થતી વિદ્યુતશક્તિ જમીનની અંદર જતી રહે છે. આ વિદ્યુતશક્તિ જ આપણી ચેતનાને ઉર્ધ્વગામી બનાવી આપણને પરમતત્ત્વમાં એકાકાર કરે છે. આસન માટે ઉનનું અથવા શણ ઉપર રેશમી કાપડના કવરવાળું આસન ઉત્તમ છે. વિદ્યુતનું અવાહક હોય

તેવું આસન લેવું જોઈએ. સાધુ-સંન્યાસી માટે લાડકાનું આસન યોગ્ય છે. જમીન પર ઉઘાડા પગે ચાલવાથી પણ શરીરની વિદ્યુતશક્તિનું અર્થિંગ થઈ જાય છે. માટે ઘરમાં પણ હંમેશા ચાખડી કે સ્લીપર પહેરી રાખવા જોઈએ.

**૧૪૫ આત્મસત્તારૂપે :**

રહેવું એટલે સાંખ્યજ્ઞાન મૂજબ ચોવીસ તત્વના બનેલા દેહ તથા દેહવિષયક સર્વે વ્યાપારોથી અલિપ્ત થઈને પોતાને શુદ્ધ ચૈતન્યરૂપ માનીને વર્તવું તે. **આત્મનિષ્ઠા એટલે શું ?** પોતાના આત્માને દેહથી પૃથક (જુદો) માનવો તે. સર્વેના આત્મા મહારાજ; એને વિષે નિષ્ઠા એ ખરી આત્મનિષ્ઠા. સત્સંગમાં સહન કરે તે આત્મનિષ્ઠા કહેવાય. જો આત્મનિષ્ઠા થઈ હોય તો બધું દિવ્ય થઈ જાય ને મોટાને વિષે મનુષ્ય બુદ્ધિ આવે નહિ.

**૧૪૬ શ્વેતદ્રીપમા નિરન્નમુક્ત રહે છે તે આત્મસત્તારૂપે રહીને, ભગવાનનું ધ્યાન કરીને કારણ શરીરના રાગ ટાળે છે. બદરિકાશ્રમના મુક્ત ધ્યાન કરીને સ્થૂળ ને સૂક્ષ્મ શરીરના ભાવ / રાગ ટાળે છે.**

**૧૪૭ અક્ષિવિદ્યા :**

એ એક પ્રકારની ધ્યાનની યૌગીક ક્રિયા છે. તેમાં એક આંખને બંધ કરી તેના દ્વારા અંતરમાં મૂર્તિને ધારવાની અને સાથે સાથે બીજી આંખને ખુલ્લી રાખી અનિમેષપણે બહાર મૂર્તિને નીરખવાની હોય છે. પછી આ જ ક્રિયા આંખોને ઉલટ સૂલટ કરીને કરવાની રહે છે.

**૧૪૮ અર્ચિમાર્ગ :**

એ પ્રકાશનો માર્ગ છે. મુમુક્ષુ મુક્તનો સંગ કરીને ધર્મ, આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને મહાત્મ્યે સહિત નિષ્કામ ભક્તિ કરીને એકાતિંક થાય ત્યારે માયાથી મુક્ત થાય. પછી તેને શ્રીજીમહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રહેવા લાગે છે ને દેહની વિસ્મૃતિ થઈને શ્રીજીમહારાજની મૂર્તિનો પ્રકાશ દેખાય છે. જે તેજ દ્વારા મહારાજની મૂર્તિ દેખાય તે તેજના માર્ગને અર્ચિમાર્ગ કહે છે. અ.મુ. - બાપાશ્રી

**૧૪૯ આત્મબુદ્ધિ :**

પોતાપણાની બુદ્ધિ એકાત્મપણું, એકતા, એકાકારપણું, આત્મબુદ્ધિ બે પ્રકારની છે. (૧) **સાધનકાળમાં :** શ્રીજીમહારાજ અને એમના મુક્તો સાથે એકાત્મપણાની ભાવના થાય અને એમના સુખે સુખી ને દુ:ખે દુ:ખી થાય તેને સાધનકાળની આત્મબુદ્ધિ કહે છે. (૨) **સિદ્ધદશામાં :** જ્યારે સિદ્ધદશાને પામે ત્યારે જેવી રીતે દેહમાં રહીને સુખ - દુ:ખ ભોગછે છે તેવી રીતે અનાદિમુક્તો મહારાજની મૂર્તિમાં રસબસ રહીને મૂર્તિના રોમે રોમનું સુખ ભોગવે (મૂર્તિમાં સુખભોક્તા પણે રહે છે.) તે દ્રઢ આત્મબુદ્ધિ કહેવાય. તેને સિદ્ધકાળની આત્મબુદ્ધિ કહે છે. - બાપાશ્રી.

જેવી પોતાના દેહને વિષે આત્મબુદ્ધિ ને દ્રઢ પ્રીતિ રહે છે. તેવી જ ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે રહે તો જેવી નિર્વિકલ્પ સમાધિમાં શાંતિ રહે છે તેવી જ શાંતિ એ સમાધિ વિના પણ સદાય રહ્યા કરે તથા ભૂંડા દેશકાળ આદિક પ્રાપ્ત થાય તોપણ તેને કોઈ રીતનું વિઘ્ન લાગે નહિ ને ભગવાન ને ભક્ત થકી વિમુખ થાય નહિ. ॥ મહારાજ કહે છે કે જેમ દેહને દુ:ખે દુ:ખી ને સુખે ખુખી થવાય છે એવો ભાવ મહારાજ તથા મુક્તને વિષે રાખે તે બહારવૃત્તિથી આત્મબુદ્ધિ છે. (સાધનદશામાં) જેમ સમગ્ર દેહમાં રહીને જીવ સુખ-દુ:ખ ભોગવે છે તેમ મૂર્તિમાં નખ-શિખા પર્યંત રહીને મહારાજનું સુખ ભોગવવું તે અંતરવૃત્તિએ આત્મબુદ્ધિ કહેવાય. (સિદ્ધદશાની) સાક્ષાત્કાર હોય એવા સત્પુરુષને વિષે આપોપું માનવું જે તે હું છું, તે સંતને વિષે આત્મબુદ્ધિ જાણવી.

**૧૫૦ અન્વય સ્વરૂપ :**

શ્રીજીમહારાજની દિવ્ય વ્યતિરેક મૂર્તિનું તેજ સાકાર મૂળઅક્ષરથી લઈને જીવ પ્રાણીમાત્રમાં અંતર્યામી સ્વરૂપે તારતમ્યતા પ્રમાણે વ્યાપક છે તે અથવા શ્રીજીમહારાજ મૂળઅક્ષરથી લઈને જીવ સુધી બધામાં પોતાના તેજ દ્વારા રહેલા છે તેને મહારાજનું અન્વય સ્વરૂપ કહે છે.

**૧૫૧ અવરભાવ :**

આ લોક (ભૌતિક જગત) માં જે કાંઈ બનાવો આપણે જોઈએ છીએ, અનુભવીએ છીએ એ અનુભૂતીને અવરભાવ કહે છે.

**પરભાવ :**

આ દેખાય છે તે જગતની પેલી પાર સૂક્ષ્મ આધ્યાત્મિક જગત છે. એની જે ચેતના છે તે સ્થૂળ જગતની સર્વે ક્રિયાઓનું કારણ છે. એ ચેતના સ્થૂળ દ્રષ્ટિથી જોઈ શકાતી નથી, પરંતુ આત્મચેતના દ્વારા અનુભવી શકાય છે. આ અનુભૂતીને પરભાવ કહે છે.

**૧૫૨ અંતર પડદે :**

બાપાશ્રી કહે કે એકાંતિક ભક્તના આત્મામાં શ્રીજીમહારાજ સાક્ષાત્ વ્યતિરેક સ્વરૂપે રહે છે, જ્યારે ચાલોચાલ ભક્તમાં અંતરપડદે રહેલા છે. અંતરપડદે એટલે આત્મામાં મહારજ સાક્ષાત્ વ્યતિરેક સ્વરૂપે તો છે જ, પરંતુ વચ્ચે અષ્ટ આવરણોનો પડદો હોવાથી એમના દર્શન થતા નથી.

**૧૫૩ ચિદાકાશ :**

શ્રીજીમહારાજની મૂર્તિનો પ્રકાશ. માયાના અંધકાર ફરતો ચિદાકાશ આવેલો છે.

**૧૫૪ નિર્બીજ સાંખ્ય :**

આત્માને સ્તૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ એ ચાર દેહથી જુદો જાણવો તે.

**૧૫૫ નીર્બીજ યોગ :**

ચાર દેહથી ભિન્ન એવા આત્મા આકારે વૃત્તિ કરવી તે.

**૧૫૬ નિર્વિકલ્પ સ્થિતિ :**

શ્રીજીમહારાજની મૂર્તિ વિના બીજું કાંઈ ન દેખાય તે.

**૧૫૭ મનુષ્યભાવ :**

જે પોતાને દેહરૂપ માને અને ભગવાન તેમજ મુક્તોને પણ મનુષ્ય જેવા જાણી તેમનામાં પણ દોષ અને નબળાઈઓ પરઠે તેને મનુષ્યભાવ કહેવાય.

**૧૫૮ બ્રહ્મસુષુપ્તિ :**

મૂળપુરુષના તેજમાં જળ - પાષાણવત લીન રહેવું તેને બ્રહ્મસુષુપ્તિ કહે છે.

**૧૫૯ બાધિતાનુવૃત્તિ :**

અંતરમાંથી અસત્ય કરેલા પદાર્થની અચાનક સ્મૃતિ થઈ આવે તેને બાધિતાનુવૃત્તિ કહે છે. જ્યારે નિર્વિકલ્પ સમાધિ થાય ત્યારે તે નાશ પામે છે. મહારાજ કહે છે કે પાપી મનુષ્ય બોલતા ચાલતા મરે પણ નરકે જ જાય છે અને અમારો ભક્ત બાધિતાનુવૃત્તિને કારણે બેશુદ્ધ થઈને દેહ મૂકે તોપણ અમને જ પામે છે. મુક્તે મૂર્તિમાં રાખવાના આશીર્વાદ આપી મૂર્તિમાં રાખી દીધા હોવા છતાં મહારાજે બાધિતાનુવૃત્તિ રાખી હોવાથી મૂર્તિના સુખનો અનુભવ થતો નથી. બાધિતાનુવૃત્તિ રાખી મહારાજ કંઈક કામ કરાવવા માગતા હોય છે. પૂજ્યશ્રી નારાયણમામા.

ટૂંકમાં **બાધિતાનુવૃત્તિ એટલે સુખમાં રાખ્યા હોવા છતાં સુખનો અનુભવ ન થવા દે તે.**

**૧૬૦ નિશ્ચય :**

નિશ્ચય હોય તો નાડી પ્રાણ ન તણાય તોપણ નિર્વિકલ્પ સમાધિ જ છે. - બાપાશ્રી. શ્રીજીમહારાજને અંતર્યામી કહે પણ જાણે નહિ અને મારું કલ્યાણ થાશે કે નહિ એવા ઘાટ થાય તે નિશ્ચયમાં અનિશ્ચયનો ઘાટ થયો કહેવાય. પૂર્ણાનંદસ્વામી ને પરિપક્વ નિશ્ચય હતો તો ત્યાગી મટીને ગૃહસ્થ થયા તોપણ મારું કલ્યાણ થાશે કે નહિ થાય, એવો સંકલ્પ જ થયો નહિ. એનું નામ નિશ્ચય કહેવાય. પરિપક્વ નિશ્ચયવાળાને ડગમગાટ ન રહે.

**નિશ્ચયનું રૂપ :**

મીંઢળ તોડીને, રાજ્ય પડ્યા મૂકીને, ધનનો, સ્ત્રીનો ને સ્ત્રી હોય તે પતિનો

ત્યાગ કરે અને કહીએ જે આ ટાણે અહીં આવો તો સર્વે કામ પડ્યા મૂકીને આવે ને દેહ માંદો હોય તોપણ તે આડો ન આવે. જેમ મૂળજી બ્રહ્મચારીએ મહારાજને પાણી પાવા સારું ઓટા ઉપરથી પડતું મૂક્યું પણ દેહ આડો ન આવ્યો જે મને વાગશે. એમ વચન પળે તો નિશ્ચય છે એમ જાણવું. પણ તે કઠણ છે. પ્રગટ ને મુક્ત ઉપર જ નિષ્ઠા રહે પણ બીજા પરોક્ષનો ભાર એક લેશ માત્ર પણ ન આવે, એવો નિશ્ચય હોય તેને નિશ્ચય જાણવો.

**નિશ્ચય કોને કહેવાય ?**

મહારાજને જીવકોટી, ઈશ્વરકોટી, બ્રહ્મકોટી, અક્ષરકોટી એ સર્વેના અંતર્યામી શક્તિએ કરીને આધાર, સર્વેના કર્તા, નિયંતા, સુખદાતા, સ્વામી, સદા સાકાર મૂર્તિ ને સર્વેને અગમ્ય અને પોતાના મુક્તોને સુખના દાતા એવા જાણે તે નિશ્ચય કહેવાય. ॥ **ભગવાનના કલ્યાણકારી ગુણ કેવી રીતે આવે છે ?** જેને ભગવાનના સ્વરૂપનો દ્રઢ નિશ્ચયે કરીને સંબંધ થાય છે તેને વિષે ભગવાનના કલ્યાણકારી ગુણ આવે છે, પછી તે ભગવાનની જેમ નિર્બંધ થાય છે ને જે ચહાય તે કરવાને અતિ સમર્થ થાય છે. **નિશ્ચય કેવો હોય ? ભગવાનનો સંબંધ થયો કોને કહેવાય ?** ભગવાનને કાળ, કર્મ, સ્વભાવ, માયા કે પુરુષ જેવા ન જાણે, સર્વ થકી જુદા ને એ સર્વના કર્તા, નિયંતા ને નિર્લેપ જાણે. એવી રીતનો જે નિશ્ચય તે કોઈ રીતે કરીને ડગે નહિ. ગમે તેવા શાસ્ત્ર સાંભળે, ગમે તેવા મતવાદીની વાત સાંભળે, પોતાનું અંતઃકરણ કુતર્ક કરે પણ કોઈ રીતે ભગવાનના સ્વરૂપમાં ડગમગાટ થાય નહિ. એવી જાતનો જેને નિશ્ચય હોય તેને ભગવાનનો સંબંધ થયો કહેવાય. જેની સાથે જેને સંબંધ હોય તેના ગુણ તેમાં સહેજે આવે છે. ॥ **ભગવાનનો પરિપક્વ નિશ્ચય હોય તેના લક્ષણ :** (૧) અત્યંત ત્યાગી હોય છતાં પણ તેની પાસે ગમે તેવી પ્રવૃત્તિ માર્ગની ક્રિયા ભગવાન કરાવે તો રાજી થકો કરે, કચવાય નહિ. (૨) ન ટળે એવો સ્વભાવ હોય તેને મૂકાવવાનો પરમેશ્વરનો આગ્રહ હોય તો તત્કાળ મૂકે. (૩) પોતાને કાંઈ પંચવર્તમાનમાં ઠીક જેવું ન હોય પણ કથા-કીર્તન તથા સંત વિના ઘડી માત્ર રહેવાય નહિ, પોતાનો અવગુણ લે ને સંતનો ગુણ

ગ્રહણ કરે, કથા-કીર્તન તથા સંતનો મહિમા સમજે. (૪) મનમાં એમ રહે કે મારે સર્વે પ્રાપ્તિ થઈ રહી છે. જ્યાં પ્રત્યક્ષ ભગવાના રહ્યા છે ત્યાં જ પરમધામ છે, આ સર્વે સંત તે નારદ - સનકાદિક જેવા છે, સત્સંગી સર્વે ઉદ્ધવ, અક્રૂર, વિદુર, સુદામા ને વૃંદાવનના ગોપ જેવા છે અને જે બાઈયું હરિભક્ત છે તે ગોપીઓ, દ્રોપદી, કુંતાજી, સીતા, રુકમણી, લક્ષ્મી, પાર્વતી જેવી છે. હવે મારે કાંઈ કરવું રહ્યું નથી ને ગોલોક, વૈકુંઠ, બ્રહ્મપુર તેને હું પામી રહ્યો છું, એવી રીતના ઘાટ થાય અને પોતાના હૃદયમાં અતિ આનંદ વર્તે, એવી રીતે જેના અંતરમાં વર્તતું હોય તેને પરિપક્વ નિશ્ચયવાળો જાણવો. - મહારાજ ॥ **પરિપક્વ નિશ્ચય કોને કહેવાય ?** (૧) ભગવાનના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન હોય (૨) દ્રઢ વૈરાગ્ય હોય (૩) ભક્તિ અને (૪) સ્વધર્મ પણ દ્રઢ હોય તેને. પરિપક્વ = માહાત્મ્ય સાથે. યથાર્થ જ્ઞાન = ભગવાનને સદા મૂર્તિમાન જાણે, તેજ દ્વારે ક્ષર - અક્ષરના આધાર, પ્રેરક ને નિયંતા જાણે, તેજરૂપ શક્તિના પણ આધાર જાણે, બ્રહ્મરૂપ એવો પોતાનો આત્મા તેને વિષે મૂર્તિને દેખે; તેને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન કહેવાય. વૈરાગ્ય = મૂર્તિ વિના બીજે ક્યાંય પ્રીતિ નહિ. ભક્તિ = માહાત્મ્ય જ્ઞાને સહિત મૂર્તિમાં સ્નેહ. સ્વધર્મ = (૧) આત્માનો ધર્મ - મૂર્તિને આત્માને વિષે અખંડ ધારી રહેવું. (૨) દેહનો ધર્મ = સ્થૂળ, સૂક્ષ્મ દેહે કરીને નિયમ પાળવા તે. ॥ જીવને ભગવાનનો મહિમાએ સહિત નિશ્ચય થાય ત્યારે તે પૂર્ણમાસીના ચંદ્ર જેવો થાય છે એટલે કે સર્વ અંગે સંપન્ન થાય છે ને નિર્ભય થાય છે. ॥ **ભગવાનનો નિશ્ચય સંપૂર્ણ હોય તો પણ અંતરમાં કૃતાર્થપણું કેમ મનાતું નથી ?** કામ, ક્રોધ, લોભ, સ્વાદ, સ્નેહ, માન ઈત્યાદિક જે શત્રુ (વિકાર) તેણે કરીને જેવું અંતઃકરણ દગ્ધ વર્તતું હોય તેને નિશ્ચય હોવા છતાં પણ કૃતાર્થપણુ મનાતું નથી. **કૃતાર્થપણું ક્યારે મનાય ?** ઈન્દ્રિયોને તપે કરીને દમે અને અંતઃકરણને વિચારે કરીને દમે તો વિકાર નાશ પામે ને કૃતાર્થપણું મનાય. **ભગવાનનો નિશ્ચય અંતઃકરણમાં થાય છે કે જીવમાં ?** પ્રથમ ઈન્દ્રિયોમાં, પછી અહંકારમાં, પછી ચિત્તમાં, પછી મનમાં, પછી બુદ્ધિમાં ને પછી જીવમાં

નિશ્ચય થાય છે. ॥ ભગવાન સંબંધી સાધન જે ભજન, સ્મરણ, કીર્તન, વાર્તા વગેરે એમાં એક નિશ્ચય રહે તો સર્વે આવે. ॥ **અડગ નિશ્ચય કેવી રીતે થાય ?** બીજી સર્વે ઈચ્છાનો ત્યાગ કરીને પોતાના કલ્યાણને અર્થે જ સત્સંગ કરે તો ભગવાનનો અડગ નિશ્ચય થાય છે. ॥ જેને માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તેને કલ્યાણમાં સંશય રહેતો નથી. ॥ **માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તેના શા લક્ષણ છે ?** જેને એકલો નિશ્ચય હોય તેને એમ ઘાટ થાય કે ભગવાન તો મળ્યા છે પણ શું જાણીએ કલ્યાણ થાશે કે નહિ ? પણ જેને માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તેને તો એમ સમજાય કે જે દિવસે ભગવાનનું દર્શન થયું તે દિવસથી જ કલ્યાણ તો થઈ જ રહ્યું છે અને જે જીવ ભાવે કરીને મારું દર્શન કરે તથા મારું વચન માને તેનું પણ કલ્યાણ થઈ જાય તો મારે કલ્યાણનો શો સંશય છે ? હું તો કૃતાર્થ છું. હું જે કાંઈ સાધન કરું છું તે તો ભગવાનની પ્રસન્નતાને અર્થે કરું છું, એમ સમજે તેને માહાત્મ્યે સહિત નિશ્ચય જાણવો.

**૧૬૧** બાપાશ્રી કહે, “અમે તો શ્રીજીમહારાજ ભેળા સત્સંગમાં મૂર્તિમાન રહ્યા છીએ.”

**૧૬૨** આ લોકનું મહારાજ અને મોટાને બરાબર કરતાં આવડતું નથી. તે બરાબર ન કરે તેનો અવગુણ લે જે એ તો આમ કરે છે. ને ઘરમાં છોકરા દિશાએ જાય, મૂતરતા હોય તેનું કાંઈ નહિ અને સાધુ ને મોટા મુક્તમાં દોષ કાઢે એવા જીવના સ્વભાવ છે. **મોટા ને સાધુની ક્રિયામાં દોષ પરઠે તેને શું મળે ? જે કાંઈ પૂર્વનું હોય તે પણ ખોઈને જાય. માટે મોટામાં દોષ પરઠવા નહિ.**

**૧૬૩** પરમપદ તે પરમએકાંતિકની પ્રાપ્તિ છે. અનાદિની તો વાત જ જુદી છે. તેનું સ્વરૂપય જુદું ! એને પમાડનારાય જુદા ! ને પામનારાય જુદા ! એનું સુખ પણ જુદું ! ને પ્રાપ્તિય જુદી ! તેની તો વાત જ જુદી છે. અનાદિ તો સદાય મૂર્તિમાં છે, છે ને છે જ. - અનાદિમુક્ત બાપાશ્રી.

**૧૬૪ આધ્યાત્મિક શક્તિનો**

ઉપયોગ ગમે તેમ કરે તો વેપાર કહેવાય, ખોટ આવે. સહન કરવું પડે. બહુ મોટા સમાસ થતો હોય તો ઠીક છે. બાપાશ્રીએ પોતાનું જ ઘઉં - બાજરી ભરેલું ગાડુ પલળવા દીધેલું. વરસાદ રોકેલો નહિ. પણ ભૂજના સંતો યજ્ઞ કરતા હતા ત્યારે નહિ પડવા દીધેલો. પ્રભુએ પોતે પણ આધ્યાત્મિક શક્તિનો ઉપયોગ ગમે તેમ નથી કર્યો. જ્યાં ખાસ જરૂર હોય ત્યાં જ કરે. ચૈતન્ય રોગરૂપી શિક્ષા ભોગવે એટલે પાપથી રહિત થતો જાય. એ શિક્ષા ધીમે ધીમે ચૈતન્યને ભગવાન તરફ મોક્ષ માર્ગે લઈ જાય એટલા માટે છે. માટે જ્યાં - ત્યાં એનો ઉપયોગ કરાય નહિ. કોઈને કંઈ રોગ થયો હોય તો સેવા કરવી. આધ્યાત્મિક શક્તિનો ઉપયોગ જીવોના કલ્યાણ માટે કરવો. ભૌતિક સુખો આપવા ન જ કરવો. - પૂજ્યશ્રી નારાયણમામા.

**૧૬૫ નિરોગી :**

નિરોગી એટલે એકલો દેહનો રોગ જ નહિ, ચૈતન્યના બધા રોગો પણ નહિ, એકેય દોષ જ નહિ. કોઈ રાગ જ નહિ. એ બધાથી રહિત હોય તેને નિરોગી કહેવાય. ઐશ્વર્યના રાગ હોય તે ચૈતન્યનો રોગ છે.

**૧૬૬ મામા કહે, ‘‘તમારા બધાય પાસે તો હું રજ જેટલોય નથી. એવો મહિમા હું સમજું છું.’’ અનાદિમુક્તની સ્થિતિ હોવા છતાંય કેવું દાસપણું !! કેવું નિર્માનીપણું !! આની સામે આપણું તપાસીએ !!**

**૧૬૭** સદ્. વૃંદાવનદાસજીસ્વામી કહે, ‘‘મને બાપાશ્રીએ એવી ભલામણ કરી હતી કે આપણને મહારાજ તથા મોટા મળ્યા છે માટે **ક્યાંય પરચા-ચમત્કાર થાય તેમાં ખેંચાવું નહિ. જ્યાં ત્યાં તણાવા કરતા મહારાજની મૂર્તિમાં જોડાવું.** જેને મૂર્તિની પ્રાપ્તિ થઈ ન હોય તે જ્યાં ત્યાં દોડે; પણ જે મૂર્તિમાં જોડાણો હોય તેને શાની ખેંચ રહે ? ન જ રહે.’’

**૧૬૮ પુરુષોત્તમનારાયણ અને તેમના સંકલ્પ સ્વરૂપમાં ફેર શું ?**

કારણકે બંને એક જ કામ કરે છે. ફેર એટલો કે સંકલ્પ સ્વરૂપ અનેક અને સંકલ્પના કરનારા એક - શ્રીજીમહારાજ; પણ વસ્તુ જુદી નહિ. બંનેનો સમાગમ કરનારને સુખ સરખું છે, વસ્તુ એક જ છે; પણ એ વાત જેને પુરુષોત્તમ ભગવાન સમજાવે તેને જ સમજાય. જે મૂર્તિના સુખે સુખિયા થયા છે તેને તો મૂળ મહારાજ જ છે પણ સંકલ્પ છે એવો ભાવ જ નથી. સાધનદશાવાળાને મહારાજ ઝાઝા સ્વરૂપે પોતાનો મહિમા સમજાવે છે તેણે કરીને તેને સમાસ બહુ થાય. પછી ઐશ્વર્ય, પ્રતાપ જોઈને આશ્ચર્ય પામે અને મૂર્તિમાં જોડાય ત્યારે એક જ રૂપ ભાસે છે. એક પુરુષોત્તમ જ છે એમ વર્તે ત્યારે સિદ્ધદશાવાળા જાણવા.

**૧૬૯ જીવ (જીવાત્મા) : આત્મનિષ્ઠા : આત્મસત્તારૂપ :**

પ્રથમ કર્મ વિનાના જીવને કાળ દ્વારે ભગવાન સ્થૂળ દેહ આપે છે. પછી જેવા કર્મ કરે તેવા દેહની પ્રાપ્તિ થાય છે. ॥ જીવ માયાને વિષે સત્તામાત્ર (કર્મ વિનાના) હતા. પછી સૃષ્ટિમાં આવી જેવા કર્મ કરતા જાય છે તેવા તેવા ભાવને પામતા જાય છે. મોટા પુરુષનો જે જીવ ઉપર કોપ થાય છે તે આસુરી થઈ જાય છે અને મોટા પુરુષ રાજી થાય તો તે દૈવી થઈ જાય છે. જીવમાં કર્મ કર્યા પહેલા આસુર ભાવ ન હતો. જય-વિજય ભગવાનના પાર્ષદ હતા, તેણે સત્પુરુષ એવા સનકદિકનો દ્રોહ કર્યો તો અસુર ભાવને પામી ગયા અને પ્રહલાદજી દૈત્ય હતા તેણે નારદજીનો ઉપદેશ ગ્રહણ કર્યો તો પરમ ભાગવત સંત કહેવાણા. માટે ભગવાન ને ભગવાનના ભક્તનો કોઈ રીતે દ્રોહ ન કરવો, તેઓ રાજી થાય તેમ કરવું. તો જીવનું રૂડું થાય. ॥ જીવ જ્યાં સુધી દેહરૂપ મટ્યો નથી ને સત્સંગ ફળ જે મહારાજની મૂર્તિ તે હાથ આવી નથી ત્યાં સુધી પાણા જેવો છે. લાખ વર્ષ સુધી સત્સંગ કરે પણ જ્યાં સુધી મૂર્તિના સાક્ષાત્કારવાળા સંત સાથે હેત નથી થયું ત્યાં સુધી એવો ને એવો રહે. માટે એવા મોટા સંત સાથે હેત કરવું, તો વૃદ્ધિ પમાય. ॥ જીવ આત્મસત્તાને પામે કહેતા શ્રીજીમહારાજના તેજરૂપ આત્મા

તે જેવો થાય છે. તે પછી મહારાજ કૃપા કરે ત્યારે તેમના તુલ્યપણાને એટલે કે સાધર્મ્યપણાને પામે છે. અક્ષરબ્રહ્મ (તેજ) નું સાધર્મ્યપણું તે સાધનદશા છે. શ્રીજીમહારાજ જેવો જ દિવ્ય સાકાર થાય પછી મૂર્તિમાન ભગવાનનું જ સાધર્મ્યપણું રહે છે. તે સિદ્ધદશા છે. ॥ **જીવ કેવો છે ?** જીવ પુરુષ પણ નથી ને સ્ત્રી પણ નથી, એ તો સત્તામાત્ર ચૈતન્ય વસ્તુ છે, નિરાકાર છે, તેનો ચોટવાનો સ્વભાવ છે, તેને માયિક એવા જે સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ શરીરનો સંબંધ વર્તે છે અને અજ્ઞાને કરીને તે શરીરને વિષે પોતાપણું માને છે. માટે દેહભાવ ટાળવો. ॥ શ્રીજીમહારાજ તો જીવના થઈને જ રહ્યા છે. પણ જીવો ભગવાનના થતા નથી. મુક્ત તો આશુરી જીવ કે દૈવી જીવ એવું કાંઈ જોતા જ નથી. એ તો બધા ઉપર કૃપાનો વરસાદ સરખો જ વરસાવે છે; પણ આસુરી જીવ કૃપા ઝીલી શકતા નથી. પરંતુ તેઓ વહેલામાં વહેલી તકે દૈવી થઈ જાય છે. ॥ **દૈવી જીવ** = પોતાના જ અવગુણ ભાસે પણ બીજા હરિભક્તના અવગુણ ભાસે જ નહિ તે. જેને પૂર્વે મોટા પુરુષનો સંગ થયો હોય અથવા ભગવાનનું દર્શન થયું હોય તેનાથી જ એમ વર્તાય. **આસુરી જીવ** = પોતામાં એકેય અવગુણ/ દોષ દેખાય જ નહિ ને બીજા હરિભક્તમાં કેવળ અવગુણ જ દેખાય તે. ભૂંડા દેશ, કાળ, ક્રિયા, સંગ આદિકને યોગે કરીને બુદ્ધિ દૂષિત થઈ હોય તેણે કરીને અવગુણ વધુ સૂજે છે. ॥ **જીવ કાળો, ગોરો, લાંબો કે ટૂંકો છે એમ કહ્યું તે શું સમજવું ? કાળો** = માયિક વિષયમાં રાગ હોય ત્યાં સુધી કાળો કહેવાય. **ગોરો** = માયિક વિષયમાંથી રાગ ટળી જાય પણ ઐશ્વર્યમાં રાગ હોય તે. **લાંબો** = માયિક વિષય ને એશ્વર્ય એ બેયના રાગ ટાળીને, મહારાજની મૂર્તિના તેજ સાથે એકતા કરીને, મૂર્તિને ધારતા ધારતા પોતાના આત્માને વિષે દેખે તે લાંબો કહેવાય. **ટૂંકો** = શ્રીજીમહારાજના સાધર્મ્યપણાને (તુલ્ય /સરખા પણાને) પામીને સાકાર દિવ્ય મૂર્તિમાન થઈને મહારાજની હજૂરમાં (સન્મુખ) રહે અથવા તદાકારપણાને પામીને મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ ભોગવે તે ટૂંકો કહેવાય. ॥ ગુણનો સંગ જ્યાં સુધી રહે ત્યાં સુધી કોઈ જીવ સુખિયા રહે નહિ ને જ્યારે આત્મસત્તારૂપે રહે

ત્યારે જ સુખી રહે છે. સુષુપ્તિમાં પણ તમોગુણ ભેળો રજોગુણનો વિક્ષેપ રહે છે, માટે સુષુપ્તિમાં પણ ઉદ્વેગ મટતો નથી, અસુખ રહે છે. **નિર્ગુણ હોય ને આત્મસત્તારૂપે રહેતો હોય તો પણ ભૂંડા દેશકાળ (દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, શાસ્ત્ર, દીક્ષા ને દેવતા) આદિકથી દુઃખ થાય તો શું કરવું ?** પોતપોતાના ધર્મ પ્રમાણે વર્તવું. પરમેશ્વરિ કહેલા ધર્મથી ઓછું - વધારે કરવા જાય તો તે કરનારો જરૂર દુખી થાય. જે સત્પુરુષની આજ્ઞા પ્રમાણે રહે છે તે જ રૂડા દેશકાળાદિકને વિષે રહ્યો છે. સત્પુરુષની આજ્ઞાથી બહાર વર્તવું એ જ ભૂંડા દેશકાળનો યોગ છે. માટે સત્પુરુષની આજ્ઞાને વિષે વર્તે તે જ આત્મસત્તારૂપે વર્તે છે. ॥ **જીવ દિવ્ય સાકાર ક્યારે બને ?** જીવ (આત્મા / ચૈતન્ય) ઉપરથી આવરણ હટી જાય ત્યારે. આવરણ કેવી રીતે હટે ? પ્રતિલોમ ધ્યાન કરે ત્યારે. જેમ દેહમાં નિરાકાર સ્વરૂપે રહ્યો છે એમ ચૈતન્ય પ્રકૃતિથી એમાં (મૂર્તિમાં) રહી મહારાજનું સ્વરૂપ જોવે. જોતા જોતા કૃપાથી એ ચૈતન્ય ઉપરના આવરણ હટતા જાય છે. જેવા હટી જાય કે તરત જ મહારાજની ચૈતન્ય પ્રકૃતિ (તેજ) આપણી ચૈતન્ય પ્રકૃતિ (તેજ) ને સાકાર બનાવી દે છે. ॥ દેહમાં જીવ રહ્યો છે તેને આપણે જોઈ શકતા નથી. પરંતુ એ ચૈતન્ય દિવ્યદેહ ધારણ કરે, દિવ્યસ્વરૂપ ધારણ કરે ત્યારે આપણે એ દિવ્યસ્વરૂપને જોઈ શકીએ છીએ. ભગવાનને પમાય ત્યારે ચૈતન્યને ભાગવતીતનું મળે છે, ત્યાં સુધી નથી મળતું. - પૂજ્યશ્રી નારાયણમામા. ॥ **જીવાત્મા ક્યાં રહે છે ? કેવો છે ?** મનોમય ચક્ર છે તેમાં એક ડોડી છે તેને સાત પડ છે તેની માંહી જીવાત્મા રહે છે. અગ્નિના તણખા જેવો ઝીણો છે તેમાં અંતર્યામી ભગવાન રહ્યા છે. તે જ શ્રીજીમહારાજના પ્રકાશથી વિકાસ પામે છે. જીવાત્મા સંગ દોષથી અવરાઈ ગયો છે પણ વસ્તુગતે ચોખ્ખો છે. તે ચોખ્ખો હતો તો ચોખ્ખો થયો. ॥ જીવ વસ્તુ ગતે ચોખ્ખો કંચન જેવો છે પણ સંગદોષે કરીને અવરાઈ ગયો છે પણ મૂળ ચોખ્ખો છે એટલે મૂર્તિમાં ચોટાય છે. ॥ આ જીવ માયાનો લહરકો લેવા જાય છે તેમાં મહારાજ અને મોટાને ભૂલી જાય છે, એવા જીવના સ્વભાવ છે, તે ભગવાન જેવડી વસ્તુને શી રીતે ઓળખી શકે ?

॥ **જેનો જીવ અતિશે બળને પામ્યો હોય તેને તો ભૂંડું સ્વપ્ન પણ આવે નહિ. જીવને બળ પામવાનો ઉપાય** - (૧) જેનો જીવ નિર્બળ હોય તેણે સાંખ્ય મતને અનુસરીને આત્માપણે રહેવું પણ ઈન્દ્રિયો-અંતઃકરણ ભેળું ભળવું નહિ. (૨) બીજો અતિશે મોટો ઉપાય : ભગવાન ને સંતને વિષે અતિશે પ્રીતિ, તેમની સેવા ને ભગવાનની નવધા ભક્તિ, એ હોય તો તત્કાળ અતિશે બળ આવે છે. **બળ પામવાને અર્થે સેવા બરોબર બીજો કોઈ ઉપાય નથી.** ॥

**જીવ સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહમાં અન્વયપણે ક્યારે રહ્યો કહેવાય ને વ્યતિરેકપણે ક્યારે રહ્યો કહેવાય ?** જ્યારે દેહના સુખ-દુખને પોતાને વિષે માને ત્યારે અન્વયપણે રહ્યો કહેવાય. જ્યારે ત્રણ દેહના સુખ-દુઃખથી પોતાને ન્યારો સમજે ત્યારે એ વ્યક્તિરેપણે રહ્યો કહેવાય. જીવ સર્વ દેહ (ઈન્દ્રિયો, અંતઃકરણ, ગોલક)ને વિષે સમાનપણે રહ્યો છે; પણ ઈન્દ્રિયોને વિષે સ્વચ્છપણું છે માટે તેને વિષે વિશેષ પ્રકાશ જણાય છે. જેવું નેત્રમાં તેજ જણાય છે તેવું નાક-કાનમાં નથી જણાતું, ચાર અંતઃકરણનું અતિ સ્વચ્છપણું છે તો ત્યાં અધિક પ્રકાશ જણાય છે અને બીજી ઈન્દ્રિયોમાં ઓછો જણાય છે. જેમ સૂર્ય છે તે કિરણે કરીને સર્વ પદાર્થમાં વ્યાપીને રહ્યો છે પણ જેવું પદાર્થ હોય તેવો તેનો પ્રકાશ જણાય છે. કાચની ભૂમિ, સ્વચ્છ નિર્મળ પાણી હોય ત્યાં જેવો શુદ્ધ પ્રકાશ જણાય તેવો પાણાની ભૂમિ, રેતીની ભૂમિ તથા ડોળાયેલા પાણીમાં નથી જણાતો તેમ. ॥ જીવ નિરાકાર છે. જીવને વિષે ભગવાન મૂર્તિમાન રહ્યા છે પણ ચિત્તની વૃત્તિનો નિરોધ થાય માટે દેખાતા નથી. ॥ એકાંતિક ભક્તના જીવમાં મૂર્તિમાન રહ્યા છે પણ માયાબદ્ધ જીવોમાં તથા તે જીવોના ઉપરી મૂળપુરુષ ઈશ્વર, મૂળઅક્ષર તે સર્વેને વિષે અંતર્યામીરૂપે પોતાના પ્રકાશ દ્વારે રહ્યા છે. ॥ **જેમ ઈશ્વર અનાદિ છે તેમ માયા તથા જીવ પણ અનાદિ છે. મહારાજ કહે, "જીવ અમારા અંશ નથી, અનાદિ જીવ જ છે. તે જ્યારે અમારે શરણે થાય ત્યારે બ્રહ્મરૂપ થઈને અમારા ધામને પામે છે, અમારી ઈચ્છાએ કરીને મૂળપુરુષ જે ઈશ્વર તેનો માયા સંગાથે સંબંધ થાય છે ત્યારે માયામાં અનાદિકાળના**

**જીવ રહ્યા છે તે ઉદય થઈ આવે છે પણ નવા થતા નથી.**

**જીવનો નાશ કેમ થતો હશે ?** જેમ હીજડો હોય તે પુરુષ પણ ન કહેવાય ને સ્ત્રી પણ ન કહેવાય, એ તો કેવળ વૃંદળ કહેવાય, તેમ જે ભગવાન ને ભક્તનો દ્રોહ કરનારો હોય તેનો જીવ પણ એવો નકારો થઈ જાય જે કોઈ દિવસ પોતાના કલ્યાણનો ઉપાય કરી શકે જ નહિ, એમ એનો જીવ નાશ થઈ ગયો જાણવો. (સૂકા પહાડ જેવો થઈ જાય એટલે ત્યાં કોઈ સંત-ભક્ત જાય નહિ. એટલે તેમનો યોગ થાય નહિ, લીલો પહાડ હોય તો કોઈ કાળે જોગ થવાનો યોગ રહે). ॥ **જીવ કેવી રીતે ઉત્પન્ન થાય છે ?** મહારાજ કાળ દ્વારા મૂળપુરુષને પ્રેરણા કરે છે, પછી મૂળપુરુષ માયાને વિષે વીર્યને ધરે તેણે કરીને માયામાંથી જીવ ઉત્પન્ન થઈ આવે છે. મૂળપુરુષ મેઘને ઠેકાણે છે ને માયા પૃથ્વીને ઠેકાણે છે. વરસાદ થાય ત્યારે પૃથ્વીમાંથી બીજ ઉગી નીકળે છે તેમ આત્યંતિક પ્રલય / મહાપ્રલય પણ મહાકાળ કરે છે. ॥

જીવાત્મા તે પુરુષ પણ નથી ને સ્ત્રી પણ નથી, એ તો સત્તામાત્ર ચૈતન્ય છે. તે અજર, અમર, અછેદ્ય, અભેદ્ય, જ્ઞાનરૂપ, સત્તારૂપ, તેજોમય, અવિનાશી શુદ્ધ, ચૈતન્ય, નિર્વિકાર, અરૂપ, અલિંગ, દેહમાં નિરાકાર છે. ભગવાનને પામે ત્યારે સાકાર થાય છે. આત્માને માયા ને માયાના કાર્ય જે ત્રણ ગુણ, દેહ-ઈન્દ્રિયો-અંતઃકરણ તેનું કોઈ આવરણ નથી, આવરણ જેવું જણાય છે તે અજ્ઞાને કરીને વૃથા ભ્રાંતિ જણાય છે. તો આત્મા થકી પર પરમાત્મા તેને વિષે તો માયાનો લેશ પણ કેમ હોય ? એવી રીતે ભગવાનમાં કોઈ રીતનો દોષ ન આવે તે સારું આત્મનિષ્ઠા દ્રઢ કરીને રાખવી. **જીવ (આત્મા)ને સત્તારૂપ કહ્યો એટલે કેવો જાણવો ?** જીવને આંબલિયાની છાલની પેઠે માયાનો દ્રઢ સંબંધ છે પણ માયા જીવ ભેળી ભળીને એકરસ થઈ ગઈ નથી. એમ સત્તારૂપ કહ્યો છે. જીવને શ્રીજીમહારાજના સ્વરૂપનું જ્ઞાન થાય, પછી આજ્ઞા પાળે ને ધ્યાન કરે એટલે માયાનું આવરણ નાશ પામે ને પોતે મહારાજના તેજરૂપ થાય ત્યારે તે આત્મસત્તારૂપ કહેવાય. ॥

આત્મા દેહથી પૃથક છે. તે બ્રાહ્મણ નથી, ક્ષત્રિય નથી, કણબી નથી. કોઈનો દીકરો નથી, કોઈનો બાપ નથી. એની કોઈ જાત નથી, નાત નથી. એ સૂર્ય તથા અગ્નિ જેવો તેજસ્વી છે, જાણપણે યુક્ત છે. અજર-અમર છે. જીવ આવા આત્મા તથા ભગવાનના માહાત્મ્ય જ્ઞાનને સમજીને આત્મા-પરમાત્માનો વેગ લગાડી દે તો કોઈ ઠેકાણે બંધાય નહિ ને ઈન્દ્રિયોની વૃત્તિ વિષયમાંથી નીકળીને ભગવાનને વિષે વળગે. ॥ ચૈતન્ય (જીવ) કેવો છે ? અનંતકોટી બ્રહ્માંડો કરતા પણ આ માાનવ દેહમાં રહેલો ચૈતન્ય સૌથી મહાન છે. અનંત કોટી બ્રહ્માંડો પણ આની તુલ્ય આવે નહિ કારણકે એ ચૈતન્ય જ્યારે મહારાજના અનાદિમુક્તના પરિચયમાં આવે ત્યારે મહાન સંત બની જાય છે કે જે અનંત બ્રહ્માંડોને પણ હચમચાવી મૂકે - ડગમગાવી દે એવો મહાન બને છે. - પૂજ્યશ્રી નારાયણમામા. ॥

**જીવ ક્યાં રહે છે ?** હૃદયને વિષે રહેલા માંસના ચક્રને વિષે જીવ વિશે સત્તાએ કરીને વ્યાપીને રહ્યો છે ને સામાન્ય સત્તાએ કરીને બધા દેહમાં વ્યાપી રહ્યો છે. (છે.૫) બીજા વચ.માં મહારાજ કહે છે કે આમ તો બધા દેહમાં સમાનપણે રહ્યો છે પણ જ્યાં જે ઈન્દ્રિયનું / ભાગનું વધુ સ્વચ્છપણું, નિર્મળપણું છે ત્યાં વિશેષ જણાય છે. દા.ત. નેત્રમાં નાક-કાન કરતા વિશેષ જણાય છે. ॥ કેવળ આત્મનિષ્ઠ (ભક્તિનિષ્ઠા ન હોય તે) બ્રહ્મસત્તાને પામે છે એટલે કે બ્રહ્મ જે મૂળપુરુષના તેજરૂપ અક્ષરબ્રહ્મ તેમાં લીન થાય છે. ॥ **જીવ ભગવાનની કૃપાનું પાત્ર ક્યારે થાય ને ક્યારે આત્યંતિક મોક્ષને પામે ?** એક જન્મે અથવા અનંત જન્મે જ્યારે જીવ વૈરાગ્ય, શ્રદ્ધા, બ્રહ્મચર્ય, અહિંસા ને આત્મનિષ્ઠા (પોતાના જીવાત્માને શ્રીજીમહારાજના તેજરૂપ માનવો તે) એ લક્ષણે યુક્ત થાય ત્યારે જ ભગવાનની કૃપાનું પાત્ર થાય ને પછી ભગવાનનો એકાંતિક ભક્ત થઈને ગુણાતીત એવું જે ભગવાનનું ધામ તેને પામે છે. **જો એ અંગમાંથી કોઈક ન્યૂનતા હોય તો શી ગતિ થાય ?** એમાંથી કોઈ અંગમાં ન્યૂનતા હોય તો આત્યંતિક મોક્ષ જે ભગવાનનું ધામ તેને તો ન પામે પણ એ વિના બીજા ધામ (બદરીકાશ્રમ તથા શ્વેતદ્વીપ) તેને પામે અને વધુ સવાસનિક હોય તો દેવલોક (ઈન્દ્ર-બ્રહ્મા આદિકના

લોકને પામે, જેને ભગવાનના ધામ આગળ મોક્ષધર્મને વિષે નરક તુલ્ય કહ્યા છે. પછી દેવતામાંથી મનુષ્ય ને મનુષ્યમાંથી વાળી દેવતા થાય, એમ અનંત જન્મ ધરે પછી જ્યારે પૂર્વે કહ્યા એવા લક્ષણે યુક્ત થાય ત્યારે જ ભગવાનની કૃપાનું પાત્ર થાય ને પછી એકાંતિક ભક્ત થઈને ગુણાતીત એવું ભગવાનનું અક્ષરધામ તેને પામે છે. તે નરકચોરાશીમાં ન જાય. - મહારાજ. ॥ **દેહાભિમાન દોષ છે તેમાં સર્વે દોષ રહ્યા છે.** તેનો ત્યાગ કરે તો સર્વે દોષનો ત્યાગ થઈ જાય છે અને હું તો દેહથી નોખો આત્મા છું એવો આત્મનિષ્ઠારૂપ એક ગુણ તે આવે તો સર્વ ગુણ માત્ર આવે છે. ॥ જ્યાં સુધી ગુણનો સંગ રહે ત્યાં સુધી કોઈ જીવ સુખિયો રહે નહિ, **જ્યારે આત્મસત્તારૂપે રહે ત્યારે જ સુખી રહે છે.** આત્મસત્તારૂપ રહેતો હોય ને જો ભૂંડા દેશકાળ આદિકનો યોગ થાય તો તેને જરૂર અંતરમાં દુઃખ થાય. મોટા પુરુષની બાંધેલી મર્યાદા લોપીને કોઈ સુખી થાતો નથી. માટે સૌએ પોત-પોતાના ધર્મ પ્રમાણે વર્તવું. સત્પુરુષની આજ્ઞાથી બહાર વર્તવું એ જ ભૂંડા દેશકાળ છે. સત્પુરુષની આજ્ઞાને વિષે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે. - મહારાજ ॥ **જીવને મહારાજની મૂર્તિ સુધી જવાની સત્તા નથી; તેથી પોતાના તેજની કિરણો વડે મહારાજ તેને ખેંચી લે છે ત્યારે એ સાકાર થઈ જાય છે.** - સદ્. વૃંદાવનદાસજી સ્વામી ॥

**જીવ / આત્માને દેખાવાનો ઉપાય :** મહરાજ કહે છે કે મારી મૂર્તિના ધ્યાનરૂપ એક અવલંબન વિના બીજા કોટી ઉપાય કરવાથી પણ કોઈને જીવ/આત્મા દેખાતો નથી તે ભવિષ્યમાં પણ કોઈ દેખશે નહિ. મારા વચનમાં વર્તીને મારી પ્રત્યક્ષ મુર્તિનું ધ્યાન કરવાથી જ આત્મા તથા મારી મૂર્તિ દેખાય છે. જેવી રીતે બપોરિયાનો પ્રકાશ છે તેવો જ આત્માનો પણ પ્રકાશ છે. જીવાત્મા પુરુષ નથી ને સ્ત્રી પણ નથી. સત્તામાત્ર ચૈતન્ય છે અને તે કોઈનો સંબંધી પણ નથી. જીવાત્મા નિરંશ (નિઃ+અંશ) છે પણ કોઈનો અંશ નથી. જેમ ઈશ્વર અનાદિ છે તેમ માયા પણ અનાદિ છે ને તે માયાને વિષે રહ્યા જે જીવ તે પણ અનાદિ છે, પણ જીવ પરમેશ્વરના અશં નથી, એ તો અનાદિના જીવ જ છે. ભગવાનના ગુણ તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય આદિ

જેમાં આવ્યા હોય એટલે કે ભગવાનના ઐશ્વર્યનો અંશ પ્રાપ્ત કર્યો હોય એવા મુક્ત જીવને અંશ કહ્યા છે. તે પણ અગ્નિમાંથી તણખા ઝરે તેમ નહિ, પરંતુ મુક્તો ભગવાનના ઐશ્વર્યાંશ છે, એમ સમજવું. વળી વચનામૃત માં :: "આપણે સર્વે ઈન્દ્રિયોના દોર્યા દોરાતા નથી તો જો ભગવાનના અંશ છીએ" આમાં પણ ઈન્દ્રિયોના દોર્યા ન દોરાય એવા મુક્તોને જ શ્રીહરિએ પોતાના અંશભૂત કહ્યા છે. વાસ્તવિક તો ભગવાન અખંડ ને અચ્યુત છે તે ચ્યવીને જીવ-ઈશ્વરૂપે થાય નહિ.

**૧૭૦ ભગવાનના અવતાર :**

રાજારૂપે હોય ત્યારે ઓગણચાલીસ લક્ષણે યુક્ત હોય. તે ભાગવતના પ્રથમ સ્કંધમાં પૃથ્વી ને ધર્મના સંવાદરૂપે કહ્યા છે. સાધુરૂપે હોય ત્યારે બત્રીસ લક્ષણે યુક્ત હોય અને તે ભગવતના અગિયારમાં સ્કંધમાં શ્રીકૃષ્ણને ઉદ્ધવના સંવાદે કરીને કહેલા છે. જે તથા માં આપેલા છે.

**૧૭૧ નવ રસ :**

સાહિત્યકારો અલગ અલગ નવ રસનું વર્ણન કરતા હોય છે. જે છે : ૧ હાસ્ય, ૨ કરુણ, ૩ રુદ્ર, ૪ ભયાનક, ૫ શૃંગાર, ૬ બિભત્સ, ૭ અદ્ભૂત, ૮ વીર, ૯ શાંતિ. સદ્ગુરુ પ્રેમાનંદસ્વામીએ એ નવે નવ રસ વંદુના પદમાં વણી લીધા છે. જ્યારે મહારાજે એ પદો સાંભળ્યા ત્યારે એકદમ ઊભા થઈને બોલેલા કે જેને શ્રીહરિની મૂર્તિનું આવું ચિંતવન છે તેને તો અમે ઊઠીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીએ. આવું એ પદોનું અનેરું માહાત્મ્ય છે.

"વંદુ સહજાનંદ **રસરૂપ,** અનુપમ સારને રે લોલ" "વહાલા એ **રસના** ચાખણહાર, છાશ તે નવ પીવે રે લોલ" ॥ "**રસરૂપ** મૂર્તિ રે, શ્રીહરિ કેવળ કરુણાકંદ" ॥ - સદ્. પ્રેમાનંદસ્વામી.

**૧૭૨ જીવ ક્યારે નાશ પામે છે. ?**

મહારાજ કહે છે કે ભગવાન, ભગવાનના ભક્ત, બ્રાહ્મણ ને કોઈ ગરીબ મનુષ્ય (નિયમ-ધર્મ પાળતો હોય, ભક્તિ કરતો હોય પણ સ્વભાવે ગરીબ

હોય તે) એ ચારથી તો અમે અતિશે બીએ છીએ જે રખે એમનો દ્રોહ થઈ જાય નહિ ને એવા તો બીજા કોઈથી અમે બીતા નથી, કેમ જે એ ચાર વિના બીજાનો દ્રોહ કરે તો તેના દેહનો નાશ થાય પણ જીવ નાશ પામે નહિ. આ ચારમાંથી એકેયનો દ્રોહ કરે તો જીવ પણ નાશ પામી જાય છે. એનો દ્રોહ કરે તે તો અમને દીઠો જ ગમે નહિ ને આ લોકમાં ને પરલોકમાં તેને ને અમારે સોબત રહેવાની નથી. માટે એ કોઈનો દ્રોહ ન કરવો.

**૧૭૩ પંડિતો શાસ્ત્રપુરાણ વાંચે છે તોપણ ભગવાન કે સંતનું માહાત્મ્ય કેમ સમજાતું નથી ?**

કારણ કે એમને ભગવાનનો આશરો નથી. માટે કામ, ક્રોધ, લોભ, ઈર્ષ્યા, મત્સર તેણે એના જીવને હરવી નાખ્યો છે. કામ આદિક શત્રુ એને કોઈ કાળે માથું ઉપાડવા દેતા નથી. બીજું પંડિતો એમ માને છે કે જેમ અમારા કામ આદિક શત્રુ કોઈ કાળે નિવૃત્તિ પામતા નથી તેમ ભગવાન ને સંતના પણ કામાદિક શત્રુ નિવૃત્તિ નહિ પામતા હોય; એમ દોષ પરઠે છે. માટે

**૧૭૪ મોક્ષ ક્યારે થાય ?**

અમદાવાદ ભદ્રમાં શ્રીજીમહારાજને તેલના ટાંકામાં નાખવાનું કર્યુ ત્યારે સદ્. દેવાનંદસ્વામી (સન્યાસી) એ શહેર ઊંધું વાળવાનો સંકલ્પ કરવા માંડ્યો, તે વખતે **શ્રીજીમહારજે કહ્યું હતું જે મારા આશ્રિતનો શાપ કોઈને ન લાગે; એક મોક્ષ સંબંધી સંકલ્પ થાય.** મોટા કોઈનું ખરાબ થાય એવું ઈચ્છતા નથી. મોટાને વિષે **આવું સમજીને વિશ્વાસ રાખે ને આત્મબુદ્ધિ કરે તો મોક્ષ થાય.** મોટા કલ્યાણ વિના બીજું માયિક સુખ આપે નહિ. માયિક સુખ અંતે તો દુઃખનું જ કારણ હોય છે. ॥ **તત્કાળ મોક્ષ ક્યારે થાય ? શ્રીજીમહારાજે દયા કરીને જીવોને સુખિયા કરવા પોતાના મુક્તોએ સહિત પૃથ્વી પર મનુષ્યરૂપે દર્શન આપ્યા છે. એમ જાણી સાવધાન થઈને દેહાભિમાન, રસાસ્વાદ તથા કામ, ક્રોધ, લોભ, માન આદિ સર્વે દોષ ટાળી મહારાજ તથા મોટા સાથે જોડાઈ જાય તો તત્કાળ મોક્ષ થઈ જાય.**

**૧૭૫ મહાકાળ ?**

જે દિવ્ય સંકર્ષણ છે તે અને તે મૂળપુરુષ (શ્રીકૃષ્ણ) ના ઉપરી છે. મૂળઅક્ષર = જેને દિવ્ય અનિરુદ્ધ કહીએ છીએ તે, જે પંચાળાના રાજા તથા લોયાના ૭માં કહ્યા છે તે. (ઝીણાભાઈ)

**૧૭૬** બાપાશ્રી કહે, હું જાણતો હોઉં છતાં પણ બધું ન કહું, કહું તો આશ્ચર્યો ઊભા થાય. બધા આશ્ચર્યોની અપેક્ષા રાખે. જો હું મારું અંતર્યામીપણું ઢાંકું નહિ તો ભગવાનની મૂર્તિમાં જોડાવાને બદલે ઐશ્વર્યોમાં જોડાઈ જાય. એને ઐશ્વર્યો જ માફક આવે. ભગવાન કે મુક્ત ઐશ્વર્ય ન બતાવે તો પછી મનુષ્યભાવ આવી જાય. એ મનુષ્યભાવ જેવી બૂરી ચીજ એકેય નહિ. સાધનદશામાં મનુષ્યભાવ આવે છે. સિદ્ધદશામાં / દિવ્યભાવમાં કોઈ દિવસ કોઈને વિષે (પંચવર્તમાન, આજ્ઞા પાળતો ન હોય, બરાબર ન હોય તોપણ) મનુષ્યભાવ આવતો નથી. મનુષ્યભાવનો અર્થ એ કે દેખાય બધું; પણ ખાલી એનું જાણપણું રહે, એના વિષે તિરસ્કાર કે અભાવ આવે નહિ. અનાદિમુક્ત મૂર્તિમાં રહેતા હોઈ એના વિષે મનુષ્યભાવ ભૂલે ચૂકેય ન લાવવો. ભગવાનના સંતો-ભક્તો કે કોઈના વિષે પણ મનુષ્યભાવ કરવો નહિ, જાણપણું રાખવું પણ અભાવ લેવો નહિ. - પૂજ્યશ્રી નારાયણમામા.

**૧૭૭ ભગવાનને મોટા જાણ્યા ક્યારે કહેવાય ?**

કેટલાક મોઢેથી એમ કહેતા જાય કે મહારાજ સૌના ધણી છે તથા બહુ જ મોટા છે; પણ કામકાજમાં પોતાપણું મૂકે નહી, તેમણે કેવી રીતે મોટા જાણ્યા કહેવાય ? જેવા છે તેવા મોટા જાણ્યા હોય તો પોતાપણું રહે જ નહિ. માટે સર્વોપરી ઉપાસના સમજીને મહારાજને જ કર્તા જાણવા. એમાં બધુય આવી ગયું. જો મહારાજ વિના બીજાને કર્તા જાણીએ તો બહુ જ મોટી ખોટ કહેવાય.

**૧૭૮ ભગવાનને સર્વ અર્પણ કર્યું ક્યારે કહેવાય ?**

આપણે વર્તમાન ધરાવ્યા ત્યારે તન, મન, ધન અર્પણ કરેલું છે તે પાછુ

કોઈ દિવસ આપણું માનવું નહિ. તે કેવી રીતે ? તો મહારાજે મને મૂર્તિમાં રાખ્યો છે તેથી સર્વ મહારાજનું જ છે, એમ મનાય ત્યારે અર્પણ કર્યું કહેવાય. તે વિના વર્ણાશ્રમ સંબંધી ઉપલા ધર્મ પાળે તેથી તો આ લોકમાં કીર્તિ થાય પણ કલ્યાણ ન થાય. કલ્યાણ તો ભાગવત ધર્મે કરીને જ થાય.

૧૭૯ મહારાજ આગળ જીવ, ઈશ્વર, અક્ષર આદિ બધાય પરતંત્ર છે અને મહારાજના અન્વય સ્વરૂપના શરીર મહારાજ તેમના શરીરી છે. ઢાંકે તે શરીરી અને ઢંકાય તે શરીર કહેવાય.

૧૮૦ **નાસ્તિક : નાસ્તિકપણું :**

સત્સંગમાં ગુણદોષ જોનારા તથા ભગવાનમાં શ્રદ્ધા રહિત હોય તે નાસ્તિક કહેવાય. શ્રીજીમહારાજ ને મોટાને અંતર્યામી ન જાણે ને અખંડ સ્મૃતિ ન રાખે તે નાસ્તિકપણું છે. બીજું દેહભાવ છે એ જ નાસ્તિકપણું છે. એ જન્મ બદલી નાખે તો જાય. **જન્મ બદલાણો ક્યારે કહેવાય ?** મહારાજે મને મૂર્તિમાં રાખ્યો છે એવું જ સર્વ ક્રિયામાં અખંડ અનુસંધાન રહે અને દેહ હાલે ચાલે છે તે તો બીજાને દેખવા માત્ર છે પણ તેના કર્તા મહારાજ છે; એમ જ્યારે સમજાય ત્યારે જન્મ બદલાણો કહેવાય. મહારાજ હોય ત્યાં દેહ ન હોય અને દેહ હોય ત્યાં મહારાજ ન હોય, જેમ રાત્રિદિવસ ભેગા રહેતા નથી તેમ. માટે દેહભાવ મૂકી દેવો. - સદ્. વૃંદાવનદાસજી સ્વામી

૧૮૧ **સમાધિ : સમાધિ ક્યારે થાય ?**

ભગવાનનો અવતાર રાજારૂપે કે સાધુરૂપે હોય તે મૂર્તિનું જે જીવ શ્રદ્ધાએ કરીને દર્શન કરે છે તેની ઈન્દ્રિયો ભગવાન સામી તણાઈ જાય છે ત્યારે સમાધિ થાય છે. કોઈક સમયે ભગવાન ઘણાક જીવને પોતાને સન્મુખ કરવા હોય ત્યારે તો અભક્ત જીવ અથવા પશુ હોય તેને પણ ભગવાનને જોઈને સમાધિ થઈ જાય છે. તો ભગવાનના ભક્તને થાય એમાં શું આશ્ચર્ય છે ? થાય જ. ॥ **સમાધિવાળાને સમાધિ દેહમાં થાતી હશે કે જીવ દેહથી બહાર નીકળતો હશે ?** (સદ્. ઈશ્વરચરણદાસજીસ્વામી). બાપાશ્રી કહે,

"અંતઃકરણમાં જીવ રહે છે ત્યાં જ સમાધિ થાય છે; એટલે જીવ સ્થૂળ દેહમાંથી સૂક્ષ્મ દેહમાં જાય છે તે તે સૂક્ષ્મ દેહમાં રહીને સર્વેને જુએ છે. વિષયની આસક્તિથી એ પાછો સ્થૂળ દેહમાં આવે છે." ॥ **નિર્વિકલ્પ સમાધિ : તદાકારપણું ::** ભગવાનનું સ્વરૂપ યથાર્થ જાણ્યું હોય ને તેમાં કોઈ જાતનું ઉત્થાન ન રહ્યું હોય, ગમે તેનો સંગ થાય, ગમે તેવા શાસ્ત્ર સાંભળે પણ તેમાંથી મન ડગમગે નહિ એવો જે નિરુત્થાનપણે ભગવાનનો નિશ્ચય એને તદાત્મકપણું તથા નિર્વિકલ્પ સમાધિ કહેલ છે. એવા અડગ નિશ્ચયવાળાને નિર્ગુણ, મોટી બુદ્ધિવાળો તથા જ્ઞાની કહ્યો છે. ॥ **સમાધિ : સિદ્ધદશા ::** જેને ખરી સિદ્ધદશા આવે તે તો એક મહારાજને દેખે; બીજું કાંઈ એને હોય નહિ. **કેટલાક સમાધિને અધિક કહે છે પણ એ ઉત્તર માર્ગ નથી; તે તો સકામ કહેવાય. એને ઐશ્વર્યનું રહે, જોયાનું રહે. માટે સિદ્ધદશા એ અખંડ સમાધિ કહેવાય અને તે ઉત્તમ છે. તે જ્યાં જુએ ત્યાં મૂર્તિ જ જુએ, કાંઈ દેખે જ નહિ.** એવી રીતે ગોરધનભાઈ પણ મૂર્તિ વિના બીજું દેખતા જ નહિ, તેમને મીઠું ને સાકર એક થઈ ગયેલા. ધ.ધૂ. આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ દૂધપાકમાં અજાણમાં મીઠું નાખેલ તે જમી ગયેલા. આવું હોય તે અખંડ સમાધિ, ઉત્તમ સમાધી કહેવાય.

**૧૮૨ ભગવાનને વ્યાપાક કહ્યા છે એટલે શું સમજવું ?**

એટલે કે પોતાની સામર્થીએ કરીને એક ઠેકાણે રહ્યા થકા સર્વને દર્શન આપે છે, એમ વ્યાપક કહ્યા છે. પણ આકાશની પેઠે અરૂપ થકા વ્યાપક નથી. તે તો સદા મૂર્તિમાન જ છે. તેઓ અક્ષરધામમાં રહ્યા થકા જ અનંતકોટી બ્રહ્માંડમાં ભાસે છે, દર્શન આપે છે. ભગવાન એકદેશી છતાં સર્વદેશી છે.

**૧૮૩ ભગવાનને મૂર્તિમાન વ્યાપક કેવી રીતે સમજવા ને તેજરૂપે વ્યાપક કેવી રીતે સમજવા ?**

જીવોના કલ્યાણ કરવાને અર્થે મનુષ્યરૂપે દર્શન આપે છે તથા પોતાના ભક્તોને વિષે મૂર્તિમાન રહ્યા થકા તેમને ધ્યાનમાં આત્માને વિષ દર્શન

આપે છે તથા અંત વખતે દર્શન આપે છે તે સાકાર વ્યાપક કહ્યા છે. જીવ, ઈશ્વર, બ્રહ્મ તથા અક્ષર આદિક સર્વને વિષયે પોતાના તેજરૂપે કર્મફળપ્રદાતાપણે અંતર્યામીપણે રહ્યા છે તેને તેજરૂપે વ્યાપક કહ્યા છે.

**૧૮૪ સત્પુરુષનો આશરો :**

સત્પુરુષનો આશરો કરે ત્યારે ગમે તેવો પાપી હોય તોપણ અતિ પવિત્ર થઈ જાય છે ને તેને સમાધિ થઈ જાય છે અને સત્પુરુષનો દ્રોહી હોય ને તે ગમે તેવો ધર્મવાળો જણાતો હોય તોપણ મહાપાપી છે ને તેને કોઈ કાળે ભગવાનનું દર્શન હૃદયને વિષે થાય જ નહિ. - મહારાજ બાપાશ્રી કહે, "મોટા પુરુષનો આશરો કરે તેને કાંઈ કરવું બાકી રહે નહિ. મોટા પુરુષ ઊંચી પદવીને પમાડે છે." સત્પુરુષને વિષે દ્રઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું, સત્પુરુષનો મહિમા જાણ્યાનું અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું સાધન છે. માટે સત્પુરુષને વિષે દ્રઢ પ્રીતિ કરવી. "અતિ મોટા પુરુષને આશરે રે, બળે પૂર્વ જનમના પાપ..."

**૧૮૫ ધર્મ-નિયમે યુક્ત હોય, પંચવર્તમાન પાળતો હોય પણ ઉપાસનામાં કચાશ હોય તો એની શી ગતિ થાય ?**

જે બ્રહ્માંડમાં ભગવાન પ્રગટ હોય અને અનાદિમુક્ત વિચરતા હોય તે જોગમા એને મૂકે, એના લીધે એનું અજ્ઞાન ટળી જાય અને ઉપાસના પરિપક્વ થઈને ભગવાનના સુખમાં પહોંચે. - પૂજ્યશ્રી નારાયણમામા.

**૧૮૬ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિની વાતો ઉપયોગી છે પણ મહારાજની મૂર્તિની વાતો જેવો આનંદ ન આવે કારણકે એ સાધન છે અને મૂર્તિની વાતો એ સાધ્ય છે. સાધનની વાતોમાં કોને રસ પડે ? જે મૂર્તિના આનંદ માટે ઝંખતો ન હોય એને સાધનની વાતો બહુ ગમે. - પૂજ્યશ્રી નારાયણમામા. અનાદિમુક્ત બિરાજમાન હોય એ સભામાં મૂર્તિની જ વાતો થતી હોવાથી જીવોને વિશેષ આનંદ આવે છે.**

**૧૮૭ સદ્. મુક્તાનંદસ્વામી કહે.**
“હે મહારાજ ! મને ક્ષય રોગ થયો છે તે મટાડો તો હું આપનો મહિમા કહીને ઉપાસના પ્રવર્તાવું ને આપનો દિગ્વિજય કરું.” પછી મહારાજે ક્ષય રોગ મટાડ્યો ને કહ્યું કે બેસો ખુરસીએ અને કરો વાત. પછી સ્વામી વાત કરવા લાગ્યા તો બધી ઊઠી ગયા; કોઈ સાંભળવા રહ્યું નહિ. સ્વામીએ મહારાજને કહ્યું કે કોઈ સાંભળતું નથી. મહારાજ કહે જે બધાય ધામમાંથી આવેલા છે, તે તમારી વાત સાંભળે તેવા નથી. પછી સ્વામી બોલ્યા કે મહારાજ હું એકલો જ સકામ થયો. માટે આપણે સકામ થાવું નહિ.

**૧૮૮** કેવળ ક્રિયારૂપ ન થાવું, સર્વે ક્રિયામાં શ્રીજીમહારાજની સ્મૃતિ રાખવી પણ મહારાજને ભૂલીને કોઈ ક્રિયા કરવી નહિ.

**૧૮૯** આપણું તન, મન, ધન છે તેના ધણી સ્વામિનારાયણ છે, તે સત્સંગ વિના બીજે ન વપરાય. સત્સંગમાં પણ ધર્મ વિનાના ને ધર્મવાળા હોય તેમને ઓળખીને ધર્મવાળાની સેવા કરવી અને સમાગમ પણ ઓળખીને કરવો. કોઈ દ્રવ્યના ચારી હોય તેની તો કોઈ પ્રકારે સેવા કરવી નહિ, કેમ જે એ તો સ્વામિનારાયણનો છે જ નહિ તેથી તેની કરેલી સેવા શ્રીજીમહારાજને પહોંચે નહિ, માટે સેવા કરવામાં પણ વિવેક રાખવો.

**૧૯૦** મહારાજનો મહિમા ઓછો કહીએ તો ગુનેગાર થઈએ અને બીજા સંત કચવાય. કદાપિ તેમાં કોઈ ન સમજે ને કચવાય તો ભલે પણ બરાબર કહેવું, મહારાજને ઓછા ન કહેવા.

**૧૯૧ વર્તમાન ધાર્યા ક્યારે કહેવાય ?** દારૂ, માટી, ચોરી, અવેરી, વટલવું-વટલાવવું એ વર્તમાન તો પાળેલા જ હોય. જો તે ન પાળે તો નાતમાં પણ બેસવા ન દે. આપણે તો તન, મન, ધન અર્પણ કર્યા પછી પોતાનું ન મનાય ત્યારે વર્તમાન ધાર્યા કહેવાય. - સદ્. વૃંદાવનદાસજીસ્વામી. જ્યારે બરોબર સમજીને સત્સંગ થાય ત્યારે વર્તમાન ધરાવ્યા કહેવાય. - પૂજ્યશ્રી નારાયણમામા.

**૧૯૨ શ્રીજીમહારાજ કહે, ''અમારું બિરુદ છે કે અમારા આશ્રિતને અંતકાળે જરૂર તેડવા આવવું.''**

તો આશ્રિત કોને કહેવાય ? જે ભગવાની આજ્ઞાઓનું પાલન અણીશુદ્ધ રીતે કરવા સતત પ્રયત્નશીલ રહે ને શ્રીજીમહારાજની સર્વોપારી ઉપાસના દ્રઢ હોય તેને.

**૧૯૩ મહારાજે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજીને દર્શન આપીને કહેલું કે હું તો સર્વોપારી પરમાત્મા છું. મારાથી પર કોઈ જ નથી. હું સર્વમાં રહીને કામ કરું છું. અનંત બ્રહ્માંડો મારા સંકલ્પથી અને મારી ચડાવેલી કળ વડે ચાલે છે. સદ્. નિર્ગુણદાસજીસ્વામી મારું સ્વરૂપ ઓળખાવે છે; તો તમે એમને કાઢી મૂકવા માગો છો ? આ ખોટું કરો છો. અયોધ્યાપ્રસાદજી કહે, ''પ્રભુ ! મને આ ખબર નહોતી. આજે જ ખબર પડી. હવે હું આ વાત બધાંને કરીશ ને સદ્. નિર્ગુણદાસજીસ્વામી મુક્ત કંઠે પ્રચાર કરશે, એમનો કોઈપણ વિરોધ નહિ કરે.'' પછી સ્વામીએ છૂટથી સર્વોપરીપણાની વાતો કરવા માંડેલી. - પૂજ્યશ્રી નારાયણમામા.**

**૧૯૪ મામા કહે છે કે ભગવાને મહાસત્તા આપીને, મૂર્તિમાં રાખવાની સંપૂર્ણ સત્તા અને સામર્થ્ય આપીને બાપાશ્રીને આ પૃથ્વી ઉપર પ્રગટ કર્યા, આ હકીકત છે, સંપૂર્ણ સત્ય છે. બારસો સાધુ અને પાંચસો પરમહંસ સહિત શ્રીજીમહારાજની સાક્ષીએ કહું છું કે આ જે સર્વોપરીનું જ્ઞાન તથા મૂર્તિમાં સળંગ રહી રસબસ રહેવાની રીત જે બાપાશ્રી અને સદ્ગુરુઓએ સમજાવી એ સંપૂર્ણ સત્ય છે, કપોળકલ્પિત નથી.**

**૧૯૫ પ્રવૃત્તિ :**

મહારાજ કહે છે કે કેવળ આત્મનિષ્ઠ ત્યાગી થઈને વનના મૃગલાની પેઠે ઉન્મત થકો એકલો ફરતો રહે (એકડમલ થઈ જાય) તેના કરતા ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે પ્રવૃત્તિમાં જોડાવું તે શ્રેષ્ઠ છે ને એનું નામ જ ભક્તિ છે. ભક્તિ કહેતા સેવા. પણ પરમેશ્વરના નિયમમાં રહીને અને

કામ, ક્રોધ, લોભ, આશા, તૃષ્ણા, સ્વાદ આદિક જે વિકાર તેનો ત્યાગ કરીને નિષ્કામભાવે સેવાને અર્થે પ્રવૃત્તિ માર્ગને વિષે વર્તવું તો એને કોઈ જાતનું બંધન થાય નહિ. એવો ત્યાગી કેવળ આત્મનિષ્ઠ ત્યાગી કરતા શ્રેષ્ઠ છે ને અમારી કૃપાનું પાત્ર છે. ॥ **મૂર્તિમાં કઈ પ્રવૃત્તિ કરવાની છે ?** મહારાજે મૂર્તિમાં રાખ્યા તે મૂર્તિનું સુખ ભોગવવું તે પ્રવૃત્તિ છે. તેમાંથી તૂટક થવું તે નિવૃત્તિ છે. અનાદિકાળના માયામાં હતા ત્યારે નિવૃત્તિમાં જ હતા પણ એમાં શું વળ્યું ?

૧૯૬ **ભૌતિક વસ્તુની અંદર ભૌતિક વસ્તુ ન રહી શકે કારણકે એ જગ્યા રોકે છે. દિવ્ય વસ્તુ જગ્યા રોકતી નથી. અનેક દિવ્ય વસ્તુ એક દિવ્ય વસ્તુમાં એકમેકની સાથે રહી શકે છે. એમાં કોઈ સંકોચ-વિકાસ અવસ્થા જ નથી. સંકોચ-વિકાસ અવસ્થા અવરભાવમાં (આ લોકમાં) ભૌતિક વિજ્ઞાનને આધારે છે. દિવ્ય વસ્તુ ભૌતિકવાદથી પર છે. ભૌતિક ને દિવ્ય વસ્તુમાં આસમાન જમીનનો ફરક છે. દિવ્ય વસ્તુ એવી છે કે જેને એનો સ્પર્શ થાય એ પણ દિવ્ય બની જાય. - પૂજ્યશ્રી નારાયણમામા.**

૧૯૭ **અનંત કોટિ બ્રહ્માંડો છે જ્યાં મનુષ્યોની વસ્તી છે. આપણા સૂર્યમંડળની બહાર તો કોઈ જઈ શકે તેમ નથી. જે ગ્રહો છે એમાં જ વિજ્ઞાન આંટા મારે છે. આવા તો અનંત બ્રહ્માંડો છે જે કે જ્યાં ભગવાન સ્વામિનારાયણનું વિચરણ થઈ ચૂક્યું છે. ત્યાં સ્વામિનારાયણ, સ્વામિનારાયણ પણ થાય છે. - પૂજ્યશ્રી નારાયણમામા.**

૧૯૮ **મોહ : મોહનું રૂપ શું છે ?**
**પોતાનો અવગુણ ન સૂજે તે, હૃદયમાં મોહ વ્યાપે ત્યારે જીવને પોતાનો અવગુણ સૂજતો નથી. જીવને મોહે કરીને દેહના રૂપમાં આનંદ મનાય છે, પણ એમાં છે શું ? હાડકાની મેડી ને માંસના પીંડા. જ્યાં જુઓ ત્યાં ગંદવાડ, નરકની ખાણ. તેમાં શું મોહ કરવા જેવું ને આનંદ માનવા જેવું છે ? માટે**

**દેહમાં મોહ કરવો નહિ. આપણે તો અજર, અમર, તેજોમય, આનંદઘન એવા આત્મા છીએ. દેહ તો માયામય ને ભાડાનું ઘર છે. આપણું અસલ ઘર તો મહારાજની મૂર્તિ છે તેમાં રહેવાનું છે - અનાદિમુક્ત બાપાશ્રી.**

**૧૯૯ ધામને વિષે મૂર્તિઓ તથા ઐશ્વર્ય દેખાડે છે, તે કિયા જાણવા ?**
મૂર્તિઓ તે અનાદિમુક્ત મૂર્તિમાં રહ્યા છે તે સમજવા અને મૂર્તિમાંથી સુખ આવે તે ઐશ્વર્ય જાણવા. - અનાદિમુક્ત બાપાશ્રી.

**૨૦૦ એક પ્રત્યક્ષ ભગવાનનું સ્વરૂપ વિચરતું હોય તેનો સંપૂર્ણ નિશ્ચય હોય પણ આત્મામાં દેખતો ન હોય ને બીજો આત્મામાં દેખતો હોય, તે બેયને સરખી પ્રાપ્તિ થાય કે કાંઈ ફેર રહે ? -**
પુરાણી ધર્મકિશોરદાસજી સ્વામી મહારાજની મૂર્તિ ધારીને તે મૂર્તિમાં રહીને ધીમે ધીમે બોલે પણ ઘડાકા ન મારે, ખાલી હવામાં જ ભડાકા ન કરે. બાપાશ્રી કહે જે કાંઈ ફેર રહે ખરો. પહેલો છે તે દેહરૂપે દેખે છે, એ દેહાભિમાન કહેવાય. તે જોગ કરતા કરતા આત્મામાં દેખે. બીજો છે તે તો ખરેખરો ચઢી ચૂક્યો કેમકે તેણે આત્માને વિષે મહારાજ પધરાવી દીધા. આત્મામાં દેખે તે વિશેષ કહેવાય. જે દેહરૂપે વર્તે છે તેને ધક્કો લાગે છે, ઓલ્યાને ન લાગે. આત્મામાં દેઅતો તો ન હોય પણ પરિપક્વ નિશ્ચય હોય તો તો બરાબર કહેવાય. નિશ્ચયરૂપી પાયો નક્કી કરી રાખ્યો ન હોય તો તેને સંગદોષ લાગે ખરો. પરિપક્વ નિશ્ચયવાળાને તો કોઈ વાંધો નહિ.

**૨૦૧ ભગવાનની વાતો કરતો હોય પણ આજ્ઞા લોપતો હોય, તો તેની વાત સાંભળવાથી બુદ્ધિ ભ્રષ્ઠ થાય. વાચ્યાર્થવાળો હલકારો બહુ કરે પણ લૂખો હોય. તે વાતો કરે તે આ લોકમાં મળતું આવે પણ તે વાતો ફળ વિનાના થોથા જેવી હોય. તેનાથી સમાસ ન થાય. જ્યારે લક્ષ્યાર્થવાળો તેજોમય ઝળળળ ઝળળળ એને એક મહારાજ સામું જ નિશાન હોય. તેની વાતોથી સમાસ બહુ થાય. સુખ ને શાંતિ થાય ને અંતરમાં ટાઢું થઈ જાય.**

**૨૦૨ અનાદિમુક્ત બાપાશ્રી કહે, ''આપણે તો અધમ જેવા જીવને વિષે પણ દયા રાખવી, તેવાને પણ ઉદ્ધારવા છે. માટે એવાનું સારું થાય એમ ઈચ્છવું. એવાનું બહુ અવળું કહે કરવું નહિ. સંગદોષે કરીને કોઈક બાળક જેવો થઈ ગયો હોય તો જે વસ્તુ તેને જોઈએ તે આપીને; રાજી કરીને તેને રસ્તે ચઢાવવો.'' પૂજ્યશ્રી નારાયણમામા પાસે માયિક વસ્તુ માગતા તોપણ દયા કરીને મહારાજને પ્રાર્થના કરતા ને આશીર્વાદ આપતા, જેથી જીવોને હેત થાય ને ધીરે ધીરે આગળ વધે, રસ્તે ચઢે.**

**૨૦૩ છત્રીએ હનુમાનજી પ્રતિષ્ઠ વખતે આશીર્વાદ -**

સં. ૧૯૭૮, વૈશાખ સુદ ૩ના રોજ અનાદિમુક્ત બાપાશ્રીએ બળદિયા છત્રીએ હનુમાનજી પધરાવેલા ને વર આપેલો જે આ હનુમાનજી સાળંપુરના હનુમાનજીની પેઠે કામ કરશે અને જે આ ઠેકાણે દર્શન કરવા આવશે તે સર્વેને અમે અક્ષરધામમાં તેડી જઈશું.

**૨૦૪ યોગીની નિંદ્રા -**

મૂર્તિમાં જોડાઈ બેઠા હોય તે મૂર્તિમાંથી બહાર ન નીકળે, રસબસ જોડાઈ રહ્યા હોય. ધ્યાનમાં જાય તે જળમીનવત્, જેમ જળમાં પડ્યો તે કોરો રહે નહિ તેમ. એના અવયવ, ઈન્દ્રિયો, અંતઃકરણ બધું શીતળ અને ચિત્ત અખંડ ભગવાનના ચિંતવનમાં રહે. ધ્યાન કરતા, માળા ફેરવતા એ મૂર્તિની બહાર નીકળાય નહિ, એ યોગીની નિંદ્રા કહેવાય. એક ભગવાન ને તેમના સંત રાખીએ તો શીતળ શાંત રહેવાય.

**૨૦૫ કેવો મંડવાદડ કરવો ? મહારાજ કહે,**

**''મંદવાડ એવો ખરેખરો કરી દેવો કે આ લોક, ભોગ, સગા-સંબંધી, નાત, જાતમાં ક્યાંય વૃત્તિ રહે નહિ. એક મૂર્તિના સુખે જ સુખી થઈ જવાય. એ સાધનમાં સર્વેએ રહેવું એ સાધન જબરું છે. એ સાધન કર્યા વિના પાર નહિ આવે. એ સાધન તે સર્વે સાધનનું ફળ છે.'' મંદવાડ કોને જાણવો ? સદ્. વૃંદાવનદાસજી સ્વામી કહે, ''મોટા સત્પુરુષના વચનનો વિશ્વાસ આવે**

**નહિ તેને મંદવાડ જાણવો. માંહિલા મંદવાડવાળા મૂર્તિના સુખને લઈ શકે નહિ કેમકે તેને પોતાના ડહાપણનો ડોડ હોય. તે મંદવાડ મટે ત્યારે દિવ્ય સુખ પમાય.''**

**૨૦૬ ભગવાનને મળેલા કોને કહેવાય ?**
કોઈ વખત જરા પણ મૂર્તિથી જુદા ન થાય તેને.

૨૦૭ રચનામાં વૃત્તિ તણાઈ જાય તો પાછી વાળવી ને મૂર્તિનો માર્ગ લેવો. માલપૂવા, બિરંજ, કેરીની રસોઈ દે છે તે સિદ્ધિઓ પરિપક્વ નિશ્ચયવાળાને આવે છે, બીજાને મળતી નથી, તેમાં લોભાવું નહિ.

**૨૦૮ અધિકાર કે જડ ઉપર તાન હોય તો મહારાજ ભૂલી જવાય. હવે તો સાધુ જડ ભેળું કરીને પટારા, પૈસા વગેરે કરે છે. એમાંથી નીકળીને શુદ્ધ થવું. સુરત રાખવી. એ સામી દ્રષ્ટિ જ કરવી નહિ. નકરા ચીંથરા ભેગા ન કરવા. બરાબર વર્તવું જોઈશે.**
**પરિપક્વ નિશ્ચયવાળા કિયા ? તો કોઠાર, ભંડાર ને મહંતાઈ મળે તે નહિ. મંદિરના કાર્યમાં હાથ ઘાલવામાં સાધુતા ન રહે. મૂર્તિમાં બેસી રહેવું. મૂર્તિમાંથી બહાર નીકળાય તો માયિક વૈભવમાં લેવાઈ જવાય. ખરેખર વાદિને નાગ ન કરડે, બીજાને કરડી ખાય. તે વાદી કોણ ? તો જે મહારાજની આજ્ઞા પ્રમાણે ચાલે તે. આ વાત પોતાના જાણીને કરીએ છીએ. - અનાદિમુક્ત બાપાશ્રી.**

**૨૦૯ અનુભવ જ્ઞાન - અનુભવજ્ઞાન કોને કહેવાય ? તેનાથી શું થાય ?**
મહારાજની મૂર્તિમાં ને મહારાજના સુખમાં અપારપણું રહે એ અનુભવજ્ઞાન કહેવાય. મૂર્તિના સુખનું, અનંત મુક્તનું અને અક્ષરધામ એ સર્વેનું જ્ઞાન અનુભવજ્ઞાનથી થાય છે, જેમ આ લોકમાં માયિક પદાર્થનું જ્ઞાન અહિંના જ્ઞાનથી થાય છે તેમ પરભાવમાં મુર્તિ, મુક્ત, ધામ ને સુખનું જ્ઞાન અનુભવજ્ઞાનથી થાય છે. **સર્વે જ્ઞાનનો રસ તે સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણનું જ્ઞાન તે અનુભવ જ્ઞાન છે. એ ગૃહસ્થ અને ત્યાગી સર્વેને કરવાનું છે. જે**

**મૂર્તિ સાથે રસબસ કરે તે અનુભવ જ્ઞાન કહેવાય. મહારાજની મૂર્તિમાં જોડાય તો એવું જ્ઞાન થાય. જેમ જળ પોતે ઊંડું લઈ જાય છે તેમ પુરુષોત્તમ નારાયણની ખુશબો તે જીવને ખેંચીને મૂર્તિમાં લઈ જાય છે. એ ખુશબો તે અનુભવ જ્ઞાન જાણવું. સર્વેથી પર શ્રીજીમહારાજ અને અનાદિમુક્તને સમજે ત્યારે અનુભવ જ્ઞાન થયું કહેવાય, પણ ખોટાને ખોટું કરે તે સાચું જ્ઞાન ન કહેવાય. મહારાજની મૂર્તિથી ઓરુ અક્ષર પર્યંત સર્વે ખોટું થઈ જાય અને મહાપ્રભુજીની મૂર્તિમાં જોડાઈ જવાય એ અનુભવ જ્ઞાન કહેવાય. માટે અનુભવ જ્ઞાન સિદ્ધ કરીને મૂર્તિમાં રસબસ થઈ જવું. - બાપાશ્રી ॥ મૂર્તિમાં રસબસ રહેવું તો અનુભવ જ્ઞાન કહેવાય. ''રસબસ હોઈ રસિયા સંગ જ્યું મિસરી પયમાંહી ભળી'' એમ મૂર્તિમાં જ રહેવું, બહાર નીકળવું જ નહિ. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય આદિક કોઈ સાધનની ખખા રહે નહિ, મૂર્તિ વિના બીજી કાંઈ સ્મૃતિ જ નહિ, કોઈ પ્રકારનો ઠરાવ જ નહિ, એક મૂર્તિ જ રહે. જે મૂર્તિમાં જોડાઈ ગયો તેને બીજું કાંઈ ભાસે કે સાંભરે નહિ, તે અનુભવ જ્ઞાન કહેવાય. ॥ અનુભવજ્ઞાન તે શું ?** મૂર્તિમાં રહીને સુખ લેવું, મૂર્તિની ખુશબો આવે અને મૂર્તિનું; મુક્તનું અને સુખનું જાણપણું રહે તે અનુભવજ્ઞાન કહેવાય છે. તે અનુભવજ્ઞાન મોટાના જોગમાંથી ને મોટાની કૃપાથી થાય છે. અક્ષર પર્યંત સર્વે ખોટું કરે તેને જ્ઞાની કહેવાય પણ અનુભવજ્ઞાન તો અક્ષરથી પર મૂર્તિના સુખમાં પહોંચે ત્યારે જ થાય છે.

**૨૧૦ સર્વોપરી ઉપાસના / સૃષ્ટિની રચના :**

બ્રહ્મા, વિષ્ણુ, શિવ એના ઉપર વૈરાજ છે. એના ઉપર અહંકાર, એના ઉપર મહત્તત્વ, એના ઉપરી પ્રધાનપુરુષ (રામ/ભૂમાપુરુષ), એવા અનંત પ્રધાનપુરુષના ઉપરી મૂળપુરુષ ઈશ્વર જે શ્રીકૃષ્ણ (પ્રકૃતિ પુરુષ/મહાપુરુષ) તે છે, એવા અનંત શ્રીકૃષ્ણના ઉપરી વાસુદેવબ્રહ્મ છે, એવા અનંત વાસુદેવોના ઉપરી અક્ષર છે જેને મૂળઅક્ષર કહે છે તે છે. એવા અનંત કોટી મૂળઅક્ષરોરૂપી બ્રહ્માંડના ઉપરી મહારાજાધિરાજ ભગવાન

સ્વામિનારાયણ છે તે આપણને મળ્યા છે. ॥ **સર્વોપરી ઉપાસના એટલે આજ્ઞાઓ એક પણ ચૂકવી નહિ અને ભગવાન સ્વામિનારાયણ સિવાય બીજું કાંઈ રહે નહિ, ક્યાંય આસ્થા કે સારપ મનાય નહિ તે.**

૨૧૧ **મુક્તોએ મહારાજને કહ્યું કે મહારાજ ! આ તો કોઈ ધામમાં આવતા નથી ને અહીં રહી શકતા નથી, શું કરવું ?**

મહારાજ કહે, ‘‘કાંઈ વાંધો નહિ, હજી અમારા સદ્ ગોપાળાનંદસ્વામી, સદ્. ગુણાતીતાનંદસ્વામી વિચરે છે. અમે અમારા સંકલ્પ સ્વરૂપ એવા અનાદિ મહામુક્તરાજને અબજીબાપા નામ ધારણ કરીને પૃથ્વી ઉપર પ્રગટ કરીશું. જેથી જેઓ અમારા સુખમાં રહી શકતા નથી ને પાછા પુનઃસત્સંગમાં મોકલવા પડે છે એ સ્થિતિ બંધ થઈ જાય. ‘‘મહારાજ કૃપાસાધ્ય બન્યા. જેને દિવ્યભાવ આવ્યો એ બધાંને મૂર્તિમાં રાખી દીધા; પણ પાત્ર ન હોવાથી બાધીતાનુવૃત્તિનું આવરણ રાખ્યું. જો એ ન રાખે તો એ દિવ્ય સ્વરૂપના દર્શન જ જીરવાય એવા નથી. અનંત કોટી સૂર્યનું તેજ જેમાંથી નીકળતું હોય અને એ સુખની પરાકાષ્ઠા એટલી બધી છે કે તેમાં પાત્રતા વગર રહેવું અઘરું પડી જાય. તેવી જ રીતે પ્રણવનાદ કોઈથી ખમી શકાય એમ નથી. મૂર્તિના તેજમાંથી જે દિવ્યધ્વનિ નીકળે છે તે પણ આ કાને સાંભળી શકાય એમ નથી. કાનના પડદા પણ તૂટી જાય, એવો એ લાગે છે. જ્યારે એ ધ્વનિ આરતીના જેવો, બંસરીના અવાજ જેવો મધુર લાગે ત્યારે એ મૂર્તિના સુખમાં રહેવાય એવી પાત્રતા આવી કહેવાય. ભગવાન કહે છે કે હું જેટલો નિર્મળ છું એટલો નિર્મળ મારા મુક્તને બનાવું ત્યારે એ મારી મૂર્તિના સુખમાં રહી શકે છે. એ કરવા માટે હું મારા અનાદિમુક્તને માધ્યમ બનાવું છું. મારા અનાદિમુક્તને જે રાજી કરે એના ઉપર હું વધુ રાજી થાઉં છું.

જીવ કરોડો સાધન કરે પણ અનાદિમુક્ત વગર મહારાજની મૂર્તિને પમાતું નથી. બ્રહ્મવિદ્યા મહારાજના અનાદિમુક્ત થકી જ સમજાય છે. અનાદિમુક્ત મહારાજનું સ્વરૂપ જેમ છે તેમ સમજાવી શકવા સમર્થ છે. અનાદિમુક્તોને

મહારાજ સાથે જળતરંગવત્ એકતા છે. અનાદિમુક્ત થકી જ શ્રીજીમહારાજના સુખને પામી શકાય છે, એ સત્ય હકીકત છે. - પૂજ્યશ્રી નારાયણમામા.

૨૧૨ **કૃપાદ્રષ્ટિ :**
મૂર્તિના સખુમાં રહેતા ક્યારે આવડે ? કૃપાને કોઈ શરત નથી. પાત્રતા હોય કે ન હોય, પણ જો એ પ્રભુની દ્રષ્ટિ પડી જાય ને એમ કહે કે તમને અમે અમારી મૂર્તિમાં રાખ્યા છે એનો વિશ્વાસ રાખજો, તો એ થયા વગર રહે નહિ. સમય આવ્યે એ સુખ ભોગવાવશે. તો એ કૃપાનું કામ છે. કૃપાથી જો અલગ રીતે જોઈએ તો શ્રીજીમહારાજના સુખમાં સંપૂર્ણ પાત્રતા વગર રહી શકાતું નથી. ગમે તેટલા ઉત્સવ, સમૈયા કરે, ભક્તિ કરે, ખૂબ જપ-તપ કરે, છતાં પણ એ સુખમાં રહેવાની પાત્રતા કેળવી શકાતી નથી. અનેક જન્મ સુધી એ કર્યા પછી એને ભગવાનના અનાદિમુક્ત પ્રાપ્ત થાય છે. એ અનાદિમુક્ત દ્વારા ભગવાન એના ઉપર કૃપા વરસાવી આશીર્વાદ આપે ત્યારે જ એ સુખમાં રહેતા આવડે. - પૂજ્યશ્રી નારાયણમામા.

૨૧૩ **બાપાશ્રીએ ચૈતન્યને મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો છતાં દેહભાવ કેમ એ જણાય છે ?**
મામા કહે, “એ દેહભાવ ખોટો સમજવો. કેવળ વધુ સુખ આપવા, આ અવરભાવના (આ લોકના) કામ કરાવવા તથા શ્રીજીમહારાજ ને બાપાશ્રીને ઓળખાવવાને માટે બધિતાનુવૃત્તિ રાખી છે. બાકી આપણે એ દિવ્ય સુખમાં જ છીએ. એ સુખનું મનન, ચિંતવન કરતા કરતા સુખિયા રહેવું.”

૨૧૪ મહારાજ પોતાના સુખે સુખિયા છે ને મુક્ત મહારાજના સુખે સુખિયા છે અને દેહ તો આ લોકની ચણ ખાવાથી સુખી છે. માટે આહાર જોઈને કરવો તો બળિયા થવાય. (સદ્. વૃંદાવનદાસજીસ્વામી)

૨૧૫ **આપણે મૂર્તિમાં જોડાણા એટલે મહારાજ જ છે. પછી કોઈ વિક્ષેપને લઈ મૂર્તિ ભૂલાય. તો શું મૂર્તિ જતી રહે ?**

ન જતી રહે. મંદિરમાં ઠાકોરજી પધરાવ્યા પછી ઠાકોરજી શું જતા રહે ? ન જતા રહે. તે તો એક જ વાર પધરાવાય પણ ઘડી ઘડી સ્થાપન ઉત્થાપન ન થાય. જેમ આપણે ઊંઘી ગયા એટલે શું માણસ મટી ગયા ? ન મટી ગયા. તેમ ભૂલ પડે તો પછી જાણીને સંભાળી લેવું. આવી સિદ્ધતા થઈ એટલે પૂરું - સદ્. વૃંદાવનદાસજી સ્વામી.

**૨૧૬ વ્યવહાર :**

નદીના પાણી કોઈ ઠેલે છે ? એ તો એના સ્વભાવ છે તે ચાલ્યા જ કરે, તેમ વ્યવહાર થયા જ કરે. માટે આપણે તો મહારાજની મૂર્તિમાં જોડાઈ રહેવું ને એમ જાણવું જે હું અખંડ મૂર્તિમાં જ છું તો સુખ પમાય.

**૨૧૭ ભગવાનની મૂર્તિનું સુખ : સત્સંગનું સુખ : સુખ ક્યાં છે ?**

"સુરલોક (દેવલોક), નરલોક (મૃત્યુલોક), નાગલોક (પાતાળ) એ તીનમે સુખ નાહી, કાં સુખ હરિકે ચરનમે, કાં સંતનકે માંહી" .... "બ્રહ્માથી કીટ લગી જોયું, જૂઠું સુખ જાણીને વગોવ્યું" મૂર્તિ વિના બીજે ક્યાંય સુખ નથી. જ્યાં મહારાજની મૂર્તિ છે ત્યાં જ સુખ છે. માટે મૂર્તિમાં જોડાવું. ॥ **દુઃખ કે ઉદ્વેગ ક્યારે થાય ?** મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો છે એ કૃપાનું અનુસંધાન ભૂલાય ત્યારે. જો એ કૃપાનું અનુસંધાન રહે તો એક ક્ષણ પણ એવી ન જાય કે જેમાં ઉદ્વેગ કે કાંઈ દુઃખ થાય. ભૂલાય એટલી વાર આનંદમાં ખામી આવે. ॥ **સુખિયા ક્યારે થવાય ?** મૂર્તિ દેખાય એટલે સુખિયા એમ નહિ. એ તો ચિતારા પણ મૂર્તિને દેખે છે પણ તેણે કરીને સુખિયા થતા નથી, એ તો જ્યારે મૂર્તિરૂપ થઈ મૂર્તિના સુખમાં ઉતરે ત્યારે સુખિયા થવાય. ॥ **મૂર્તિનું સુખ કેવું છે ?** મૂર્તિનું સુખ હાલે ચાલે તેવું નથી. જો એવું હોય તો વધુ ઓછું થઈ જાય પણ એમ થતું નથી. સુખ ને તેજ તો મૂર્તિમાં છે તેમના તેમ જ છે. જોનારની દ્રષ્ટિમાં કિરણના વિભાગ પડે છે તેને સમજાવવા માટે કિરણો કહેવાય છે. જેમ સૂર્યનું તેજ સર્વત્ર ભર્યું છે પણ જોનારને કિરણો દેખાય છે. જ્યારે સૂર્યના જેવી દ્રષ્ટિ થાય ત્યારે કિરણો મટી જાય. ॥ **સુખ નથી આવતું તેનું કારણ શું ?** સત્સંગ

કરતા કરતા વૃત્તિ અધરપધર રાખે છે તે. જ્યાં સુધી વૃત્તિ સ્થિર થાય નહિ ત્યાં સુધી સુખ આવે નહિ. વૃત્તિ જ્યાં ત્યાં ફર્યા કરે એ વાંદરાના સ્વભાવ જેવું છે. એવા સ્વભાવ ટાળવા પુરુષપ્રયત્ન કરવો જોઈએ અને મોટા પુરુષને વિષે હેત તથા વિશ્વાસ પણ રાખવો જોઈએ. ભગવાન સિવાય બીજા કોઈ માર્ગમાં સુખ છે જ નહિ એમ મનાવું જોઈએ. જેણે સાકર જોઈ નથી અને સાકર જમનારાનો વિશ્વાસ નથી તેને સાકર લેવાનો ખપ શી રીતે થાય ? ન જ થાય. કોઈ આપે તોપણ ન લેવાય. મહારાજ ને મોટાનો વિશ્વાસ હોય તથા તેમની અનુવૃત્તિમાં રહેતા હોય તેને મહારાજ સુખ આપે છે, પણ જેને વિશ્વાસ નથી ને પોતે સુખ દેખ્યું નથી, તેને તો કોઈ કાળે એ સુખ પ્રાપ્ત થવાનું નથી. ॥ **ભગવાનનું સુખ ક્યારે જીરવાય ?** ભગવાનનું સુખ જીરવવા માટે અનાદિમુક્તનું સાનિધ્ય અને આજ્ઞાઓ પાળવી જરૂરી છે. બધી આજ્ઞાઓના શિરછત્રરૂપ આજ્ઞા એ નિષ્કામ ધર્મ. **ત્યાગી - ગૃહી બધાયે નિષ્કામ ધર્મનો પાયો મજબૂત કર્યા વગર પાત્રતા આવતી નથી. પંચવર્તમાનના સ્થૂળ - સૂક્ષ્મ અર્થ સમજીને પાળવાથી પાત્ર થવાય છે.** ॥ **તાપની શાંતિ ક્યારે થાય ?** આપણે મૂર્તિમાં અખંડ છીએ એમ જાણપણું રહ્યા કરે એટલે સર્વત્ર તાપની શાંતિ થઈ જાય. બહારના ઉનાળાનો તાપ તથા અંદરની અશાંતિ, ઉદ્વેગ, ડખા બધું સમાઈ જાય ને અંતરમાં ટાઢું થાય. - સદ્. વૃંદાવનદાસજી સ્વામી આપણે મહારાજ ને મુક્તનું અનુસંધાન ભૂલીએ છીએ ત્યારે જ અશાંતિ ને બીજા ડખા હૃદયમાં પેસે છે, નહિતર પેસતા નથી. - પૂજ્યશ્રી નારાયણમામા. ॥ **અલૌકિક ધનાઢ્ય :** બાપાશ્રીએ આપણને મૂર્તિના સુખમાં મૂકી દીધા અને અલૌકિક ધનાઢ્ય બનાવી દીધા. આ ધનાઢ્ય પાસે ધન શું હિસાબમાં !! બીજાઓને આ લોકના ધનની કિંમત. અનાદિમુક્તને તો મૂર્તિરૂપી સુખના ધનની કિંમત. - પૂજ્યશ્રી નારાયણમામા. ॥ **જેને મહારાજની મૂર્તિનું સુખ જોઈતું હોય તેણે સત્સંગમાં દાસાનુદાસ થઈ રહેવું. દાસપણું આવે તો મૂર્તિમાં રહેવાય.** ભગવાનના ભક્ત સાથે “મીન સ્નેહી જળ” તેવું હેત રાખવું, નિર્માનીપણું રાખવું, અખંડ ભજન કરવું તો મહારાજ તથા મોટા

રાજી થાય ને સુખ આવે. ॥ **કેવો હોય તે ભગવાનના સુખને ક્યારેય ન પામે ?** જેને પંચવિષયે કરીને જીવનપણું મનાણું છે ને તેણે કરીને સુખ માન્યું છે ને તેનો વિયોગ થાય ત્યારે મૂઆ જેવો થઈ જાય છે, એવો હોય તે ભગવાનના સુખને ક્યારેય ન પામે. જેને પંચવિષયે કરીને જીવનપણું ટળી ગયું છે તે જ ભગવાનના સુખને અનુભવે, ભોગવે ને પામે છે. ॥ **કેવા સ્વભાવવાળાને જીવતે કે મરીને સુખ ન થાય ?** (૧) દ્રવ્ય આદિનો લોભ (૨) સ્ત્રીને વિષે બેઠ્યા - ઉઠ્યાની વાસના (૩) રસને વિષે જીહવાની આસક્તિ - રસાસ્વાદ દેહાભિમાન (૫) કુસંગીમાં હેત (૬) સંબંધીમાં હેત. આ છ વાના જેને હોય તેને કોઈ દિવસ જીવતે કે મરીને પણ સુખ ક્યારેય થાય જ નહિ. જેને સુખ જોઈતું હોય તેણે આવા સ્વભાવ ટાળવા. નિવૃત્તિપર થાવું ને બરોબરિયાની સોબત ન રાખવી, ભગવાનના મોટા સાધુ સંગાથે જીવ જડી દેવો ને એમના વચનમાં વર્તવું અને વિષયનો સંબંધ થવા દેવો નહિ. ॥ **દુઃખ મટવાનું સાધન શું છે ? મહારાજની મૂર્તિ અને મહામુક્ત એ બે સામું જોઈએ એટલે બધું દુઃખ મટી જાય, દુઃખ મટવાનું એ એક જ સાધન છે. શ્વાસોશ્વાસ તેમને સંભારવા એટલે બધુંય દુઃખ ગયું.** સુખિયા રહેવું હોય તો મહારાજ તથા મોટાને આગળ રાખવા. - અનાદિમુક્ત બાપાશ્રી ॥ **ભગવાન સંબંધી સુખ કેવું જણાય છે ?** મહારાજ કહે, ‘‘અમે અમારા તેજરૂપ ચિદાકાશને વિષે સદાય વિરાજમાન છીએ, તે અમારે વિષે સમાધિએ કરીને ક્ષણ માત્ર સ્થિતિ થાય તો તેને હજારો વરસ સુધી સુખ ભોગવ્યું હોય એમ લાગે. એવું અમારું નિર્ગુણ સુખ છે અને માયિક સુખ નાશવંત છે.’’ ॥

**૨૧૮** સ્વામિનારાયણ ભગવાન રામાનંદસ્વામીરૂપે પ્રગટ થાય હતા, એટલે રામાનંદસ્વામી શ્રીજીમહારાજના મુક્તાવતાર હતા. ઉદ્ધવ સંપ્રદાયનો અર્થ શું ? ઉદ્ધવ = ઉત્ + ધવ, ઉત્ કહેતા ઉત્કૃષ્ટ અને ધવ કહેતા સ્વામી. ઉત્કૃષ્ટ સ્વામી એવા જે સાક્ષાત્ શ્રીસ્વામિનારાયણ ભગવાન તેમનો સંપ્રદાય તે ઉદ્ધવ સંપ્રદાય કહેવાય.

**૨૧૯ ગુરુપરંપરા ?**

સદ્. રામાનંદસ્વામી શ્રીરંગ ક્ષેત્રને વિષે સ્વપ્નમાં સાક્ષાત્ રામાનુજાચાર્ય થકી વૈષ્ણવી દીક્ષાને પામ્યા હતા. માટે તેમના દીક્ષા ગુરુ રામાનુજાચાર્ય છે. મહારાજના દીક્ષાગુરુ સદ્. રામાનંદસ્વામી છે. પછી મહારાજે અમદાવાદ તથા વડતાલ ગાદી સ્થાપન કરીને આચાર્ય અયોધ્યાપ્રસાદજી તથા આચાર્ય રઘુવીરજીને ગુરુ પદવી આપી તે ગુરુ જાણવા. એ બે ગાદી ઉપર જે જે આચાર્ય સ્થાપન થાય તેમને જ આચાર્ય ને ગુરુ જાણવા, એમ ગુરુપરંપરાં જાણવી. - અનાદિમુક્ત બાપાશ્રી

**૨૨૦ પ્રાર્થના :**

એ તો મહારાજની મૂર્તિમાં જોડવાનું અમોઘ સાધન છે. નિઃસ્વાર્થ પ્રાર્થના ભગવાનના સુખ તરફ દોરી જનારી છે. માટે તે ખૂબ અગત્યની છે. મહારાજ કહે છે કે મને બધાય કરતા નિઃસ્વાર્થ પ્રાર્થના વધુ ગમે છે. ચૈતન્ય ઉપર આવરણો છે એટલે ભગવાનના દિવ્ય પ્રકાશનો આપણા ચૈતન્યને અનુભવ થતો નથી. એને ભેદવા માટે પ્રાર્થના એ શક્તિશાળી હથિયાર છે. Selfless Prayer is a Powerfull Weapone. મહારાજને ગમતી વસતુ છે. એ રાજી રાજી થઈ જાય છે. માટે એ તો સરસ રીતે ગદ્ ગદ્ કંઠે રોજ કરવી અને કહેવું કે મહારાજ ! તમારી કૃપા ઊતરે તો જ તમારું સ્વરૂપ મને સરસ દેખાય, બધાય મારા સંકલ્પ - વિકલ્પ દૂર થઈ જાય. વળી મારા ઉપર એવી દયા કરજો કે તમારા વચનમાં બળ આવે, તમારી મર્યાદા (આજ્ઞા) લોપાય નહિ; તમારા સિવાય મને બીજા શેમાંય રાગ ન રહે. મહારાજને કહેવું કે હે મહારાજ ! આ દેહના સુખ-દુઃખ તો આવે, એવું બનવાનું. તમે અતિશય દુઃખ મટાડી દો તેમ અમારી માંગણી નથી, એ તો તમારા ધ્યાનમાં જ હોય, પણ અમારા જીવનો રોગ, જીવમાં રહેલો દેહાભિમાનરૂપ કાંટો કાઢીને તમારી મૂર્તિના સુખમાં સદાય રાખજો. આ નિષ્કામ પ્રાર્થના છે. આ લોકના હિત પૂરતી, રોગ મટાડવાની કે કોઈ તકલીફ દૂર કરવાની પ્રાર્થના એ સકામ છે, છતાં પણ મહારાજ તો જાણેને ! એ દૂર કરી દે છે. એવો અભ્યાસ નાનપણથી જ કરવો. મોટી ઉંમર થઈ જાય પછી મુશ્કેલ પડે. - પૂજ્યશ્રી નારાયણમામા.

**૨૨૧ ભગવાનની મૂર્તિ કેવી છે ?**

એ પોલી નથી તેમાં ત્યાગ - ભાગ નથી. એ સળંગ દિવ્ય મૂર્તિ છે. અનંત દિવ્ય વસ્તુ જો એના જેવી થાય તો એની સાથે રહી શકે. એમ અનંત મુક્તો અંદર રહીને સુખ ભોગવે છે. જો એ મૂર્તિ પોલી હોત તો એકાદ જ સમાત. એક નાની કોઠી હોય તેમાં દાણા ભરીએ તો ભરાઈ જાય કારણકે એ પોલી છે. પોલી હોવાથી એ ભૌતિક છે. એટલે વધુ ભરે તો નીકળી જાય. દિવ્ય વસ્તુમાં એવું ન થાય. દિવ્ય વસ્તુના ગુણધર્મ ભૌતિક વસ્તુથી તદ્દન જુદા છે. ।। ભગવાની મૂર્તિ દિવ્ય ચૈતન્યની મૂર્તિ છે, ઘન - Solid તેજ હોય તેવી, દેહ-દેહી, શરીર-શરીરી ભાવ નથી. માયાના અંગો (સ્ત્રી કે પુરુષના કોઈ અંગો) નથી. કિશોર - આઠ વર્ષના બાળક જેવી નિર્દોષ મૂર્તિ છે. હાડ-માસનો દેહ નથી, દિવ્ય નરાકાર છે પણ મૂછો નથી. સવા ચોસઠ તસુની છે પણ મહાસાગરોના મહાસાગર સમાઈ જાય એવી અગાધ છે. અનંત અનાદિમુક્તો મૂર્તિમાં રસબસ રહીને રોમેરોમનું અખંડ સુખ ભોગવી રહ્યા છે, તેઓ એકબીજાને નડતા નથી કારણકે દિવ્ય વસ્તુ ભૌતિક વસ્તુની જેમ જગ્યા રોકતી નથી. કેવી અલૌકિકતા !!

**ભગવાનનું સ્વરૂપ :** મહારાજ નખથી શિખા પર્યંત દિવ્ય મૂર્તિ છે. એનું એકે એક અંગ છે તે અતિ સૌન્દર્યવાન છે. સળંગ મૂર્તિ જોયા કરો તો કલ્પે કલ્પ વીતી જાય ત્યાં સુધી એ મૂર્તિમાંથી ખસવું ગમે નહિ એવી એ સુંદર મૂર્તિ છે. એ નેણ, એ નાસિકા, એ ભાલ, એ ભ્રમર, એ હોઠ, એ હસ્ત, આખું શરીર કોઈ અલૌકિક છે. ભગવાન જ્યારે મનુષ્ય સ્વરૂપ ધારણ કરે છે ને ! ત્યારે તેમાં પણ ત્યાગ-ભાગ નથી. તેમાં પણ હાડ-માંસનો સંકલ્પ ન કરવો જોઈએ, હોય જ નહિ. મહારાજનું એ કૈવલ્ય સ્વરૂપ હોય છે. મનુષ્ય સ્વરૂપ હોય ત્યારે પણ દિવ્ય સ્વરૂપ જ હોય. **બાપાશ્રી કહે,** "મૂર્તિમાં હરવું-ફરવું ક્યાંય નથી. જેમ રહ્યા છે તેમ જ છે અને સભા સહિત છે, તે મહારાજ ને મુક્ત અરસપરસ દેખે છે. બહારના દેખાતા નથી." મામા કહે, "ત્યા માયિકભાવ, ભૌતિક ગતિ જેવું કાંઈ

નથી. એરોપ્લેન ૮૦૦ કિલોમીટર/કલાકની ઝડપે જતું હોય ને અંદર બેઠા હોઈએ તો ગતિ જણાતી નથી. બહારના પદાર્થ જોઈએ તો જ ગતિ જણાય છે. તેવી રીતે મૂર્તિમાં હરવું-ફરવું ક્યાંય નથી. નરી દિવ્યતા જ છે. આપણે ગમતું નાટક-સિનેમા જોતા હોઈએ ત્યારે વૃત્તિ કેવી સ્થિર થઈ જાય છે, આજુબાજુ શું થાય છે તેનું પણ ધ્યાન રહેતું નથી. તેમ મુક્ત મૂર્તિના સુખમાં થીજી જાય છે. ઘડામાં ઘી થીજી જાય તેમ.'' હરવું-ફરવું એવો કોઈ ભાવ જ નથી.

૨૨૨ **કામ : કોના હૃદયમાંથી કામાદિકનું બીજ નાશ પામે ?**
મહારાજ કહે છે કે અમારી મૂર્તિ વિના બીજા માયિક આકાર માત્રને અતિ તૂચ્છ, દુઃખદાયી ને નરકરૂપ જાણીને પોતાને આત્મારૂપ માને તે ત્યાગી કે ગૃહસ્થાના હૃદયમાંથી કામાદિકનું બીજ નાશ પામે છે; ને તે સર્વ ભક્તથી શ્રેષ્ઠ છે. ગૃહી - ત્યાગીનો કાંઈ મેળ નથી, જેની સમજણ મોટી તેને જ સૌથી મોટો હરિભક્ત જાણવો. માટે માયિક આકારને અતિ તૃચ્છ, દુઃખદાયી ને નરકરૂપ જાણવા. આવી સમજણ હોય તોપણ કુસંગ તો કરવો જ નહિ; કેમકે ભૂંડા દેશકાળનો યોગ થાય તો ખોટ આવે. ॥ **કામનું શું રૂપ છે ?** વીર્ય એ જ કામનું રૂપ છે. વીર્ય સૂક્ષ્મ દેહ ભેળું રહે છે. તે સાત ધાતુ માહેલો ધાતુ છે. સ્ત્રીના સંકલ્પથી વીર્યપાત થાય તે કાચો બ્રહ્મચારી છે. મનોહવા નાડીને વિષે મન રહ્યું છે, તે મનને વિષે સ્ત્રી સંબંધી સંકલ્પ થાય છે ત્યારે વીર્ય શરીરમાં મથાઈને મનોવહા નાડીને વિષે ભેળું થઈને શિશ્ન દ્વારે આવે છે, જેમ દહીં રવાઈએ કરીને મથાય ત્યારે ઘી હોય તે સર્વ ઉપર તરી આવે છે તેમ. જેને વીર્ય શિશ્ન દ્વારે ન આવે તે ઉર્ધ્વરેતા પુરુષ કહેવાય અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી કહેવાય. શ્રીકૃષ્ણ, નરનારાયણ, વાસુદેવબ્રહ્મ, મૂળઅક્ષર તથા શ્રીજીમહારાજ એ સર્વેને ભજને કરીને ઉર્ધ્વરેતા થવાય અને જન્મ-મરણ રહિત પણ થવાય છે પણ સર્વોપરી એવું આત્યંતિક કલ્યાણ તો શ્રીજીમહારાજને ભજને કરીને જ થાય છે. ॥ **કામદેવનું બળ ક્યારે થાય ?** જ્યારે સ્ત્રીનો સંબંધ હોય ત્યારે; તેમાં

ખાસ કરીને શરદઋતુને વિષે રાત્રિમાં કામદેવનું બળ વધુ થાય તથા રાગરંગ વિલાસના શબ્દ સાંભળવા, સ્ત્રીનું રૂપ જોવુ, સ્ત્રીનો સ્પર્શ કરવો તેણે કરીને કામદેવનું અતિશે બળ વધે છે. ॥ **કામ, ક્રોધ ને લોભ એ ત્રણ નરકના દ્વારા છે.** ॥

૨૨૩ આજ સત્સંગમાં ભગવાન બિરાજે છે પણ પાપી અને અધર્મી છે તેના મતે નથી. તે તો અદ્રશ્ય થયા જાણે છે; કેમ જે સત્સંગની શૈલી જાણતા નથી. તેથી એ સમજે છે કે ભગવાન અંતર્ધાન થયા છે.

૨૨૪ સંત્સંગમાં ડખા થાય તેણે કરીને ભગવાન નથી એમ ન જાણવું. જેને પરિપક્વ નિશ્ચય ન હોય તેને એવી શંકાઓ થાય. પરિપક્વ નિશ્ચયવાળો તો ભગવાનની લીલા જાણે. ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તે ભગવાનની લીલા છે એમ જાણીને તે લીલા કહે ને સાંભળે તેનો મોક્ષ થાય. આવા તીર્થક્ષેત્રમાં શંકા કરે તે અજ્ઞાની છે. - બાપાશ્રી તીર્થમાં રહેનારા માણસો બદલાય, આવે ને જાય, તેથી કરીને તીર્થની પવિત્રતા ઓછી થતી નથી. - પૂજ્યશ્રી નારાયણમામા.

૨૨૫ બાપાશ્રી કહે, “રહસ્યાર્થ વચનામૃતના પાંચ પારાયણ વાંચવાથી અને આજ્ઞા યથાર્થ પાળીને દિવસ દિવસ પ્રત્યે પાઠ કરવાથી આત્મામા અખંડ મૂર્તિ દેખાય છે.” હિરાકાકાએ પૂજ્યશ્રી નારાયણમામાને કહેલું કે ભાઈ ! મેં પાંચ પારાયણ તો કર્યા છે પણ મહારાજના દર્શન…? મામા કહે, **“જ્યારથી વાંચવાનું શરૂ કરે ત્યારથી પુરું થાય ત્યાં સુધી વચમાં એકેય ઘાટ-સંકલ્પ ન થાય એવી પાંચ પારાયણ કરે તો સાક્ષાત્કાર થાય.”**

૨૨૬ કોઈની આસુરી બુદ્ધિ થાય ને તે આપણો અવગુણ લે તોપણ તેનો હાથ ઝાલીને તે સત્સંગમાં આવે એવી રીતે ગમે તેમ કરીને પણ તેનું સારું થાય તેમ કરવું. પણ પડ્યો મૂકવો નહિ, એ આપણો ધર્મ છે, માટે તેનું સારું ઈચ્છવું. કોઈકને માયિક વસ્તુ જોઈતી હોય તે આપવી પણ તેને આપણો ગુણ આવે તેમ કરવું. આપણે એવા સ્વભાવ રાખવા પણ તેના જેવા ન

થાવું. દયા રાખવી. - અનાદિમુક્ત બાપાશ્રી. પૂજ્યશ્રી નારાયણમામા કહેતા કે જો હું ખરો અનાદિમુક્ત હોઉ તો દુશ્મનનનું પહેલા કલ્યાણ કરું. કેવી દયાળુતા !!!

**૨૨૭ જેના હૃયમાં ભગવાન નિવાસ કરે એ કઈ સ્થિતિ રહેવાય ?**
બાપાશ્રી કહે જે એ એકાંતિકની સ્થિતિ કહેવાય. એનો દેહ માયાનો છે તેમાં છે ત્યાં સુધી તે એકાંતિક કહેવાય. જ્યારે દેહનો વિયોગ થાય ત્યારે તે પરમએકાંતિક કહેવાય. જેમ સિંહણનું દૂધ સુવર્ણના પાત્રમાં જ રહે પણ ઠીકરા આદિકના વાસણમાં ન રહે તેમ પાત્ર થાય ત્યારે શ્રીજીમહારાજ નિવાસ કરે, પણ પહેલા ન કરે. ભગવાન પાત્રની તારતમ્યતાએ રહે છે.

૨૨૮ સુખ આવે કે દુઃખ આવે તોપણ કોઈનો અભાવ આવવા દેવો નહિ. મૂર્તિમાંથી નોખું પડવું નહિ. કલેવરને ગમે તેમ થાય તોપણ મૂર્તિમાં જોડાઈ રહેવું. એવી સ્થિતિવાળા આજ સત્સંગમાં છે.

**૨૨૯ પાપ - પૂણ્ય :**
પ્રભુને ન ગમે એવું વર્તન એનું નામ પાપ અને ગમે તેવું વર્તન કરીએ તે પૂણ્ય. કોઈના તિરસ્કાર કરીએ, અપમાન કરીએ, કોઈની વસ્તુ ચોરી લઈએ, છાનુંમાનું કોઈનું લઈએ, સરકારી ચોરી કરીએ, કાયદા - કાનૂનનું પાલન ન કરીએ; એ બધું ભગવાનને ન ગમે. એટલે પાપ કહેવાય.

**૨૩૦ પ્રભુને રાખવા એટલે શું ?**
એટલે કે સંપૂર્ણ સત્ય ને પ્રેમથી વર્તવું તે. પરમાત્માનું સ્વરૂપ એ સંપૂર્ણ સત્ય ને પ્રેમ સ્વરૂપ છે. પ્રભુ અંતર્યામી છે. મનમાં ખોટો સંકલ્પ કરીએ, ખોટો વિચાર કરીએ, કોઈનું ખોટું થાય એવું વિચારીએ, પોતાના સ્વાર્થ ખાતર બીજાનું જરાકે ય બગાડીએ, આડંબર કરીએ, એ બધું પ્રભુ જાણે છે. એમ જો બરાબર વિચાર કરીએ તો આપણાથી કદીયે ખોટું નહિ થાય. બધા હોય ત્યારે ચોર ચોરી કરે ? ન કરે. બધા અંધારામાં હોય ત્યારે

એ ચોરી કરીને ચાલ્યો જાય. ત્યારે ભગવાન સદાય હાજર છે. એની હાજરી અખંડ છે એવું સમજાય તો કોઈપણ કાર્ય ખોટું ન થાય. અપ્રમાણિકતા, કોઈના વિષે અદેખાઈ કે ઈર્ષ્યા પણ ન થાય. આનું નામ પ્રભુનો સંબંધ કહેવાય, પ્રભુને રાખ્યા કહેવાય. પ્રભુનું રૂપ ધાર્યા કરીએ અને પ્રભુના એકેય ગુણ આવે નહિ તો એ ભક્તિની ફળશ્રુતિ શું ? આત્માનું કલ્યાણ તો ત્યારે જ થાય કે જ્યારે પરમાત્માનું ભજન કરતા કરતા તેમના કલ્યાણકારી ગુણો આપણા જીવનમાં ઊતરે. તો ભક્તિ સાચી. - પૂજ્યશ્રી નારાયણમામા.

**૨૩૧ ચાર પ્રલય :**

(૧) **નિત્ય પ્રલય** - જીવની સુષુપ્તિ, જીવની ઉપાધી લીન થાય છે. (૨) **નિમિત્ત પ્રલય** - બ્રહ્માની સુષુપ્તિ, ઈશ્વરની ઉપાધિ લીન થાય છે. (૩) **પ્રાકૃત પ્રલય** - પ્રકૃતિનું કાર્ય પ્રકૃતિમાં લીન થાય છે, પુરુષની ઉપાધિ સર્વે લીન થઈ જાય છે. (૪) **આત્યંતિક પ્રલય - જ્ઞાન પ્રલય.** પ્રકૃતિ સાથે બધું બ્રહ્મમાં લીન થઈ જાય છે. આત્યંતિક પ્રલય જે જ્ઞાન તેણે કરીને જેણે માયિક ઉપાધિનો ત્યાગ કર્યો તેને તે પાછી કોઈ કાળે વળગતી નથી. પછી એ દેહ ધારે તો ભગવાનની જેમ સ્વતંત્ર થકો જીવના કલ્યાણ કરવાને અર્થે દેહ ધરે છે, પણ કાળ, કર્મ ને માયાને આધિન થકો દેહને નથી ધરતો.

**૨૩૨ શુદ્ધ સત્વમય વર્તવું કોને કહેવાય ?**

શ્રીજીમહારાજના તેજરૂપ બ્રહ્મ તે રૂપ (બ્રહ્મરૂપ) થઈને શ્રીજીમહારાજે ભજવું તેને શુદ્ધ સત્વમય વર્ત્યુ કહેવાય અહીં સત્વ શબ્દ શક્તિવાચક છે, શ્રીજીમહારાજની શક્તિ જે બ્રહ્મ તે.

**૨૩૩ ધ્યાન : ધ્યાનના પ્રકાર :**

(૧) **સાંગ** = અંગો સાથે-આખી મૂર્તિનું (૨) **ઉપાંગ** = વસ્ત્ર, અલંકાર સાથેનું (૩) **સલીલ** = લીલા ચરિત્રો સાથેનું (૪) **સપાર્ષદ** = મુક્તો

સાથેનુ. ॥ **અનુલોમ ધ્યાન :** (અનુ એટલે સામે) : ભગવાનની મૂર્તિને સામે ધારવી તેને અનુલોમ ધ્યાન કહે છે. આ ધ્યાનથી પરમએકાંતિક મુક્તની સ્થિતિ થાય છે. ॥ **પ્રતિલોમ ધ્યાન** : મૂર્તિમાં રસબસ ભાવે અંદરથી જોડાઈ જવું તે. આ ધ્યાનથી અનાદિમુક્તની સ્થિતિ થાય છે. **ધ્યાનની લટક :** સળંગ મૂર્તિ દેખાય ત્યારે લટક આવી કહેવાય. ॥ **ધ્યાન કેવી રીતે કરવું ? કેવી મૂર્તિ ધારવી ?** તેજનો સમૂહ અધોઊર્ધ્વ પ્રમાણે રહિત ધારીને તેના મધ્યે બે ચક્ષુવાળી શ્રીજીમહારાજની મૂર્તિ ધારવી. તે મૂર્તિમાંથી તેજની સેડ્યો છૂટે છે. ધ્યાન કરવા બેસવું ત્યારે મોટાને સાથે લેવા એટલે કે મૂર્તિ ધારતા કોઈ વિઘ્ન ન આવે તેવી સહાય માંગવી, કેમ કે તેમનું જરૂર કામ પડે છે. મોટાની સહાય વિના ધ્યાન સિદ્ધ થતું નથી. ॥

**યોગાભ્યાસ : ધ્યાન :** પ્રતિલોમ ધ્યાન કરવું. દેહનો આકાર ભૂલીને મહારાજના આકારે વર્તવાનું પુરુષોત્તમરૂપ બનવાનું. પ્રતિલોમ ધ્યાન સહેલું છે, અઘરું નથી, વધારે સહેલું છે. ભગવાનની મૂર્તિ પાકી કરી લીધા પછી આપણે ભગવાનને ક્રિયા કરતા અખંડ જોયા જ કરીએ તો ભગવાનનો હાથ દેખાય કે નહિ ? તેમને જમતા જોવાય કે નહિ ? શયન કરતા, પોઢતા જોવાય કે નહિ ? તો યોગનિદ્રામાં પોઢી જવાય. પ્રતિલોમ ધ્યાન કરતા કરતા ઊંઘમાં પણ એમ એમ લાગે કે જાણે હું મહારાજના સ્વરૂપનું ધ્યાન કરું છું. અને દેહ આરામ કરે છે. આ યોગાભ્યાસ કહેવાય. મૂર્તિ સિદ્ધ કરવાનો એક યોગાભ્ગાસ. આ છે છેલ્લા ધ્યાનની વાત. બીજા શરૂઆતના અનુલોમ (સામે મૂર્તિ ધારવી તે) વગેરે ધ્યાન તો છે જ. પહેલા એ કરવા જોઈએ કે જેથી મૂર્તિ દ્રઢ થાય પછી મંદિરમાં જઈને મૂર્તિ જોવી પડે એમ નહિ. એવી દ્રઢ કરવી કે જ્યાં જઈએ ત્યારં એ જ નખ-શિખાંત દેખાય. પછી તેને પ્રતિલોમ કરી નાખવી, જેથી એ આપણને બરોબર દેખાય. પછી કથા-કીર્તન બધું સાંભળીએ તો બહું જ આનંદ આવે. આ મૂર્તિમાં રહીને સાંભળવાની વાત છે. મહારાજના મસ્તકે મસ્તક, ભાલે ભાલ.... એ દિવ્ય સ્વરૂપમાં રહેવાની વાત છેને ! એ ગળે ઉતરે એવી નથી.

એ સવાચોસઠ તસુ (ઈંચ)ની મહારાજની જે દિવ્ય મૂર્તિ છે એની અંદરનો અતિ સ્નેહે કરીને જે પ્રવેશ તથા એનો આનંદ એ એક સુખના સાગરમાં જેમ પડ્યા હોય એવી અલૌકીક વાત છે. જ્યારે સાક્ષાત્કાર થાય ત્યારે એની અલૌકિક રીતનો ખ્યાલ આવે છે. એ વગર ખ્યાલ આવતો નથી. ભગવાનના દર્શન તો ભગવાન વડે જ થાય ને ? આપણે પહેલા ભગવાન સ્વામિનારાયણ સાથે જોડાઈ જવું. ગમે એમ કરીને એની સાથે લગન લગાડવી. પછી બધા દર્શન થઈ જશે. ભગવાનના સ્વરૂપનો અનુભવ થાય ત્યારે બધી જ અલૌકિક વાતો સમજાય છે. - પૂજ્યશ્રી નારાયણમામા. ॥ **અંતર્મુખ ધ્યાન એટલે શું ?** અંતર્મુખ ધ્યાન એટલે પ્રતિલોમ ધ્યાન. જો ઈન્દ્રિયોના દ્વાર બહારના બંધ કરી દઈએ અને અંતર્મુખ થઈને મૂર્તિનું ધ્યાન થોડીવાર કરીએ તો ધીમે ધીમે એ પ્રતિલોમ ધ્યાન થઈ જાય. અનુલોમ (સામે મૂર્તિ ધારવી તે) ધ્યાન એ પરમએકાંતિકની સ્થીતિ છે. તેથી અધિક પ્રતિલોમ ધ્યાન એ અનાદિમુક્તની સ્થિતિ છે. ॥ **ધ્યાન કેવી રીતે કરવું ?** બાપાશ્રી કહે છે કે મહારાજના તેજની સાથે ચૈતન્યની એકતા કરીને શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરવું. એટલે એ ચૈતન્ય સાકાર બની જાય. એક સંત મામાને પૂછે છે કે શ્રીજીમહારાજના તેજ સાથે આપણા ચૈતન્ય-આત્માના તેજને લીન કરીને ધ્યાન કરીએ તો તો ભગવાનના સ્વરૂપની અંદર ભરાઈ ગયા કહેવાઈએ ને પોતે જ ભગવાન થઈ ગયા ને ઉપાસનાનું ખંડ થઈ ગયું. તો આ જ્ઞાન કેવી રીતે સમજવું ? મામા સમજાવે છે. ચૈતન્ય નિરાકાર કે સાકાર ? નિરકાર. ચૈતન્ય ઉપરથી બધા આવરણો હટી જાય તો એ બરાબર પ્રકાશે. એ ચૈતન્ય પ્રકાશરૂપ છે. શ્રીજીમહારાજ પણ તેજોમય છે. મૂર્તિમાંથી તેજ નીકળે એ કેવું હોય છે ? તો કહે એ તો બરાબર ખબર નથી. પૂજ્યશ્રી નારાયણમામા કહે, "શીતળ શાંત છે રે તેજની ઉપમા નવ દેવાય." તો એવું શીતળ શાંત તેજ કે જેની ઉપમા ન દેવાય. એ તેજ સાકાર કે નીરકાર ? તો કહે નિરકાર. બરાબર. તે તેજ અને આ ટ્યુબલાઈટના તેજ વચ્ચે ફરક ખરો ? તો કહે કંઈ ખ્યાલ

આવતો નથી. કેમ ખ્યાલ નથી આવતો ? મહારાજે ચોખ્ખું કહ્યું ને કે શીતળ શાંત છે રે તેજની ઉપમા નવ દેવાય. ઉપમા ન દેવાય એવું શીતળ શાંત તેજ છે. તો આનાથી ન્યારું / જુદું થયું કે નહિ ? એના જેવું નથી. આ તેજ ભૌતિક છે, તે તેજ દિવ્ય છે. નિરાકાર ચૈતન્ય શ્રીજીમહારાજના તેજરૂપ પ્રકાશ સાથે એકતા થતા સાકાર રૂપ ધારણ કરે છે. પછી એ પાત્રતા પ્રમાણે કાં તો રાધિકાની જેમ સન્મુખ મહારાજની સેવામાં રહી જાય અને જો લક્ષ્મીજીની જેમ અતિ સ્નેહ ઉત્પન્ન થાય તો એ અંગને વિષે લીન થઈ જાય. નહિતર શ્રીજીમહારાજ સાથે તાદાત્મ્યતા કેવી રીતે કરે ? તમે મહારાજની મૂર્તિ આંખો બંધ કરીને જ્યારે જુઓ છો ત્યારે કઈ આંખે જુઓ છો ? ચૈતન્યની આંખે. ચૈતન્ય તો નિરકાર છે, એને આંખ ક્યાં હોય ? એમ ચૈતન્યમાં સાંભળવાનું, જોવાનું બધા જ ગુણો છે. એ ચૈતન્ય મહારાજના તેજ સાથે એકતા કરે ત્યારે એને મૂર્તિમાંથી જે તેજની ધારાઓ નીકળે છે તેનો અવનવો અનુભવ થાય છે.

તેજ સાથે એકતા કરે ત્યારે ચૈતન્ય પ્રકૃતિનો દેહ બંધાય. એના રૂપ, ગુણ સામર્થ્ય બધું જ ભગવાન સ્વામિનારાયણ જેવું. સંત કહે જો એવું જ હોય તો ભગવાન ન થઈ જવાય ? ના. કેમ ? આ ટ્યુબલાઈટ છે તેની પાસે એક નાનો સરખો દીવડો મૂકો તો દીવડાનો પ્રકાશ એ ટ્યુબલાઈટના પ્રકાશની અંદર વિલીન થઈ જાય. તો એ દીવડાને કદીયે એમ થાય કે હું ટ્યુબલાઈટ છું ? તેમ ચૈતન્ય ભગવાનરૂપ થઈ ગયો. તાદાત્મ્યને પામી ગયો. ભગવાન જેવી સામર્થી-ઐશ્વર્ય પામ્યો, પણ ભગવાન જેટલી સામર્થી નહિ. ચૈતન્ય છે એ સુખભોકતા છે અને મહારાજ છે એ સુખદાતા છે. એને ખબર પડે છે કે મહારાજની મૂર્તિમાંથી સુખ નીકળે છે અને હું અનુભવું છું. જો એ અનુભવતો હોય તો એને એમ તો થાયને કે હું દાસ છું. જો ભગવાન થઈ જવાતું હોય તો એકતા કરવાની ક્યાં જરૂર રહી ? અને જો આમ થાય તો ઘણા બધા ભગવાનો ઊભા થઈ જાય પણ તેમ થતું નથી. - પૂજ્યશ્રી નારાયણમામા.

બાપાશ્રી કહે છે કે હૃદયને વિષે મૂર્તિ મનુષ્યના જેવી દેખાય પણ તેજોમય ન દેખાય અને નખથી શિખા સુધી સમગ્ર ન દેખાય; ચરણ સામું જુએ તો મુખ ન દેખાય ને મુખ સામું જુએ તો ચરણ ન દેખાય, એવી રીતે ધ્યાન થાય તે અંતઃકરણમાં દેખી કહેવાય. તેજોમય ને સમગ્ર દેખાય તે જીવમાં દેખી કહેવાય. અંતઃકરણમાં મૂર્તિ દેખાતી હોય ત્યાં સુધી ભૂલી જવાનો સંભવ છે. માટે તેણે લીલા સંભારી રાખવી. લીલા સંભારવાથી મૂર્તિ સાંભરી આવે. આત્માને વિષે મુર્તિ દેખે તેને લીલા સંભારી રાખવાની જરૂર નથી. ॥

**ધ્યાન વગરનું ધ્યાન :**

આંખો મીંચીને ધ્યાન કરે એટલે તેને ધ્યાન કહેવાય એમ નથી. આંખો ખૂલ્લી રાખે એટલે ધ્યાન નથી એનો અર્થ એવો નથી. સદ્. ગોપાળાનંદસ્વામી કહેતા કે મૂર્તિમાં રહે એ ખરું ધ્યાન. ધ્યાન વગરનું ધ્યાન. (એટલે ધ્યાનનો પ્રયત્ન ન કરવો પડે.) મામા કહે છે કે જેને અંતર્વૃત્તિ ને બહિર્વૃત્તિ કરવાની જરૂર જ નથી એને ભગવાન પોતે કામ કરતા બને છે. એક એવી સ્થિતિ થાય કે તે ધ્યાન વગરની થઈ જાય. ધ્યાન વગર એટલે ? આંખો મીંચવી કે ઉંઘાડવી એ બંને સરખું. આંખો મીંચીએ એટલે ધ્યાન થાય છે એમ નહિ સમજવાનું ધ્યાન વગરની સ્થિતિ એટલે મૂર્તિમાં રહીને સુખ ભોગવવું અને કામ પરમાત્મા કરે. - પૂજ્યશ્રી નારાયણમામા.

**૨૩૪ મહાકાળ પ્રલય કરે ત્યારે જીવો ક્યાં રહેતા હશે ?**

બાપાશ્રી કહે જે સર્વે જીવ માયામાં લીન થઈ જાય છે. માયા; મૂળપુરુષ જે શ્રીકૃષ્ણ તેને વિષે લીન થઈ જાય છે અને એ મૂળપુરુષ વાસુદેવબ્રહ્મની સભામાં રહે છે. જ્યારે સૃષ્ટિ સૃજવાનો સમય થાય ત્યારે મૂળપુરુષે માયાને લીન કરી હોય તેને બહાર કાઢીને તે માયા થકી સૃષ્ટિ ઉત્પન્ન કરે છે. પછી બોલ્યા જે બ્રહ્માંડ વસ્યું તોય શું ? ને ન વસ્યું તોય શું ? આપણે તો મહારાજ ને તેમના મુક્તને પકડીને તેમાં આત્મબુદ્ધિ કરીને તેમાં જોડાવું.

**૨૩૫ વિદ્યા કાને કહેવાય ?**

વિદ્યા એનું નામ કે જે મુક્તિ અપાવે. सा विद्या या विमुक्तये । મુક્તિ એટલે દુઃખમાંથી મુક્તિ. **દુઃખ કોનું નામ ?** કે જે નાશ પામે એ વસ્તુની આકાંક્ષા / ઈચ્છા, એનું નામ દુઃખ. આત્મા પરમાત્મા સાથે જોડાય ત્યારે સર્વ દુઃખોનો અંત આવે છે. બધી જ વિદ્યાઓ ભગવાન સ્વામિનારાયણમાંથી જ પ્રગટ થાય છે. એ અનુભવે જ ખબર પડે છે. એમની સામે વિશ્વના બધા જ ચમત્કારો, કાર્યો, ઐશ્વર્યો ક્ષુલ્લક ભાસે છે.

**૨૩૬ જાતિ - સજાતિ - વિજાતિ :**

શ્રીજીમહારાજે વર્તમાન ધરાવી જેના ચેતન્યને મૂર્તિમાં રાખ્યો; તેનો જે દેખાવ રહ્યો તે જાતિ ને સંકલ્પ સ્વરૂપ કહેવાય. મૂર્તિમાં રસબસપણે રહેતા અનાદિમુક્તો સર્વે સજાતિ કહેવાય. જેને આવી સમજણ નથી તે દેહરૂપ માને છે તે વિજાતિ કહેવાય.

**૨૩૭ દિવ્યભાવે મહિમા સમજાયો ક્યારે કહેવાય ?**

કથા, વર્તા, માળા, કીર્તન, માનસીપૂજા કરે પણ ધ્યાનમાં ન બેસાય તો મનુષ્યભાવે મહિમા સમજાયો કહેવાય અને ધ્યનમાં ને ધ્યાનમાં રહે તે દિવ્ય ભાવે મહિમા સમજાયો કહેવાય. જ્યારે દિવ્યભાવ સમજાય ત્યારે મોટા પુરુષ રાત્રિ કહે તો રાત્રિ અને દિવસ કહે તો દિવસ એવું થઈ જાય.

**૨૩૮ જુદા જુદા મુદ્દા ને સમજણ :** ખરેખરું જ્ઞાન કોને કહેવાય ? અનુભવજ્ઞાન (સાક્ષાત્કાર) થાય ત્યારે ખરેખરું જ્ઞાન કહેવાય, પણ ખોટાને ખોટું કરીએ તો અનુભવ થાય નહિ. **માયા ક્યારે જાય ?** જ્યારે મૂર્તિમાં કલ્પે કલ્પ વીતી જાય પણ તેમાંથી બહાર નીકળે નહિ ત્યારે માયા જાય. તે મૂર્તિ અપાર છે, પાર આવે એમ નથી. ભગવાનનો ભક્ત કાળનો આહાર કરી જાય એટલે કે જન્મ-મરણ માથેથી કાઢી નાખે. “કાળ કર્મની રે શંકા દેવે વિસારી” **દુઃખ ક્યારે આવે ? કાળ વિના દુઃખ કોણ દેતું હશે ?** આજ્ઞા

લોપાય, સંગદોષ થાય ને અધર્મી સાથે હેત રાખે તો દુઃખ આવે. **જે જે અવતાર એટલે શું સમજવું ?** ‘‘જે જે અવતાર તે આ સર્વે સંત તે જ અવતાર જાણવા. **અવરભાવ** = જે આ દેહમાં રહ્યા તે. **પરભાવ** = જે મહારાજની મૂર્તિમાં રહ્યા તે. **સબીજ કોને કહેવાય** ? નિયમ, નિશ્ચય ને પક્ષ રાખવો અને મૂર્તિ ધારવી તે સબીજ કહેવાય, તેને વાંધો રહે જ નહિ. એકલા સાધન કરે તેમાં કાંઈ ન વળે. **ભક્ત, મુક્ત કોને કહેવાય ?** ભજન કરે તે ભક્ત અને મૂર્તિમાં રહે તે મુક્ત કહેવાય. જ્ઞાનીને જ્ઞાની મળે રસની લૂંટાલૂંટ; જ્ઞાનીને અજ્ઞાની મળે, તો થઈ પડે માથાકૂટ. **દેહનું દુઃખ ક્યારે ન જણાય ? સદાય સુખ ક્યારે રહે ? અવગુણ ક્યારે ન આવે ?** શ્રીજીમહારજ સાથે હેત હોય તો દેહનું દુઃખ જણાય નહિ. સ્થૂળ સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહનો ભાવ ટાળી નાખે તો સદાય સુખ રહે અને ભગવાનના ભક્તનો અવગુણ કોઈ દહાડો ન આવે. **સિદ્ધિઓ** - સન્માન, સેવા, ફળ, ફૂલ, ખાન, પાન, માન, મહોબત મળે તે સર્વે સિદ્ધિઓ છે. રૂપ, રસ, આદિકમાં ક્યાંય લેવાય જ નહિ ત્યારે સિદ્ધિઓ જીતી કહેવાય. **અહિંસા : સત્ય :** અહિંસા અને સત્ય એ બે ભગવાનના સ્વરૂપ છે. **મહામુનિ** = અનાદિમુક્ત

૨૩૯ વૃત્તિનું લીનપણું એ તો સાધનદશાનું છે, સિદ્ધકાળમાં તો જીવનું જ લીનપણું છે તે કરવું. વૃત્તિ તો માયિક છે ને જીવ તથા ભગવાન તો દિવ્ય છે. દિવ્ય વસ્તુને વૃત્તિ હોય નહિ. એ તો આપસત્તાએ જુએ છે.

૨૪૦ **સાધનભક્તિ : સિદ્ધભક્તિ :**

ભગવાનને રાજી કરવા નવધાભક્તિ કરીએ તે સાધનભક્તિ. એ નવધાભક્તિ કરતાં કરતાં સિદ્ધભક્તિ થાય અને પ્રેમલક્ષણા કરતાં કરતાં જ્ઞાન પ્રગટ થાય. એ જ્ઞાને કરીને બીજું કાંઈ છે જ નહિ, એક મહારાજ જ છે એમ સમજાય. પછી મૂર્તિમાં રહીને સુખ લેવું તેને સિદ્ધભક્તિ જાણવી. મહારાજના સાધર્મ્યપણાને (તુલ્ય / સરખાપણાને) પામે તેને વચનામૃતમાં સિદ્ધભક્તિ કહી છે.

**૨૪૧ બાપાવાળા :**

આજ્ઞા અને ઉપાસનામાં અણીશુદ્ધ વર્તન હોય તેને બાપાવાળા કહેવાય. બાપાવાળા થવું એ ગૌરવની વાત છે. અક્ષરધામમાં જવું હોય તો બાપાવાળા બને જ છૂટકો છે. આજ્ઞા અને ઉપાસનામાં અણીશુદ્ધ વર્તન ન હોય તો અક્ષરધામમાં સ્થાન ન મળે. કોઈ આપણને બાપાવાળા કહે તો આપણી છાતી ગજ - ગજ ફૂલવી જોઈએ. મામા કહે, ''હું તો આનંદથી નાચું'' કોઈ કહે કે હું બાપાવાળો નથી તો તેને પૂછવું કે તમે કોનાવાળા છો ? બાપાવાળા તમે કોને સમજો છો ? જેનું આજ્ઞા અને ઉપાસનામાં અણીશુદ્ધ વર્તન હોય તે બાપાવાળો. તમારું અણીશુદ્ધ વર્તન હોય તો તમેય બાપાવાળા અને જો એવું ન હોય તો સ્વામિનારાયણના આશ્રિત પણ ક્યાં રહ્યા ? અક્ષરધામમાં જવા માટે, સ્વામિનારાયણ ભગવાનના સાચા આશ્રિત કહેવાવાને માટે બાપાવાળા બનવું જ પડશે.

૨૪૨ આજ્ઞા ને ઉપાસનાજીવનમાં જ્યાં સુધી અણીશુદ્ધ રીતે આચરણમાં નહિ મૂકાય ત્યાં સુધી અક્ષરધામમાં રહેવાશે નહિ. અંતે એ લેવા આવે અને પોતાના સુખમાં ઊભા રહી શકે એવી કૃપાવર્ષા કરે. સંત્સંગમાં ફરી જન્મ ધરાવીને સારા સંજોગો ઊભા કરે અને અણીશુદ્ધ કરે. કંસારા જેમ વાસણને ટીપીને સરસ પાત્ર બનાવે છે; એમ સ્વામિનારાયણ સર્વોપરી પરમાત્મા પોતાના આશ્રિતને પાત્ર ન થયો હોય તો ફરી જન્મ આપીને અણીશુદ્ધ બનાવે છે. કેટલો ઉપકાર !! જે જીવ અભિમુખ થયો તેને મોડો - વહેલો અણીશુદ્ધ બનાવી; પોતાનું સુખ જીરવી શકે એવો બનાવીને પોતાના સુખમાં રાખે છે. અણીશુદ્ધ આજ્ઞા અને ઉપાસના જીવનમાં ઉતારી; આચરણમાં ઉતારીએ ત્યારે અક્ષરધામમાં રહેવાના અધિકારી બની શકીએ. એ ન થાય ત્યાં સુધી ભગવાન ફરી જન્મ ધરાવે છે. - પૂજ્યશ્રી નારાયણમામા

૨૪૩ ભગવાનની મૂર્તિ સાથે અખંડ સંબંધ ક્યારે રહે ? ત્યારે જ રહે જ્યારે બાળપણથી જ ભગવાનની મૂર્તિ સાથે લગની લાગે. ભગવાનની મૂર્તિ જ

ગમે. ખૂબ વહાલી લાગે. નાના બાળકને જેમ મા વહાલી લાગે છે તેમ; એ ભગવાન વિષે સ્નેહ ઉત્પન્ન થાય છે ત્યારે ભગવાન સિવાય બીજું કાંઈ ગમતું નથી. બધો આનંદ એ મૂર્તિના દર્શન કરવામાં આવે. બાપાશ્રી કહે છે કે મૂર્તિમાં રહીને મૂર્તિ જોવી એનો અર્થ શું ? એનો અર્થ જ એ કે અતિ સ્નેહ કરી એ મૂર્તિ સાથે રસબસ થઈ જવું. ભગવાનની કૃપા થતા આમ થાય છે. ભગવાનનો સંબંધ થતા મૂર્તિમાં જોડાતા જોડાતા એમની આપણા ઉપર કૃપા ઉતરે છે. એ કૃપાને લીધે મૂર્તિ ભૂલાતી નથી. મૂર્તિ ન ભૂલાય એ રીતે બધી ક્રિયા કરવી જોઈએ. ઉતાવળે ન કરવી કે જેથી મૂર્તિ ભૂલાય. કાર્ય બગડે તો વાંધો નહિ પણ મૂર્તિ ન ભૂલાય એમ કરવું જોઈએ. મૂર્તિનો સંબંધ એ સર્વોપરી પ્રાપ્તિ છે. બધા જ બ્રહ્મયજ્ઞનું ફળ એ મૂર્તિ સાથે લગની લગાડવાનું છે. મૂર્તિ સાથે અખંડ સંબંધ રહે તો કંઈ કરવાનું બાકી રહેતું નથી. - પૂજ્યશ્રી નારાયણમામા.

**૨૪૪ મંદિરમાં કેવી રીતે વર્તવું ?**

મંદિરમાં વ્યાવહારિક વાતો કરવી ન જોઈએ. સત્સંગના વ્યવહારની હોય તો પણ ન કરવી. મંદિરના બારણામાંથી બહાર નીકળીને કરીએ તો વાંધો નહિ. તો મંદિરનું શિસ્ત જાળવ્યું કહેવાય, નહિતર એ વાતો કરવાનું સ્થાન થઈ જાય. મંદિર તો ભગવાનને રહેવાનું ધામ છે. ભગવાન બિરાજતા હોય ત્યાં તો સુખ ને શાંતિ હોય. ત્યાં બીજી વાતો હોય નહિ. તો ભગવાનના સ્વરૂપને વિષે સ્થિતિ થાય, મંદિર આવ્યાનું સાર્થક જણાય. - પૂજ્યશ્રી નારાયણમામા.

**૨૪૫** મૂળમાયામાં રહ્યા જે વૈરાજ, પ્રધાનપુરુષ આદિ કોટાનકોટી છે તે સર્વે દેહદેહી ભાવવાળા છે ને તેમના ચૈતન્ય નિરાકર છે અને માયાથી પર જે મૂળપુરુષ, વાસુદેવબ્રહ્મ અને અક્ષર એ સર્વેમાં દેહદેહી ભાવ નથી અને સાકાર મૂર્તિ છે, તોપણ તેમને નિરાકાર કરી મહારાજ સંત્સંગમાં લાવીને પોતાના સ્વરૂપનું જ્ઞાન ઉપાસના કરાવે છે ત્યારે એ સર્વે આત્યંતિક મોક્ષને પામે છે અને અક્ષરાતીત પંક્તિમાં ભળે છે ને સદા સાકાર થાય છે. (સદ્. વૃંદાવનદાસજીસ્વામી).

૨૪૬ વૈકુંઠ, ગોલોક, અક્ષરધામમાં ગયા એમ કહે છે પણ આપણે ધામનું કામ નહિ, આપણે તો ધામના ધણીનું કામ. માટે ધામ દેખવાની / જોવાની પણ ઈચ્છા ન રાખવી. ભગવાનને ઈચ્છા હોય તો ભલે દેખાડે.

૨૪૭ **બુદ્ધિ : બુદ્ધિવાનની બુદ્ધિનું ફળ શું ? કુબુદ્ધિવાળો કોને કહેવાય ? બુદ્ધિવાળો કોને કહેવાય ?**

અનંતકોટી બ્રહ્માંડના પતિ પુરુષોત્તમનારાયણ તેમના સ્વરૂપમાં વૃત્તિ રાખવી તે બુદ્ધિવાનની બુદ્ધિનું ફળ છે. આપણને મૂર્તિ જુદા છીએ એ રીતે વૃત્તિ રાખીએ તો નેત્ર, શ્રોત્ર, ત્વચા આદિ ઈન્દ્રિયોની વૃત્તિથી સુખ લેવાય તેટલો દેહભાવ. આપણે તો તેનાથી વિલક્ષણ (જુદા) ચૈતન્યરૂપ છીએ. દેહભાવમાં તો નોખી નોખી વૃત્તિ રહે અને આમાં તો બધીયે એક વૃત્તિ થઈ જાય. માટે પહેલા કહી એ માયિક વૃત્તિ અને પછી કહી એ દિવ્ય વૃત્તિ. એ થયું બુદ્ધિવાનની બુદ્ધિનું ફળ સદ્. વૃંદાવનદાસજી સ્વામી ॥ મહારાજ કહે છે કે અમે શિક્ષાપત્રીમાં કહેલા સદાચારોનું ઉલ્લંઘન કરીને જે પોતાના મનમાં આવે તેમ વર્તે છે તે કુબુદ્ધિવાળા છે ને તે આ લોક ને પરલોકને વિષે નિશ્ચે મોટા કષ્ટને જ પામે છે. ॥ મહારાજ કહે, "જેને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન હોય તેને બુદ્ધિવાળો જાણવો. જેને તે ન હોય ને ઝાઝી બુદ્ધિ હોય તોપણ તેને બુદ્ધિહીન જાણવો. ॥ ભગવાનને વિષે ભક્તિ કરવી ને સત્સંગ કરવો. એ બે વિના તો વિદ્વાન હોય તોપણ અધોગતિને પામે છે." ॥ મહારાજ કહે છે કે કોઈ પુરુષમાં બુદ્ધિ ઝાઝી હોય તોપણ તે કલ્યાણને માર્ગે ચાલતો નથી એનું કારણ એ છે જે એણે કોઈ મોટા સંત અથવા પરમેશ્વરનો અવગુણ લીધો છે એટલે એની બુદ્ધિ દૂષિત છે. તેની બુદ્ધિમાં અવગુણરૂપ દોષ આવ્યા છે. માટે એ કલ્ગયાણને માર્ગે ક્યાંથી ચાલે ? એ કોઈ કાળે ભગવાન સન્મુખ થાય જ નહિ એટલે કલ્યાણ પણ થાય નહિ. સૃષ્ટિમાં ફર્યા કરે. એવાની વાત સાંભળનારો પણ કલ્યાણના માર્ગથી પડી જાય છે. જે ક્રોધ, માન, ઈર્ષ્યા ને કપટ એ ચાર વાના પરમેશ્વર કે સંત સાથે રાખે નહિ તો તેની આસુરી બુદ્ધિ થાય નહિ. ॥ **જાડી બુદ્ધિ ક્યારે કુશાગ્ર થાય ?** જીવ મનનું ધાર્યુ ને સ્વાભાવ મૂકીને અનાદિના વચનમાં

વર્તે તો જાડી બુદ્ધિ નાશ પામે ને કુશાગ્ર બુદ્ધિ થાય, પણ પોતે ધણી ન થાય તો. **ઝાઝી બુદ્ધિવાળાને પોતાના દોષ સૂઝતા નથી ને થોડી બુદ્વાળાને સૂઝે છે તેનું શું કારણ ?** આ જન્મે અથવા જન્માંતરને વિષે એણે કોઈક મોટા ભક્તનો અપરાધ કર્યો છે, તે પાપથી એની બુદ્ધિ દોષે યુક્ત છે માટે પોતાના સુઝતા નથી ને હરિભક્તના દોષ સૂઝે છે. - મહારાજ. ॥ **બુદ્ધિવાન ક્યારે કહેવાય ?** સર્વ જગતને તૃણ સમાન જાણી એક મૂર્તિમાં જ જોડાય ત્યારે. આપણે ઘણાય જન્મ ધર્યા હશે પણ કલ્યાણને અર્થે બુદ્ધિ કામ ન આવી, નહિ તો શું રાજાના દેહમાં બુદ્ધિ નહિ હોય ? પણ કલ્યાણના કામમાં ન આવી, એટલે ગણાણી નહિ. ॥ દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, શાસ્ત્ર, ઉપદેશ (દીક્ષા), દેવતા એ આઠ સારા હોય તો બુદ્ધિ નિર્મળ થાય છે ને ભૂંડા હોય તો ભ્રષ્ટ થાય છે. ॥

**૨૪૮ ભગવાનનું અસાધારણ લક્ષણ શું છે ?**

(૧) જીવના નાડી-પ્રાણનો સંકેલો કરવો. (૨) લાખો માણસો નિયમમાં રહ્યા થકા વશ રહે. (૩) અક્ષર આદિક જે મુક્ત તેને પણ નિયમમાં રાખવાને સમર્થ છે. આ બધું બીજા કોઈથી થાય નહિ, એ અસાધારણ લક્ષણ છે.

**૨૪૯ સનાતન ઈશ્વર : આધુનિક ઈશ્વર :**

જે સ્વતંત્ર સત્તાવાન હોય, કોઈના કરેલા ન હોય તે સનાતન ઈશ્વર કહેવાય. જેમાં ઉપરીનો પ્રવેશ હોય તે આધુનિક ઈશ્વર કહેવાય. શ્રીજીમહારજને સનાતન ઈશ્વર કહેવાય અને વૈરાજ, અહંકાર, મહતત્ત્વ, પ્રધાનપુરુષ, મૂળપુરુષ, વાસુદેવબ્રહ્મ ને મૂળઅક્ષર પર્યંત સર્વ શ્રીજીમહારાજ આગળ પરતંત્ર ને તેમનામાં શ્રીજીમહારાજે આપેલું ઐશ્વર્ય હોવાથી તે આધુનિક ઈશ્વર કહેવાય.

**૨૫૦ ક્રોધ - પ્રાયશ્ચિત - આજ્ઞા :**

મહારાજ કહે ત્યાગી - ગૃહી, બાઈ-ભાઈને કોઈ ક્રિયામાં ક્રોધ ઉપજે તો જેની ઉપર ક્રોધ ઉપજે તેને એક સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવો ને ગદ્

ગદ્ હૃદય થઈને, દીનતાએ કરીને, રૂડા વચન બોલીને તેને પ્રસન્ન કરવો. પોતાની મોટપ મૂકીને પોતાના ઈષ્ટદેવના ભક્ત જાણીને નમસ્કાર કરવો ને પ્રાર્થના કરવી. દેહભાવ ન રાખવો. આ પ્રમાણે પ્રાયશ્ચિત કરશે તો અંતઃકરણ શુદ્ધ થશે ને કામ આદિ દોષ ટળી જશે. પ્રાયશ્ચિત ન કરે તે સર્પ તૂલ્ય જાણવો.

**૨૫૧ જબરી ઘાંટી :**

મહારાજ અને અનાદિમુક્તને ઓળખવા એ જબરી ઘાંટી છે. મુક્તો મનુષ્ય જેવા જ દેખાય. સામર્થી ઢાંકીને વર્તવું એ બહુ જબરી વાત છે. એક સારું સ્વપ્ન આવે કે કોઈવાર અંદર ઉજાસ દેખાય તોપણ આપણે કહી દઈએ છીએ. ત્યારે જબરજસ્ત સામર્થી ઢાંકીને વર્તવું એ તો બહુ મોટાઈ છે. બાપાશ્રી એવી રીતે ઢાંકીને વર્તતા જેથી કોઈ ઓળખી શક્યા નહિ. મહારાજ જ્યારે જણાવે ત્યારે ખબર પડે કે ઓહોહો !! આખા બ્રહ્માંડોના બ્રહ્માંડો એ સ્વરૂપના પ્રકાશમાં લીન થઈ જાય એવું એ સુંદર સ્વરૂપ છે. મનુષ્યરૂપે આમ આવીને બેઠા ને આપણને ઓળખાઈ ગયા એ આપણા મોટા ભાગ્ય. આપણે બધાંને ઓળખાવવા, શત્રુ હોય, દ્રોહ કરે અને પહેલા ઓળખાવવા. બાપાશ્રી જૂના ભૂજ મંદિરના સભામંડપમાં પોતાનું આસન રાખીને રહેતા હતા તોય કેટલાક ન ઓળખી શક્યા. એક વખત એવો આવશે કે બાપાશ્રીના જ્ઞાનનો વિરોધ કરનારા પણ અહીં (છત્રી સ્થાન, બળદિયા) આવશે. બાપાશ્રીએ સમજાવેલી અનાદિમુક્તની સ્થિતિ સમજવાની કેટલાક હજી ગતિ ધરાવતા નથી. ભગવાન કે મુક્તને ન ઓળખી શકે એ બધા દીનજન કહેવાય. એવા દીનજનને વિષે આપણે અવગુણ ન લેવો. તેમને બાપાશ્રીની વાત સમજાવીને દીનમાંથી રાજા એટલે કે અનાદિમુક્ત થાય એવા કરવાની સેવા કરવી. - મામા. "મુક્તાનંદ કહે હરિ હરિજનની ગતિ છે ન્યારી, એને દેહદર્શી દેખે પોતા જેવા સંસારી" જે દેહરૂપે વર્તે છે એની નજર પરભાવમાં પહોંચે નહિ. દેહભાવવાળાને શંકા થાય. તે સાંભળીને ક્ષોભ ન પામવો. જે પ્રતિલોમપણે કરીને મહારાજની મૂર્તિમાં

રસબસ રહેતા હોય તે અનાદિમુક્તની સ્થિતિને સમજે છે. સદ્. વૃંદાવનદાસજી સ્વામી.

**૨૫૨ અક્ષરધામ મર્યાદિત નથી. ભગવાન તો અમર્યાદિત છે.**

મહારાજનું અક્ષરધામ બધે જ છે. જે જગ્યાએ મૂર્તિનો સાક્ષાત્કાર થાય ત્યાં ભગવાનનું અક્ષરધામ. ત્યાં મહારાજની દિવ્ય મૂર્તિ. મુક્તો જ્યારે સુખમાં થીજી જાય ત્યારે એ સુખ સિવાય બીજું જાણપણું રહેતું નથી. ભગવાનને ઈચ્છા થાય ત્યારે તે અનંતકોટી બ્રહ્માંડોમાં વિચરે છે. અત્યારે પણ કોઈને કોઈ એક બ્રહ્માંડમાં મહારાજ મનુષ્યરૂપે વિચરે છે. પોતાના અનંત મુક્તોને પણ ત્યાં પોતાની સાથે લઈ જાય છે. મનુષ્ય સ્વરૂપમાં જે લીલા કરે છે તે દિવ્ય સ્વરૂપમાં અલૌકિક રીતે અનુભવાય છે. મુક્તોને જ્યારે સુખમાંથી જાણપણું કરાવે ત્યારે એ પણ સુખના આનંદરૂપ જ લાગે છે. ભગવાન એવી લીલાઓ કરે છે, પરભાવમાં પણ એવું લાગે છે. પણ અવરભાવ (આ લોક)ની ક્રિયાઓથી એ અલગ પડે છે. ત્યાં કોઈ માયિક ભાવ છે જ નહિ. ગોલક, વૈકુંઠ સુધી સ્ત્રીભાવ છે. ત્યાં લક્ષ્મીજી, રાધિકાજી જેવા સ્વરૂપો છે, અક્ષરધામમાં એ સ્વરૂપો નથી, ત્યાં તો મહારાજનું દિવ્ય સ્વરૂપ છે. ત્યાં મુક્તોના સ્વરૂપ પણ એવા જ છે. આ બધા વૈકુંઠ-ગોલોક ધામ છે એ પણ દીવ્ય ધામ છે. ત્યાં પણ નિર્વિકારીતા છે, બધું જ છે, મનુષ્યભાવ ત્યાં નથી પણ દિવ્યતામાં ફરક છે. પૂજ્યશ્રી નારાયણમામા.

**૨૫૩ અવતાર - અવતારી :**

કોઈ અવતાર - અવતારીમાં ભેદ નથી અમે કહે છે ત્યારે એને અનુભવજ્ઞાન નથી એ સ્પષ્ટ છે. ભગવાન સ્વામિનારાયણનું એવું સર્વોપરી દિવ્ય સ્વરૂપ છે કે જેમાં અનંત અવતારો તેમજ અનંત ભૂમિકાઓ પોતે વિલીન કરી નાખે છે. જો ભગવાનનું આવું સર્વોપરી સ્વરૂપ સમજાયું હોય તો કોઈ સામાન્ય કચાશો રહે ખરી ? કોઈ ભય રહે ખરો ? કોણ ડરાવી શકે એને ? જેની સાથે ભગવાન સ્વામિનારાયણ હોય એને કોઈ વસ્તુથી ડરવાનું રહે ખરું ? ભય માત્ર વયા જાય. નિર્ભય બની જવાય. સ્વામિનારાયણ

ભગવાનને આવી રીતે સર્વોપરી સમજે, એનો નિશ્ચય બરોબર થાય, એની આજ્ઞાઓ બરાબર પળાય તો બેડો પાર. આજ્ઞાઓ અઘરી પણ નથી, સરળ ને પાળી શકાય એવી છે. કઈ આજ્ઞા અઘરી છે કહો ? વિશ્વમાં કોઈ માર્ગ સરળ હોય છતાં સંપૂર્ણ હોય તો ભગવાન સ્વામિનારાયણનો માર્ગ છે. એ સરળ ને સંપૂર્ણ છે. બાકી બધા કઠીન અને અપૂર્ણ છે. આ હકીકત છે. પૂજ્યશ્રી નારાયણમામા.

**૨૫૪ આપોપું : આપોપું કોની સાથે કરવું ? આપોપું એટલે શું ?**

શ્રીજીમહારજના મુક્ત (ધામમાંથી આવેલા અથવા સાક્ષાત્કારવાળા) સાથે આપોપું કરવું પણ ધામમાંથી આવેલા ન હોય તેને વિષે આપોપું ન કરવું. મુક્તને વિષે આપોપું એટલે એ જ પોતાનું સ્વરૂપ માનવું (તેમના સુખે સુખી ને દુઃખે દુઃખી), તેમને વિષે આત્મબુદ્ધિ કરવી. આ વાત સર્વનું જીવન છે. એટલે શ્રીજીમહારાજને પામવાના જેટલા ઉપાય છે તે સર્વ ઉપાયથી આ વાત સર્વોત્તમ છે. શ્રીજીમહારાજ મનુષ્યરૂપે સાક્ષાત્ મળ્યા હોય તો તેમને વિષે પણ તેમ જ આપોપું માનવું તોપણ સ્વામી-સેવકપણું ટળી જતું નથી. પોતાને મળી જે મૂર્તિ તેમાં આપોપું કરી તે જ પોતાનું સ્વરૂપ માનવું. પછી તેનું મનન કરતા કરતા તે મૂર્તિ દિવ્ય તેજોમય છે એવો ભાવ આવે ત્યારે એ દિવય મૂર્તિના યોગે કરીને પોતાનો દેહભાવ પણ જાય. પછી મહારાજ એ મુક્તને જેટલું સુખ આપવું હોય તેટલું આપે. - સદ્. વૃંદાવનદાસજી સ્વામી ॥ શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ રહેતા અનાદિમુક્ત જ્યારે આ લોકમાં સદેહે હાજર હોય ત્યારે એવા મુક્તમાં પોતાના આત્માની એકતા કરી તે મુક્ત હું છું એમ પોતાને મુક્તરૂપ માનીને જેમ મુક્ત મૂર્તિમાં જોડાયા છે તેમ મૂર્તિમાં જોડાવું. આને મોટા મુક્તમાં આપોપું કર્યું કહેવાય. ॥

**૨૫૫ પરમએકાંતિક તથા અનાદિમુક્ત : ધામમાંથી આવેલા મુક્ત (પરમએકાંતિક, અનાદિમુકત) ના લક્ષણ :**

એમના સમાગમથી ધાટ-સંકલ્પ બંધ થઈ જાય, ધ્યાનમાં વિક્ષેપ ન થાય

ને મૂર્તિનું સુખ આવે, છેટે રહ્યે પણ જે સંભારે તેના ઘાટ-સંકલ્પ ટળી જાય, પાસે બેઠા હોય તે વખતે માયિક ઘાટ-સંકલ્પ ટળી જાય, કોઈ દેહ મૂકે તેને અક્ષરધામમાં તેડી જાય એવા કેટલાકને દર્શન આપે, કોઈને દર્શન આપીને દેહ મૂકવાનો અવધિ પણ કહી જાય, કોઈ પ્રાર્થના કરે તો તેને રાખી પણ જાય, કોઈને દેહ મૂકવો હોય તો તેને આયુષ્ય હોય તોપણ તેડી જાય, એવી સામર્થી હોય તે ધામમાંથી આવેલા મુક્ત જાણવા. **પરમએકાંતિક તથા અનાદિમુક્તનો દેહ કેવો જાણવો ?** તેઓમાં દેહ-દેહી ભાવ નથી. તેઓ શ્રીજીમહારાજની જેમ કૈવલ્ય મૂર્તિ છે. સાધનને કરીને મૂર્તિ સિદ્ધ કરવી. મૂર્તિ સિદ્ધ થયા પછી સાધન પૂરા થયા જાણવા. મૂર્તિ સિદ્ધ કરી હોય તોપણ તેને પરમએકાંતિક તથા અનાદિનો જોગ જોઈએ કેમ જે ભોમિયા તો એ જ છે. તે મહરાજનો દિવ્યભાવ સમજાવે, મહિમા જણાવે, જ્ઞાનનો પાર પમાડે ને સુખની પ્રાપ્તિ કરાવે. ॥ મહારાજ કહે, **“અમે અમારા પરમએકાંતિક તથા અનાદિમુક્ત ભેળા સદાય વિચરીએ છીએ. એક ક્ષણ માત્ર પણ એવા સંતથી જુદા રહેતા નથી.”**

**૨૫૬ યતિ કોને કહેવાય ?**

સ્ત્રીઓને જોઈને પણ જેની વૃત્તિમાં કે ઈન્દ્રિયોમાં ક્ષોભ ન ઉપજે તેને યતિ કહેવાય. લક્ષ્મણજી ચૌદ વરસ સુધી સીતાજીની સેવામાં રહેલા પણ દ્રષ્ટિએ કરીને જાનકીજીનું સ્વરૂપ એક ચરણારવિંદ વિના બીજું દીઠું ન હતું. એવો હોય તે યતિ જાણવો. મહારાજ કહે બ્રહ્માનંદસ્વામી તથા હનુમાનજી પણ એવા જ યતિ છે.

**૨૫૭ ભગવાનની અખંડ સ્મૃતિ રાખતા હોય એમાં એક ધર્મ - નિયમવાળો હોય ને બીજા ધર્મ - નિયમ વગરનો હોય તે બેમાં ફેર કેટલો ?**

નિયમ - ધર્મે રહિત છે તે પોતાનું કલ્યાણ કરે પણ બીજા જીવનું કલ્યાણ તેનાથી ન થાય. તેનાથી એકાંતિક ભક્તિ પણ ન થાય, તેનાથી સત્સંગમાં પણ ન બેસાય તે જન્મ-મરણ રહિત તો થાય પણ ભગવાનના નિર્ગુણ ધામ (અક્ષરધામ) ને ન પામે. સ્વામિનારાયણ ભગવાનની અખંડ સ્મૃતિના

પ્રતાપથી ભગવાન એને જન્મ-મરણથી રહિત કરે ને માયાથી પર ઈશ્વરકોટીમાં મૂકે. ત્યાં પસ્તાવો પામીને મોક્ષની ઈચ્છા કરે ત્યારે તેને જ્યાં શ્રીજીમહારાજનો ને મુક્તોનો યોગ હોય ત્યાં લાવીને, નિર્વાસનિક કરીને; આત્યંતિક મોક્ષ કરે એટલે અક્ષરધામમાં લઈ જાય.

૨૫૮ **નિશાન ચૂકવું નહિ ને મુકામ મૂકવું નહિ એટલે શું સમજવું ?**
નિશાન એટલે આજ્ઞાઓ. મુકામ એટલે મૂર્તિ, મૂર્તિમાં રહેવું તે.

૨૫૯ **વચનામૃત - રહસ્યાર્થ તથા બાપાશ્રીની વાતો બાબત બાપાશ્રીના આશીર્વાદ :**
વચનામૃત રહસ્યાર્થ તથા બાપાશ્રીની વાતો, આ પુસ્તકો જે વાંચશે તેને અમે તેડવા આવશું અને મૂર્તિના સુખમાં રાખશું. આ વાત બાપાશ્રીએ વઢવાણમાં ડૉ.મણિલાલભાઈને કરી હતી. સદ્. વૃંદાવનદાસજી સ્વામી

૨૬૦ મહારાજ દાદાખાચરના દરબારમાં ઘણું રહ્યા તેનું કારણ તેમણે સર્વસ્વ અર્પણ કરી પોતાપણું ટાળી નાખ્યું હતું માટે રહ્યા.

૨૬૧ **દેહભાવ :**
જીવને દેહભાવ છે એ જ મોટો કુસંગ છે. સદ્. વૃંદાવનદાસજી સ્વામી મહરાજ કહે, "દેહ ને ઈન્દ્રિયોનો ગુણ ન લેવો; એને વિષે શત્રુભાવ રાખવો." દેહભાવમાં દુઃખ ઘણું છે તોય સુખ મનાણું છે. કદાચ કોઈને દેહને સુખ હોય તોય એ સુખ નહિ, એ તો દુઃખ કરતા પણ વધારે દુઃખ કેમકે સુખમાં ભગવાન બહુ ન સાંભરે. એના કરતા દુઃખમાં વધારે સાંભરે. આ લોકના વ્યવહારમાં પણ ભગવાનને મુખ્ય રાખીએ તો કામ સારું થાય; કેમકે અનંતકોટી બ્રહ્માંડમાં ભગવાન એક સરખું અદલ પ્રમાણે કામ કરે છે. માટે જો એને મુખ્ય રાખીએ તો બધોય વ્યવહાર સરખો ચાલે એ વાત નક્કી છે. - સદ્. વૃંદાવનદાસજી સ્વામી ॥ **દેહ મૂક્યો ક્યારે કહેવાય ?** જીવને જ્યારે મહારાજ તથા મોટા મળે અને તેમનો જોગ - સમાગમ કરવા થકી હું દેહથી જુદો આત્મા છું. પુરુષોત્તમરૂપ છું એમ મનાય એટલે દેહ

મૂક્યો કહેવાય. તે છતે દેહ દેહનો અંત સામે સમજવો. **મહારાજ ને મુક્ત મળ્યા વિના અને તેમને વિષે આપોપું કર્યા વિના પંચભૂતનો દેહ છૂટે છે પણ પાછો બંધાય છે, માટે છૂટ્યો ન કહેવાય.** ॥ જીવને કાર્યમાં બહુ તાન છે પણ કારણ મૂર્તિ વિના કારણ શરીર ટળે નહિ. માટે ધ્યાન ભજનનો આગ્રહ રાખવો. મંદવાડમાં જેમ તણાઈ જવાય છે તેમ સર્વ ક્રિયામાં મૂર્તિમાં વૃત્તિ રાખવી. આપણે તો "હું ને મારો ઠાકર જગત બધું કાણું, ઠાકર બેઠા પારણે ને હું દોરી તાણું" હું અને મહારાજ બે જ છીએ. હું, મુક્ત ને મહારાજ વિના બીજું કાંઈ છે જ નહિ, એવું કરી નાખવું સદ્. વૃંદાવનદાસજી સ્વામી. ॥ સાધારણ જીવથી આવા મોટા ભગવાનની ઓળખાણ થાય તેમ નથી !! તે આપણને એમની દયાથી થઈ એ શું નાની સૂની વાત છે ? પણ દેહભાવવાળાને આવી ખબર ન પડે તેથી જ્યાં ત્યાં ચોટે છે ને અટકી પડે છે. માટે દેહભાવ કાઢી નાખવો. - સદ્. વૃંદાવનદાસજી સ્વામી. ॥

જીવને દેહભાવ છે એ જ મોટું બંધન છે. દેહભાવ ક્યારે છૂટે ? સન્મુખ ભાવમાં ભગવાનને બધી ક્રિયા કરતા જોવાનું બંધ કરીને મૂર્તિમાં રહીને મહારાજને કર્તા - હર્તા દેખીએ ત્યારે કારણ દેહ ક્યારે છૂટે ? દેહની જગ્યાએ સ્વામિનારાયણ ભગવાનની દિવ્ય મૂર્તિ જોઈએ ત્યારે. મહારાજે દિવ્ય મૂર્તિમાં રાખ્યો છે, બધી જ ક્રિયા મહારાજ કરે છે એવો ભાવ થયા કરે અને એ ભૂલાય નહિ ત્યારે.

**મહારાજે કહ્યું કે આ સ્થૂળ દેહ પડવે કરીને દેહભાવ જતો રહેશે એમ નથી. દેહભાવ તો કારણ દેહ સાથે વળગીને એને જન્મ-મરણના ચક્કરમાં મૂકી જ દે છે.** મોટા પુરુષે આપણો દેહભાવ કાઢ્યો એનો અર્થ એ કે ચૈતન્યને દિવ્ય સાકાર બનાવી, કેવળ કૃપાએ કરીને નખથી શિખા પર્યંત સળંગ રીતે મૂર્તિમાં રાખ્યો. એ કેવળ કૃપા છે. પાત્રતા વગર કૃપા આપી દીધી; આપી એ સત્ય છે. - પૂજ્યશ્રી નારાયણમામા.

**૨૬૨ વિદ્વાન : મુક્ત : મતભેદ :**

વિદ્વત્તા સાધુતામાં પરિણમે છે ત્યારે પ્રેમ, દયા અને ચિત્તની શાંતિ આવે છે. આ સદ્‌ગુણો સિવાય; મનુષ્ય વિદ્વાન બની શકે છે પરંતુ સાધુ કદાપિ નહિ. સત્સંગને સાધુની જરૂર છે પરંતુ અનેક શુદ્ધ ચારીત્ર્યશીલ સત્પુરુષ ઘડી શકે એવા મુક્ત આત્માઓની વિશેષ જરૂર છે. વિદ્વાનોને સાધુ થવાનું છે. સાધુતા શીખવાની છે, જ્યારે મુક્તાત્મામાં તે સ્વભાવ સિદ્ધ છે. વિદ્વાનને પોતાના પ્રારબ્ધ આદિ કર્મનો ક્ષય કરવાનો છે જ્યારે મુક્ત બીજ જીવોના કર્મ આદિનો સંકલ્પ માત્રે નાશ કરી પોતા જેવા જ કરે છે. બાપાશ્રી કહે છે કે લાખો કરોડો જન્મના કર્મ તે પણ દર્શન માત્રમાં નાશ કરી નાખે એવો મોટાનો પ્રતાપ છે. જે કામ એક મુક્ત એક મિનિટમાં કરી શકે તેમ કામ કરોડો વિદ્વાન મળીને; કરોડ વરસે પણ કરી શકે નહિ, ‘‘અતિ મોટા પુરુષને આશરે રે બળે પૂર્વ જન્મના પાપ’’ એવું તો આપણે ગાઈએ છીએ. આ વિવેકનું મનન કરી મૂર્તિને માર્ગે ચાલીએ તો આધુનિક માનીનતાના મતભેદોથી સહેજે બચીને શ્રીજીરૂપ થઈ, પોતાના આત્માની ઉન્નતિ સાધી શકાય. હરકોઈ શાસ્ત્ર કે સત્પુરુષનો સંગ કરતા પહેલા મુમુક્ષુ આ દ્રષ્ટિકોણ કેળવે તો તેના મારગમાં મતભેદ મળે જ નહિ. બાપાશ્રી.

**૨૬૩ મૂર્તિના બહાર ને મૂર્તિમાં રહેવાનો સિદ્ધાંત :**

‘‘લક્ષ્મીજી ક્યારેય લીન ને ક્યારેક તો નોખા રહે છે તેમ ભક્ત પણ ક્યારેક તો લીન ને ક્યારેક તો મૂર્તિમાન થકો સેવામાં રહે છે.’’ હવે જો આ સિદ્ધાંત જ ન હોય તો સ્વયં શ્રીજી ‘‘ક્યારેક લીન ક્યારેક મૂર્તિમાન નોખા’’ એમ બે પ્રકાર કહેત જ નહિ. સદ્. શ્રી ગોપાળાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી તથા ભૂમાનંદસ્વામીના વચનો જોતા પણ અનેક સ્થળે આ બંને પ્રકારની સ્થિતિનો ઉલ્લેખ જોવામાં આવે છે. માટે આનાદિમુક્તોની મૂર્તિમાં લીનતા - પ્રવેશ શાસ્ત્રસિદ્ધ, અનુભવસિદ્ધ ને મોટા મોટાએ પ્રમાણ કરેલ તથ્ય છે.

**૨૬૪ ખુલાસા : શાસ્ત્રનો અર્થ યથાર્થ જ્ઞાન :**

"બહાર વૃત્તિએ પ્રશ્ન - ઉત્તરમાં બધા શાસ્ત્ર ભેળા કરીએ તોપણ તેનો યથાર્થ ઉત્તર ન મળે. મહારાજને તથા મુક્તને અંતરમાં ધારીએ એટલે સર્વે ખુલાસા તરત થઈ જાય" - શ્રી અબજીબાપા. અતિશય ઉપશમરૂપ સામર્થી પામ્યો હોય તે તો શાસ્ત્રના રહસ્યને પોતાની મેળે સમજે વૃત્તિને અંતર સન્મુખ રાખે ત્યારે યથાર્થ જ્ઞાન થાય અને શાસ્ત્રનો અર્થ પણ યથાર્થ સુઝે. - સદ્. ગોપાળાનંદસ્વામી. "પ્રતિલોમ વિના યથાર્થ જ્ઞાન થતું નથી" - સદ્. ગુણાતીતાનંદસ્વામી.

**૨૬૫ ભક્તિમાં વિઘ્ન : ભૂંડા દેશકાળમાં પણ ભક્તિમાં વિઘ્ન ન થાય એવી શી સમજણ છે ?**

(૧) **દ્રઢ વૈરાગ્ય :** વૈરાગ્ય ન હોય તો જ્યારે મનગમતું પદાર્થ મળે ત્યારે ભગવાનની જેમ બીજા પદાર્થમાં પણ ભગવાન જેવી પ્રીતિ થઈ જાય. વૈરાગ્યે કરીને ભગવાન વિના બીજા માયિક આકાર ખોટા થઈ જાય છે. (૨) **આત્મનિષ્ઠા :** આત્મનિષ્ઠા ન હો તો દેહમાં સુખ દુઃખ આવે ત્યારે ભક્તની વૃત્તિ ચૂંથાઈ જાય. પછી જેને સુખદાયી જાણે તેમાં પ્રીતિ કરે ને દુઃખદાયી જાણે તે સાથે દ્વેષ કરે. આત્મનિષ્ઠાએ કરીને માયિક સુખ દુઃખ ખોટા થઈ જાય છે. એ બેમાંથી એકેય અંગ ન હોય તે ચાળા ચૂંથણો છે. ॥ **ભક્તિમાં કયું મોટું વિઘ્ન છે ?** પોતાના દોષને દેખે નહિ, ભગવાન ને ભક્તથી મન નોખું પડી જાય એટલે કે હેત ન રાખે, તેમના થકી બેપરવાઈ થઈ જવાય, એટલે ભકતને મોક્ષના દાતા જાણીને તેની ગરજ ન રાખે તે ભક્તિમાં મોટું વિઘ્ન છે. (છે.૮) ॥ **ભક્તિ માર્ગમાં ક્યુ મોટું વિઘ્ન છે ?** વેદાંતીનો સંગ એ મોટું વિઘ્ન છે. વેદાંતી એમ સમજાવે કે આત્માને જન્મ-મરણ નથી તે નિરાકર છે ને તે ગમે તેટલું પાપ કરે તોપણ તેને દોષ ન લાગે. એવો ગુણ બતાવીને ભગવાનની મૂર્તિના આકારનું ખંડન કરી નાખે એટલે ભગવાનની મૂર્તિમાંથી પડી જવાય. માટે વેદાંતીનો સંગ ક્યારેય ન કરવો, એ તો મહાદુષ્ટ છે. ભક્તિ માર્ગમાં એવું મોટું કોઈ વિઘ્ન નથી. ॥ **કેવી ભક્તિમાં કોઈ જાતનું વિઘ્ન ન થાય ?** માહાત્મ્યે સહિત

ભગવાનની ભક્તિ હોય તેમાં. એવી ભક્તિ મોટા પુરુષની સેવા ને પ્રસંગ થકી આવે છે. ॥

૨૬૬ જે દિવસે શિક્ષાપત્રીનો પાઠ, શ્રવણ કે પૂજા ન થાય તે દિવસે એક ઉપવાસ કરવો. - મહારાજ.

૨૬૭ **ભગવાન વિના બીજે હેત રહેવાનું કારણ શું ?**
મહારાજ કહે, ''અક્ષરધામમાં અમે દિવ્ય સ્વરૂપે વિરાજમાન છીએ તેમાં પ્રતીતિ એટલે દિવ્યભાવનો દ્રઢ વિશ્વાસ છે તેવો જ આ પ્રત્યક્ષ મનુષ્યરૂપે દેખાતા જે અમે તેમાં દિવ્યભાવ નથી આવતો; અને આ મૂર્તિ ને અક્ષરધામમાં મૂર્તિ તે એક જ છે એમ સમજાતું નથી, એ જ આમારા વિના બીજે હેત રહેવાનું કારણ છે.''

૨૬૮ જેમ ઝાડ સાથે રસ ને છાલ હોય તેમ અનાદિ ને પરમએકાંતિક મહારાજની સાથે જ હોય છે; પણ બહિર્દ્રષ્ટિવાળાને એ વાતની ખબર ન પડે. એ તો જ્યારે મહારાજના લાડીલા ને હજૂરી મુક્ત મળે ત્યારે તેમના જોગે એ વાત સમજાય. - અનાદિમુક્ત બાપાશ્રી. ॥ **અછત હોય ત્યારે મહારાજમાં વૃત્તિ બહુ રહે.** - અનાદિમુક્ત બાપાશ્રી ॥ વાતો કરવા કરતા મૂર્તિમાં થીજી જવાય તો બહુ સુખ વર્તે, પણ સહુ એમ રહી ન શકે એટલે મહિમાની વાતો કરવી એ ઠીક. ॥ મૂર્તિમાં રહેવા માંડે ત્યારે મોટા ગુણ આવે ને અહો । અહો ! થાય. મૂર્તિ વિના તો વર વિનાની જાન જેવું કહેવાય. ॥ ઘડીમાં દેહરૂપે ને ઘડીમાં મુક્તરૂપે વર્તે તે જીવનમુક્ત કહેવાય. ॥ **શ્રીજીમહારાજે ઠાસરાના સૂબા ગોપાળલાલભાઈને રાત્રે દર્શન દઈને કહેલું કે અમારા અનાદિમુક્ત (અબજીબાપાશ્રી) વડતાલ આવ્યા છે. માટે દર્શને આવજો, એમના દર્શને તથા સેવાનું ફળ અમારા દર્શન - સેવા જેવું જ છે.**

૨૬૯ **મહારાજની મૂર્તિમાં રહ્યા પછી મનભેદ શું રહે ?**
મન તો ક્યાં ગયું. માયિક મન તો ફગાવી દીધું. બાપાશ્રીએ દેહભાવ

તો ઉડાડી દીધો કે ગોત્યો ય જડે નહિ. મહારાજે કહ્યું. "શીતળ શાંત છે રે તેજની ઉપમા નવ દેવાય" તે તેજની અંદર મહાપ્રભુજી તથા તેમના અનાદિમુક્ત શીતળતા વરસાવે છે. તો આપણા મગજ કેટલા શીતળ હોવા જોઈએ ? આવેશમાં આવવું એ આપણા માટે અશક્ય થવું જોઈએ. અનાદિમુક્તના શબ્દ કોષમાં આવેશ, આવેગ, ક્રોધ હોય જ નહિ. તો આપણી ડીક્ષનરીમાં પણ ન હોવા જોઈએ. - પૂજ્યશ્રી નારાયણમામા.

**૨૭૦ જેમ જેમ ભગવાનનું સમીપણું થાય છે તેમ તેમ મહિમા ને અપારપણું વધતું જાય છે.**

મહારાજની મૂર્તિમાંથી તેજની શેડ્યો છૂટે છે. સુખ તથા તેજ મૂર્તિમાંથી છૂટ્યા જ કરે છે, ક્યારેય બંધ રહેતું નથી. જેમ વાયુ હંમેશા વાયા જ કરે છે તેમ. સુખભોક્તા મુક્તને નવીન નવીન સુખ છૂટે છે ત્યાં જ એકાગ્રપણું રહે છે. એ સુખ મૂર્તિમાંથી છૂટે છે ને ક્યાં જાય છે તેનું તેને કાંઈ નહિ. - સદ્. વૃંદાવનદાસજી સ્વામી.

**૨૭૧ મુક્ત થયો ક્યારે કહેવાય ?**

અસત્ય જે માયાના કાર્યમાંથી થયું તેનો ત્યાગ કરવો અને સત્ય જે પુરુષકોટી, બ્રહ્મકોટી, અક્ષરકોટી આદિ મહારાજના મુક્તથી ઓરી જે અચળ સૃષ્ટિ એ સર્વેનો ત્યાગ કરવો. પછી જે વિચારે કરીને એ સર્વેનો ત્યાગ કર્યો તે વિચારનો પણ ત્યાગ કરવો, તે શું કરવા ? તો તેમાં બે વૃત્તિ થાય છે; માટે તે સર્વોનો ત્યાગ કરે ત્યારે એક વૃત્તિ થાય અને ત્યારે જ એ મહારાજનો મુક્ત થયો કહેવાય. - સદ્. વૃંદાવનદાસજી સ્વામી

**૨૭૨ વચન અદ્ધરથી ઝીલવું એટલે શું ?**

મહારાજના મુખમાંથી વચન નીકળે અને મહારાજના કાને સાંભળે તે અદ્ધરથી વચન ઝીલ્યું કહેવાય. (મહારાજ બોલે ને મહારાજ સાંભળે તે) - સદ્. વૃંદાવનદાસજી સ્વામી

**૨૭૩ જેમ કેળામાં ગળપણ રહેલું છે તેમ મહારજની મૂર્તિમાં તેજ રહેલું છે. બાપાશ્રીએ સદ્. વૃંદાવનદાસજીસ્વામીને કહેલું કે મહારાજના જમણા અંગૂઠામાંથી તેજ છૂટે છે. તેનો શબ્દ કેવો થાય ?**

તો પૃથ્વી જેવડી ઝાલર હોય, મેરુ જેવડો ડંકો હોય ને વૈરાટ જેવ અનંત વગાડનારા હોય ને જેવો શબ્દ થાય તેવો શબ્દ નીકળે છે. (કાન ફાટી જાય તેવો). સ્વામી કહે એ કેમ ખમાય ? અનાદિમુક્ત બાપાશ્રી કહે એવો શબ્દ સાંભળે ત્યારે તે સાંભળનારો પણ તેવો મોટો પાત્ર થયો. તેને અહીં આરતી થાય છે તેવો શબ્દ લાગે; માટે પાત્ર પ્રમાણે દેખાય ને પછી ખમાય. - સદ્. વૃંદાવનદાસજી સ્વામી

**૨૭૪** મહારાજ તથા મોટા મુક્તોએ ચમત્કા જણાવી દર્શન સુખ આપ્યા હોય તેની વાતો કરવી (પરચા ચમત્કારની) એ ટાઢું જમવા જેવું કહેવાય અને મહારાજનું ધ્યાન કરતાં મૂર્તિમાંથી નવા નવા સુખ આવે તે ઉનું જમ્યા જેવું કહેવાય. કદાચ મોટા મુક્ત બીજાના સમાસને અર્થે ચમત્કાર-પરચાની વાતો કરતાં હોય તો પણ તેમને મૂર્તિના દિવ્ય સુખમાં જ આનંદ હોય - સદ્. વૃંદાવનદાસજી સ્વામી.

**૨૭૫** પાંસઠ વર્ષ સુધી દરેક કાર્ય સરસ રીતે કરો અને સાથે સાથે મૂર્તિનો સંબંધ પણ રાખો. પાંસઠ વર્ષ પછી મૂર્તિમાં રાખ્યા છે તે મૂર્તિ જ જોવાની એ પહેલા બધું કામ કરવું પડે. એક મૂર્તિમાં જોડાઈને બેસી રહો. તો મહારાજ ઠપકો આપે કે હું કહું એમ કરવાનું હું કહું છું કે અમારું કાર્ય ખૂબ કરો. તમારે સુખ જોઈએ છે તો સુખ આપવાવાળો હું છું, આપી દઈશ. આ છેલ્લો જન્મ કર્યો એ થોડી વાત છે ? જે અનંત જન્મે પાર ન આવે એ આ એક જન્મે કર્યું. હવે શું કામ અધીરા થાવ છો ? આપણે મૂર્તિનો સંબંધ રાખવાનો, દરેક કાર્ય સરસ રીતે બજાવવાનું ને આપણું શરીર પણ સરસ રાખવાનું. - પૂજ્યશ્રી નારાયણભાઈ.

**૨૭૬ સંપ, એકતા : મૂર્તિમાં રાખ્યાનું વચન અદ્ધરથી ન ઝીલ્યું ક્યારે કહેવાય ?**
મન મેળ અને એકતા ન રહે ત્યારે. બાપાશ્રીએ છેલ્લા આશીર્વાદ આપી દીધા કે તમને મૂર્તિમાં રાખ્યા. એવા કોઈ તો દિવ્ય પુરુષ કે વિભૂતી બતાવો કે જે પાત્ર - કુપાત્ર જોયા સિવાય કેવળ કરુણા કરી મૂર્તિમાં રાખી દે !! એવા પુરુષ આપણને મળ્યા પછી એકબીજામાં મેળ ન રહે, સંપ ન રહે એ દુઃખરૂપ કહેવાય. આપણને મહારાજના સર્વોપરી દિવ્ય સ્વરૂપમાં મૂકી દીધા એ કાંઈ થોડી વાત ? તેનું અનુસંધાન કેમ ભૂલાય ? દેહનું અનુસંધાન નથી ભૂલાતું તો મૂર્તિનું અનુસંધાન કેમ ભૂલાય ? મૂર્તિ ભૂલીએ તો આપણું અપમૃત્યુ થયું કહેવાય. જો એવું જોયા મળે કે સુમેળ નથી કે એકતા નથી તો એનો અર્થ એવો થાય કે મૂર્તિમાં રાખ્યા છે એ વચન અદ્ધરથી ઝીલ્યું નથી. વચન અદ્ધરથી ઝીલ્યું હોય તો મનમેળ ને એકતા રહે જ. - પૂજ્યશ્રી નારાયણમામા.

૨૭૭ ખરેખર આપણે બધા મુર્તિમાં છીએ. આ સભા અક્ષરધામની છે. આવા ને આવા મનુષ્યરૂપે છીએ એવા જ દિવ્ય સાકાર મહારાજના સ્વરૂપે આપણે મૂર્તિમાં રહ્યા છીએ. સદાય એમાં છીએ. જવું - આવવું, બાકી કોઈ ઉધાર બાપાશ્રીએ રાખ્યો નથી. - પૂજ્યશ્રી નારાયણમામા.

**૨૭૮ ક્ષમાયાચના :**
જ્યારે દિવ્યસભા ભરાય ત્યારે આપણે ગમ તેવી ઊંચી સ્થિતિવાળા હોઈએ છતાં પણ ભગવાનના રાજીપા અને પ્રસન્નતા માટે આપણે ક્ષમાયાચના કરવી જોઈએ. મામા કહે છે કે મને જાણ્યે અજાણ્યે આ દેહથી, મનથી કે જીવથી મનુષ્યભાવ કદીયે પરઠાતો નથી. બાપાશ્રીની એ કૃપા છે. જ્યાં બીજે આજ્ઞામાં થોડી કસર જોવા મળે છે એના વિષે પણ મનુષ્યભાવ આવતો નથી. આમ મામા પોતાને મિષે કરીને આપણને પણ દિવ્યસભાને ક્ષમાયાચના કરવાનું કહે છે.

**૨૭૯ ભગવાનનો દાસ કોને કહેવાય ? દાસના લક્ષણ :**

(૧) દેહને ખોટો જાણે, હરિનો દાસ હોય ને દેહરૂપ વર્તે તે તો પ્રાકૃત ભક્ત કહેવાય (૨) પોતાના આત્માને સત્ય જાણે (૩) પોતાના સ્વામીને ભોગવ્યાના પદાર્થને પોતે ભોગવવાને ઈચ્છે જ નહિ. (૪) પોતાના સ્વામીનું ગમતું મૂકીને બીજું આચરણ કરે જ નહિ, તેમની મરજી પ્રમાણે જ વર્તે - મહારાજ ॥ **ખરું દાસત્વ કયું ?** નિર્માની થયા હોવા છતાંય ઊંડે ઊંડે પણ નિર્માનીપણાનું સહેજ માન રહે તોય દાસત્વ પૂરું ન કહેવાય એવું બાપાશ્રીએ સમજાવ્યું. એનો અર્થ એ થયો કે ભગવાન અને ભક્તની વચ્ચેનું અંતર જ ન રહ્યું, અલગ અસ્તિત્વ ન કહ્યું. અલગ અસ્તિત્વ એટલે સ્વામી-સેવકભાવ ખરો, પણ ભગવાન ત્યાં અને આપણે અહીં એમ નહિ. "નિષ્કુળાનંદ કાવ્ય" માં સ્વામીએ કહ્યું કે ભગવાનના સ્વરૂપમાં રહેલા મુક્તો જળ-તરંગવત્ એકતાની જેમ રહેલા છે, પણ સ્વામી-સેવકભાવ છે. (પૂર્ણ દાસત્વ એટલે જરાય અંતર જ ન રહે તે - નિર્માનીપણાનું સહેજે પણ માન ન રહે ત્યારે પૂરું દાસત્વ વિકસે છે.) - પૂજ્યશ્રી નારાયણમામા **આવા પરમાત્મા મળ્યા પછી રાંકપણું ન રાખવું વિનમ્ર દેખાવું જોઈએ, દાસપણું રાખવું જોઈએ, પણ અંદરથી રાંક છીએ એવું ન લાગવું જોઈએ. અરે !! સંકલ્પ-વિકલ્પ થાય એ તો દેહનો ભાવ છે તો થાય જ. કેટલા જન્મ ભેગું થયું હોય ! બહિર્વૃત્તિ થઈ હોય પછી અંતવૃર્તિ થતા વાર ન લાગે ? આપણને પૂર્ણકામ કરી દીધા. નહીતર તો હજી અનંત જન્મો લઈને દમ નીકળી જાય. આ તો એક જન્મે જ પાર પાડી દીધો ! વિચાર કરો આપણે કેટલા ભાગ્યશાળી છીએ. How Fortunate we are ! - પૂજ્યશ્રી નારાયણમામા.**

સત્સંગ દાસપણું રાખવું, એ જેવી કોઈ વાત નથી - બાપાશ્રી. (૨/૧૦૦) **સુખિયો કોણ ?** તો જે મહારાજની મૂર્તિ રાખે ને સત્સંગમાં દાસભાવે વર્તે તે. એ વિના ગાદી - તકિયાવાળા અધિકારી, મહંત ને કોઠારી આદિકના નામ કોઈ જાણતું નથી. માન, મોટપ, યશ, કીર્તિનો ત્યાગ કરી સત્સંગમાં દાસત્વપણે વર્તે છે તેને સહુ વખાણે છે. તેનું તો બહુ જ કામ થઈ જાય છે.

તેને દેહ મૂક્યા કેડે પણ આ બ્રહ્માંડ રહે ત્યાં સુધી વાંસે સર્વે સંતના આશીર્વાદ જાય છે, જે કેવા સધુ હતા ! કેવા હરિભક્ત હતા ! જેમા દાદાખાચર ને પર્વતભાઈના વખાણ થાય છે તેમ. એવા મોટા સત્સંગમાં છે, તેમનો વાયરો અડો તો ટાઢું થઈ જાય. માયિક વાયરે ટાઢું થાય છે તો દિવ્યથી કેમ ટાઢું ન થાય ? જરૂર થાય જ.

**૨૮૦ મહારાજ કહે :**

પહેલા તમારા ચૈતન્યને મૂર્તિમાં રાખ્યા પછી વર્તમાન ધરાવું છું. ખરેખર તમારા ચૈતન્યને મુક્ત કરીને, બધા આવકરણો હટાવીને મૂર્તિમાં રાખું છું. પણ પોતાના પૂર્વના સ્વભાવ લીધે અને સંકલ્પ-વિકલ્પ થાય છે, એટલે મારી કૃપા જે સુખ તેને એ ઝીલી શકતો નથી. એટલે એને આટલી ગડમથલ ચાલે છે.'' મહારાજ કહે છે કે તમારો હાથ આકર્ષણ કરીને એવો પકડી રાખ્યો છે કે ખસી શકે જ નહિ. પણ આપણા સ્વભાવ અને સમજણના અંગો બરાબર નથી. એ પાત્રતા લાવવા માટે મહારાજ એવા સંકલ્પો - વિકલ્પો દ્વારા આપણને ભાન કરાવે છે કે તમે અમારી આજ્ઞાનો કાંઈક લોપ કરતા હશો ખરા. હમણા માત્ર આકર્ષણ કરીને રાખ્યા છે. સ્વરૂપનું જેવું સુખ છે એવું ઝીલી શકતા નથી બાધિતાનુવૃત્તિ દૂર થયા પછી પાત્ર થાય ત્યારે જ મૂર્તિના સુખનો અનુભવ થાય છે. - પૂજ્યશ્રી નારાયણમામા.

**૨૮૧ ભગવાનનો ભક્ત આ લોક ને પરલોકમાં સદાય સુખિયો ક્યારે રહે ? સદાય સુખી રહેવાના લક્ષણો :**

(૧) દ્રઢ વૈરાગ્ય (૨) અતિશે સ્વધર્મ (૩) એ બે સાધને કરીને સર્વ ઈન્દ્રિયો જીતીને વશ કરી હોય (૪) ભગવાન અને ભગવાનના ભક્તને વિષે અતિશે પ્રીતિ અને મિત્રભાવ (૫) ભગવાન કે ભક્ત થકી કદી ઉદાસ ન થાય, તેમને સંગ જ રાજી રહે (૬) વિમુખની સોબત ગમે નહિ. - મહારાજ.

**૨૮૨ ઈન્દ્રિયો જીતવાનું સાધન :**

વૈરાગ્ય, સ્વધર્મ, તપ ને નિયમ છે. મન જીતવાનું સાધન માહાત્મ્યે સહિત નવધા ભક્તિ તે છે. - મહારજ

**૨૮૩ ગરીબ કોને જાણવા ?**

શ્રીજીમહારાજની આજ્ઞા ને વચન ઉપર નિષ્ઠા હોય તેને. લોકમાં તો કોળી - વાઘરી જેવાને ગરીબ કહેવાય છે, પણ આપણે તો અજ્ઞાની જીવના ઉપદ્રવને સહન કરનાર ભગવાનના ભક્ત કે સાધુ હોય તેને ગરીબ જાણવા. - અનાદિમુક્ત બાપાશ્રી.

**૨૮૪ રાંક હોય તે રાજા થાય, એનો અર્થ કેવી રીતે સમજવો ?**

અનાદિમુક્ત બાપાશ્રી કહે, ''વચનામૃતના શબ્દ દ્વિઅર્થી છે. તેમાં પરભાવનો અર્થ : મહરાજની મૂર્તિમાં તથા હજૂરમાં રહે તે રાજા જાણવા. અવરભાવનો અર્થ : આ લોકનું રાજ્ય મળે તે પણ રાજા કહેવાય, પણ તે તો રાંક છે. જ્યાં સુધી કામ, ક્રોધ, લોભ, માન આદિક દોષનો દોર્યો દોરાય ત્યા સુધી રાંક અને એ દોષને જીતીને વશ કરે ને એથી રહિત થાય તે રાજા કહેવાય''

**૨૮૫ ધર્મ, અર્થ, કામ ને મોક્ષ (ચાર પુરુષાર્થ)નો અર્થ :**

**ધર્મ** = મહારાજની મૂર્તિમાં જોડાવું તે । **અર્થ** = ભગવાનને અર્થે વાપરવું તે । **કામ** = પ્રવૃત્તિ કે જેથી બીજા જીવને ભગવાન ઓળખાય, જેને સેવા કહેવાય । **મોક્ષ** = મહારાજની મૂર્તિમાં લીન થવું તે (અનાદિમુક્તની સ્થિતિ).

**૨૮૬ આત્માશ્લાઘા : વખાણ : પ્રશંસા :**

એક ભગવાનને જ પોતાની આત્મશ્લાધા (પોતાના વખાણ) કરવાનો અધિકાર છે. બીજા કોઈને નહિ શા માટે ? કારણ કે એ પૂર્ણ છે. મહારાજ કહે છે કે મારા પ્રશંસાગન તમે નહિ કરો તો મારી સાથે તમને એકતા કેવી રીતે થાય ? ગાન કરવા તો એક હરિના જ કરવા, બીજાના નહિ. બાપાશ્રીએ કહ્યું'' અમારો કોક દિ ખપ પડશે. જો જૂઠું બોલતા હોઈએ તો પૂછો આ ધણીને તો એ પ્રશંસા ન થઈ ? સર્વશ્રેષ્ઠ પ્રશંસા થઈ, પણ

એ પ્રશંસા કોણે કરી ? ભગવાન સ્વામિનારાયણે કરી. તો જેમનામાં રહીને ભગવાન આવી પ્રશંસા કરે એ આત્મશ્લાઘા કરી શકે.

**૨૮૭ એકાંતવાસ :**

ધ્યાન તો એકાંતમાં કરાય. મૂર્તિમાં સરખું જોડાવાય એટલા માટે એકાંત ખૂબ જરૂર (આવશ્યક) છે. એકાંતવાસથી પોતાનાથી અંદરની આત્મખોજ (જાત તપાસ) થાય. ખૂણે - ખાંચરે કોઈ કચરો નથી રહ્યોને ? એ એકાંતવાસથી જ જોવા મળે છે. - પૂજ્યશ્રી નારાયણમામા.

**૨૮૮ સ્વામિનારાયણ સંપ્રદાય : વિશ્વધર્મ :**

ભગવાન સ્વામિનારાયણ વરદાન આપે છે કે આખા બ્રહ્માંડમાં બધા માણસો મારા પંચવર્તમાન તથા શિક્ષાપત્રી પાળે તો આખા જગતમાં ક્યાંય દુઃખ ન રહે. જગતમાં કોઈ પોલીસ તથા આર.ટી.ઓ. રાખવી જ ન પડે. બધા દેશોના સંરક્ષણ ખાતા તથા સંરક્ષણ માટેના સાધનોની જરૂર જ ન પડે. કેટલો બધો ખર્ચ બચી જાય. બધા મોટરમાં ફરે તોય વાંધો ન આવે. લહેર કરે લહરે. માટે એ સંપ્રદાય નથી, વિશ્વધર્મ છે. - પૂજ્યશ્રી નારાયણમામા.

**૨૮૯ અવતાર - અવતારી ભેદ :**

મહારાજ ને બીજા અવતારો જુદા છે તેની વિક્તી આપતા વચનામૃતો : અ-૭, પ્ર-૨૪, મ-૬૪, લો-૧૧ છે.-૧૬ પં.-૧ સદ્. ગોપાળાનંદસ્વામીએ પણ મહારાજને પ્રગટ થવાના છ હેતુ લખ્યા છે, તેમાં અવતાર તથા અવતારના ભક્તને પોતાની ઉપાસના અને પોતાનું જ્ઞાન આપી પોતાની મૂર્તિને પમાડવાપણું લખ્યું છે. તે જો અવતાર-અવતારી એક હોય તો એમ મહારાજ શું કરવા કરે !! તથા સદ્. ગુણાતીતાનંદસ્વામી, સદ્. નિષ્કુળાનંદસ્વામી, સદ્. નિર્ગુણદાસજી, સદ્. વૃંદાવનદાસજી, સદ્. ઈશ્વરચરણદાસજી આદિ મોટા સદ્ગુરુઓએ પણ અવતાર - અવતારીના ભેદ વિષે સમજાવેલ છે. બાપાશ્રી કહે છે કે પરભાવમાં તો મહારાજ ને મહારાજના મુક્ત તે અવતા - અવતારી સમજવાના છે.

સંત્સંગમાં મહારાજને સર્વેપરી જાણવા ને જણાવવા એ કામ બહુ અઘરું છે. શ્રીજીમહારાજ પોતે દર્શન દેતા તોપણ જ્યારે આ મૂર્તિ સૌથી નોખી છે, આ મુર્તિને સુખે અનંત મુક્તો સુખિયા છે, મોટા મોટા અક્ષર આદિક અવતારો ને તેમના મુક્તો આ મૂર્તિનું ધ્યાન કરે છે, એમ વાત થતી ત્યારે કહેટલાક મૂંઝાતા. અનાદિમુક્ત (કૈવલ્યમુક્ત) ગોપાળાનંસ્વામી જેવા મહા સમર્થ મુક્તને ખુણીયા જ્ઞાનવાળા કહેતા, પણ એવા જીવને ખબર ન પડે કે આ ભગવાન કેવડા મોટા છે, એમના મુક્તો કેવા સમર્થ છે. જુઓને ! હરિસ્મૃતિમાં નિષ્કુળાનંસ્વામીએ કહ્યું છે. “આ મૂર્તિની જે મોટાઈ, અચરજકારી છે. । નાવે નાવે કહ્યા માંઈ, અચ. ॥ આ મૂર્તિ સૌથી ન્યારી, અચ. ॥ શું હું કહું વડાઈ વિસ્તારી, અચ. ॥ આ મૂર્તિ સૌથી નોખી, અચ. ॥ ચોક્કસ વાત કહું છું ચોખ્ખી, અચ. ॥ આ મૂર્તિ છે અલૌકી, અચ. । માનો માન મનનું મૂકી, અચ.” ॥ એવી રીતે મોટા મુક્તોએ મહિમા કહ્યો છે. મહારાજને તથા મોટા મુક્તને જીવો ઉપર અપાર દયા છે તેથી જેમ જેમ મહિમા સમજાય તેમ સમજાવે છે. જીવોને અનાદિકાળનું અજ્ઞાન વળગ્યું છે તેથી આવી વાતો ઝટ સમજી શકતા નથી. શ્રીજીમહારાજને જેવા છે તેવા જાણવા એ તો બહુ ભારે વાત છે. આ વાત સમજાવવા મોટા મોટા સંતોએ બહુ દાખડા કર્યા છે, ઉપાધિઓ સહન કરી છે. આપણે તો સૌ ઉપર દયા રાખવી. દયા તે શું ? તો મહારા જ સર્વોપરી છે એ વાત સમજાવવી. - અનાદિમુક્ત બાપાશ્રી.

**૨૯૦ અક્ષરધામમાં બે ભૂજાવાળા ભગવાન બિરાજે છે.**

ચાર ભુજ, અષ્ટભુજા કે હજાર હાથના નામ પડ્યા એ તો બીજા અવતાર આવ્યા. આપણા પતિ બે ભુજાવાળા સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનને ઓળખવા. - અનાદિમુક્ત બાપાશ્રી. મહારાજ, મૂળઅક્ષર, ને વાસુદેવબ્રહ્મ આ ત્રણ દ્વિભુજ (બે હાથવાળા) છે. જ્યારે બીજા બધા અવતારો મચ્છ, કચ્છ, વારાહ,... રામ, કૃષ્ણ વગેરે ચતુર્ભુજ (ચાર ભુજાવાળા છે.)

૨૯૧ પરોક્ષ અવતારોથી આત્યંતિક કલ્યાણ ન થાય. આ વાત નથી સમજાતી એટલી ખોટ કહેવાય. આ વાત સમજાય ત્યારે પૂરણકામ થઈ જવાય. અવતારી પ્રગટ થયા પછી બીજા અવતારોથી તેમના ભક્તોને અંતકાળે તેડવા આવી ન શકાય. ભગવાન તેમને સત્સંગમાં લાવીને કલ્યાણ કરે. - અનાદિમુક્ત બાપાશ્રી.

૨૯૨ મામા કહે, "આપણા નેત્રની વૃત્તિ મહારાજની દિવ્ય મૂર્તિ સિવાય બીજું કાંઈ જુવે નહિ એવી રીતે સ્થિર રાખવી જોઈએ. દર્શન એવા કરવા કે મૂર્તિરૂપ થઈ જવાય. મહારાજની મૂર્તિ નીરખતા બીજું કાંઈ નજરમાં ન આવે તો જ સિદ્ધદશા પ્રાપ્ત થાય. મનમાં કોઈ વસ્તુ સ્ફુરે નહિ. બાપાશ્રીએ એમ કહ્યું કે દિવ્યભાવે સહિત જો મૂર્તિનો મહિમા સમજાણો હોય તો મનની વૃત્તિ મહારાજમાં સ્થિર રહે. ભગવાનની મૂર્તિમાં જો જોડાઈ જવાય તો બધું જ થઈ ગયું. એ સારનો સાર છે. કથા - વાર્તા એ તો ચારો છે. જેમ દેહને દરરોજ નવરાવવો પડે, ન નવરાવીએ તો અશુદ્ધ થઈ જાય, એમ આ જીવને દરરોજ કથા - વાર્તારૂપ ગંગામાં નવરાવવો પડે. જ્યારે એને નવરાવવો પડે ત્યારે એને સિદ્ધદશા આવી કહેવાય. પછી એને કથા - વાર્તાની જરૂર પણ ન રહે. ભગવાનમાં વૃત્તિ રહ્યા જ કરે. બસ એ જ આનંદ, એ જ સુખ. પછી આવી દિવ્ય મનોહર મૂર્તિ જોઈને બીજું સંભારવું ગમે જ નહિ !!

આ લોકમાં બધાં કાશ્મીર જાય, બાગ-બગીચામાં જાય ને બધું નવીન જુએ ને હરખાય, એ વખતે એ બધી સુંદર વસ્તુઓ આગળ મન બીજે જતું નથી, તેમ ભગવાનની મનોહર મૂર્તિ કે જેના સૌંદર્ય આગળ કોઈ સૌંદર્ય હિસાબમાં નથી. એવું જ્ઞાન જો થાય તો મહારાજની મૂર્તિ વિષે લગની લાગે. બીજું રૂપ જોવું ગમે નહિ. એના જેવું રૂપ બ્રહ્માંડમાં ક્યાંય છે જ નહિ. એવું એ દિવ્ય સ્વરૂપનું મનોહર રૂપ છે."

૨૯૩ જેને ભગવાન જેવા ધણી મળ્યા હોય એ ક્યારેય વિધવા કે વિધુર થતા જ નથી.

**૨૯૪ નિર્બીજ :**

ભગવાનની મૂર્તિના સંબંધ વિનાની કથા - વાર્તા, વિદ્યા ભણવી એ બધું જ નિર્બીજ છે. સબીજ ન ગણાય. **સબીજ :** કથા - વાર્તા, ઉત્સવ, સમૈયા એ બધું જ ભગવાનના સંબંધવાળું હોય તો સબીજ કહેવાય. આપણી બધી જ ક્રિયા, પ્રવૃત્તિઓ; નિવૃત્તિ કર્મ અને પ્રવૃત્તિ કર્મ બધાય ભગવાનની મૂર્તિના સબંધંવાળા થવા જોઈએ.

**૨૯૫** દારૂ, માટી, ચોરી, અવેરી આ ચારનો જે ત્યાગ ન કરે એવાને અડીએ તો વટલાઈ જવાય, આપણે એવા હોઈએ તો આપણને અડનારો વટલાઈ જાય.

**૨૯૬ જીવને પરમેશ્વરમાં કેમ દ્રઢ પ્રીતિ થતી નથી ?**

જીવને સ્ત્રી આદિક જે પદાર્થ છે તેને ભોગવ્યાની તૃષ્ણા ટળતી નથી ને સ્ત્રી આદિકનું જે સુખ છે તેનું અતિશે દુર્લભપણું જાણે છે; ને તેનું અતિ માહાત્મ્ય જાણીને તેમાં પ્રતિ કરે છે, તે પ્રીતિ કોઈ રીતે ટાળી ટળતી નથી. હ્દયમાં પાપરૂપ વાસના થાય છે; આવો અવિવેક છે. એ પાપે કરીને પરમેશ્વરમાં દ્રઢ પ્રતિ થતી નથી. - મહારાજ **ઉપર કહ્યો એવો અવિવેક ન હોય તોપણ ભગવાનમાં પ્રીતિ નથી થતી તેનું શું કારણ ?** જીવને પૂર્વે જન્મને વિષે અથવા આ જન્મને વિષે કોઈક અતિશે ભૂંડા જે દેશ, કાળ, સંગ, ક્રિયા તેનો યોગ થઈ ગયો છે તેણે કરીને અતિ તીક્ષ્ણ કર્મ થયા છે તે ભૂંડા કર્મનો એના ચિત્તમાં પાશ લાગ્યો છે; માટે સાર અસારને જાણવા છતાં પરમેશ્વરને વિષે દ્રઢ પ્રીતિ થતી નથી. અતિશે પવિત્ર દેશ, કાળ, ક્રિયા ને સંગને યોગે કરીને અતિશે તીક્ષ્ણ જો સુકૃત કર્મ થાય તો તેને યોગે કરીને ભૂંડા પાપકર્મ નાશ થઈ જાય છે ત્યારે એને ભગવાનને વિષે દ્રઢ પ્રીતિ થાય છે.

**૨૯૭** અનંત પ્રકારના પાપ છે પણ તે સર્વે થકી ભગવાનના ભક્તને ભગવાન વિના બીજે ઠેકાણે હેત કરવું તે અતિ મોટું પાપ છે. ભરતજી રાજ્ય સમૃદ્ધિ

મૂકીને વનમાં ગયેલા ને મહા તપ કરેલ તોપણ એક મૃગલીના બચ્ચામાં હેત થયું એટલામાં ત્રણ જન્મ ધરવા પડેલા, એમ વાસનાએ કરીને મહા દુ:ખ થાય છે. - મહારાજ

૨૯૮ **અવગુણ : દોષ :**

મહારાજ કહે છે કે અમારા ભક્તનો અલ્પ દોષ જોઈને અવગુણ ન લેવો. મોટા વર્તમાનમાં ચૂકે ત્યારે લેવો. (૧) અમારા ભક્તને વાદે કરીને જીતે તે પંચમહાપાપીથી વધુ પાપી છે. (૨) અમારા ભક્તનું ઘસાતું બોલે તે અમને દીઠો ગમતો નથી. (૩) અવગુણ લે તેના હાથનું અન્ન-જળ ભાવે નહિ. (૪) અવગુણ લેનારો દેહનો સંબંધી હોય તોપણ તે સાથે કુહેત થઈ જાય. માટે કોઈ સંત-હરિજનની સ્વાભાવિક ક્રિયા જોઈને તેનો અવગુણ લેવો નહિ. તેનો જીવ કેવો હોય તેની આપણને ખબર કેમ પડે !! જેટલો લેવો હોય તેટલો પોતાનો અવગુણ લેવો. ॥ બાપાશ્રી કહે છે કે અવગુણ જેવું જણાય તો સમાગમ કરવો નહિ. સમાગમ કરતા અવગુણ આવે તો જેમ કાંકરી ઘડાને ફોડી નાખે છે તેમ આપણા જીવનું બગડી જાય. ॥ મહારાજ કહે, "અતિ વૈરાગ્ય ને ધર્મવાળો હોય ને ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ લેતો હોય તો તેનો સંગ કરવો નહિ." ॥ **એવો ક્યો એક અવગુણ છે જેનાથી સર્વે ગુણ માત્ર દોષરૂપ થઈ જાય છે ?** ભગવાનના ભક્તનો દ્રોહ કરવો તે. મહારાજ કહે, "તે તો ખરો પણ અમે બીજો ધાર્યો છે જે સર્વે ગુણે સંપન્ન હોય ને જો ભગવાનને અલિંગ (નિરાકાર) સમજે, મૂર્તિમાન ન સમજે એ મોટો દોષ છે, એણે કરીને સર્વ ગુણ દોષરૂપ થઈ જાય છે. ॥ મોટા પુરુષને વિષે દોષ પરઠે છે તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે, કામ આદિક સર્વે શત્રુ તેના હેયામાં આવીને નિવાસ કરે છે, હૈયામાં ભૂંડા ઘાટ પણ પીડ્યા કરે છે અને સત્સંગ કરે છે તોય દુ:ખિયો મટે નહિ. ॥ જેને પોતામાં દોષ છે તેને મોટામાં સૂઝે છે. જ્યારે શ્રીજીમહારાજ પ્રત્યક્ષ હોય ત્યારે શાસ્ત્રની સાખ લેવી તે દોષ છે, માટે ન લેવી, લે તો ઠીકરું ફૂટી જાય. એવા માણસ હોય તે તીર્થમાં, કથામાં,

શાસ્ત્રમાં બધેય દોષ કાઢે. - અનાદિમુક્ત બાપાશ્રી **પોતાના દોષ ન સૂઝે ને હરિભક્તના જ સૂજે તેનું શું કારણ ?** મહારાજ કહે, "આ જન્મે અથવા જન્માંતરને વિષે એણે કોઈક મોટા ભગવાનના ભક્તનો અપરાધ કર્યો છે તે પાપે કરીને એની બુદ્ધિ દોષ યુક્ત છે માટે." ॥ **દોષ ક્યારે ના થાય ?** જ્યારે વાત થાય ત્યારે એમ જાણે જે આ તો બીજાને માટે થાય છે પણ પોતાને માથે તાણી લેતો નથી. જો લે તો દોષ માત્ર નાશ થઈ જાય ને મૂર્તિનું સુખ આવે, પણ ઘેલાઈમાં ચાલ્યું જાય છે. માટે જે વાત કરતા હોય તે પોતાને માથે લેવી પણ બીજાને માથે નાખી નીકળી જવું નહિ. ॥ **સંતનો અવગુણ આવવાનું કારણ શું ? એને કોઈનો ફટકાર લાગ્યો છે. કોઈ મોટા સંત કે કોઈ ગરીબને દુઃખવ્યા હોય અથવા મા-બાપની ચાકરી ન કરી હોય** તે માટે એમણે **શાપ** દીધો હોય તેણે કરીને એની બુદ્ધિ શાપિત થઈ ગઈ છે, એટલે સંતનો અવગુણ આવે છે. તે બાધાથી વિશેષ નિયમ પાળે તો શાપિત બુદ્ધિ ટળે. ॥ ભગવાને ભગવાનના ભક્તનો અવગુણ લેવો એ પંચ મહાપાપથી પણ મોટું પાપ છે. પંચમહાપાપીને પણ જો અમારો કે અમારા બત્રીસ લક્ષણે યુક્ત સંતનો અવગુણ ન આવ્યો હોય તો એના પાપ નાશ થાય ને અમારા અક્ષરધામને પામે એમ મહારાજે કહ્યું છે. માટે અવગુણ લેવો નહિ. ॥

**૨૯૯ ભાગવત ધર્મ / એકાંતિક ધર્મ કોને કહેવાય ?**

મહારાજ કહે છે કે અમારા સંબંધે સહિત જે નિવૃત્તિ ને પ્રવૃત્તિ ધર્મ તે ભાગવત ધર્મ છે, તે ધર્મ ને ભક્તિ એ બે એક જ છે. ભગવાનના સબંધં સાથેનો ધર્મ તે ભાગવત ધર્મ. ભગવાનના ભક્તને અર્થે કરેલી પ્રવૃત્તિ એ પણ નિવૃત્તિ છે.

**૩૦૦ આત્મા, અનાત્મા અને પરમાત્માની ઓળખાણ :**

મહારાજના તેજથી ઓરું બધુય અનાત્મા, મહારાજનું તેજ તે આત્મા અને મહારાજ પરમાત્મા માં આત્મા, અનાત્મા ને પરમાત્મા કહ્યા છે તે કોને જાણવા ? (સદ્. ઈશ્વરચરણદાસજી) બાપાશ્રીએ આનો ઉત્તર સ્વામી

ઘનશ્યામજીવદાનજી (લીમડાવાળા) પાસે કરાવેલો. સર્વ કારણના કારણ ને સર્વ અવતારના અવતારી એવા પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમને પરમાત્મા કહ્યા છે. મૂર્તિના પ્રકાશને આત્મા કહેવાય છે અને તેથી ઓરા અક્ષરકોટી, બ્રહ્મકોટીને માયાનું કાર્ય તે સર્વ અનાત્મા કહેવાય છે.

**૩૦૧ પુરુષોત્તમની મૂર્તિનું સુખ :**

મૂર્તિ સંબંધી સુખ તો અલભ્ય છે, બહુ આનંદ આપનારું છે, અતિશે અપરિમિત છે. ક્ષણ ક્ષણ પ્રત્યે કોટાન કોટી નવીન નવીન સુખ ઉત્પન્ન થયા જ કરે છે. અનાદિમુક્ત મૂર્તિમાં રહીને તે સુખ તથા સુખ ઉત્પન્ન થવાના સ્થાનક તેણે સહિત એકકાળાવછિન્ન (એક સાથે જ) એ સર્વ સુખને જાણતા થકા ભોગવે છે. અનંત મુક્તો પુરુષોત્તમની કૃપાએ કરીને પુરુષોત્તમના સાધર્મ્યપણાને (સરખાપણાને) પામ્યા છે તોપણ મૂર્તિનો ને સુખનો પાર કોઈ પામી શકતા નથી. અપાર ને અપાર સદા રહ્યા કરે છે અને નિત્ય ક્ષણ ક્ષણ પ્રત્યે અધિક અધિક અપાર ને અપાર સુખ વધતું જ જાય છે. તેનો અંત જ આવતો નથી. એવું મૂર્તિનું અકળપણું છે, એવા પુરુષોત્તમ ભગવાન છે. એ મુર્તિને વિષે અસાધારણ સ્નેહ હોય તે ખરું સુખ કહેવાય ને આનંદ પણ તે જ કહેવાય.

**૩૦૨ ભગવાનને કેવી રીતે પમાય ?**

માયામાંથી નીકળીને શ્રી પુરુષોત્તમ ભગવાનને પામવું જીવથી સાધને કરીને કે સમજણ કરી પમાતું નથી. એ તો માછલાને જેમ જળ એ જ જીવન છે તેમ જીવ જ્યારે અતિ મોટા પુરુષ જે અનાદિ મહામુક્ત તેમને વિષે પોતાના જીવને જોડીને એકાત્મપણું કરે ત્યારે તે માયાને તરીને પુરુષોત્તમરૂપ થઈને તેમના સુખમાં રમે, તેમાં કાંઈ કઠણ પડતું નથી. એ વિના તો પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાન સન્મુખ ચાલવવાની સામર્થી કોઈથી પમાતી નથી.

**૩૦૩ સુખ કેવી રીતે આવે છે ? કેટલું આવે છે ?**

ભગવાનની મૂર્તિમાંથી અનંત અપાર સુખ ઉત્પન્ન થઈ મહા આનાદિમુક્ત દ્વારે સત્સંગમાં ફેલાય છે. જે અધિકારી જેટલા પાત્ર હોય તેટલું સુખ તેમાં રહે છે. બાકીનું સુખ પાછું મૂર્તિને વિષે લીન થઈ જાય છે પણ મૂર્તિ વિના અધર પધર બીજે રહેતું નથી.

૩૦૪ જ્યારે મહારાજ આપણું પ્રારબ્ધ છે ત્યારે કોઈને ગાળ દેતા પણ વિચાર કરવો; કારણ કે સુખ:દુખ શ્રીજીમહારાની ઈચ્છાથી જ આવે છે. જો કોઈનું અનિષ્ટ ઈચ્છીએ તો નિશ્ચયમા ફેર છે અને મહારાજને સર્વ કર્તા જાણતા નથી. જુવાન દીકરાનું મરણ થાય તોપણ એમ સમજવું કે મહારાજની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયની લીલા છે. ઈન્દ્ર, બ્રહ્મા આદિક દેવ જે કાંઈ કરે છે તે પણ મહારાજની આજ્ઞા અનુસાર થાય છે એમ માનવું. કોઈને દવા કરીએ તો એમ ન માનવું કે દવાએ સાજો કર્યો, એ તો જ્યારે મહારાજ ભળે છે ત્યારે જ સાજા થવાય છે. એમ દરેક કાર્યમાં મહારાજને કર્તા જાણવા. તેમનું કર્તાપણું લેશ માત્ર ઓછું થવા દેવું નહિ. તે વિના કોઈથી સૂકું પાંદડું પણ તોડાતું નથી. માટે દેહના સુખ સારું શ્રીજીમહારાજનું વચન લોપવું નહિ, તો મહારાજ તથા મોટા મુક્ત અતિ પ્રસન્ન થાય છે.

**૩૦૫ સત્સંગની લટક રાખવી એટલે શું ?**

તો મહારાજની મૂર્તિનું તાન રહે તેવા ગુણ દરેકમાંથી લેવા તે. જેમ ભમરી મધ કરવા અશુદ્ધ વસ્તુમાંથી પણ રસ ગ્રહણ કરે છે એવો તેની દાઢમાં ગુણ છે તેમ આપણે પણ એવી જ લટક રાખવી ને સર્વેનો ગુણ જ લેવો.

**૩૦૬ અવતાર : અવતારી પ્રોયોજન :**

બીજા અવતારો ધર્મ અને ભક્તિ ઉદય થાય એ અર્થે હતા, પણ આત્યંતિ મોક્ષ બાકી રહ્યો હતો. તેના માટે ભગવાન સ્વામિનારાયણ પોતે અવતારી ભગવાન પ્રગટ થાય. તેમણે કહ્યું કે હવે તમારી બીજા કોઈ નામ લઈને ભજાન કરવાની જરૂર નથી, બધા જ નામોનો સમાવેશ મારા નામ, મારા

મંત્રમાં થઈ જાય છે. માટે હવે આજથી મારા જ નામનું ભજન કરો. જ શબ્દ વાપર્યો. મારું જ ભજન, ચિંતન, સ્મરણ, માળા ધ્યાન, ઉપાસના કીર્તન કરો. બધું જ મારી મૂર્તિ ધારીને કરો. હું તમને સર્વ દોષોથી રહીત કરીને, બધામાંથી મુક્ત કરીને, મારા સર્વોપરી દિવ્ય સુખને પમાડીશ, આ ભગવાન સ્વામિનારાયણના શબ્દો છે. - પૂજ્યશ્રી નારાયણમામા.

**૩૦૭ માનસીપૂજામાં કેવા વસ્ત્રો ધારવા ?**

બાપાશ્રીએ કહ્યું કે માનસીપૂજામાં ચિત્ર - વિચિત્ર વસ્ત્રો ધારવા નહિ. દિવ્ય વસ્ત્રો ધારવા. મહારાજના દિવ્ય વસ્ત્રોમાં ભગવાનનું એકેય અંગ ઢંકાતું નથી. દિવ્ય વસ્ત્રો પહેરેલા છતાં પણ મહારાજનું અંગ ઢાંકાતું નથી. એનું નામ દિવ્ય વસ્ત્રો. મહારાજ એમ કહે છે કે આ તોડા, ઘરેણા એ બધા જ મારા સ્વરૂપને ઢાંકી દે છે. જ્યારે તમારી દિવ્ય સ્થિતિ થાય ત્યારે બધા જ વસ્ત્રોમાંથી સ્થૂળભાવ દૂર થઈને દિવ્ય બની જાય છે ત્યારે એ દીવ્ય વસ્ત્રોમાં ભગવાન જેમ છે તેમ જ દેખાય છે. ત્યાં કોઈ વસ્ત્ર વિહિનતા જેવું પણ નથી ને વસ્ત્ર જેવું પણ નથી. તે વખતે એ દિવ્ય વસ્ત્રોમાં રહેલા ભગવાન ખરેખર વસ્ત્ર વિહિન દેખાય છે. બધા જ અંગો સ્પષ્ટ દેખાય છે. કોઈ જ આવરણ રહેતું નથી. ભગવાને પહેરેલી કંઠી પણ ભગવાનના એટલા અંગને ઢાંકતી નથી. આ કલ્પના ક્યાંથી આવે કે દિવ્ય વસ્ત્રો કોને કહેવાય ? અને એ દિવય વસ્ત્રોમાં ભગવાન કેટલા દીવ્ય મનોહર દેખાતા હશે ? આ દિવ્ય અનુભવ જેને ભગવાનનો સાક્ષાત્કાર થયો હોય એને જ થાય. એ અનુભવથી જ ખબર પડે. એ સિવાય ન પડે. આ તો સત્ય ઘટના છે. ત્યાં બુદ્ધિ કામ કરે નહિ. બુદ્ધિ કામ કરતી અટકી જાય. બાપાશ્રી તો મૂર્તિ નજરે જોઈને કહેતા હોય. - પૂજ્યશ્રી નારાયણમામા.

**દિવ્ય વસ્ત્રો : ભગવાનનું ચિંતન મનન :**

દિવ્ય વસ્ત્રોમાં મહારાજ એવા ને એવા દેખાય. વસ્ત્રવિહીન દેખાય. વસ્ત્રવિહીન મૂર્તિ તો શું સુંદર લાગે છે કે ત્યાં વસ્ત્રવિહીનતાની કલ્પના જ નથી. એ તો આ લોકમાં છે. જ્યાં સુધી સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી

રોજ આ (ચિંતન - મનન) જમવું પડે. ન જમીએ તો ભૂખ્યા થઈ જવાય. માટે જમ્યા જ કરવાનું. દાળ - ભાત રોજ જમીએ છીએ છતાં અપખે પડે છે ? આજ જમ્યા હોઈએ તો કાલ પાછુ ભોજન એવું ને એવું કરીએ છીએ. ભગવાન સ્વામિનારાયણનું ચિંતન - મનન સદાય એવું ને એવું નવીન લાગે છે, એ કાંઈ જૂનું થઈ જતું નથી. એનું નામ જ ભગવાન !!

**૩૦૮ પંચવિષયમાંથી પ્રીતિ ક્યારે ટળે ? ને આત્મનિષ્ઠા ક્યારે રહે ?**

જેને પ્રેમલક્ષણા ભક્તિનું અંગ આવે તેને પંચવિષયને વિષેથી પ્રીતિ ટળી જાય છે અને આત્મનિષ્ઠા રાખ્યા વિનાની જ રહે છે. એવું અંગ ઝીણાભાઈ, પર્વતભાઈ ને મૂળજીભાઈનું હતું. સત્સંગમાં બીજા પણ એવા હશે. - મહારાજ. ॥ પંચવિષય જીતવાનું કારણ પરમેશ્વરના જે નિયમ તે જ છે. જો નિયમમાં ન રહે તો ગમે તેવો વૈરાગ્યવાન ને જ્ઞાની હોય તોપણ તેનો ઠા રહે નહિ. પરમેશ્વર ત્યાગી ને ગૃહસ્થના જે નિયમ બાંધ્યા છે તેમાં સર્વે ઈન્દ્રિયોને મરડીને રાખે તો સહેજે જ ઈન્દ્રિયોની તીક્ષણતા મટી જાય છે ને વિષય જીતાય છે. તે પણ તીવ્ર વૈરાગ્યવાળા કરતા નિયમવાળાને વિશેષે જીતાય છે. માટે નિયમને અતિ દ્રઢ કરીને રાખવા. ॥ જ્યારે પંચવિષયનો મનમાંથી જેને અતિશે અભાવ થઈ જાય તે જિતેન્દ્રિય પુરુષ કહેવાય. પછી તે ભગવાનની શ્રવણ -કીર્તન આદિક ભક્તિએ કરીને જીવિતવ્ય પૂરું કરે પણ વિમુખ જીવની પેઠે પંચવિષયમાં આસકત થાય નહિ. ॥ **પંચવિષય જન્મ - મરણના હેતું ક્યારે ન થાય ?** માયામય એવા ત્રણ શરીર તેની ભાવનાએ રહિત કેવળ આત્મસત્તારૂપે રહીને જે ભક્ત પરમેશ્વરની મૂર્તિનું ચિંતવન કરતો હોય તેને ચિંતવનના બળે કરીને જ્યારે ઉપશમ અવસ્થા વર્તે ત્યારે પંચવિષય જન્મ-મરણના હેતુ ન થાય. (આત્મસત્તારૂપે એટલે બ્રહ્મરૂપે) ॥ મોટા સાથે જીવ જોડીને આજ્ઞા પાળવાથી પૂર્ણ થવાય. નિરંતર મૂર્તિનું ચિંતવન કરવાથી ગમે તેવા કામાદીક શત્રુ બળિયા હોય તોપણ નાશ થઈ જાય છે. શ્રીજીનો અને મોટાનો મહિમા બરાબર સમજાય તો પંચવિષય પ્રયાસ વિના જીતાઈ જાય.

૩૦૯ ભક્ત થઈને ભક્તિ કરતા થકા જે પાપ કરે છે ને સત્સંગમાં જ કુવાસના બાંધે છે તે પાપ એને વજ્રલેપ થાય છે. કુસંગમાં જઈને પરસ્ત્રીનો સંગ કરે તેના કરતા સત્સંગમાં ભગવાનના ભક્ત ઉપર કુદ્રષ્ટિએ જોવે તેનું વધુ પાપ છે, તે અતિશે પાપી છે ને તેનો કોઈ કાળે છૂટકો થાય નહિ માટે જેને રસિક ભક્ત થાવું હોય તેણે આવી જાતનું પાપ તેનો ત્યાગ કરીને પછી થાવું. - મહારાજ

૩૧૦ **મુર્તિમાં રહેવાની વાત :**

મહારાજની મૂર્તિમાં રહેવાની વાત એ ગલત નથી, કપોળ - કલ્પિત નથી. જેની બુદ્ધિમાં પહોંચતી નથી એ તો એમ જ કહે કે મૂર્તિમાં તે કાંઈ રહેવાતું હશે ? અવકાશયાનો ઉડતા પહેલા આઈનસ્ટાઈને કહેલું કે Atom is divisible. ત્યારે બધા આઈનસ્ટાઈનની હાંસી કરતા હતા, પણ જ્યારે એણે એટમ ડીવીઝીબલ કરી બતાવ્યો ત્યારે બધાએ કહ્યું, "આઈનસ્ટાઈનની વાત સાચી છે." બરાબર ? એમ બાપાશ્રીએ કહ્યું કે જ્યાં સુધી અનુભવ નહિ થાય ત્યાં સુધી આ સ્થિતિ સમજાશે નહિ. ભલા થઈને અમારું કહ્યું માનજો. અમે જોઈને કહીએ છીએ. જો જોઈને ન કહેતા હોઈએ તો મહારાજની મૂર્તિમા સમ છે. મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ લેવાની રીત અલૌકિક છે. માટે એ સ્થિતિ સમજવાનો પ્રયત્ન કરો ને મૂર્તિરૂપ બનો. - પૂજ્યશ્રી નારાયણમામા.

એક વાત છે જે સમજે જ છૂટકો છે તે એ છે કે મહારાજની મૂર્તિમાં રહી અને મહરાજના દર્શન કરવા, મહારાજની માનસીપૂજા કરવી. જેમ દીવો ફાનસમાં રહીને ફાનસને જોવે છે તેમ. દેહમાં જીવ રહી શકતો હોય તો મૂર્તિમાં અનંત અનાદિમુક્તો રહીને સુખ લે છે એ કેમ ન હોઈ શકે ? જીવ સ્થૂળ દેહમાં રહે છે; તો દિવ્ય વસ્તુ તો દિવ્યમાં રહી શકે જ ને ? દિવ્ય વસ્તુ કાંઈ પોલી કે પોકળ નથી. દેહ પોલો છે. દિવ્ય વસ્તુમાં ત્યાગ - ભાગ નથી. ત્યાગ - ભાગનો અર્થ પોલાપણું. પોલાણમાં તો જેટલું સમાય તેટલું જ રહી શકે. મૂર્તિમાં એવું નથી. આ દિવ્ય સ્થિતિ જબરજસ્ત છે.

મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ ભોગવવાની વાત સૌએ કરવી, આ વાત વૈજ્ઞાનિક છે, બધા વચ્ચે કહી શકાય એમ છે. કોઈ ના પાડી શકે તેમ નથી. આ હકીકત છે. બાપાશ્રીએ નિર્ભય થઈને જોર - શોરથી આ વાત કહી છે. અરે ! અમે જોઈને કહીએ છીએ, તમે શું ના કહેતા હતા !! જ્યારે બાપાશ્રી વાત કરતા ત્યારે કોઈ બોલી શકતું નહોતું, તેઓ જાણતા કે એમની સ્થિતિ જબરજસ્ત છે; શું બોલે ? - પૂજ્યશ્રી નારાયણમામા

**૩૧૧ અવિચળ : અચળ સ્વરૂપ :**

અવતારોના આકારો મહારાજમાં લીન થઈ જાય છે. એક મહારાજનો આકાર જ કોઈમાં લીન થતો નથી. એ એક જ અવિચળ સ્વરૂપ છે. બધા અવતાર અચળ સ્વરૂપો છે. બધા અવતારોનો સર્વોપરી અવતાર એ શ્રીકૃષ્ણ છે, એ પણ અચળ સ્વરૂપનો છે. એ અચળ સ્વરૂપ પણ અવિચળમાં લીન થઈ જાય છે. ત્યારે એ સ્વરૂપ દેખાતું બંધ થઈ જાય છે. ભગવાન સ્વામિનારાયણનું એક જ સ્વરૂપ અવિચળ છે. એમાં સર્વ કોઈ લીન થઈ જાય છે. એ મૂર્તિમાં અલૌકિક સુખ છે. બાપાશ્રી કહે છે કે એ મૂર્તિમાં મુક્તો દોટો દે છે. સદ્. ગોપાળાનંદસ્વામી જેવા સંતને પણ કેટલાય એમ કહેતા કે વધુ પડતી વાત કરશો નહિ. સદ્. ગુણાતીતાનંદસ્વામીને બોલાવ્યા ત્યારે એમણે આચાર્ય મહારાજને કહેલ કે તમારા બાપ પાસે કોઈ ગણતરીમાં જ નથી. એના ગુણગાન ન ગાઉં તો કોના ગાઉં ? મારી આ વાત સાંભળે તે પાત્ર સમજવો. જો ન સાંભળે અને સાંભળીને ઝીરવવાની તાકાર ન હોય તો એ પાત્ર નથી, કુપાત્ર છે. તેમણે સ્પષ્ટ વાત કહી દીધેલી સદ્. ગોપાળાનંદસ્વામીએ ગાદીની મર્યાદા રાખેલી - પૂજ્યશ્રી નારાયણમામા

**૩૧૨ એકાંતિક : પરમએકાંતિક : અનાદિમુક્તની સ્થિતિ :**

એકાંતિક સ્થિતિ થાય ત્યારે ભગવાનની કૃપા વરસવા માંડે છે. એકાંતિકની સ્થિતિમાં પૂર્ણ સાધનદશા છે. એ વાસના રહિત થઈ ગયો છે. વાસના નિર્મૂળ થઈ ગઈ છે, સો ટકા નિર્વાસનિક. મૂર્તિ સિવાય કોઈ પ્રકારની વાસના રહે નહિ એનું નામ એકાંતિક એ કૃપાપાત્ર થઈ ચૂક્યો છે. એ

સ્થિતિમાં ભગવાનની કૃપા વરસે છે, ત્યારે ભગવાન એને ભાગવતીતનું આપી દે છે, તેનો ચૈતન્ય દિવ્ય સ્વરૂપ ધારણ કરે છે, ચૈતન્ય પ્રકૃતિનો દેહ બંધાય છે, એ ભગવાન સ્વામિનારાયણના તદાકારભાવને પામે છે અને દિવ્ય આકૃતિ ધારણ કરે છે, પછી એ મૂર્તિનું સુખ ભોગવે છે. એ પરમએકાંતિક (વિદેહીમૂક્ત) કહેવાય. જો એને અતિ સ્નેહ પ્રગટ થાય તો ભગવાનની મૂર્તિમાં લક્ષ્મીજીની જેમ લીન થાય છે, આ સ્થિતિ અનાદિમુક્ત (કૈવલ્યમુક્ત)ની છે. એ સત્ય ઘટના છે એમ બાપાશ્રી નીરખીને કહે છે. આપણને માયિક સ્થૂળ દેહની સ્થિતિનો ખ્યાલ આવતો નથી. તો આવી સ્થિતિનો ખ્યાલ આવે ખરો ? બાપાશ્રીની આ છેવટની વાતની કેવી રીતે ખબર પડે ? બધા ધીરે ધીરે એ વાત કબૂલ કરતા થઈ જશે કે વાત બરાબર છે. - પૂજ્યશ્રી નારાયણમામા

**૩૧૩ ભય / બીક :**

આપણા ચૈતન્યને મહારાજે ભેગો રાખ્યો છે એટલે હવે આપણે નિર્ભય છીએ. બધી બીક મટી ગઈ, બધા ભય જતા રહ્યા. કોઈ દહાડો કોઈની બીક રાખવી નહિ. બીક જેવું કોઈ દિવસ રાખવું જ નહિ. બીક શબ્દ જ ભૂલી જવાનો પરાવાણીની ડીક્ષનરીમાં ભય શબ્દને સ્થાન જ નથી, ભયો તો અહીં દેહભાવમાં પેદા થયા છે, દેહભાવ મટી જાય એટલે ભેગો ભય પણ જતો રહે, નિર્ભય થઈ જવાય. મહારાજ ડાબો હાથ અભયમુદ્રામાં રાખીને કહે છે કે અમે મળ્યા, અમારો અભય હાથ તમારા ઉપર પડ્યો, એટલે હવે અભય થઈ ગયા. - પૂજ્યશ્રી નારાયણમામા

**૩૧૪** જેની ભગવાનના નાના - મોટા વચન ઉપર નિરંતર દ્રષ્ટિ રહે તે આપત્કાળે પણ ધર્મમાંથી પડે નહિ - મહારાજ.

**૩૧૫** આ મારી જાત, આ મારી મા, આ મારો બાપ, આ મારા સંબંધી એવી રીતની અહંમમતાએ યુક્ત જેની સમજણ છે તેને તો અતિ પ્રાકૃત મતિવાળો અણસમજુ જાણવો. - મહારાજ.

૩૧૬ બાઈ ભાઈ હરિભક્તોએ એકબીજાનું માહાત્મ્ય ઝાઝું સમજવું નહિ, કેમ જે એક માહાત્મ્યને મિષે કરીને મનમાં એનું મનન થાય એટલે સ્વપ્નમાં આવે, એ મોટું વિઘ્ન છે. માટે સૌનું સમપણે માહાત્મ્ય લેવું જે સર્વ ભગવાનના ભક્ત છે, પણ અધિક - ન્યૂનપણે લેવું નહિ. - મહારાજ.

૩૧૭ **રાજર્ષિ : બ્રહ્મર્ષિ :**

જે આંટીએ કરીને વર્તમાન પાળતો હોય ને ભક્તિ કરતો હોય તે રાજર્ષિ કહેવાય. તુચ્છ સ્વભાવની આંટી સંતને વચને કરીને મૂકે નહિ  તે વર્તમાન પાડતો હોય તો પણ રાજર્ષિ છે. જે ભગવાનની પ્રસન્નતાને અર્થે વર્તમાન પાળતો હોય, ભક્તિ કરતો હોય તે બ્રહ્માર્ષિ કહેવાય. - મહારાજ

૩૧૮ **માન :**

મહારાજ કહે છે કે અમારી કે અમારા ભક્તની સેવા મળે તો મોટું ભાગ્ય માનીને પોતાના કલ્યાણ તથા ભગવાનની પ્રસન્નતાને અર્થે ભક્તિએ કરીને કરવી, પણ કોઈ વખાણે તે માટે એટલે કે માન માટે કરવી નહિ. જીવનો તો સ્વભાવ જ એવો છે જેમાં માન મળે તે જ કરવું સારું લાગે, માન વિના તો એકલી ભગવાનની ભક્તિ કરવી પણ સારી લાગતી નથી. જીવ માનને મૂકી શકતો નથી, જે જે સાધન કરે છે તે માનને વશ થઈને કરે છે પણ કેવળ ભક્તિ જાણીને ભગવાનની પ્રસન્નતાને અર્થે કરતો નથી. ભક્તિ કરે છે તેમાં પણ માનનો સ્વાદ આવે છે ત્યારે કરે છે. પણ કેવળ પ્રસન્નતા માટે કરતો નથી. તે ઉપર સદ્. મુક્તાનંદસ્વામીએ તુલસીદાસની સાખી કહી જે, “કનક તજ્ય કામની તજ્યો, તજ્યો ધાતુકો સંગ, તુલસી લઘુ ભોજન કરી, જીવે માનકે રંગ” મહારાજ કહે, “જેવો જીવને માનમાંથી સ્વાદ આવે છે એવો તો કોઈ પદાર્થમાંથી આવતો નથી. માટે માન તજીને ભક્તિ કરે તેને સર્વમાં મોટો જાણવો.” ।। માન-સન્માનના ધણી શ્રીજીમહારાજને અને મોટાને કરવા પણ પોતાએ ધણી થાવું નહિ. સત્કાર થાય છે તે ધણીને થાય છે ને અપકાર થાય છે તે દેહને થાય છે એમ

જાણે તો કરોડો જીવને સુખિયા કરે એવો થાય. ॥ જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેણે (૧) કોઈ પ્રકારનું માન રાખવું નહિ જે હું ઊંચા કુળમાં જનમ્યો છું કે રૂપવાન છું કે પંડિત છું, એવું કોઈ પ્રકારનું માન રાખવું નહિ અને ગરીબ સત્સંગીના પણ દાસાનુદાસ થઈ રહેવું (૨) ભગવાન કે ભગવાનના ભક્તનો અવગુણ ન લેવો, દ્રોહ ન કરવો (૩) પોતાના દેહના સગા - સંબંધી સત્સંગી હોય તોપણ તેમનામાં અતિશે હેત ન રાખવું. સંસારમાંની નિસ્પૂહ થઈને ભગવાનના ચરણારવિંદમાં પ્રીતિ રાખીને ભજન કર્યા કરવું. માન, ઈર્ષ્યા ને ક્રોધ એ ત્રણેય દોષો કામ કરતા પણ અતિશે ભૂંડા છે. કામી ઉપર તો સંત દયા કરે પણ માની ઉપર ન કરે. માનમાંથી ઈર્ષ્યા ને ક્રોધ ઉપજે છે. માટે માન મોટો દોષ છે. માને કરીને સત્સંગમાંથી પડી જાય છે એવો કામે કરીને પડતો નથી. માટે માન, ઈર્ષ્યા ને ક્રોધ એ ત્રણ ઉપર અમને અતિશે અભાવ રહે છે. માટે ભગવાનનું માહાત્મ્ય સમજીને માનને ટાળવું. - મહારાજ ॥ પોતાના ગુણના માનનો ત્યાગ કરીને ભગવાન ને સંતનો વિશ્વાસ રાખે તે સત્સંગમાં મોટપ પામે છે. ॥ માન, મોટપ, વિદ્યા, અધિકાર એમાં મોટપ માનવી નહિ. એક મહારાજની મૂર્તિમાં જોડાવું ને તે સુખમાં મોટપ માનવી. જે મૂર્તિથી ને આ સભાથી નોખા પડશે તેને સુખ નહિ આવે. માટે અનાદિનો વિશ્વાસ રાખવો. તર્ક કરશો તો ખોટ આવશે - અનાદિમુક્ત બાપાશ્રી ॥ **મહારાજ કહે, "પંડિતથી ગાઉ પચાસ, જ્ઞાનીથી ગાઉ વીસ, પ્રેમીને આસપાસ ને વિશ્વાસીને શીશ."** માટે કોઈ પ્રકારનું માન રાખવું નહિ. ॥ **માન કેમ ટળે ?** ભગવાનનું ને સંતનું માહાત્મ્ય અતિશે સમજે તેને માન ન રહે. દા.ત. ઉદ્ધવજી કેવા ડાહ્યા હતા, નીતિશાસ્ત્રમાં કુશળ હતા ને દેહ કરીને રાજા જેવા હતા પણ ભગવાનનું માહાત્મ્ય સમજતા હતા તો ગોપીઓને વિષે ભગવાનનો સ્નેહ જોઈને તેમની આગળ પોતાનું માન ન રહ્યું ને અમે બોલ્યા જે એ ગોપીઓના ચરણની રજ જેને અડતી હોય એવા જે વૃક્ષ, લતા, તૃણ, ગુચ્છ, તે માહેલો હું કોઈક થાઉં, **તુલસીદાસજીએ કહ્યું છે જે "તુલસી જાકે મુખનસે ભુલેઈ**

**નિકસે રામ, તાકે પગકી પહેનિયા મેરે તનકી ચામ.''** આમ જેના મુખથી ભૂલમાંય ભગવાનનું નામ નીસરે તેના માટે પોતાના શરીરની ચામડીના જોડા કરાવી આપે. કેવો મહિમા !! તો જે ભક્ત હોય ને ભગવાનનું માહાત્મ્ય સમજતા હોય તેની આગળ શું માન રહે છે ? **માન ટાળવાનો બીજો કોઈ ઉપાય હશે કે નહિ ?** અનાદિમુક્ત બાપાશ્રી કહે, ''માન ક્યાંથી ટળે ? તન, મન, ધન અને અનેક જન્મના કર્મ તે ભગવાનને આપવાના તેમાં કર્મ જ આપે છે, તન ન આપે, મન ન આપે, ને ધન પણ ન આપે. આ તો એકલા કાંકરા આપે છે. તે કોણ લે ? ઘઉં ભેળા હોય તો ચાલે. તેમ એકલા કર્મ કોણ લે ? તોપણ મહારાજ ને મોટા તો જીવને બહુ જ સુખિયા કરે છે. સ્વભાવ મૂકાવી મુર્તિના સુખમાં મૂકી દે છે. ॥ માન રાખે તો મોટા રાજી ન થાય.'' **''મોહનવરને માન સંગાથે વેર જો''** - સદ્. મુક્તાનંદસ્વામી. માન એવું છે કે થોડીવારમાં બધાય સાધન બગાડી નાખે અને આ સભામાંથી ક્યાંય જતું રહેવાય.'' ॥ **સંતનો અભાવ શાણે કરીને આવે છે ?** માનથી માનીનો એવો સ્વભાવ હોય જે, જે વખાણે તેમાં સો અવગુણ હોય તે પડ્યા મૂકીને તેમાં એક ગુણ હોય તેને બહુ માને અને જે પોતાને વખાણતો ન હોય તેમાં સો ગુણ હોય તે પડ્યા મૂકીને તેમાં કોઈક જેવો તેવો (અલ્પ) એક અવગુણ હોય તેને બહુ માનીને પ્રથમ મન તથા વચનથી દ્રોહ કરે ને પછી દેહે કરીને પણ દ્રોહ કરે. માટે માનરૂપ દોષ મોટો છે, તે સમજુમાં જ હોય ને ભોળામાં ન હોય એમ જાણવું નહિ, ભોળામાં તો સમજુ કરતાય ઝાઝું હોય છે. **ખરી હાર - જીત કઈ છે ?** હું અધિકારી, મહંત, કોઠારી એવું માન આવી જાય અને પક્ષાપક્ષી વધે, આ જીત્યો ને આ હાર્યો એમ થાય, પણ ખરી હાર - જીત એ નથી. મહારાજ તથા મોટાને આશરે રહી તેમને રાજી કરે એ જીત છે. એ દીવ્ય મૂર્તિઓને ભૂલીને એ કુરાજી થાય તેવું કરે તેની હાર છે. જેને મૂર્તિનું સુખ લેવું હોય તેણે તો બધી તાણાતાણ મૂકી મહારાજનું ધ્યાન કરવું. મૂર્તિનું સર્વે વાતમાં બીજ લાવવું. - અનાદિમુક્ત બાપાશ્રી

૩૧૯ મહારાજના યથાર્થ નિશ્ચયવાળા મૂર્તિને સાક્ષાત્ દેખતા ન હોય પણ એના શબ્દ મહારાજના સંબંધના હોય તે જીવને બહુ સમાસ કરે છે અને જેને જીવમાં ઊતરે તેને બ્રહ્મરૂપ કરી મૂકે છે, મુક્તરૂપ કરી મૂકે છે.

**૩૨૦ રોમ એટલે શું ?**

મૂર્તિના તેજની કીરણો નીકળે છે તેને રોમ કહે છે.

**૩૨૧ નિશ્ચળ ભક્તિ ક્યારે થાય ?**

(૧) સ્ત્રી (૨) ધન (૩) દેહાભિમાન (૪) સ્વભાવ. આ ચાર વાનામાં કાચપ્ય ન હોય ત્યારે.

**૩૨૨ કેવા લક્ષણે યુક્ત સાધુમાં ભગવાન સાક્ષાત્ વિરાજમાન હોય ?**

(૧) ભગવાનને સદા સાકાર સમજે (૨) ભગવાનની એકાંતિક ભક્તિ કરે ને ભગવાનનું નામ - સ્મરણ કરતા હોય તેને દેખીને રાજી થાય (૩) સ્વભાવનો ત્યાગ કરે પણ ભક્તના સમૂહથી છેટે ન રહે (૪) સારું પદાર્થ ભક્તને આપીને રાજી થાય (૫) સરળ સ્વભાવ હોય (૬) વિમુખના સંગની અરુચિ વર્તે. આ છ લક્ષણે યુક્ત હોય તેને વિષે ભગવાન સાક્ષાત્ વિરાજમાન હોય. એવા સાધુનો દ્રોહ તે ભગવાનના દ્રોહ તુલ્ય છે ને એવા સાધુની સેવા ભગવાનની સેવા તુલ્ય છે.

**૩૨૩ કુસંગમાં હેત કર્યું ક્યારે કહેવાય ?**

શ્રીજીમહારાજના આશ્રિત ન હોય એવા સત્સંગ બહારના કુસંગીમાં તથા શ્રીજીમહારાની આજ્ઞા ન પાળતા હોય એવા ત્યાગીમાં તથા એવા સત્સંગીમાં હેત ને પક્ષ હોય તો ત્યાગી તથા ગૃહસ્થને કુસંગમાં હેત કહેવાય. - અનાદિમુક્ત બાપાશ્રી

**૩૨૪ સંબંધીમાં હેત કર્યું ક્યારે કહેવાયા ?**

ત્યાગી પોતાના પૂર્વના મા-બાપ આદિ સંબંધીને સુખી - દુઃખી દેખીને હર્ષ-શોક કરે તથા તેની ખબર રખાવે, તેના સમાચાર પૂછે, તેને બોલાવે તે

ત્યાગીને સંબંધીમાં હેત કહેવાય. ગૃહસ્થની વૃત્તિ પંચવર્તમાન યુક્ત એવા મહારાજના ભક્ત હોય તેના કરતા પોતાના સ્ત્રી - પુત્ર આદિક તથા સગા - સંબંધી તે મહારાજના ભક્ત ન હોય તોપણ તેમનામાં ભક્ત કરતા વધારે વૃત્તિ ખેંચાય ને વધારે પક્ષ રહે તે ગૃહસ્થને સંબંધીમાં હેત કહેવાય.

૩૨૫ **ભગવાનના આશ્રિત ક્યારે થયા કહેવાઈએ ? આશરો (આશ્રય) એટલે શું ?** મહારાજ કહે છે કે મારા આશ્રિત જે હોય તેને અંત સમે જરૂર મારે તેડવા આવવું, એવું મારું બિરૂદ છે. એ સત્ય હકીકત છે. પણ **આપણે મહારાજના આશ્રિત ક્યારે થયા કહેવાઈએ ?** જ્યારે મહારાજને સંપૂર્ણ શરણાગત, સંપૂર્ણ સમર્પણ કરીએ અને શ્રીજીમહારાજ સિવાય બીજા કોઈના આશરાનો સંકલ્પ સરખો પણ ન થાય ત્યારે. ગમે તેટલી ભૂમિકા હોય - ઠેઠ મૂળઅક્ષર સુધીની, ગમે તેવા વિષયો હોય. મહારાજના આશ્રિતને એમાં નિશ્ચય કે મહિમા થાય નહિ. ભગવાનથી અધિકપણું ક્યાંય સમજાય નહિ. સર્વ કરતા એક શ્રીજીમહારાજ જ સમજાય એ આશરો, એ આશ્રય. મહારાજ સિવાય ક્યાંય રૂચિ વર્તે નહિ, ક્યાંક દ્રષ્ટિ ખેંચાય જ નહિ. એનું નામ મહારાજનો આશરો, આશ્રય. મહારાજ કહે છે કે એ આશરો ખંડિત ન થવો જોઈએ. જો ખંડિત થઈ જાય તો પ્રાયશ્ચિત કરવું પડે. ઘણીવાર આશરામાં સંકલ્પ - વિકલ્પ થઈ જાય, શમી જાય, શ્રદ્ધા ખંડિત થઈ જાય, વળી પાછુ મન પોતાની મેળે એ સંકલ્પો દૂર કરે, એવું શા માટે કર્યા કરે છે ? તો મહારાજ કહે છે કે ચૈતન્ય મારો ભક્ત થયો હોવા છતાં એને આશરાની પરિપક્વતા બરાબર દ્રઢ નહિ હોવાથી આવું કર્યા કરે છે; થયા કરે છે, એટલે એને મારી મૂર્તિનું સુખ બરોબર આવતું નથી. મારો નિશ્ચય હોય તો એને સ્વરૂપ તરત દેખાય. સ્વરૂપ દેખાવું સહેલું નથી. **સ્વરૂપ ક્યારે દેખાય ? મહારાજની આજ્ઞા બરોબર પાળીને શુદ્ધ થાય ત્યારે. હમણા એ આવરણોથી, અંતઃશત્રુઓ અને બીજા દોષોથી ઘેરાયેલો છે એટલે સ્વરૂપ દેખાતું નથી. એટલે પંચવિષયની આશ લકવો મટાડવો તો જોઈએને ? પંચવિષયમાંથી**

**રુચિ ખસી જાય એટલે આ સ્વરૂપ ખૂબ નિર્મળ દેખાય છે. મહારાજ કહે છે કે મારા જેટલો નિર્મળ બને ત્યારે એ મારા સુખમાં રહી શકે. એટલે ભગવાન જેટલા નિર્મળ ત્યારે જ થવાય કે જ્યારે ભગવાનના સાચા આશ્રિત બનાય. - પૂજ્યશ્રી નારાયણમામા**

૩૨૬ **આજ્ઞાલોપ :**

જો અધિકારી વર્ગ આજ્ઞાલોપ ચલાવે તો એને ભૂત અને બ્રહ્મરાક્ષસનો દેહ આવે. આ શ્રીહરિના મુખના વચનો છે. આપણું ન ઉપજે એવું હોય તો શું કરવું ? મહારાજ કહે છે કે તો એનો મૌન પ્રતિકાર કરવો અને એનો ત્યાગ કરવો, ત્યાં ન રહેવું જોઈએ. પોતાથી ન બની શકે તો મહારાજને પ્રાર્થના કરી માળા ફેરવવી પડે છે. મહારાજ તરત જ પ્રાર્થનાનો સ્વીકાર કરીને આજ્ઞા લોપનારને સુધારે છે, પણ જો એની વચ્ચે રહે તો એ ઉપાધિ છે. ઉપાધિમાં રહીને મુક્તદશા આવતી નથી. ઉપાધિમાં રહીને આજ્ઞાલોપ જોયા કરવો એ દ્રોહ ગણાય.

આજ્ઞાલોપ થતો હોય તો દિવ્યભાવ ન રહેતા દ્રોહ થઈ જશે. અવગુણ આવી જશે એમ ધારીને આંખમિચામણા ન કરાય, ચલાવી ન લેવાય, એનો પ્રતિકાર શુદ્ધ બુદ્ધિથી કરવો પડે. એ અદ્રોહ છે. નહિતો એના જીવનું બગડી જાય, કેટલાયનું બગડી જાય. આજ્ઞા એ મહારાજનું સ્વરૂપ છે. આજ્ઞારૂપી સ્વરૂપ આપણને મહારાજની મૂર્તિના સુખમાં રહી શકાય એવા પાત્ર કરે છે. તો પહેલું એ જરૂરી છે અને ઉપાસના શુદ્ધિની સમજણ જરૂરી છે. મામા ॥ આજ્ઞાલોપનું પ્રાયશ્ચિત કર્યા વગર સાધન બધા ખજીને પડતા નથી ને મૂર્તિનું સુખ આવતું નથી. માટે જે જે આજ્ઞાલોપ થાય તેનું પ્રાયશ્ચિત તરત કરી નાખવું. પાત્ર થવા મહારાજની આજ્ઞાઓનું પાલન યથાર્થ કરવું જોઈએ. એ આજ્ઞાઓ ખૂબ સરળ અને પૂર્ણ છે. ભગવાનના પંચવર્તમાન પાળે તેને દુઃખ ન આવે. - પૂજ્યશ્રી નારાયણમામા. બાપાશ્રીએ એમ કહ્યું કે છતે દેહે અમે મૂર્તિમાં તો રાખ્યા છે, મહેરબાની કરીને હવે કૂદાકૂદ ન કરશો એટલે કે આજ્ઞા મુજબ વર્તજો, અમે કહ્યું

તેમ શબ્દોનું મનન કરજો; તો ભગવાનના સુખ તરફ જવાશે. - પૂજ્યશ્રી નારાયણમામા.

૩૨૭ **ભક્ત : હરિભક્ત કોને કહેવાય ? ભક્તિ કોને કહેવાય ? વિમુખ કોને કહેવાય ?**

મહારાજ કહે છે કે ભગવાન સિવાય ક્યાંય સ્નેહ ન હોય ને વૃત્તિ ભગવાન સાથે નિરંતર લાગી રહે એ ભક્તિની પૂર્ણતા છે અને જેને આવો મહિમા, આવી ભક્તિ સિદ્ધ થઈ ચૂકી છે એને **હરિભક્ત કહેવાય.** આપણે એ સ્થિતિને પામવાનું છે. બે આશ્રમ - બ્રહ્મચર્યાશ્રમ ને ગૃહસ્થાશ્રમ પૂરા થઈ જાય પછી પ્રયત્નમાં મંડી પડવાનું. એવા હરિભક્તતનો મહિમા શું છે ? "સુંદર જશ સત્સંગીનો; જે સૂણશે વારંવાર, પરિશ્રામ વિના પામશે; આ ભગવસાગરનો પાર."

મહારાજ કહે છે કે જેવો પોતાના સગા-વહાલા કે મા-બાપનો પક્ષ રહે છે તેવો ભક્તનો દ્રઢ પ્રસંગ રાખે અને ભક્ત સાથે કોઈ વિક્ષેપ થાય તો જળમાં લીટાની પેઠે ફેર એક થઈ જાય પણ આંટી રાખે નહિ; તે જ ભગવાનનો **યથાર્થ ભક્ત** કહેવાય. ॥ મહારાજ કહે, "અમારો દયાળુ સ્વભાવ છે તોપણ જો કોઈક ભક્તને ક્રૂર દ્રષ્ટિએ જોતો હોય ને તે જો પોતાનો સગો - વહાલો હોય તોપણ એમ થાય કે તેની આંખ ફોડી નાખીએ, હાથે કરીને દુબતો હોય તો હાથને કાપી નાખીએ એવો તેનો અભાવ આવે છે પણ ત્યાં દયા નથી રહેતી, એવો જેને ભગવાન ને ભક્તનો પક્ષ હોય તેને જ **પૂરો ભક્ત** કહેવાય. ॥ વળી મ. ૨૬માં મહારાજ કહે છે કે (૧) જે ભગવાન તથા ભક્તને ગમતું હોય તે ન જ કરે, ભજન કરવામાં અંતરાય કરતા હોય તેવા પોતાન સગાવહાલા કે પોતાનો સ્વભાવ; તેનો પણ શત્રુ પેઠે ત્યાગ કરે, ભગવાનથી વિમુખ હોય તેનો પક્ષ ન લે, જેમ ભરતજીએ પોતાની માતા કૈકયીનો પક્ષ નહોતો લીધો તેમ. (૨) સૌથી વિશેષે પોતામાં જ અવગુણ ભાસે, બીજામાં અવગુણ જુએ ને પોતામાં ગુણ પરઠે તે તો સંત્સગી છે તોપણ **અર્ધો વિમુખ** છે

(૩) ભક્તિ કરતા આત્મજ્ઞાન, વૈરાગ્ય કે ધર્મ જો અંતરાય કરતા હોય તો તેને પણ પાછા પાડીને ભક્તિનું જ મુખ્યપણું રાખે, જો ભક્તિમાં સહાયરૂપ થતો હોય તો તો ઠીક છે એમ સમજે, તે **પૂરો ભક્ત** કહેવાય. વળી મહારાજ કહે છે કે અમારો મહિમા જાણીને અમારે વિષે પ્રિતિ કરે, નવધા ભક્તિ કરે ને અમારી આજ્ઞામાં વર્તે તે **સાચો ભક્ત** છે. ॥ વળી માં મહારાજ કહે છે કે પોતાના દેહમાં કોઈક દીર્ઘ રોગ આવી પડે તથા અન્ન ખાવા ન મળે. વસ્ત્ર ન મળે, ઈત્યાદિક ગમે એટલું દુઃખ અથવા સુખ આવી પડે તોપણ ભગવાનની ઉપાસના, ભક્તિ, નિયમ, ધર્મ, શ્રેદ્ધા એમાંથી રંચમાત્ર પણ મોળો ન પડે. રતિવા સરસ થાય તેને **ખરો ભક્ત** કહીએ. ॥ સાધનદશાવાળા એકાંતિકને **પ્રેમી ભક્ત** જાણવા. તેમના ભગવાનના સંબંધવાળી ક્રિયાઓના મનોરથ પૂરા કરાવા માટે ભગવાન પ્રગટ થાય છે. બધી સામર્થી ઢાંકીને તેમના જેવા થઈને આવે છે. ॥ મહારાજ કહે, “જેને પોતાના જ અવગુણ સૂજે પણ બીજા ભક્તના દોષને દેખે જ નહિ તેને **પાકો હરિભક્ત** જાણાવો. ॥ મહારાજ કહે છે કે જે ભગવાનને નિર્વિકારી ને નિર્લેપ સમજે, ભગવાનના ચરિત્રને વિષે યોગ્ય-અયોગ્ય ઘાટ ઘડે નહિ તથા પોતાના આત્માને વિષે જેને સ્થિતિ હોય તેને **સ્થિતપ્રજ્ઞ ભક્ત** જાણવો. ॥ જેને આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને ભક્તિ ત્રણેય હોય તે **અનન્ય ભક્ત, જ્ઞાની ભક્તને એકાંતિક ભક્ત છે.** ॥ જેને ભગવાનનો દ્રઢ આશ્રય હોય મતલબ કે મહાપ્રલય જેવું દુઃખ કે દીર્ઘ રોગ આદિ આવે, વ્યવહારમાં દુઃખ, આજીવિકા તૂટી જાય એવા ઘણા દુઃખ આવી પડે તોપણ રક્ષાનો કરનારો ભગવાન વિના બીજાને ન જાણે, પોતાને સુખ જોઈતું હોય તે પણ ભગવાન થકી જ ઈચ્છે, પ્રભુ વિના બીજને સુખદાય ન જાણે, પ્રભુની મરજી પ્રમાણે જ વર્તે, એવો જે હોય તેને **અનન્ય ભક્ત ને પ્રભુનો શરણાગત** જીવ કહેવાય. હરિભક્તમાં મોટેરો કોને જાણવો ? મહારાજ કહે, “અમારે ને અમારા સંતને અર્થે પોતાનું સર્વસ્વ કરી નાખે, સત્સંગને અર્પે માથું દે અને અમે આજ્ઞા કરીએ તો પરમહંસ થાય તે સર્વે હરિભક્તમાં મોટો છે.” ॥ બીજી વસ્તુ છે તેવો સંકલ્પ પણ

ન થાય, એ ભક્ત થયો કહેવાય. મૂર્તિમાં રહે તેને મતે બીજું કાંઈ છે જ નહિ, મૂર્તિ જ છે. ॥ **કેવા ભક્ત ઉપર ભગવાનની પ્રસન્નતા થાય છે ?** મહારાજ કહે છે કે કોઈ ભક્તને શૂળીએ ચડાવ્યો હોય ને અમે તેની પાસે ઉભા હોયએ પણ તેના હૃદયમાં ઘાટ ન થાય કે ભગવાન મને શૂળીના કષ્ટથી મૂકાવે તો ઠીક. એવી રીતે પોતાના દેહના સુખનો સંકલ્પ ન થાય ને જે **કષ્ટ** પડે તેને ભોગવી લે એવા **નિષ્કામી ભક્ત**ની ઉપર ભગવાનની બહુ પ્રસન્નતા થાય છે. ॥ જેને ભગવત્સ્વરૂપનું બળ અધિક હોય અને ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી હોય એ જ **એકાંતિક ભક્ત** કહેવાય ને તે જ **પાકો સત્સંગી** છે. ॥ જે ભગવાનને નિર્વિકારી ને નિર્લેપ સમજે તેને ભગવાનનો **સ્થિતપ્રજ્ઞ ભક્ત** જાણવો. ॥ **વિમુખ કોને કહેવાય ?** મહારાજ કહે, "જે અમારા ભક્તને દુઃખે દુઃખી ન થાય તે ચંડાળ ને વિમુખ છે. બધાય સાધુને સરસા જાણે તથા અમારું ને અમારા ભક્તનું કોઈક ઘસાતું બોલે તેને સાંભળી રહે તે પણ વિમુખ છે."

**૩૨૮ આચાર્ય કોને જાણવા ?**

મહારાજ કહે, "અમારી આજ્ઞા મુજબ જે ધર્મનું આચરણ કરવામાં શ્રેષ્ઠ હોય અને ધર્મનું આચરણ કરાવવામાં સાવધાન હોય (પોતે ધર્મમાં વર્તે ને બીજાને વર્તાવે) અને પોતાના સંપ્રદાયના શાસ્ત્રના અર્થને જાણતા હોય એવા ગુણે યુક્ત હોય તેને" ટૂંકમાં સાચા ધર્માચાર્ય ધર્મનું પાલન કરે, કરાવે ને શાસ્ત્રના અર્થને જાણે. **વિશ્વના ધર્માચાર્યોની વિશ્વના ધર્મ વિષેની સભામાં સ્વામી વિવેકાનંદે એ વખતના જમાનામાં જે સડો પેસેલો તે વિષે ધ્યાન દોરેલું. વિવેકાનંદે ધ્યાન દોરેલું કે આ સડો શેનો છે ? એ સડાના મૂળમાં શું છે ? તો એમણે તેના મૂળમાં ધર્મ વહીવટ છે એ બતાવેલું. ધર્માચાર્યોને કહેલું કે તમે ધાર્માચાર્યો છો, વહીવટાચાર્યો નહિ. તમે બેય ભેગું કરો છો, તો બેયમાંથી એકેય સરખું કરી શકતા નથી અને વહીવટ તમને લજવે છે, તમે ન કરવાનું કરો છો. એટલે ધર્માચાર્યોએ વહીવટથી સદંરત અલગ થઈ જવું જોઈએ.** ધર્માચાર્યો શ્રીજીમહારાજના વખતમાં ભ્રષ્ટાચારને પંથે

હતા. મહારાજે એ સડો પોતાના પ્રભાવથી કાઢી નાખેલો અને લોકોને જાગૃત કરી દીધેલા. આચાર્ય, સર્વોપરી ભગવાનના આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ જેવા હોવા જરૂરી છે, અનિવાર્ય છે કારણકે એના હાથમાં આખા સત્સંગની ધૂરા છે.

૩૨૯ ભગવાન જ્યારે જે બ્રહ્માંડમાં પ્રગટ થાય છે ત્યારે કૃપા વરસાવે છે. અદ્‌ભુત પ્રતાપ જણાવે છે, તે વખતે ઘણા મુક્તો ધામમાં - મૂર્તિના સુખમાં આવતા હોય છે. ભગવાન અદ્રશ્ય થયા પછી, જે બ્રહ્માંડમાં વિચર્યા હતા ત્યાંથી એક બે મુક્તો આવતા હોય છે. એક બ્રહ્માંડમાંથી એક આવે તોય અનંત બ્રહ્માંડો હોવાથી અનંત થાય છે - પૂજ્યશ્રી નારાયણમામા.

૩૩૦ **ધર્માદો : (૧) સામાન્ય ધર્માદો :**
દશાંશ - વિશાંશ ભાગ ભગવાનને અર્થે વાપરવા કાઢવો તે. એને બાદ કરીને ધામમાં ન પહોચાવાય. તે પોતાના પાપ કર્મો બાળી નાખવા માટે છે. (૨) મધ્યમ ધર્માદો : સત્પુરુષનો સમાગમ (૩) ઉત્તમ ધર્માદો : સત્પુરુષનો સમાગમ કરતા કરતા મહારાજની મૂર્તિમાં અખંડ સ્મૃતિ રહેવા લાગે તે.

૩૩૧ **માયા : ભગવાનની માયા તે કઈ છે ?**
દેહને વિષે અહંબુદ્ધિ ને દેહના સંબંધી પદાર્થને વિષે મમત્વ બુદ્ધિ એ જ માયા છે. એ માયાને ટાળીને ભગવાનમાં પ્રીતિ કરવી એ જ અને એટલો જ સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે. એ માયાને જેણે ટાળી તે તર્યો કહેવાય. મોટા મોટા ભક્તોએ ભગવાન પાસે માગ્યું છે કે અહંમમત્વરૂપ માયા થકી રક્ષા કરજો ને તમારે વિષે પ્રીતિ થાજો ને માયાને તર્યા હોય ને તમારે વિષે પ્રીતિવાળા હોય એવા સાધુન સંગ થાજો ને તેને વિષે હેત ને મમત્વ થાજો. આપણે પણ એમ કરવું ને માગવું ને એનો શ્રવણ, મનન ને નિદિધ્યાસ કરવો. ॥ **માયિક ઉપાધિ કોને કહી છે ?** માયાના ત્રણ ગુણ, દસ ઈન્દ્રિયો, દસ પ્રાણ, ચાર અંતઃ કરણ, પંચભૂત, પંચવિષય ને ચૌદ

ઈન્દ્રિયોના દેવતા, એનો સંગ હોય તેને. ॥ **માયા ટળી ક્યારે કહેવાય ?** જીવ સિદ્ધદશાને પામે અને સર્વેને વિષે મહારાજને દેખે ત્યારે. ॥ **પ્રકૃતિરૂપ માયા :** ગુણમય છે, તેનો દેહ જડ છે, નિત્ય કહી છે, નિર્વિશેષ કહી છે (એટલે કે તેના કાર્યમાં કોઈ એના જેવું નથી.) ભગવાન જે પુરુષ (મૂળપુરુષ) તેની શક્તિ છે. ॥ **પ્રધાનમાયા :** પ્રધાનમાયારૂપ સુષુપ્તિ = તુર્યાવસ્થા ॥ **મૂળમાયા** = સામ્યાવસ્થા ॥ **નિવૃત્તિ કર્મ** = ત્યાગીને પાળાવાના જે બ્રહ્મચર્ય, અહિંસા આદિક નિયમ છે તે ॥ **પ્રવૃત્તિ કર્મ** = ગૃહસ્થનને પાળવાના જે નિયમ છે તે. એ બે કર્મે કરીને સુષુપ્તિથી પર ગતિ થતી નથી. એ કર્મમનું ફળ સુષુપ્તિ (પ્રધાનમાયા) સુધી જ ભોગવાય છે તે. શુભ કર્મે કરીને પ્રધાનમાયા સુધી પહોંચાય. નિવૃત્તિ ને પ્રવૃત્તિ એ બે કર્મ સુષુપ્તિમાં લીન થઈ જાય છે. લીન એટલે કર્મ લીન થાય છે એમ નહિ, કર્મ કરનારની તેનાથી આગળ ગતિ નથી. તે સર્વે ભગવાન કે ભગવાનને મળેલા સંતથી ઉલંઘાય છે. ॥ **માયા તે શું છે ?** પંચભૂત, ઈન્દ્રિયો, બધાય જેમ આકાશમાં સૂર્ય, ચંદ્ર, તારા સર્વે રહ્યા છે તેમ શ્રીજીમહારાજના તેજમાં અક્ષરની, વાસુદેવબ્રહ્મની તથા મૂળપુરુષની કોટીઓ રહી છે, તે સર્વેનું આધાર શ્રીજીમહારાજનું તેજરૂપ અક્ષરબ્રહ્મ છે. મહામાયા મૂળપુરુષમાં જ લીન થાય છે ને મૂળપુરુષ વાસુદેવબ્રહ્મની સમીપે રહે છે. તેથી માયા અક્ષરબ્રહ્માં લીન થાય છે એમ કહેવાય. માં પણ પુરુષપ્રકૃતિ અક્ષરબ્રહ્માં લીન થાય છે એમ કહ્યું છે. ॥ જે ભગવાનથી વિમુખ છે તેને માયા અતિ બંધન કરનારી ને અતિ દુઃખદાયી છે અને ભગવાનના ભક્તને તો એ માયા અતિ સુખદાયી છે કેમકે માયાના કાર્ય જે ઈન્દ્રિયો, અંતઃકરણ ને દેવતા તે સર્વે ભક્તિને અતિ પુષ્ટ કરે છે. જીવને આશરામાં કાંઈ કાચપ હોય તેના માયા ડગાવે છે ને દુઃખ દે છે પણ જેને ભગવાનનું માહાત્મ્ય સારી પેઠે સમજીને અતિશે દ્રઢ ભગવાનનો આશ્રય (આશરો, પરિપક્વ નિશ્ચય) છે તેને કઈ રીતે માયા દુઃખ દેવાને સમર્થ થાતી જ નથી. ॥ **માયા કેમ ટાળવી ?** બાપાશ્રી કહે કે તમારે માયા ટાળવી

હોય તો મહારાજને અને અમને ભૂલશો નહિ. અમારાથી જુદા પડે એવાનો સંગ કરશો નહિ.

સુષુપ્તિ એ જીવની માયા છે; તે જ સુષુપ્તિ સ્થૂળ, સૂક્ષ્મ ને કારણરૂપે થાય છે. માટે સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ જીવની માયા છે, તેમજ વિરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃત એ ઈશ્વરની માયા છે. જે.૧ ના પહેલા પ્રશ્નમાં જેને સુષુપ્તિ કહી છે તે પ્રધાન સુષુપ્તિને અહી શ્રીજીમહારાજે સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ ત્રણ દેહનું કારણ કહી છે ને એ પ્રધાન સુષુપ્તિને અને ત્રણ દેહને જીવની માયા કહી છે. જીવની કારણ શરીરરૂપ માયાને વજ્રસાર જેવી કહી છે, તે સંતના સમાગમથી અને મહારાજને ઓળખીને, મહારાજનું ધ્યાન ને તેમના વચનમાં વર્તવાથી ટળે છે - કારણ દેહ બળી જાય છે.

**૩૩૨ ભગવાનના ભક્તને કયા બે બળ જોઈએ ?**

(૧) આત્મનિષ્ઠાનું બળ (૨) ભગવાનના માહાત્મ્યનું બળ છે.

**૩૩૩ ભગવાનનું માહાત્મ્ય કેમ જાણવું ? જીવ ક્યારે પંચવિષય તથા સ્ત્રી-ધન આદિક પદાર્થમાં બંધાય નહિ ?**

તો ભગવાન છે તે અનેક બ્રહ્માંડના રાજાધિરાજ છે. એક એક બ્રહ્માંડમાં બ્રહ્મા, વિષ્ણુ શિવ હોય, સાત દ્વીપ, સાત સમુદ્ર, મેરુ, લોકાલોક આદિક પર્વત તેણે યુક્ત પૃથ્વીની રચના હોય તથા ચૌદ લોકની રચના હોય તથા અષ્ટ આવરણની રચના હોય વગેરે સામગ્રીએ સોતા જે અનેક બ્રહ્માંડ તેના રાજા ભગવાન છે. તે બ્રહ્માંડને વિષે આ જીવ છે તે ભગવાનની આગળ શા લેખામાં છે ? કાંઈ નહિ. અતિ તુચ્છ છે. ભગવાને એ બ્રહ્માંડોમાં પંચવિષય સંબંધી સુખ જીવોને આપ્યું છે, તે સુખ કેવું છે એ સુખ માટે કેટલાક પોતાના માથા કપાવે છે એવું મહાદુર્લભ જણાય છે. ત્યારે પોતાની મૂર્તિમાં તથા પોતાના ધામમાં જે સુખ છે તે તો બહુ ભારે છે. પ્રાકૃત વિષય સુખ છે તે તો અન્ય પદાર્થને આશારીને રહ્યું છે અને પૃથક પૃથક છે. ભગવાન છે તે તો સર્વ સુખ માત્રના રાશિ છે ને ભગવાન સંબંધી સુખ અવિનાશી ને મહા અલૌકિક છે. ભગવાને બ્રહ્માંડોને વિષે અનેક જીવોને

પંચવિષય સંબંધી સુખ આપ્યું છે તે તો કૂતરાને નાખ્યા જે બટકું રોટલો તેની પેઠે અતિ તુચ્છ છે; ને પોતાને વિષે જે સુખ છે તે તો મહા મોટું છે. વળી સુષુપ્તિ અવસ્થાને વિષે એ જીવને ભગવાન મોટું સુખ પમાડે છે, ગમે તેવી વેદના થઈ હોય ને સુષુપ્તિમાં જાય ત્યારે સુખિયો થઈ જાય છે. એ ભગવાનના ચરણકમળની રજને બ્રહ્મા, શિવ, રાધાજી, નારદ, શુક, સનકાદિક, નવ યોગેશ્વર એવા એવા મોટા છે તે પણ પોતાના મસ્તક ઉપર ચડાવે છે ને માનને મૂકીને ભગવાનની નિરંતર ભક્તિ કર્યા કરે છે. વળી ભગવાને જગતમાં વિચિત્ર સૃષ્ટિ કેવી કરી છે ને તેમાં કેવું ડહાપણ કર્યું છે જે જુઓને માણસમાંથી માણસ, પશુમાંથી પશુ, ઝાડમાંથી ઝાડ, કીડામાંથી કીડો થાય છે માણસનું કોઈ અંગ ભંગ થયું હોય તો તેવું ને તેવું કરવાને સમર્થ કોઈ રીતે ન જ થાય; વગેરે અનેક કળા ભગવાનમાં રહી છે. વૈરાગ્ય ક્યારે થાય ? ઉપર કહ્યા પ્રમાણે ભગવાનનું માહાત્મ્ય તથા તેમને સુખમય જાણે ત્યારે બીજા સર્વ પદાર્થમાં વૈરાગ્ય થાય છે ને એક ભગવાનમાં જ પ્રીતિ થાય છે. પોતાના જીવાત્માનું તથા ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન જેને સિદ્ધ થાય ને તે ગમે તેવા પંચવિષયના સુખમાં બંધાઈ ગયો હોય તોપણ તેમાં બંધાઈ રહે નહિ, તેને તોડીને નીકળે જ રહે છે. તો જે વિષયના સુખનો ત્યાગ કરીને વર્તતો હોય ને ન બંધાય એમાં તે શું કહેવું ? માટે **એ બે પ્રકારના જ્ઞાનનો (આત્મા પરમાત્માના જ્ઞાનનો) પોતાના મનમાં વેગ લગાડી દેવો.** જેને આ બે વાતનો આલોચ નિરંતર રહે તેને એ જ્ઞાન સિદ્ધ થાય અને ગમે તેવા આપત્કાળમાં એની સહાય કરે.

મહારાજ કહે છે કે સર્વ ક્રિયાના પ્રવર્તાવનારા ને સર્વેના સ્વામી અમે એક જ ભગવાન છીએ. અમારી સાથે બીજાને દાવ બંધાય એમ પણ જણાતું નથી, માટે અમે એક જ ભગવાન છીએ પણ બીજો અમારા જેવો થાતો નથી. આ વાતનું રહસ્ય જે ડાહ્યો હોય તેને સમજાય પણ બીજાને નહિ. આટલી વાત સમજીને જેણે દ્રઢ કરી તેને સર્વ વાત સંપૂર્ણ થઈ, એને કાંઈ કરવું બાકી ન રહ્યું. આ વાતની જેને દ્રઢતા હોય તેનો સંગ રાખવો તો આ વાર્તાની દિવસે દિવસે દ્રઢતા થાતી જાય. મહારાજ કહે છે કે આ વાત

કાંઈ બુદ્ધિની કલ્પનાએ કે સિદ્ધાઈ જણાવવા સારું નથી કરી, આ તો અમારી અજમાવેલ વાત છે ને અમે જેમ વર્તીએ છીએ તેમ કરી છે. અમારે સ્ત્રી-ધન આદિક પદાર્થનો તથા પંચવિષયનો ભારે યોગ છે તથા જે જે જગ્યાએ અમે જઈએ છીએ ત્યાં હજારો માણસો ભેગા થાય છે, અમને માને છે, વાજતે - ગાજતે અતિ સન્માન કરીને પધરાવે છે. જ્યાં જઈએ ત્યાં ભારે ભારે જાયગાઓ જોવામાં આવે છે તથા ભારે ભારે વસ્ત્ર, વાહન આદિકનો યોગ થાય છે. એ સર્વે છે છતા પણ પોતાના આત્મા તથા ભગવાનના માહાત્મ્ય સામી દ્રષ્ટિ કરીએ છીએ ત્યારે પૂર્વ દેહની વિસ્મૃતિની જેમ એ સર્વેની વિસ્મૃતિ થઈ જાય છે, સર્વેનું અતિ તુચ્છપણું થઈ જાય છે, એમાં કોઈ ઠેકાણે બંધાઈ જવાતું નથી. એ બે વાત અમારે સિદ્ધ થઈ છે; માટે અમારે એમ વર્તાય છે અને બીજો પણ એ બે વાતને સિદ્ધ કરે તો તેને કદાચિત એવો યોગ થઈ જાય તોપણ એને એમ વર્તાય. માટે આ વાત અવશ્ય સમજવાની છે. એમ મહારાજે આપણને સમજાવવા પોતાનું વર્તન બતાવીને વાર્તા કરી પણ પોતે તો સાક્ષાત્ શ્રી પુરુષોત્તમનારાયણ છે.

૩૩૪ **મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે અમને વન, પર્વત અને જંગલમાં જ રહેવું ગમે છે પણ મોટા મોટા શહેર - પાટણ ગમતા નથી. તે વન - પર્વત આદિક શું સમજવું ?**

સદ્. ઈશ્વરચરણદાસજીસ્વામી, બાપાશ્રીએ કહ્યું કે જે પર્વતને ઠેકાણે મહારાજની મૂર્તિ જાણવી, વનને ઠેકાણે મુક્તનો સમૂહ જાણવો અને જંગલને ઠેકાણે અક્ષરધામ જાણવું. તેમાં અમારા મુક્તોને રહેવું ગમે છે. પણ પાટણને ઠેકાણે અક્ષરકોટી અને શહેરને ઠેકાણે બ્રહ્મકોટી તેમાં રહેવું ગમતું નથી. તો પ્રકૃતિપુરુષના લોકમાં તો રહેવું ગમે જ કેમ ?

**૩૩૫** પૂજા કરતી વખતે તિલક ચાંદલો કરવો એવો ભગવાનનો આદેશ છે. તિલક ચાંદલો કર્યા વિના પૂજન આદિક કરે તો વ્યર્થ થઈ જાય છે, શ્રીહરિ તેની પૂજા અંગીકાર (સ્વીકાર) કરતા નથી.'' સૌને વશ કરું રે, સૌનો કારણ

હું ભગવાન" ચાંદલો એ કારણ મૂર્તિનું પ્રતિક છે, તે ભૂંસાવો ન જોઈએ. - અનાદિમુક્ત બાપાશ્રી.

**૩૩૬ અનુવૃત્તિ : મહારાજ અને મુક્તોની અનુવૃત્તિમાં રહેવું એટલે શું ?**
તો એ બે રીતે છે (૧) અનુવૃત્તિ પ્રમાણે એમની સેવા કરવી તે (૨) બીજી અનુવૃત્તિ વર્તનની : એટલે કે તેઓ વર્તે છે એ રીતે અથવા તેઓ કહે તેવું વર્તન બનાવવું. એવું વર્તન બને તો બધાય દુઃખની નિવૃત્તિ થઈ જાય; જરૂર થઈ જાય. અનુવૃત્તિ બહુ જ મોટી વસ્તુ છે.

**૩૩૭ ઈર્ષ્યા કરવી તો કેવી કરવી ?**
એવી કરવી કે જેની ઉપર ઈર્ષ્યા હોય તેના જેવા ગુણનને ગ્રહણ કરવા ને પોતાન અવગુણનો ત્યાગ કરવો. તેવું ન થવાય ને ઈર્ષ્યાએ કરીને ભક્તનો દ્રોહ થાય તેવી ઈર્ષ્યાનો સર્વ પ્રકારે ત્યાગ કરવો. નારદજીએ તુંબરુ સાથે ઈર્ષ્યા કરેલી તેવી કરવી.

**૩૩૮ મૂળપુરુષ / પુરુષનો દેહ કેવો હોય ?**
મૂળપુરુષ (શ્રીકૃષ્ણ) નો દેહ માયિક તત્ત્વનો નથી, પોતે ચૈતન્ય મૂર્તિ છે પણ ત્યાગ - ભાગ (પોલાણપણું) નથી.

**૩૩૯ કાળ કોને કહ્યો છે ? તે મૂર્તિમાન છે કે અમૂર્ત છે ?**
મૂળપુષના કાર્યનો પ્રલય કરે તેને કાળ કહ્યો છે. તે મૂર્તિમાન છે ને મૂળપુરુષથી પર છે. શ્રીજીમહારાજે લો.૧૭ ના. ૫ / ૭ માં કહ્યું છે કે કાળ અમારી શક્તિ છે.

**૩૪૦ બ્રાહ્મકલ્ય તથા પાદ્મકલ્પ એટલે શું સમજવું ?**
બ્રાહ્મકલ્પ એટલે બ્રહ્માએ અંગ થકી સૃષ્ટિ ઉત્પન્ન કરી તે. શેષશાયી નારાયણ નિમિત્ત પ્રલયમાં શેષશય્યાને વિષે જળાર્ણવમાં સૂતા હતા. તેની નાભિમાં પદ્મ (કમળ) થયું તેમાં બ્રહ્મા ઉત્પન્ન થાય અને તે પદ્મમાં બ્રહ્માએ ચૌદ લોકની રચના કરી તેને પાદ્મકલ્પ કહે છે. (પ્ર.૧૩, પાન. ૬૯)

**૩૪૧ જગતની ઉત્પત્તિ ને સ્થિતિ કેવી રીતે થાય છે ?**

ભગવાનની પુરુષ / મૂળપુરુષ ને પ્રકૃતિ / માયા એ બે શક્તિઓ છે તે જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયનું કારણ છે, તે બે શક્તિઓનું ગ્રહણ કરીને પોતે વિરાટરૂપને ધારતા હવા. તે વિરાટરૂપ જે એ ભગવાન તે પ્રથમ બ્રાહ્મકલ્પને વિષે પોતાના અંગ થકી બ્રહ્મા આદિક સ્તંબપર્યંત સમગ્ર જીવને સૃજતા હવા ને પાદ્મકલ્પને વિષે તો એ ભગવાન બ્રહ્મારૂપે કરીને મરીચ્યાદિકને સૃજતા હવા ને કશ્યપ ને દક્ષરૂપે કરીને દેવ, દૈત્ય, મનુષ્ય, પશુ - પક્ષી આદિક સમગ્ર સ્થાવર - જંગમ જીવને સૃજતા હવા. એવા જે ભગવાન તે પુરુષ ને પ્રકૃતિરૂપ પોતાની શક્તિ સહિત જીવ જીવ પ્રત્યે અંતર્યામીપણે રહ્યા છે અને જે જીવે જેવા કર્મ કર્યા છે તેને તેવા દેહને પમાડે છે. કર્મ પ્રમાણે જીવને ભગવાન ઉદભિજ (વનસ્પતિ), જરાયુજ (બચ્ચા થતા હોય તેવા), સ્વેદજ (પરસેવામાંથી થતા હોય તેવા) અને અંડજ (ઈંડામાંથી થતા હોય તેવા) જાતિના દેહને પમાડે છે; ને સુખ-દુઃખરૂપ જે કર્મના ફળ તેને પમાડે છે અને તે જીવના કર્મ પ્રમાણે તેના દેહ થકી બીજા દેહને સૃજે છે. બીજા દેહને ઉપજાવે છે પણ જીવ અનેક રૂપે થતો નથી. (ઉદભીજ, જરાયુજ, સ્વેદજ અને અંડજ એ દરેક જાતિમાં એકવીસ એકવીસ લાખ જાતના દેહો હોય છે. ચારેય મળીને કુલ ચોર્યાસી (૮૪) લાખ જાતની યોનિઓ થાય.)

**૩૪૨ ભગવાનની સાક્ષાત્ પ્રાપ્તિ ક્યારે થઈ કહેવાય ?**

આજ્ઞામાં રહે ને આશરો કરે, મનુષ્યભાવ ને પ્રતિમાભાવ ટાળીને દિવ્યભાવ આવે ત્યારે. ભગવાનના કથા - કીર્તન કરતા દિવસ - રાત્રિ વીતે, પોતાના જીવાત્માનું બ્રહ્મરૂપે / ભગવાનરૂપે સાક્ષાત્ દર્શન થાય, ભગવાન વિના અન્યમાં વૈરાગ્ય થાય અને અધર્મનો ત્યાગ કરીને ધર્મને વિષે રહેવાય તેને સાક્ષાત્ પ્રાપ્તિ થઈ કહેવાય.

**૩૪૩ સત્સગમાં કુસંગ, કુસંગી, નપુંસક કોને કહ્યો છે ?**

આજ્ઞા યથાર્થ કોણ પાળી શકે ? વર્તમાન ધર્મ પણ યથાર્થ કોણ પાળી શકે ? માટે જેટલું પળે તેટલું પાળીએ ને ભગવાન તો અધમ-ઉદ્ધારણ છે તે કલ્યાણ કરશે એમ કહે અને ભગવાનનું સ્વરૂપ હૃદયમાં ધારવું તે કાંઈ આપણું ધાર્યું ધરાતું નથી, એ તો ભગવાન જેને દયા કરીને ધરાવે છે તેને ધરાય છે. એવી મોળી વાત કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ આદિક સાધનમાંથી બીજાને મોળા પાડે છે. આમ વાતના કરનારા હિંમત વિનાની વાત કરે છે તે સત્સંગમાં કુસંગ છે. એવા જે છે તે કુસંગી તથા નપુંસક છે. એવી હિંમત વિનાની વાત જે દિવસે થાય તે દિવસ ઉપવાસ કરવો, એવી મહારાજની આજ્ઞા છે.

**૩૪૪ સ્વસિદ્ધ/સ્વતઃસિદ્ધ અનાદિ કોને કહેવાય ?**

જેને કોઈનો ઉપદેશ ન હોય, કોઈની ભક્તિ ન હોય ને કોઈને આધિન ન હોય તેને જ કહેવાય. આવા અનાદિ તો શ્રીજીમહારાજ એક જ છે. શ્રીજીમહારાજની મૂર્તિને વિષે જેને એકતા થાય તેને શ્રીજીમહારાજને લઈને અનાદિ કહેવાય.

**૩૪૫ અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની કોણ છે ?**

મહારાજ કહે છે કે આ દેહમાં રહેનારો જે જીવ તે રૂપ, કુરૂપ, બાળ, યૌવન, વૃદ્ધપણું ને બીજા અનંત પદાર્થને જુએ છે પણ પોતે પોતાને જોતો નથી, કેવળ બાહ્યદ્રષ્ટિએ કરીને પદાર્થને જોયા કરે છે, વળી સર્વે ઈન્દ્રિયોએ કરીને વિષય સુખને ભોગવે છે; જાણે છે પણ પોતે પોતાના સુખને ભોગવતો નથી ને પોતે પોતાના રૂપને જોતો નથી એ જ સર્વે અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની છે, ને ઘેલામાં અતિશે ઘેલો. મૂર્ખમાં અતિશે મૂર્ખ ને નીચમાં અતિશે નીચ છે.

**૩૪૬ ભગવાનને પ્રસન્ન કરવાનો ઉપાય : એકાંતિક ધર્મ કોને કહેવાય ?**

ચાર સાધન (૧) પોતપોતાના વર્ણાશ્રમના ધર્મમાં અચળ નિષ્ઠા (૨) આત્મનિષ્ઠાની અતિશે દ્રઢતા (૩) ભગવાન વિના બીજા સર્વે પદાર્થની

અરુચિ (૪) ભગવાનની માહાત્મ્યે સહિત નિષ્કામ ભક્તિ. આ ચાર સાધને કરી ભગવાનની અતિશે પ્રસન્નતા થાય છે. આ ચાર સાધનને જ એકાંતિક ધર્મ કહેવાય છે.

**૩૪૭ ભગવાન સાક્ષાત્ મળ્યા ક્યારે કહેવાય ?**

ભગવાન મનુષ્યરૂપે હોય ત્યારે ધામમાં જે મૂર્તિ છે તે જ આ મૂર્તિ છે એમ જાણે, પ્રતિમારૂપે દર્શન આપતા હોય ત્યારે તે પ્રતિમાને ધામમાં જે મૂર્તિ છે તે જ જાણે અને આજ્ઞામાં રહીને ભક્તિ કરે તો સાક્ષાત્ મળ્યા કહેવાય.

**૩૪૮ કેવી રીતે વર્તે તો છકી ગયો કહેવાય ?**

શ્રીજીમહારાજના જ્ઞાનનો ને મહિમાનો ઓથ લઈને વર્તમાનમાં ફેર પાડે, સત્સંગના ધોરણ પ્રમાણે ન વર્તે બીજાથી પોતાને અધિક માને તે છકી ગયો કહેવાય. એવાને પહેલા મહારાજની કૃપાથી કાંઈક શુભ ગુણ પ્રાપ્ત થયા હોય તે જતા રહે ને ઉલટો મહારાજનો કોપ થાય.

**૩૪૯ મોટ્યપ-નાન્યપ મોટપ-નાનપ :**

મોટપ તો પ્રત્યક્ષ ભગવાનના નિશ્ચયે કરીને તથા તેમની આજ્ઞા પ્રમાણે વર્તવે કરીને છે. એ બે વાન જેને ન હોય તે ગમે તેવો વ્યવહારે કરીને મોટો હોય તોપણ એ નાનો જ છે.

**૩૫૦ અલ્પ દોષ ક્યા ક્યા ગણવા ?**

બહુ બોલવાની ને ધાર્યું કરવાની પ્રકૃતિ હોય, દેહની ક્રિયા કોઈને મળતી આવે એવી ન હોય ને સરળપણું ન હોય એવા સ્વભાવ હોય તે અલ્પ દોષ જાણવા. આવા અલ્પ દોષ જોઈને કોઈ ભક્ત કે સંતનો અવગુણ ન લેવો. શ્રીજી કહે છે કે અલ્પ સરખો દોષ દેખીને અવગુણ લે તો અમારે કે મોટા મુક્તને વિષે પણ દોષ દેખાય, એવાને આસુરી બુદ્ધિવાળો જાણવો.

**૩૫૧ ભગવાનનું સગુણપણું - નિર્ગુણપણું કેવી રીતે સમજાવું ?**

સગુણપણું = અપારપણું (મોટામાં મોટું), નિર્ગુણપણું = સૂક્ષ્મપણું (નાનામાં નાનું). જ્યાં શ્રીજીમહારાજનું સગુણ-નિર્ગુણપણું આવે ત્યારે તેમના તેજરૂપ

અક્ષરધામનું સગુણ - નિર્ગુણપણું જાણવું. મહારાજ તો પોતાના તેજથી પણ પર છે ને એ તેજના પણ આધાર છે ને સદા મૂર્તિમાન છે, તેમને તો સગુણ કે નિર્ગુણ કહેવાય જ નહિ.

**૩૫૨ નિષ્કામ ભક્તને ભગવાન કેવા ઐશ્વર્ય - સુખ પમાડે છે ?**
કાળ - કર્મ - માયાથી રહિતપણું, અસંગી - નિર્વિકાર - નિર્લેપપણું, અનંત જીવોનો મોક્ષ કરવાપણું, સ્વતંત્રપણું, સર્વજ્ઞપણું, પોતાની પેઠે જ ચહાય તે કરવાપણું વગેરે ઐશ્વર્ય પમાડે છે. પોતાની મૂર્તિમાં સુખ રહ્યા છે તેને પમાડે છે. (પ્ર.૪૩)

**૩૫૩ ભગવાનને વિષે સ્નેહ હોય તેનું શું રૂપ છે ?**
ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે એનું નામ સ્નેહ. જે ભક્તને પરિપૂર્ણ સ્નેહ હોય તેને એક ભગવાન વિના બીજો સંકલ્પ જ ન થાય. એવો દ્રઢ સ્નેહ (પ્રીતિ) થવાનું સાધન - સત્પુરુષનો પ્રસંગ (આશરો) એ જ છે.

**૩૫૪ ભક્તિનિષ્ઠા - સ્વરૂપનિષ્ઠા - આત્મનિષ્ઠા - ત્યાગનિષ્ઠા કોને કહેવાય ?**
**ભક્તિનિષ્ઠા** = થાળ ધરવા, મંદિરમાં ગાર કરવી, કથા - કીર્તન કરવા, સંતની સેવા - ચારકી કરવી વગેરે. ॥ **સ્વરૂપનિષ્ઠા** = ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખતા થકા કથા - કીર્તન, સેવા - ચાકરી થાય તેટલી કરવી પણ વૃત્તિ રાખવામાં વિક્ષેપ થાય તે ખમી શકાય નહિ તેને. (ભગવાનના સ્વરૂપને વિષે મતિ અચળ રહે) ॥ **આત્મનિષ્ઠા** = આત્મારૂપે વર્તે, આત્માના સ્વરૂપને જ મોઢે કરીને પ્રતિપાદન કરે અને જે ગ્રંથમાં આત્માનું પ્રતિપાદન હોય તે ગ્રંથ સારા લાગે તેને. ॥ **ત્યાગનિષ્ઠા** = પંડે ત્યાગી રહેતો હોય, ત્યાગની જ રીત ગમતી હોય. મોઢે પણ ત્યાગની જ વાત કરતો હોય, શાસ્ત્ર પણ ત્યાગના જ સારા લગતા હોય તેને. ॥ **એ ચારે નિષ્ઠા એકને વિષે વર્તે ત્યારે તે સર્વથી અધિક છે, તેને પરમ ભાગવત કહીએ અને એને જ એકાંતિક ભક્ત કહીએ.**

**૩૫૫ કુસંગી - ચાલો ચાલો - એકાંતિક કોને કહેવાય ?**

**કુસંગી** - આજ્ઞા ન પાળે તેને. ॥ **ચાલો ચાલો** - આજ્ઞા યથાર્થ પાળે પણ મૂર્તિમાં વૃત્તિ ન રહે તેને. ॥ **એકાંતિક** - આજ્ઞા યથાર્થ પાળે ને મૂર્તિમાં વૃત્તિ રહે તેને.

**૩૫૬ ભાગવત ધર્મ :**

ભાગવત ધર્મને જીવ આશરે તો આંખ્યું મીંચીને ચાલ્યો જાય તોપણ પડેય નહિ ને આખડેય નહિ, તે **ભાગવત ધર્મ કોને જાણવો ?** મને, વચને ને દેહે કરીને ભગવાન સંબંધી શુભ ક્રિયા કરવી તે ભાગવત ધર્મ છે, પણ **એ ધર્મ મુક્તના પ્રસંગથી આવે છે.** શ્રીજી કહે છે કે જીવને જેવો પોતાના સંબંધીને વિષે દ્રઢ પ્રસંગ છે તેવો ને તેવો જ પ્રસંગ જો ભક્તને વિષે થાય તો તે ભગવાનના માર્ગ થકી કોઈ દિવસ પાછો પડે નહિ અને તે જ ભાગવત ધર્મ છે. ॥ ટૂંકમાં **ભગવાન ને ભક્તના સંબંધ સાથેનો જે ધર્મ તે જ ભાગવત ધર્મ છે, એકલો ધર્મ પાળવો તે નહિ.**

**૩૫૭ ભગવાન વશ વર્તે છે એટલે શું સમજવું ?**

ભક્તના અંતરને વિષે સર્વ ક્રિયામાં દર્શન આપતા હોય તે વશ વર્તે છે એમ જાણવું **ભગવાન વશ થાય એટલે શું સમજવું** ભક્તને ભગવાન સદાય સંભારે ને એની દ્રષ્ટિથી પળ માત્ર છેટે રહે નહિ એ વશ કહેવાય.

**૩૫૮** ભગવાનના સ્વરૂપનું જ્ઞાન ને ભગવાનનું માહાત્મ્ય એ બે મોક્ષના અસાધારણ હેતું છે. - મહારાજ.

**૩૫૯ રાંક કોને જાણવા ? રાજા કોને જાણવા ?**

કાળ - કર્મ - માયાને આધિન હોય તેને રાંક જાણવા અને કાળ - કર્મ - માયાને આધિન ન હોય તેને રાજા જાણવા.

**૩૬૦ ભૂંડા ને રૂડા પ્રારબ્ધ કહ્યા તે ક્રિયા જાણવા ?**

પૂર્વે અતિશે ભૂંડા દેશ, કાળ, સંગ આદિકે કરીને અતિશે મલીન કર્મ થઈ ગયા હોય તે ભૂંડા પ્રારબ્ધ જાણવા. સર્વે કર્મથી ને વાસનાથી રહિત થવાય ને મોટા રાજી થાય એવી ક્રિયા કરી હોય તે રૂડા પ્રારબ્ધ જાણવા.

**૩૬૧ પ્રત્યક્ષ : પરોક્ષ :**

પ્રગટ થવે કરીને અને અંતર્ધાન થવે કરીને પ્રત્યક્ષ ને પરોક્ષ કહેવાતા નથી. પ્રત્યક્ષ તો ઉપરીને કહે છે. જે એના નીચે હોય તેને પરોક્ષ કહે છે. જે બીજાનું ઐશ્વર્ય ઢાંકીને વર્તે તે પ્રત્યક્ષ કહેવાય અને જેનું ઐશ્વર્ય ઢંકાઈ જાય તે પરોક્ષ કહેવાય. પણ આગળ આવેલા તે પરોક્ષ ને પછીથી આવે તે પ્રત્યક્ષ એમ ન સમજવું. સર્વોપરી હોય તે જ પ્રત્યક્ષ કહેવાય ને પરતંત્ર હોય તે આગળથી આવે અથવા પાછળથી આવે પણ તે પરોક્ષ કહેવાય. શ્રીજીમહારજે સદ્. વ્યાપકાનંદસ્વામીને, અભયરાજાને તથા પર્વતભાઈને સર્વ અવતારોને પોતાની મૂર્તિમાં લીન કરી દેખાડેલા, એમ અલૌકિક ઐશ્વર્ય (પ્રતાપ) જણાવીને પોતાનું સર્વોપરીપણું જણાવ્યું છે, માટે શ્રીજીમહારાજ સદા પ્રત્યક્ષ છે. ॥ શ્રીજીમહારાજે સંકલ્પ કર્યો જે અમને મનુષ્ય જેવા દેખો, ત્યામે મનુષ્યરૂપે દેખાય અને પછી સંકલ્પ કર્યો જે અમને પ્રતિમારૂપે દેખો, માટે આજ પ્રતિમારૂપે પ્રત્યક્ષ છે.

**૩૬૨ એકાંતિક : એકાતિક કોને કહેવાય ?**

સર્વે સાધનના અંતને પામીને, દેહને ખોખાવત્ કરીને, માયિક ભાવ માત્રને ટાળીને, બ્રહ્મકોટી ને અક્ષરકોટીના રાગને ટાળીને, એક શ્રીજીમહારાજની અખંડ સ્મૃતિ રાખે તે એકાંતિક કહેવાય. જેમ મંદિર પૂરું થાય પછી મૂર્તિ પધરાવાય છે, તેમ એકાંતિક મંદિરને ઠેકાણે થયો, એટલે મૂર્તિને રહેવાનું શુદ્ધ પાત્ર થયો અને તેમાં મૂર્તિ રહે છે. પણ મૂર્તિને આત્માને વિષે દેખે નહિ ત્યાં સુધી એકાંતિક કહેવાય. **પરમએકાંતિક કોને કહેવાય ?** આત્માને વિષે મૂર્તિનો સાક્ષાત્કાર થાય તે પરમએકાંતિક કહેવાય. **અનાદિ કોને**

**કહેવાય ?** મૂર્તિમાં રહે તે અનાદિ કહેવાય. આ બે પ્રકારના ભેદ પરભાવના એટલે કે સિદ્ધ મુક્તના છે. તેમાં જે અનાદિ છે તે તો મૂર્તિમાં રસબસ રહીને નવીન નવીન સુખ ભોગવે છે.

૩૬૩ **કેવા પ્રકારના મનુષ્ય હરિભક્ત હોય તોય તે સાથે મહારાજને બને નહિ ને તેની ઉપર હેત કરવા જાય તોપણ હેત થાય નહિ ?**
ચાર પ્રકારના મનુષ્ય હોય તેની સાથે. (૧) ક્રોધી (૨) ઈર્ષ્યાવાળો (૩) કપટી અને (૪) માની. વળી મહારાજ કહે છે કે કામીનો તો અમારે કોઈ કાળે વિશ્વાસ જ નથી કે એ સત્સંગી છે. કામી તો સત્સંગમાં હોય તોય વિમુખ જેવો છે.

૩૬૪ **ભગવાનના કલ્યાણકારી ગુણો / સાધુના બત્રીસ લક્ષણો :**
જેને ભગવાનનો આશરો હોય અને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય હોય તેમાં ભગવાનના કલ્યાણકારી ગુણો આવે છે.

**૩૬૫** રૂડા દેશ, કાળ, સંગ આદિક પ્રાપ્ત થયા હોય તો ભગવાનને વિષે તીવ્ર વેગે કરીને સ્નેહ થાય છે. જો ભૂંડાનો યોગ થાય તો ભગવાન વિના અન્યમાં પ્રીતિ થાય છે.

૩૬૬ **મૂર્તિ ત્રણેય અવસ્થામાં ક્યારે દેખાય ?**
પૂર્વનો બળિષ્ઠ સંસ્કાર અથવા ભય, કામ ને સ્નેહ અખંડ હોય ત્યારે અમારી મૂર્તિ ત્રણે અવસ્થામાં અખંડ દેખાય. મહારાજ

૩૬૭ **પંચવર્તમાન : સ્થૂળ :**
દારૂ, માટી, ચોરી, અવેરી, અટલવું - વટલાવવું. ॥ (૧) **દારૂ :** ત્રણ પ્રકારની સૂરા, અગિયાર પ્રકારનું મદ્ય, ગાળ્યા વિનાનું દૂભ, ભાંગ્યા, અફીણ, તમાકુ, ગાંજો, માજમા, ચા, દાક્તરી ઔષધ, જેમાં દારૂનો સંસર્ગ હોય એવું અજાણ્ય વૈદ્યનું ઔષધ (પ્ર. ૫૫ / ૨ માં ઈન્દ્રિયોને પાતર્યું ને

વિષયને મદિરા કહેલ છે) વગેરે ન ખાવું - પીવું. । **દારૂ તુલ્ય :** ભાંડ, ભવાયા, સરકસ, નાટક, તાયફા, જગતના મેળા, જૂગટું, ચોપાટ, ગંજીફો વગેરે. ॥ (૨) **માટી :** માંસ, શોધ્યા વિનાનું અન્ન, ગાળ્યા વિનાનું જળ - ઘી - તેલ, લસણ, ડુંગળી, હીંગ ઉંબરાના ફળ, કઠોળનું ઊંધીયું, દાક્તરી કોરી ફાકી, માસના સંસર્ગવાળી વસ્તુઓ વગેરે. ॥ (૩) **ચોરી :** કોઈની ધણીયાતી વસ્તુ, માર્ગમાં ને અરણ્યમાં પડેલી વસ્તુ, કોઈને દુઃખાવીને પરાણે તેને વસ્તુ લેવી, કોઈની થાપણ ઓળવવી, દેવનો દશાંશ - વિશાંશ ભાગ દેવને ન આપવો વગેરે. ॥ (૪) **અવેરી / વ્યભિચાર :** પરસ્ત્રીનો સંગ, મનમાં તેને ભોગવવાનો સંકલ્પ, એકાંતમાં તેની સાથે ભાષણ કરવું. માર્ગમાં તેની સાથે એકલા ચાલવું, કુદ્રષ્ટિએ તેને જોવી વગેરેનો ત્યાગ. પોતાની સ્ત્રીનો પણ આસક્તિએ રહિત ઋતુસમે સંગ કરવો તેમાં પણ અગિયારસ, તથા તેના આગલ્યા - પાછલ્યા દિવસો, ભગવાનની જન્મ તિથિઓ તથા તેના આગળ - પાછળના દિવસો, અમાસ, શ્રાવણ માસ, શ્રાદ્ધ, તીર્થ, વ્રત, યજ્ઞ આદિક દિવસોમાં પોતાની સ્ત્રીનો ત્યાગ રાખવો. સમીપ સંબંધ વિનાની વિધવાનો સ્પર્શ ન કરવો. ॥ (૫) **વટલવું - વટલાવવું :** ન ખપતું હોય તેનું ખાવું નહિ ને જેને ન ખપે તેને ખવરાવવું નહિ.

### ૩૬૮ મન ક્યારે જીતાય ?

પંચવિષયનો અતિશે ત્યાગ થાય ત્યારે શબ્દ - સ્પર્શ - રૂપ - રસ ને ગંધ એ પંચવિષયમાંથી ઈન્દ્રિયો જ્યારે પાછી હઠે અને કોઈ વિષય પામવાની ઈચ્છા રહે નહિ ત્યારે ઈન્દ્રિયો વશ થાય છે. જ્યારે ઈન્દ્રિયો વિષયનો સ્પર્શ જ ન કરે ત્યારે મન પણ ઈન્દ્રિયો લગણ આવે નહિ ને હૈયામાં ને હૈયામાં રહે. આવી રીતે પંચવિષયનો ત્યાગ અતિ દ્રઢપણે થાય ત્યારે મન જીત્યું જાણવું. જો વિષય ઉપર કાંઈ પ્રીતિ હોય તો મન જીત્યું હોય તો પણ જીત્યું ન જાણવું.

**૩૬૯ શ્રવણ : મનન : નિદિધ્યાનસ : સાક્ષાત્કાર કોને કહેવય ?**

**શ્રવણ** - કાને કરીને વાર્તા સાંભળવી તેને. ॥ **મનન** - સાંભળેલી વાર્તાનો મને કરીને વિચાર કરીને ગ્રહણ કરવા યોગ્ય હોય તેને ગ્રહણ કરવીને ત્યાગ કરવા જેવી કોઈ તેનો ત્યાગ કરવો તેને. ॥ **નિદિધ્યાસ** - નક્કી કરીને મનને વિષે ગ્રહણ કરી હોય તેને રાત - દિવસ સંભારવાનો જે અધ્યાસ રાખવો તેને. ॥ **સાક્ષાત્કાર** - જે વાર્તા જેવી હોય તેવી ચિંતવન કર્યા વિના ઈદં સાંભરી આવે તેને સક્ષાત્કાર કહેવાય. ॥

**વાર્તાની જેમ આત્મ સ્વરૂપનો અને ભગવાનના સ્વરૂપનો શ્રવણ - મનન - નિદિધ્યાસ કર્યો હોય તો આત્મસ્વરૂપનો તથા ભગવાનનો એવી રીતે સાક્ષાત્કાર થાય છે. ભગવાનના સ્વરૂપનું દર્શન કરીને તેનું મનન ને નિદિધ્યાસ ન કર્યો હોય તો લાખ વર્ષ સુધી દર્શન કરે તોપણ તે સ્વરૂપનો સાક્ષાત્કાર ન થાય.**

**૩૭૦ નૈમિષારણ્ય ક્ષેત્રે કોને જાણવું ?**

મનોમય ચક્ર તે મનને જાણવું. એની ધારા દશ ઈન્દ્રિયો છે, તે જે ઠેકાણે ઘસાઈને બૂઠી થઈ જાય તેને. ઈન્દ્રિયો બૂઠી થઈ જાય ત્યારે ગમે તેવો શ્રેષ્ઠ વિષય (રૂપવાન સ્ત્રી, સુંદર વસ્ત્ર અલંકાર આદિ) તેમાં તેની વૃત્તિ ચોટે નહિ. મૂળગો તેના મનમાં અતિશે અભાવ આવે. તે ધારા એકાંતિક સંતના સમાગમથી બૂઠી થાય છે.

**૩૭૧ હૃદયમાં યુગમાં ધર્મ પ્રવર્તવાનું કારણ ગુણ છે. ગુણની પ્રવૃત્તિનું કારણ કર્મ છે. જેવા પૂર્વ કર્મ હોય તેવા ગુણની પ્રવૃત્તિ થાય છે. ॥**

જ્યારે શુદ્ધ સત્વગુણ વર્તતો હોય ત્યારે હૈયામાં સત્યયુગની પ્રવૃત્તિ હોય, જ્યારે સત્વ ને રજ ભેળા વર્તતા હોય ત્યારે હૈયામાં ત્રેતાયુગની પ્રવૃત્તિ હોય, જ્યારે એકલો રજોગુણ વર્તતો હોય ત્યારે હૈયામાં દ્વાપરયુગની અને એકલો તમોગુણ વર્વતો હોય ત્યારે કળિયુગની પ્રવૃત્તિ હોય.

**૩૭૨ પુરુષપ્રયત્ન કોને કહેવાય ? તેણે કરીને કેટલું કામ થાય ? પરમેશ્વરની કૃપા કોની ઉપર થાય છે ? એકાંતિક ભક્ત ક્યારે થવાય ?**

મહારાજ કહે છે કે **વૈરાગ્ય, શ્રદ્ધા, બ્રહ્મચર્ય, અહિંસા ને આત્મનિષ્ઠા** એ પાંચ સાધન તે પુરુષપ્રયત્ન છે, તેણે યુક્ત થાય તે જન્મ - મરણથી રહિત થઈને આત્મસત્તાને પામે છે એટલે અમારા તેજરૂપ થાય છે. આટલું તો પુરુષપ્રયત્ને કરીને થાય છે. પરમેશ્વરની કૃપા પણ એવો લક્ષણે યુક્ત હોય તે ઉપર જ થાય છે, પછી એ **એકાંતિક ભક્ત** થાય છે. - મહારાજ

**૩૭૩ ભગવાનના તુલ્યપણાને પામે છે એટલે શું સમજવું ?**

જેમ ભગવાન શુભ - અશુભ કર્મે કરીને બંધાતા નથી. તેમ તે મુક્ત પણ શુભ-અશુભ કર્મથી બંધાય નહિ અને તે ક્યારે અતિશે હેત કરીને ભગવાનને વિષે લીન થઈ જાય છે ને ક્યારેક તો મૂર્તિમાન થકો ભગવાનની સેવામાં રહે છે. જેમ ભગવાન સ્વતંત્ર છે તેમ એ પણ સ્વતંત્ર થાય છે. આને તુલ્યપણું કહ્યું છે.

**૩૭૪ ઈન્દ્રિયોના દેવતા : બુદ્ધિમાં નિશ્ચયની વિગતિ કરનારા એટલે કે દેવતા = બ્રહ્મા. ॥**

**મનમાં** નિશ્ચયની... દેવતા = ચંદ્રમાં ॥ **ચિત્તમાં**... દેવતા = વાસુદેવ ॥ **અહંકારમાં**... દેવતા = રૂદ્ર ॥ એવી રીતે દશે ઈન્દ્રિયોમાં પણ વિગતિના કરનારા દેવતા અલગ અલગ છે. ॥ આ બધાંને જીવ એકકળાવચ્છિન્ન જાણે છે. બુદ્ધિ નખશિખા પર્યંત દેહમાં વ્યાપી રહી છે. ને બુદ્ધિને વીશે જીવ રહ્યો છે પણ તે જીવ જણાનો નથી. એકલી બુદ્ધિ જણાય છે. જેમ દેહમાં જીવ રહ્યો છે ને જીવમાં ભગવાન રહ્યા છે પણ જણાતા નથી તેમ.

**૩૭૫ ભક્તનો મહિમા :**

મહારાજ કહે છે કે ભગવાનના ભક્ત વિના તો અમારે ચૌદ લોકની સંપત્તિ તે તણખલા જેવી છે. અમે તો જે મન - કર્મ - વચને પરમેશ્વરના ભક્ત છે

તેને અર્થે અમારો દેહ પણ શ્રીકૃષ્ણાર્પણ કરી રાખ્યો છે, અમારે તો સર્વ પ્રકારે ભગવાનના ભક્ત સંગાથે સંબંધ છે. (શ્રીકૃષ્ણાર્પણ એટલે એવા ભક્તને પોતાની મૂર્તિને વિષે રાખે છે, એમ દેહ / મૂર્તિ અર્પણ કરી છે.

**૩૭૬ ગુણાતીત એટલે શું ?**

ત્રણ ગુણ રજ - તમ - સત્વથી પર જે માયાથી પર હોય તે સર્વેને ગુણાતીત કહેવાય છે. ગુણાતીત શબ્દ એ વિશેષણ છે. મૂળપુરુષ તથા તેની ઉપરના બધા તથા તેમના મુક્તોને પણ ગુણાતીત કહેવાય.

**૩૭૭ ભગવાનનું નિર્ગુણપણું :**

ભગવાનનું નિર્ગુણ સ્વરૂપ છે તે તો સૂક્ષ્મ થકી પણ અતિ સૂક્ષ્મ છે અને પૃથ્વીથી લઈને અક્ષર સુધી બધાનું આત્મ છે અને એ સર્વે ભગવાનનું સ્વરૂપ છે. ભગવાન સર્વના આત્મા છે તોપણ અક્ષરપર્યંત કોઈ ભગવાન જેવા સમર્થ થઈ શકતા નથી. ભગવાનનું અતિશે સૂક્ષ્મપણું, અતિશે નિર્લેપપણું, અતિશે શુદ્ધ પણું, અતિશે અસંગીપણું, અતિશે પ્રકાશેયુક્તપણું ને અતિશે ઐશ્વર્યેયુક્તપણું તે એ ભગવાનની મૂર્તિને વિષે નિર્ગુણપણું છે.

**ભગવાનનું સગુણપણું :**

ભગવાનની મોટાઈ આગળ અષ્ટ આવરણે યુક્ત જે અનંતકોટી બ્રહ્માંડ તે અણુની પેઠે અતિ સૂક્ષ્મ ભાસે છે. બ્રહ્માંડ કંઈ નાના થઈ ગયા નથી. એ તો ભગવાાનની મોટપ આગળ નાના જણાય છે. એવી રીતે ભગવાનની મૂર્તિને વિષે જે અતિશે મોટાઈ તે ભગવાનનું સગુણપણું છે.

ભગવાનનું સદાય મૂળ સ્વરૂપ તો મનુષ્યકારે જ છે. નિર્ગુણપણું ને સગુણપણું એ તો એ મૂર્તિનું કોઈક અલૌલિક ઐશ્વર્ય છે. ભગવાન પોતાની ઈચ્છાએ કરીને પોતામાંથી નિર્ગુણ ને સગુણ રૂપ જે ઐશ્વર્ય તેને પ્રગટ કરીને પાછું પોતાને વિષે લીન કરે છે. એવા જે ભગવાન મનુષ્ય જેવા જણાતા હોય પણ તેના મહિમાનો કોઈ પાર પામતા નથી. એવી રીતે ભગવાનની મૂર્તિમાં નિર્ગુણપણું ને સગુણપણું જે ભક્ત સમજે તેને કાળ,

કર્મ ને માયા બંધન કરવાને સમર્થ થાતા નથી અને તેને આઠે પહોર અંતરમાં આનંદ રહ્યા કરે છે.

૩૭૮ **વાણી દોષ : સારી વાત કરતો હોય તોપણ તેની વાત ન સાંભળીએ એવો એની વાણીમાં શો દોષ જાણવો ?**
મહારાજ પૂછે છે ને પોતે જ ઉત્તર કરે છે. વાત કરવામાં પોતાને વિષે જે ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય ધર્મ તેની જ અહંકારે કરીને સરસાઈ દેખાડે ને બીજા સંતમાં જે ભક્તિ, જ્ઞાન આદિક ગુણ તેની ન્યૂનતા દેખાડે, એવો જેની વાણીમાં દોષ હોય તેની વાત ન સાંભળવી.

૩૭૯ ધર્મ ને નિશ્ચય બેય હોય પણ હિંમત રહિત વાત કરતો હોય તેનો ત્યાગ કરવો. - મહારાજ.

૩૮૦ સર્વથી સરસ વર્તવારૂપ ગુણનો ત્યાગ કરીને બરોબર વર્તવું - મહારાજ.

૩૮૧ જ્યારે શ્રીજીમહારાજ જીવને કૃપા કરીને દિવ્યદેહ આપે ત્યારે તે પોતાને, મૂળપુરુષને. અક્ષરને તથા શ્રીજીમહારાજને પૃથકપણે દેખે છે અને એ સર્વેના પ્રકાશને પણ વિલક્ષપણે (જુદો જુદો) દેખે છે. દિવ્યદેહ બંધાય એટલે મૂર્તિમાન થાય ત્યારે તેને આવરણ રહેતું નથી તેથી તે સર્વને તેના ધામોને વિષે શ્રીજીમહારાજની પેઠે જ દેખે છે.

૩૮૨ **ભગવાનની પ્રાપ્તિ માટે જે અનંત સાધન કરવાના કહ્યા છે એમાં એક એવું મોટું કિયું સાધન છે જેણે કરીને સર્વ દોષ ટળી જાય ને તેમાં સર્વે ગુણ આવે ?**
મહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ હોય તેના દોષ માત્ર ટળી જાય છે ને જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ ન હોય તો પણ તે સર્વે આવે છે.

૩૮૩ ઈશ્વરકોટી, બ્રહ્મકોટી ને અક્ષરકોટી તે દિવ્ય, સજાતિ ને ચૈતન્ય છે. (ઈશ્વરકોટી = મૂળપુરુષ / કૃષ્ણો)

૩૮૪ જ્યાં સુધી સારા ને નરસા એ બે વિષય તુલ્ય ન જણાય ત્યાં સુધી એ ભક્ત સાધનદશામાં કહેવાય અને જ્યારે તુલ્ય ભાસે ત્યારે સિદ્ધદશાને પામ્યો જાણવો. વેદ, શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ એ સર્વે ગ્રંથોનો એ જ ગલિતાર્થ છે કે જ્યારે વિષયમાંથી આસક્તિ મૂકીને સિદ્ધદશાને પામે છે ત્યારે એને કૃતાર્થ થયો જાણવો. ભગવાનના ભક્તો આસક્તિ ટાળવા આકરા થઈને અકળાઈ જવું નહિ. હિંમત રાખીને ધીરે ધીરે મોહનું મૂળ ઉખાડ્યાનો આદર રાખવો. - મહારાજ

૩૮૫ **બ્રહ્મજ્ઞાન : બ્રહ્મજ્ઞાનમાં આવી રીતે અવળું સમજાય છે :**
જે બ્રહ્મ છે તે જ પ્રકૃતિપુરુષરૂપે, પછી બ્રહ્મા, વિષ્ણુ, શિવરૂપ ને પછી તે જ બ્રહ્મ સ્થાવર - જંગમરૂપે થાય છે અને તે સ્થાવર - જંગમરૂપ જે આકાર તેને વિષે રહ્યા જે જીવ તે રૂપે પણ બ્રહ્મ થાય છે, એવી રીતે અવળું સમજીને પછી પોતાના જીવને પણ ભગવાન જાણે છે. એમ સમજનારાને ઉપાસનાનો ભંગ થયો ને એ ભગવાનના માર્ગ થકી પડ્યો. એવી રીતે એમાં એ મોટું વિઘ્ન છે, કાં જે સમજી સમજીને સર્વના કારણ ને સર્વના સ્વામી એવા જે ભગવાન તેનું જ ખંડન થયું. એવું સમજનાર કલ્યાણના માર્ગથી પડી જાય છે. ॥ તો **બ્રહ્મજ્ઞાનના માર્ગમાં કેમ સમજવું ?** બ્રહ્મ છે તે તો નિર્વિકાર છે, એ વિકારને પામે નહિ અને નિરંશ (નિઃ ≠ અંશ) છે માટે એના અંશ (ભાગ/ટૂકડા) પણ થાય નહિ, બ્રહ્મને જે સર્વરૂપે કહે છે તેનું તો એમ છે જે, એ બ્રહ્મ પ્રકૃતિપુરુષ આદિક સર્વેનું કારણ ને આધાર છે, માટે જે કારણ અને આધાર હોય તે કાર્ય થકી પૃથક હોય નહિ, એ સમજણને લઈને શાસ્ત્ર એ બ્રહ્મને સર્વરૂપ કહે છે પણ એ બ્રહ્મ જ વિકાર પામીને ચરાચર જીવરૂપે થઈ ગયું એમ ન સમજવું એ બ્રહ્મ થકી પરબ્રહ્મ જે પુરુષોત્તમ નારાયણ તે નોખા (શરીર - શરીરી, આધાર - આધેય ને કાર્ય - કારણ ભાવે નોખા) છે ને એ બ્રહ્મના પણ કારણ ને આધાર છે ને પ્રેરક છે, એમ સમજીને પોતાના જીવાત્માની એ

બ્રહ્મ સાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામી - સેવક ભાવે ઉપાસના કરવી. એવી રીતે સમજીને કરવામાં આવે તો બ્રહ્મજ્ઞાન છે તે પણ પરમપદને પામ્યાનો નિર્વિઘ્ન માર્ગ છે. - મહારાજ

**બ્રહ્મજ્ઞાનીનો માર્ગ કેવો છે ? મહિમા : સાકાર : નિરાકાર :**

અનાદિમુક્તો મૂર્તિમાં રહ્યા છે તેમનાથી પણ શ્રીજીમહારાજનો મહિમા પૂરો કહેવાય તેમ નથી. માટે શાસ્ત્રની સાખ ન લેવી કેમ કે મુક્ત તો દેખીને કહે છે. મૂર્તિ વિના તેજ નથી. બ્રહ્મજ્ઞાનીનો માર્ગ ખોટો છે ને તે નરકમાં પડે છે. મહારાજ ને મુક્ત અહીં દર્શન આપીને પોતાને આશરો કરાવે છે ને મહિમા સમજાવે છે ત્યારે જીવનું કલ્યાણ થાય છે પણ પ્રકાશ આવીને કોઈને ઉપદેશ કરતો નથી; માટે તેજથી કલ્યાણ ન થાય. મહારાજ ને મુક્ત સદા દિવ્ય ને સાકાર છે તે કલ્યાણ કરે છે.

**૩૮૬ કોઈ એવો આપત્કાળ આવી પડે જે ભક્તિ રાખવા જાય તો ધર્મ જાય અને ધર્મ રાખવા જાય તો ભક્તિ જાય ત્યારે કેને રાખવો ને કેનો ત્યાગ કરવો ? શું કરવું ?**

પ્રગટ ભગવાન મળ્યા હોય ત્યારે તો ભગવાન જે રાખ્યે રાજી હોય એ રાખવું પણ પરોક્ષ હોય ત્યારે તો ભગવાનનું અખંડ ચિંતવન કરવું તો ભગવાનના માર્ગ થકી પડાય નહિ. - મહારાજ.

**૩૮૭ ભગવાનની મૂર્તિનું અખંડ ચિંતવન કોને થાય ?**

જેને ભગવાનના સ્વરૂપનું માહાત્મ્ય તથા શ્રદ્ધા હોય તેને અખંડ ચિંતવન થાય. માહાત્મ્ય એમ જાણવું જે ભગવાન પ્રકૃતિપુરુષ થકી પર છે તેવા ને તેવા જ પ્રકૃતિપુરુષમાં અને પ્રકૃતિપુરુષનું કાર્ય જે બ્રહ્માંડ તેને વિષે આવ્યા છે તોપણ તેવા ને તેવા પ્રતાપે યુક્ત છે પણ તેમને કોઈ રીતે માયાનો લેશ અડતો નથી. તે મનુષ્ય જેવા જણાતા હોય તોપણ એને માયિક પદાર્થ બાધ કરવા સમર્થ થાય નહિ અને ગમે તેવા વિષયમાં તે કોઈ દિવસ લોપાય નહિ, એવું તેમનું અલૌકિક સામર્થ્ય છે, એમ માહાત્મ્ય જાણે તેને અખંડ

ચિંતવન થાય. જ્યાં સુધી વિષયનો લીધો લેવાય ત્યાં સુધી એ ભક્તે ભગવાનનો અલૌકિક મહિમા જાણ્યો નથી. જેને મહિમા સમજાય છે તેને રાજ્ય હોય ભીખ માગી ખાય તે બેય સરખું વર્તે છે અને બાળક સ્ત્રી, સોળ વરસની સ્ત્રી ને એંશી વર્ષની સ્ત્રીમાં સરખો ભાવ વર્તે છે. સંસારમાં સારા - નરસા પદાર્થમાં સરખી ભાવના રહે છે પણ સારા પદાર્થમાં પતંગિયાની પેઠે અંજાઈ જાય નહિ ને ભગવાન વિના બીજા પદાર્થમાં લોભાય નહિ, એક ભગવાનની મૂર્તિમાં જ લોભાય. એવો ભક્ત હોય તો તે ગમે તેવા મોટા વિષયમાં બંધાય નહિ અને જો એવો મર્મ ન સમજાણો હોય તો ફાટેલ ગોદડી તથા તુંબડીમાંથી પણ મનને ઉખેડવું મુશ્કેલ છે, માટે આવી રીતે ભગવાનની મૂર્તિનું માહાત્મ્ય જાણ્યા વિના બીજા કોટી સાધન કરવાથી પણ મૂર્તિનું અખંડ ચિંતવન થાતું નથી. જે ભગવાનના સ્વરૂપનો મહિમા જાણે છે તેને જ અખંડ ચિંતવન થાય છે. હમણા મનુષ્યભાવે સહિત મહિમા જાણ્યો છે પણ દિવ્યભાવે સહિત નહિ, તેથી અખંડ ચિંતવન થતું નથી. - મહારાજ

**૩૮૮ ધર્મમાંથી ક્યારે ન પડાય ને મોક્ષને પમાય ?**

મહારાજ કહે છે કે અમારું સ્વામિનારાયણ એવું નામ એકવાર લીધું હોય તો સર્વ પાપ બળીને ભસ્મ થઈ જાય એવું અતિશે માહાત્મ્ય જાણતો હોય તે એમ વિચારે જે હું કામ આદિક વિષયમાં પ્રવર્તીશ તો મારે મહારાજના ચિંતવનમાં વિક્ષેપ થશે તેથી એકાંતિક નહિ થવાય. એમ ડરતો રહે તો ધર્મમાંથી પડાય નહિ મોક્ષને પમાય.

**૩૮૯ યોગયજ્ઞ કોને કહેવાય ? તેનું ફળ શું ?**

દશ ઈન્દ્રિયો ને અગિયારમું મન જે જે વિષયમાં ચોટે ત્યાંથી પાછા વાળીને બ્રહ્મઅગ્નિને વિષે હોમવા, આત્માને વિષે રાખવા તે યોગયજ્ઞ છે. આત્મામાં મૂર્તિ દેખાય તે યોગયજ્ઞનું ફળ છે.

**યોગવિદ્યા : પ્રણાયામ :**

ભગવાનનું ધ્યાન કરવું એ ખરો યોગ છે. પ્રાણ ખેંચાઈને મૂર્તિમાં જોડાઈ જાય એ ખરો પ્રાણાયામ યોગ એટલે જોડાવું.

૩૯૦ **શિક્ષાપત્રી રહસ્યાર્થ ભાગ - ૧ માં :**

બ્રહ્મા, વિષ્ણુ, મહેશ (શિવ/શંકર) વૈરાજનારાયણમાંથી ઉત્પન્ન થયેલા છે. બ્રહ્મા નાભિમાંથી, વિષ્ણુ હૃદયમાંથી, અને શંકર લલાટમાંથી ઉત્પન્ન થયેલા છે. ॥ અંશકળા અવતાર એટલે જેમાં મહારાજની સત્તા વ્યાપી રહી છે એવા અનેક અવતાર ॥ કૃષ્ણની પત્ની મૂળમાયા. તેના દ્વારા પ્રધાનપુરુષોની અનંત કોટીઓ સર્જે છે. ॥ મહારાજ સત્સંગીજીવનમાં કહે છે કે પ્રાયશ્ચિત કરવાથી પણ તીર્થમાં કરેલા પાપથી શુદ્ધ થવાતું નથી. પારકાની નિંદાથી અને પોતાના મુખે પોતાની પ્રશંસા કરવાથી પોતાના પૂણ્યનો નાશ થાય છે. - વ્યાસજી.

૩૯૧ **દર્શન તો જેના તેજરૂપ થાય તેનું જ થાય**

માટે આપણે તો મહારાજના તેજરૂપ બ્રહ્મ સાથે એકતા કરવી. મૂળઅક્ષર આદિકના તેજ કે મૂર્તિ સાથે એકતા કરવાથી મહારાજનું દર્શન થતું નથી. મહારાજના તેજને વિષે એકતા કરવાથી મહારાજ ને ભક્ત વચ્ચે આવરણ રહેતું નથી ને મહારાજનું દર્શન થાય છે, જેમ સૂર્યનો પ્રકાશ નેત્રમાં આવે છે તેણે કરીને સૂર્યનું દર્શન થાય છે પણ ચંદ્રનો પ્રકાશ નેત્રમાં આવે તો સૂર્ય ન દેખાય તેમ મહારાજના તેજને ને ભક્તના ચૈતન્યને એકતા થાય ત્યારે જ મહારાજનું દર્શન ને સમીપપણું થાય છે. માટે મહારાજના તેજ સાથે એકતા કરવી.

૩૯૨ **મ.૩૧ માં એમ કહ્યું છે કે વૈરાજપુરુષને એનો બાપ જે પુરુષ જાળવે છે. એટલે શું સમજવું ?**

વૈરાજપુરુષની સો વરસની આયુષ્ય પૂરી થાય છે ત્યારે તેના કાર્યનો તથા પંચભૂતનો તથા અહંકાર, મહતત્ત્વ એ સર્વેનો નાશ થાય છે. (કારણકે

તેનો દેહ મહતત્ત્વમાંથી ઉત્પન્ન થયેલ અહંકાર ને અહંકારમાંથી ઉત્પન્ન થયે ૨૪ તત્વમાંથી ઉત્પન્ન થયેલો છે. (૨૪ તત્વ = પંચભૂત + પંચવિષય + ૧૦ ઈન્દ્રિયો + ૪ અંતઃકરણ). તે વખતે પ્રધાનપુરુષની સાંજ પડે છે, ત્યારે પ્રધાનપુરુષ વૈરાજપુરુષને પોતાના લોકમાં રાખે છે અને સૃષ્ટિ સમે પ્રધાન દ્વારે ઉપજાવે છે. એના સ્થાનમાં રાખે છે એટલે જાળવે છે એમ સમજવું.

૩૯૩ આત્મનિષ્ઠા વૈરાગ્ય ને ધર્મ ભગવાનની ભક્તિના સહાયરૂપ ઉપકરણ છે. ભક્તિ વિના એકલો વૈરાગ્ય. આત્મનિષ્ઠા તથા ધર્મ તે જીવને માયા તર્યાનું સાધન નથી. અતિશે આત્મનિષ્ઠા ને વૈરાગ્ય ન હોય ને એકલી ભક્તિ હોય તોપણ એ જીવનું કલ્યાણ થાય ને માયાને તરે. ભક્ત દેહને મેલીને નીસરે છે ત્યારે આત્મનિષ્ઠા ને વૈરાગ્યને ભગવાન પોતે જ જીવને વિષે પ્રવેશ કરાવે છે, તેથી અંત સમે દેહ-ગેહ આદિકમાં પ્રીતિ રહી ગઈ હોય તે ટળી જાય છે.

૩૯૪ સંતને કોઈ સારું પદાર્થ આપે તેમાં જે ઈર્ષ્યા કરે તથા પંચવિષયનો લાલચી હોય એ બે તો પંચ મહાપાપીથી પણ અતિ ભૂંડા છે.

૩૯૫ મહારાજ કહે છે કે અમારી આ પ્રત્યક્ષ મૂર્તિ ને બીજા માયિક આકારમાં ઘણો ફેર છે, પણ અજ્ઞાની ને અતિશે મૂર્ખ છે તે અમને ને માયિક આકારને સરખા જાણે છે. માયિક આકારના જોનારા ને ચિંતવન કરનાર અનંત કોટી કલ્પ સુધી નરક ચોરાશીમાં ભમે છે. અમારા સ્વરૂપનું દર્શન ને ચિંતવન કરનાર કાળ, કર્મ ને માયાના બંધનથી છૂટીને અભયપદને પામે છે, અમારા મુક્ત થાય છે.

૩૯૬ મહારાજ કહે છે કે અમારી વૈરાજની આયુષ્યમાં ફેર આવવાનું નિમિત્ત તો નથી પણ કોઈક કારણ ઉત્પન્ન કરીને પણ સંતના મધ્યમાં એટલે સત્પુરુષરૂપે ફેર જન્મ ધરવો એમ ઈચ્છીએ છીએ.

**૩૯૭ શ્રીજીમહારાજને પ્રગટ થવાના છ હેતુ :**

(૧) એકાંતિક ભક્તોને સુખ આપવા, તેમના મનોરથ પૂર્ણ કરવા અને તેમને લાડ લડાવા ॥ (૨) ભક્તિ તથા ધર્મની પ્રવૃત્તિ કરવી અને અધર્મી તથા અસુરોથી ભક્તોનું રક્ષણ કરવું ॥ (૩) પોતાનું સર્વોપરી જ્ઞાન તથા ઉપાસના પ્રવર્તાવવી અને જીવોને પોતાના મુક્ત ભેળા ભેળવવા ॥ (૪) પોતાના અવતારો તથા અવતતારોના ભક્તોને પૃથ્વીને વિષે મનુષ્યરૂપ ધરાવીને પોતાનું જ્ઞાન તથા ઉપાસના સમજાવીને પોતાના ધામમાં લઈ જવા ॥ (૫) એકાંતિક ધર્મ સ્થાપન કરવો. દુષ્ટજનનો નાશ કરવો તથા સત્પુરુષનું રક્ષણ કરવું ॥ (૬) મુમુક્ષુને મુક્ત કરવા, નવા મુમુક્ષુ કરીને તેમનો આત્યંતતિક મોક્ષ કરવો.

૩૯૮ મહારાજ કહે છે કે જે વિક્ષેપ સ્વપ્નમાં આવતો હોય તે જ વિક્ષેપ ચૈતન્યમાં પેઠો છે એમ જાણવું. બહારલો વિક્ષેપ કોઈ દિવસ સ્વપ્નમાં દેખાતો જ નથી. ચૈતન્યમાં પેઠો હોય તે તો ત્રણેય અવસ્થામાં જણાય છે.

૩૯૯ મહારાજ કહે, “ઈન્દ્રિયો, અંતઃકરણ ને જીવ એકાગ્ર થઈને અમારા ભજનમાં ઘડી-બે ઘડી જોડાય તો સંસારની વિટંબણામાં થયેલા યોગ્ય - અયોગ્ય સર્વ પાપ (પ્રાયશ્ચિત કરવાના હોય તે સિવાયના - જેવા કે ખેતીમાં, વેપારમાં જીવજંતુ મરે, વર્તમાન બહાર સંકલ્પ થઈ જાય એવા) બળી જાય.”

**૪૦૦ કલ્યાણ કેવી રીતે થાય ?**

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ એ ચાર સાધને કરીને અમારી પ્રસન્નતા થાય છે ને કલ્યાણ અમારે આશ્રયે (આશરાએ) કરીને જ થાય છે. - મહારાજ ॥ “મારો મૂકીને આશરો; જે વિષય સુખને વાંછશે, તે સુખ નહિ પામે સ્વપને; સામું પડ્યા દુઃખમાં પચશે.” - સદ્. નિષ્કુળાનંદસ્વામી.

૪૦૧ જેને ભગવાનના મનુષ્ય સ્વરૂપને વિષે દિવ્યભાવ સમજવામાં ખામી રહે તેને જન્મ ધરીને એ અજ્ઞાન ટાળવાનું રહે. જેને દિવ્યભાવ થયેલો હોય પણ પંચવિષય સંબંધી સંકલ્પ થતા હોય તેને મહારાજ સહાય કરે છે કારણકે તે સ્થૂળ દેહે પંચવર્તમાન પાળે છે ને વાસના ટાળ્યાના ઉપાયમાં મંડ્યો છે તેવામાં દેહ પડી જાય તો તેની ભગવાન રક્ષા કરે છે.

૪૦૨ વિષ્ણુથી લઈને વૈરાજપુરુષ, પ્રધાનપુરુષ, મૂળપુરુષ, નરનારાયણ, વાસુદેવબ્રહ્મ, મૂળઅક્ષર એ સર્વેનને નારાયણ કહેવાય, એ સર્વેના સ્વામી શ્રીજીમહારાજ છે. માટે તેમને સ્વામિનારાયણ કહેવાય છે.

૪૦૩ જેના ઉપર મોટા પુરુષનો કોપ થાય (દ્રોહ કરે તો કોપ થાય) તે જીવ આસુરી થઈ જાય છે, જે ઉપર રાજી થાય તે દૈવી થઈ જાય છે. પણ બીજું દૈવી-આસુરી થવાનું કારણ નથી. માટે કલ્યાણને ઈચ્છવું તેણે મોટા પુરુષનો દ્રોહ કરવો નહિ.

૪૦૪ મહારાજ કહે, "અમારે મોટા માણસ સાથે ઝાઝું બને નહિ, શા માટે ? એને રાજ્યનો ને ધનનો મદ હોય અને અમારે ત્યાગ ને ભક્તિનો મદ હોય, માટે કોઈ કેને નમી દે એવું કામ નથી. માનો કે કોઈ મોટા માણસને સમાધિ કરાવીએ કે ચમત્કાર જણાવીએ તો કોઈક ગામ-ગરાસ આપે તેની અમારા હૈયામાં લાલચ નથી. ગામ-ગરાસ તો સુખને માટે ઈચ્છીએ, અમારે તો નેત્ર મીંચીને ભગવાનની મૂર્તિનું ચિંતવન કરીએ તેમાં જેવું સુખ છે તેવું ચૌદ લોકના રાજ્યને વિષે પણ નથી. જો ભજન જેવું રાજ્યને વિષે સુખ હોય તો સ્વાયંભૂમનું આદિક મોટા મોટા રાજા રાજ્ય મૂકીને વનમાં તપ કરવા શું કામ જાય ? સ્ત્રીને વિષે સુખ હોય તો ચિત્રકેતુ રાજા કરોડ સ્ત્રીઓને શા સારું મૂકે ? ભગવાનના ભજનના સુખ આગળ ચૌદ લોકનું સુખ નરક જેવું છે. માટે પરમેશ્વરનું ભજન - સ્મરણ કરતા થકા જેને સહેજે સત્સંગ થાય તેને કરાવીએ છીએ પણ કોઈ વાતનો અંતરમાં આગ્રહ નથી. આગ્રહ તો કેવળ ભજનનો ને ભક્તનો સત્સંગ રાખ્યાનો છે. આ અમારા અંતરનો રહસ્ય અભિપ્રાય છે."

**૪૦૫ કોઈ પ્રકારનો આગ્રહ ન રાખવો, એમ કહ્યું તે શું સમજવું ?**

જેને ધ્યાને કરીને મૂર્તિ સિદ્ધ કરવી હોય તેણે તે મૂર્તિનું અનુસંધાન ભૂલી જવાય એવો આગ્રહ ન કરવો, મૂર્તિનું અનુસંધાન રાખીને સત્સંગ કરાવવો, ધર્મની જ્ઞાનની વૈરાગ્યની, પંચવર્તમાનની, ધ્યાન - ઉપાસનાની વાતો કરવી.

**૪૦૬ જિતેન્દ્રિય પુરુષ કોને કહેવાય ?**

માયિક પંચવિષયને દુ:ખદાયી જાણીને જેને એનો મનમાંથી અતિશે અભાવ થઈ જાય તેને. વિમુખ જીવની પેઠે તે પંચવિષયમાં આસક્ત થાય નહિ.

**૪૦૭ નિયમ કોને જાણવા ?**

સત્સંગીજીવન, શિક્ષાપત્રી ધર્મામૃત, નિષ્કામશુદ્ધિ, નારાયણગીતા, હરિગીતા આદિકમાં જે જે કરવાનું કહ્યું છે તે નિયમ જાણવા.

૪૦૮ મહારાજ કહે છે કે અમારા જેવો થાવા કોઈ સમર્થ નથી ને અક્ષર પર્યંત સર્વ અમારા સેવક છે ને અમે સ્વામી છીએ. તથા પં.૨ માં કહ્યું છે કે પ્રવૃત્તિપુરુષ આદિક અમારા ભક્ત છે. માટે ભગવાન તો એક શ્રીજીમહારાજ જ છે. નાના - મોટા સર્વ અવતારો તથા મુક્ત તે સર્વે શ્રીજીમહારાજના ભક્ત છે.

**૪૦૯ ધર્મ, અર્થ, કામ ને મોક્ષનું રૂપ શું છે ? ॥**

(૧) **ધર્મનું રૂપ :** એ જે ધન ધર્મને અર્થે સત્સંગમાં જ વાપરે પણ કુમાર્ગે ક્યાંય ન વાપરે. ॥ (૨) **અર્થનું રૂપ :** જે જેણે કરીને ધન ભેળું કરવું અથવા મોક્ષ સંબંધી પોતાનો અર્થ સાધવો. ॥ (૩) **કામનું રૂપ :** જે એક પરણેલ સ્ત્રી ને તેનો પણ ઋતુકાળે સંગ કરે અને જગતની બીજી સ્ત્રીઓને મા, બહેન, દીકરી તુલ્ય જાણીને ત્યાગ રાખે. ॥ (૪) **મોક્ષનું રૂપ :** જે સત્સંગ સંબંધ સર્વે વર્તમાનને ખબડદાર થઈને રાખે ને ભગવાનનો અચળ નિશ્ચય રાખે. ॥

**૪૧૦ દુષ્ટ વાસના ટાળવાનો ઉપાય શું છે ?**

(૧) વર્તમાનથી બહાર સંકલ્પ થાય તથા કોઈ સંતહરિભક્તના અભાવનો સંકલ્પ થાય ત્યારે સ્વામિનારાયણ - સ્વામિનારાયણ વારંવાર પોકારીને નામ ઉચ્ચારણ કરવું. ॥ (૨) માહાત્મ્યે ને ધર્મે સહિત નવ પ્રકારની ભક્તિ કરવી; પછી ભગવાન તેના હૃદયમાં વાસ કરીને દુષ્ટ વાસનાનો નાશ કરે છે.

**૪૧૧ બીજે હેત રહેવાનું કારણ શું છે ?**

મહારાજ કહે, ‘‘આ પ્રત્યક્ષ મનુષ્યરૂપે દેખાતા અમે તેમાં દિવ્યભાવ નથી આવતો, ને આ મૂર્તિ અને અક્ષરધામમાં મૂર્તિ તે એક જ છે એમ સમજાતું નથી, એ જ અમારા વિના બીજે હેત રહેવાનું કારણ છે. જો પરોક્ષના જેવી જ પ્રત્યક્ષને વિષે પ્રતીતિ આવે તો છતે દેહે જ મોક્ષ પામી રહ્યો છે.’’

**૪૧૨ કામ-ક્રોધ આદિક શત્રુ ક્યારે પરાભવ ન કરી શકે ?**

ભગવાન ને સંતને જ સુખદાયી જાણે, સંતને વિષે આત્મબુદ્ધિ રાખે, ભક્તનો પક્ષ રાખે, ભક્ત જેવું બીજું કોઈ વહાલું રાખે નહિ ને તેમનો અભાવ આવવા દે નહિ ત્યારે. - મહારાજ

**૪૧૩ ભગવાન પોતાના ઉદ્દ્શે કરીને અતિ દ્રઢ ભક્તે કેમ સમજવું તે કહે છે. મહારાજ કહે છે,**

‘‘અમારે તો ગમે તેવું સુખ-દુઃખ આવે તથા સંતપ્ - વિપત્ આવે તેમાં ભગવાનની અતિશે મોટપ જાણતતા હોવાથી આ સંસારમાં મોટા રાજાની રાજ્ય લક્ષ્મી જોઈને લેશ માત્ર પણ તેનો અંતરમાં ભાર આવતો નથી; અને એમ સમજીએ છીએ કે આપણ તો ભગવાનથી કાંઈ અધિક નથી, ને ગમે તેવું સુખ - દુઃખ આવે તોપણ ભગવાન સંગાથે એવી દ્રઢ પ્રીતિ કરી છે તે કોઈ રીતે ટળે જ નહિ. જીવમાં સ્વાભાવિક એવી રુચિ છે જે શહેર, મેડી કે રાજદરબાર હોય ત્યાં ગમે જ નહિ અને વન, પર્વત, નદી, ઝાડ, એકાંત ઠેકાણું હોય ત્યાં અથિશે ગમે. એકાંતમાં બેસીને ભગવાનનું ધ્યાન કરીએ તો સારું એવી સદાય રુચિ રહે છે. ભગવાન

જે ભક્તતમાં એવું દ્રઢ હેત છે કે તેને કાળ, કર્મ ને માયા ટાળી શકે નહિ, પોતાનો જીવ ટાળવા કરે તોય હૃદયમાંથી ટળે જ નહિ, એવી અતિશે પ્રીતિ છે." ભક્તે સમજવાનું એ છે કે તન, મન, ધન ભગવાનને અર્પણ કર્યું ત્યારે હવે ભગવાનની ઈચ્છા એ જ આપણું પ્રારબ્ધ છે, તે વિના બીજું કોઈ પ્રારબ્ધ નથી. તેમની ઈચ્છાથી ગમે તેવું સુખ - દુઃખ આવે તેમાં કોઈ રીતે અકળાઈ જવું નહિ. જેમ રાખે તેમ રાજી રહેવું.

૪૧૪ **ભૂંડા કર્મ** = મહારાજની આજ્ઞા વિરુદ્ધ આચરણ થાય તે. ॥ **શુભ કર્મ** = આજ્ઞા પ્રમાણે વર્તવું તે.

૪૧૫ **ભગવતમાં અઢાર હજાર ૧૮૦૦૦ શ્લોક છે તેમાં કલ્યાણને અર્થે ક્યા બે શ્લોક મહારાજે કહ્યા છે ?**

(૧) प्रसंग मजरं पाश..... જીવને દેહગેહને વિષે જેવો પ્રસંગ છે તેવો જ ભગવાન ને સંત / મુક્તનો દ્રઢ પ્રસંગ થાય. ભગવાનના સંબંધે સહિત જે ધર્મ હોય તે ભાગવત ધર્મ છે. તેનું પોષણ મુક્તને પ્રસંગે કરીને થાય છે. સત્પુરુષનો પ્રસંગ રાખે તો સ્થૂળ દેહે નિયમમાં ફેર પડે નહિ ને મનમાં ખોટા ઘાટ પણ થાય નહિ. તેમના પ્રસંગથી તેમના ગુણ આવે છે. ॥ (૨) यस्यत्मबुद्धि..... દેહના સગા - સંબંધીમાં છે તેવી આત્મબુદ્ધિ ભગવાન તથા સંત / મુક્તને વિષે થાય.

૪૧૬ **મનન ને નિદિધ્યાસ :**

આત્માના સ્વરૂપની ને ભગવાનના સ્વરૂપની વાર્તા સાંભળીને તેનું મનન ને નિદિધ્યાસ કરે તો તેનો સાક્ષાત્કાર થાય ને સમાધિએ કરીને તથા દેહ મૂક્યા પછી એ બેનો અનુભવ અને આનંદ થાય તેવો જ થાય. માટે એ બેની વાર્તા સાંભળીને એનું મનન ને નિદિધ્યાસ કરવો. - મહારાજ (છે.૨૭). કેવળ આત્મા ને મહારાજના સુખની વાત કરવાથી સુખ આવતું નથી, મનન ને નિદિધ્યાસ કરવા જરૂરી છે.

**૪૧૭ કઈ પાંચ વાતનું નિરંતર અનુસંધાન રાખવાનું કહ્યું છે ? ॥**

(૧) સુખ-દુઃખ, રાજીપો - કુરાજીપો સર્વે ક્રિયામાં નિશ્ચે એમ જાણવું કે આ ઘડી, આ ક્ષણમાં આ દેહને મૂકીને જરૂર મરી જાવું છે તેનો વિલંબ નથી, એવો વૈરાગ્ય રાખવો. ॥ (૨) આપણે મરશું તેમાં આટલું કામ તો કર્યું ને આટલું બાકી છે તે કરવું છે એવું નિરંતર અનુસંધાન રાખવું. એટલે કે શ્રીજીમહારાજને વિષે પ્રીતિ કરીને મૂર્તિનો સાક્ષાત્કાર કરવો તેમાં બાકી હોય તે બાકી જાણવું. ॥ (૩) પંચવિષયની વાસના રખે ન ટળી હોય એમ અણવિશ્વાસનું નિરંત અનુસંધાન રાખવું. ॥ (૪) સદ્. મુક્તાનંદસ્વામી જેવા મોટા સંતને ઓળખીને એમનો સમાગમ કરવો ને ભગવાન વિના સર્વે વાસના ટાળી નાખવી. ॥ (૫) મરી તો સર્વેને જાવું છે પણ ભક્તિ કરવી એ જ જીવ્યાનો મોટો લાભ છે. - મહારાજ

**૪૧૮ "હરિ મેરે હારલકી લકરી" અને "યમુના કે તીર ઠાડો" એ કીર્તનનો ભાવ શુ છે ?**

પહેલામાં જેમ હારલ પક્ષી લાકડી પકડી રાખે છે તેમ મૂર્તિને ત્રણે અવસ્થામાં ક્ષણવાર પણ દ્રષ્ટિથી છેટે મૂકવી નહિ એમ સન્મુખ મૂર્તિ ધારવાનો ભાવ છે. બીજામાં યમુના કે તીર એટલે સર્વથી પર અક્ષરધામ તે રૂપ ઈને તેમાં મૂર્તિ ધારીને મૂર્તિમાં જોડાઈ જવું એવો અંતર્વૃત્તિનો ભાવ છે અને એ અધિક છે.

**૪૧૯ કેવી રીતે વર્તે તો યુવાનીમાં સત્સંગ પાર પડે ?**

યુવા અવસ્થામાં આહાર ઓછો કરે ને યુક્ત આહાર - વિહાર કરે, આહાર ક્ષીણ થાય ત્યારે દેહનું બળ ક્ષીણ થાય ત્યારે જ ઈન્દ્રિયો જીતાય, તે વિના જીતાય નહિ. એવો થકો નવ પ્રકારની ભક્તિમાં પ્રીતિએ સહિત રુચિ રાખે તો સત્સંગ પાર પડે. ધીરે ધીરે આહારને ઘટાડવો તો નિયમમાં આવે ને ઈન્દ્રિયો પણ નિયમમાં આવે. ઘણાક ઉપવાસ ઠામુકા કરવા માંડે તેણે કરીને આહાર નિયમમાં ન થાય. એમ તો ઝાઝી તૃષ્ણા થાય ને મૂળગો આહાર વધે, ઉપવાસનો ખાંગો ખાય ત્યારે બમણો વાળે. માટે ધીરે ધીરે ઘટાડવો.

૪૨૦ જેને દ્રઢ ભક્તિ કરવી હોય તેણે સ્ત્રી, ધન, દેહાભિમાન ને સ્વાભાવ એ ચાર વાનમાં કાચપ રાખવી નહિ, કેમ જે સ્ત્રી - ધનનો યોગ થાય તો ભક્તિનો ઠા રહે નહિ. દેહભાવ હોય તો દેહમાં રોગ આદિ કષ્ટ થાય, અન્ન - વસ્ત્ર આદિક ન મળે અથવા કોઈક કઠણ વર્તમાન પાળવાની આજ્ઞા થાય ત્યારે તેને ભક્તિમાં ભંગ થાય, વિકળ થઈ જાય, કાંઈ વિચાર ન રહે ને ચાળા ચૂંથવા લાગે. કોઈ અયોગ્ય સ્વભાવ ઉપર સંત ટોકે ત્યારે મૂંઝાય ને સંતના સમાજમાં રહેવાય નહિ, પછી ભક્તિ ક્યાંથી રહે ? માટે એ ચારની કાચપ ધીરે ધીરે કાઢવી તો ભગવાનની નિશ્ચળ ભક્તિ થાય. આ વાર્તા આમ જ છે પણ એમાં કાંઈ સંશય નથી. - મહારાજ.

૪૨૧ **ભગવાનની મૂર્તિની ઉપાસના ને ધ્યાન વિના આત્માને દેખવો ને બ્રહ્મને દેખવું તે તો થાય જ નહિ. ઉપાસનાએ કરીને જ આત્મા ને બ્રહ્મ દેખાય, તે વિના તો દેખાય જ નહિ.**
ઉપાસના વિના દેખવાને ઈચ્છવું; તે જીભે કરીને સો વર્ષ સુધી આકાશને ચાટીએ તોપણ ક્યારેય ખારો, ખાટો સ્વાદ આવે જ નહિ; એવું છે. ઉપાસના વિના ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં ન દેખાય. નિર્બીજ એવા સાંખ્ય ને યોગ તેણે કરીને આત્માનું દર્શન શાસ્ત્રમાં કહ્યું છે તે ભલે કહ્યું પણ અમે એવો કોઈ દીઠો નથી ને અનુભવમાં પણ એ વાર્તા મળતી આવતી નથી, માટે એ વાર્તા ખોટી છે. - મહારાજ (નિર્બીજ સાંખ્યા = દેહથી આત્માને નોખો જાણવો તે. । નિર્બીજ યોગ = આત્માકારે વૃત્તિ કરવી તે.)

૪૨૨ ભગવાન જીવમાં મૂળપુરુષ દ્વારે રહ્યા છે. પ્રકૃતિ જે માયા તેના કાર્યને વિષે અન્વય - વ્યતિરેકપણું તે મૂળપુરુષનું જ છે. (મૂળપુરુષ = શ્રીકૃષ્ણ)

૪૨૩ **કર્મ ને માયા ક્યારે ઉલંઘાય ?**
માયાથી પર જે સાક્ષાત્કાર પુરુષોત્તમ ભગવાન ને ભગવાનના મળેલા સંતની જ્યારે પ્રાપ્તિ થાય છે ત્યારે કર્મ ને માયા ઉલંઘાય છે.

**૪૨૪ કારણ શરીર તે શું ? તે કેવી રીતે ટળે ?**

બાપાશ્રી કહે, "માયિક પદાર્થની વાસના તેને કારણ શરીર જાણવું. એ વજ્રસાર જેવું છે. તે શ્રીજીમહારાજના ધ્યાને કરીને ટળે છે." **મહાકારણ કોને કહેવાય ?** વિવિધ પ્રકારના ઐશ્વર્યના રાગ હોય તેને મહાકારણ કહેવાય. તે શ્રીજીમહારાજના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય ને મૂર્તિમાં આપોપું થાય ત્યારે ટળે છે. - અનાદિમુક્ત બાપાશ્રી.

**૪૨૫ અવયવ ફર્યા ક્યારે કહેવાય ?**

આ લોકમાંથી લૂખા થઈને મહારાજની મૂર્તિમાં જોડાઈ જાય ત્યારે. અંગ ફર્યું ક્યારે કહેવાય ? નિંદા - સ્તુતિ, માન - અપામાન સરખા થઈ જાય, શબ્દ ન લાગે, સ્વભાવ બદલાઈ જાય, ધ્યાન - ભજનમાં વિક્ષેપ ન થાય ત્યારે. પરમએકાંતિક ને અનાદિમુક્તનો જોગ પણ અંગ ફરે ત્યારે જ કર્યો કહેવાય. મૂર્તિમાં રાખવાના આશીર્વાદ અદ્ધરથી ઝીલ્યા હોય તો અંગ ફરી જાય. ॥ મહારાજ વીના બીજું સંભારવું એ તો ખોટી થવા જેવું છે. માટે આપણે તો એક મૂર્તિ જ રાખવી, જોયા જેવું તો એક મહારાજનું રૂપ જ છે. મહારાજની મૂર્તિ વિના ઘડી પણ રહેવું નહિ. મૂર્તિ રાખ્યા વિના સાજો જન્મારો એમને એમ નીકળી જાય પણ કામ થાય નહિ.

૪૨૬ પ્રાયશ્ચિત કરવાથી દેહની શુદ્ધિ થાય અને સેવા, માળા, ધ્યાન આદિકથી જીવની શુદ્ધિ થાય છે.

૪૨૭ જ્યારે તેજમાં મૂર્તિ દેખાય ત્યારે તે કારણ મૂર્તિ છે એમ જાણવું. તે મૂર્તિ શ્વેત છે, તેજોમય છે. તે મૂર્તિ વિના પોતાનો દેહ આદિક કાંઈ વહાલુ ન હોય ત્યારે જાણવું જે પૂરું થયું. મૂર્તિ વિના બીજું પ્રધાન જણાય એટલું અધૂરું જાણવું. અંતર્વૃત્તિએ અને સાંખ્ય વિચારે કરીને દાખડો કરતો જાય તેમ તેમ દિવ્યભાવ જણાતો જાય અને સુખ આવતું જાય, એમ કરતા કરતા જ્યારે શુદ્ધ પાત્ર થાય ત્યારે પ્રતિમાના દર્શન સાક્ષાત્કાર જેવા થાય અને સર્વે મનોરથ પૂર્ણ કરે. પછી તેની સાથે બોલે, વાતો કરે. જીવ માયાને આધિન થઈ ગયો છે, તેથી માયા પ્રધાન રહે છે ને મૂર્તિનો, સાધુનો,

ને હરિજનનો ભાર નથી આવતો, એને સુખ ક્યાંથી આવે !! મૂર્તિ અને મુક્તને ભૂલીને વિદ્યા, સાધન એ આદિકને સંભારવા એ હલરવલર કહેવાય - ત્યારે મહારાજ ને મોટા એમ જાણે જે આ બાળકિયા સ્વભાવ કરે છે.

**૪૨૮ પરિપક્વ નિશ્ચય કોને કહેવાય ?**

નિશ્ચયની વાત બહુ જબરી છે. નિશ્ચયવાળો ભક્ત ત્રિવિધિના તાપમાં ક્યાંય લેવાય નહિ. સો કાળ સામટા પડે, ખાવા અન્ન ન મળે, રાજાના માણસો કહે ચલો, પકડો બાંધો અને બાંધીને મારવા માંડે જાણે હમણા પ્રાણ જતા રહેશે, એવા ત્રિવિધ તાપના દુઃખ આવી પડે તોપણ એમ સમજે જે મહારાજની મરજી વિના કોઈ કર્તા નથી. દેહ પડવાનો થાય ત્યારે આનંદ થાય. બધા રહ્યા ને મારે જાવું પડશે એમ ન જાણે. ઉલટાનો ધામમાં ખરે ઘેર મહારાજ પાસે જવું છે એમ જાણીને રાજી થાય, તો પરિપક્વ નિશ્ચય જાણવો.

૪૨૯ અક્ષરધામમાં મુક્તને દિવસ - રાત્રિ નથી, આથમણું ઉગમણું નથી. તે સાધનકાળમાં જ છે.

**૪૩૦ કર્તાપણું :**

મહારાજનો ખરો ભક્ત હોય તે મહારાજ વિના ઔષધ, વૈદ, ચોઘડિયું, મુહૂર્ત આદિ કોઈને કર્તા ન જાણે, તે છેલ્લા મુદ્દાની વાત છે. ક્રિયમાણ કરવું પડે તે કરવું પણ તેનો ભાર રાખવો નહિ. તેમાં મહારાજની મરજી હોય તો મટે એમ જાણીને કરવું પણ ક્રિયામાણરૂપ ન થવું. એક મહારાજને જ કર્તા જાણવા. મહારાજ જે કર્તા હોય તે સારું જ કરતા હોય તેની આપણને ખબર પડે નહિ.

**૪૩૧ નાસ્તિકપણું કોને જાણવું ?**

મહારાજ તો અણુ અણુ પ્રત્યે અંતર્યામી શક્તિએ રહ્યા છે અને સત્સંગમાં સાક્ષાત્ રહ્યા છે પણ જીવને એવું જણાતું નથી; કેમ જે મનુષ્યની મર્યાદા રહે છે એટલી પણ મહારાજની મર્યાદા રહેતી નથી, એટલું છાનું નાસ્તિકપણું છે.

૪૩૨ શ્રીજીમહારાજ કલ્યાણ તથા પોતાનું સુખ મુક્ત પાસે અપાવે છે. માટે સાધનદશાવાળા મોક્ષાર્થીને મુક્તને શરણે થયા વિના પોતાને બળે તે સુખ પમાતું નથી.

૪૩૩ **ભક્ત ક્યારે કહેવાઈએ ? સુખિયા ક્યારે થવાય ?**

મહારાજ કહે છે કે ભગવાનના સ્વરૂપમાં જેની વૃત્તિ ન રહે તે ભગવાનનો ભક્ત નહિ, માટે ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી તો જ ભક્ત કહેવાઈએ. જ્યાં સુધી અખંડ વૃત્તિ ન રહે ત્યાં સુધી માયાના ગુણ ટળે નહિ અને દુઃખિયો મટે નહિ. મૂર્તિમાં વૃત્તિ રાખતા રાખતા જ્યારે માયા છે જ નહિ એવું થાય ત્યારે સુખિયા થવાય. સદ્. નિષ્કુળાનંસ્વામી હરિસ્મૃતિમાં લખે છે જે : “એમ નખશિખા મૂર્તિ નાથની; સમરતા સુખ હોય, અહોનિશ ઉરમાં ધારતા; કરવું રહે ન કાંય, ચરિત્ર સર્વે ચિંતવી; મૂર્તિ ધારે મન, કાળ માયા કર્મનું; વ્યાપે નહિ વિઘન”

૪૩૪ **સિદ્ધદશામાં મુક્તને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય આદિક ગુણ રહેતા હશે કે નહિ ? (સદ્. વૃંદાવનદાસજીસ્વામી).**

બાપાશ્રી. કહે, “સિદ્ધદશામાં બીજા ગુણ કહેવાય નહિ, સિદ્ધદશામાં તો એકલું અનુભવજ્ઞાન રહે છે.”

૪૩૫ જેમ વૃક્ષ સાથે છાલ વળગી છે તેમ પરમએકાંતતિક મુક્ત મૂર્તિમાં વળગ્યા છે અને અનાદિમુક્ત જેમ વૃક્ષમાં રસ વ્યાપી રહ્યો છે તેમ મૂર્તિમાં જોડાઈ ગયા છે. તેવી રીતે આપણે મૂર્તિમાં જોડાવું. મોટાના જોગ વિના તેવી પ્રાપ્તિ થાય નહિ. - અનાદિમુક્ત બાપાશ્રી

૪૩૬ **અધિકાર :**

કેટલાક અધિકાર સારું વલખા મારે છે પણ અધિકાર તો કુટણું છે. મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તે વરતાવે તો વાંધો નહિ, એ વિના તો અધિકારમાં નુકસાન છે તેથી પરલોક બગડે. કર્યા વિનાનું ન ચાલે પણ વિચાર જોઈએ.

૪૩૭ વચ. પ્ર ૭૮ માં રામકૃષ્ણ આદિક તથા અક્ષર આદિક જે અવતાર કહ્યા છે તે મહારાજના અન્વય સ્વરૂપના અવતાર છે. મહારાજની ઈચ્છાથી અનાદિમુક્ત તથા પરમએકાંતિકમુક્ત આવ્યા હોય તે વ્યતિરેક સ્વરૂપના અવતાર સમજવા. - અનાદિમુક્ત બાપાશ્રી.

**૪૩૮ કંઠી પહેરવાનો હેતુ શું છે ?**

કંઠી પહેર્યા પછી પોતાપણું મૂકીને મહારાજને ગમે એ જ કરવાનું. તેમને ન ગમે તે જ ન કરવું. **જે-૫ માં મહારાજ કહે છે કે અમારા વચનમાં રહેશો તો અમારા ધામમાં તેડી જાશું અને તમે પણ તમારું કલ્યાણ થયું છે એમ જાણજો. અમારો દ્રઢ વિશ્વાસ રાખશો અને અમે કહ્યું તેમ કરશો તો ઉગર્યાનો આરો નહિ હોય એવા કષ્ટમાં પણ રક્ષા કરશું. સત્સંગ નહિ રાખો ને નિયમ નહિ પાળો તો અમારે તમારે લેવા-દેવા નથી.**

**૪૩૯ દાસભાવ : મહારાજ રક્ષા ક્યારે કરે ?**

દાસભાવ રહે તો મહારાજ રક્ષા કરે. એ નીકળી જાય તો રક્ષા ન કરે. માટે દાસભાવ તો છોડવો જ નહિ. દાસપણું જે ઘડીએ જાય એ વખતે ભગવાન હાથ જોડીને દૂર ખસી જાય. સ્વમિનારાયણનું નામ લેતો હોય તેનો વગુણ લઈએ તો આપણું ભૂંડું થાય, માટે સત્સંગમાં સૌના દાસ થઈને રહેવું.

**૪૪૦ ભગવાનની પ્રસન્નતા કેવી રીતે મળે છે ?**

ભગવાનની પ્રસન્નતા એમના મહા અનાદિમુક્તો દ્વારા જ હંમેશા મળે છે. પ્રસન્નતા, કૃપા સીધી મળતી નથી. માટે અનાદિમુક્તો કે એવા મોટા સત્પુરુષનો જોગ હંમેશા કરતા રહેવો જોઈએ.

**૪૪૧ આંતરિક સાદાઈ / અંતરની સાદાઈ કોને કહેવાય ?**

રજોગુણ, તમોગુણના ભાવ ન હોય તેને. અંતરના તમામ ઘાટ - સંકલ્પ અને અંતઃશત્રુઓ નાશ પામી જાય તેને.

**૪૪૨ ભગવાનનું સ્વરૂપ મહિમા કેવી રીતે સમજાય ?**

મહિમા પુસ્તક વાંચીને ન સમજાય. એ તો સદ્. ગોપાળાનંદસ્વામી જેવા અનાદિમુક્ત કે એવા સત્પુરુષના જોગ થકી સમજે ત્યારે એ સ્વરૂપ સમજાય એવું છે કારણકે સત્પુરુષ અનુભવે કરીને સમજ્યા હોય, માત્ર વાંચીને, ગોખીને કે બુદ્ધિએ કરીને સમજ્યા હોય એમ ન હોય, બુદ્ધિએ કરીને સમજ્યા હોય તેમાં ક્ષતિ હોય. તેમાં સંપૂર્ણ માર્ગદર્શન ન હોય. આડા-અવળા જતા રહે. માટે આ ખૂબ જરૂરી છે કે ભગવાનના સ્વરૂપને ઓળખવાને માટે આવા સત્પુરુષનો સમાગમ કરવો જોઈએ. એ સ્વરૂપ એમ કાંઈ સમજાય એવું નથી. કાંઈ હાથ ન આવે ! મહારાજનું સ્વરૂપ, મહિમા સમજવા માટે સત્પુરુષ જોઈએ જ. ભગવાનના યમ-નિયમ, ધર્મ, આજ્ઞા પાળે અને ભગવદી હોય એનેય સંત કહેવાય પણ મુક્તો ઠેઠ મહારાજની મૂર્તિમાં પહોંચેલા હોય; એની વાત જુદી થઈ જાય.

**૪૪૩ રસાસ્વાદ :**

રસાસ્વાદ જીવનું બહુ બગાડે છે; રસાસ્વાદ મૂકે તો મોટાના સમાગમનું સુખ આવે. સ્વાદ ન મૂકીએ તો દુઃખી થવાય. સત્સંગમાં પરિપક્વ નિશ્ચયવાળાને માન-સન્માન, વસ્ત્ર, રસાસ્વાદ આદિ સિદ્ધિઓ મળે છે, પણ તેમાં બધી ગ્રહણ ન કરવી; ઘટે તેટલું ગ્રહણ કરવું બાકી ત્યાગ રાખવો, નહિતર ભગવાન ભૂલાય ને વિષયી થઈ જવાય.

૪૪૪ શાસ્ત્ર તો માયિક ગુણવાળા ઋષિઓના કરેલા છે માટે તેની પ્રતીતિ ન રાખવી. ને શ્રીજીમહારાજના કરેલા શાસ્ત્રતો દિવ્ય છે તેમાં પ્રતીતિ રાખવી. પૂર્વેના ઋષિ કરતા આજના સંત-હરિજનોના વચન અધિક માનવા.

**૪૪૫ વેદ ચાર છે.**

(૧) ઋગ્વેદ (૨) સમાવેદ (૩) યજુર્વેદ (૪) અથર્વવેદ. ॥ વેદના છ અંગ = ૧. શિક્ષા ૨. કલ્પ ૩. વ્યાકરણ ૪. છંદ ૫. જ્યોતિષ ૬. નિરુક્ત ૭.

૪૪૬ આવા સંત મળ્યા છે ને મહારાજ સત્સંગમાં બિરાજે છે; તોપણ સ્ત્રી, દ્રવ્ય, દીકરા આદિક પ્રકૃતિના કાર્યમાંથી પાછુ ન વળાય તેને શ્રીજીમહારાજની મોટપ અને આવા સંતનો મહિમા હાથ આવ્યો નથી.

**૪૪૭ શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ ક્યારે રહેવાય ?**

જ્યારે દેહના સુખ-દુઃખને ન ગણીને કારણ (મહારાજ ઉપર નજર રાખે ત્યારે. માટે કાય ઉપર નજર રાખવી નહિ.

૪૪૮ એક યુગમાં બાપાશ્રી જેવા મહામુક્ત એક વાર જ પધારે છે. - મામા.

૪૪૯ મહંત કોણ ? ભગવાનને ઓળખાવે અને મૂર્તિમાં રહે તે.

૪૫૦ આવરણ કેવી રીતે ટળે ? મૂર્તિ રાખવાથી આવરણ ટળે.

૪૫૧ આપણા ઘરમાં રહેવું. આપણું ઘર કયુ ? મહારાજની મૂર્તિ.

**૪૫૨ સુખિયા ક્યારે થવાય ?**

વાચ્યાર્થ જ્ઞાન છે તે જ્યારે લક્ષ્યાર્થ થાય ત્યારે. કેવી રીતે ? તો સર્વે વિષય વાસના મૂકીને ભગવાનને તથા મોટા મુક્તને વળગી પડે. તે વિના પિંડ-બ્રહ્માંડમાં કાંઈ છે જ નહિ એવું કરી નાખે ત્યારે બીજે ક્યાંય માલ માનીને આનંદ પામે જ નહિ. રાખના પડીકામાં શું માલ છે ? જ્યાં સુધી ત્રણ ગુણમાં વર્તાય ત્યાં સુધી સુખ આવે જ નહિ.

**૪૫૩ આપણે સદાય મૂર્તિરૂપી માળામાં રહેવું.**

તેમાં ત્યાગીને ચેલો, પદાર્થ, પૂજા પ્રતિષ્ઠા વગેરે વિઘ્ન થઈ પડે. ગૃહસ્થને દ્રવ્ય, છોકરા, ખેતર, વાડી, મેડી અને સંબંધી એ સર્વે વિઘ્ન કરે. એમાંથી ઉગરવા મહારાજ રાખવા. એ ઉપાય બહુ જબરો છે. માટે મહારાજને ભૂલવા નહિ.

**૪૫૪ મૂર્તિ સન્મુખ ક્યારે થવાય ?**

જેમ ગૃહસ્થને દ્રવ્યની ને પુત્રની આલોચના રહે છે; તેમ મહારાજની આલોચના રહે તો મૂર્તિ સન્મુખ થઈ જવાય. માટે ઘણો જ વિચાર જોઈએ, તેમાં પણ કોઈ પ્રકારનો અહંકાર આવવા દેવો નહિ, મૂર્તિથી જુદા પડવું નહિ. - અનાદિમુક્ત બાપાશ્રી

**૪૫૫ મૂર્તિ સાક્ષાત્ કોને દેખાય ?**

મૂર્તિ વિના બીજો માયાનો આહાર થાય તો અભડાવે છે, કેમ જે માયા વટલાવે એવી છે. મૂર્તિના સુખ વિના બીજું જમવું એ ચળ છે, તે ટકે નહિ, માટે દિવ્ય સુખનો આહાર કરવો. તે કોઈ કાળે નાશ ન થાય. આપણે તો મૂર્તિના સુખના પારણા કરવા તે અચળ ને સનાતન છે. જીવ માયાના કાર્યમાં હણોહણ કરે છે, માટે આપણે તો સર્વેના કારણ ને સર્વેને વશ કરનારા, સર્વોપરી, સર્વ સુખના ધામ શ્રીજીમહારાજ છે, એ મૂર્તિના સુખનો જ આહાર કરવો. જે જે કરવું તે એકાંતમાં બેસી એ વૃત્તિએ કરી મૂર્તિમાં જોડાવાય તેવું કરવું તો તેને મૂર્તિ સાક્ષાત્ દેખાય છે - અનાદિમુક્ત બાપાશ્રી

**૪૫૬** બાપાશ્રી કહે અમારે ત્યાં હરિભક્ત બે ગાગે ઊઠીને નાહી પૂજા કરીને કામ કરવા મંડે છે. તેને ખાવાના પણ રોટલ હોય, છાશ-મરચું કોઈકને મળે ને કોઈકને ન મળે તોપણ દાખડા કરીને પોતાનો નિર્વાહ કરે છે અને ઠાકોરજીની તથા સંતની સેવા કરે છે. આપણને તો તૈયાર જોઈએ તેવું મળે છે તો આપણે પણ બે વાગે ઊઠીને માળા, ધ્યાન, ભજન કરવું પણ સૂઈ ન રહેવું.

**૪૫૭ કુસંગ તે શું ?**

તો મોટા ભગવદીનો દોષ આપણા જીવમાં ઘાલી દે એ મોટો કુસંગ કહેવાય. હેત કરવા જેવા તો એક ભગવાન અને મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત છે. માટે એવા મોટા મુક્તને વિષે કોઈ દિવસ મનુષ્યભાવ આવવા દેવો નહિ. સદાય દિવ્યભાવ રાખવો.

**૪૫૮ જીવ સુખિયો ક્યારે થાય ?**

જ્ઞાન પ્રલય થઈ જાય તો બીજું કાંઈ રહે નહિ, એક મહારાજ અને તેમના મુક્ત રહે એટલે સુખિયો.

**૪૫૯ શાંતિ ક્યારે થાય ?**

ત્રણ દેહના ભાવ મેલે ત્યારે.

૪૬૦ આ લોકના દ્રવ્ય, સ્ત્રી, પુત્ર આદિક કોઈ કામ નહિ આવે. સ્વામિનારાયણ ભગવાન એક જ કામ આવે એવા છે. એ મૂર્તિમાં જોડાઈ જઈએ તો કામ જબરું થઈ જાય. ચમક લોઢાને ખેંચે તેમ મહારાજ પોતાના થયા હોય તેને પોતાની મૂર્તિમાં ખેંચી લે છે. મહારાજની મૂર્તિમાં જોડાઈ રહેનારાને બીજું બધું મૂકી દીધા જેવું છે. એટલું સમજ્યા તો સર્વે વાત સમજાણી.

૪૬૧ ખોટામાં ખોટી થઈએ એટલા બાળકિયા સ્વભભાવ કહેવાય.

**૪૬૨ આવરણ ક્યારે ન નડે ?**

કાર્ય તો ગમે તેટલું હોય પણ કારણને લઈને છે. એમ જાણી આપણે તો કારણ મૂર્તિ એક શ્રીજીમહારાજ રાખવા, એટલે કોઈ આવરણ નડે નહિ.

૪૬૩ મહારાજની મૂર્તિમાં અનાદિમુક્ત રસબસ રહ્યા છે ને મૂર્તિમાંથી સુખ લીધા કરે છે. કોટી કલ્પ વીતી જાય પણ એ સુખથી તૃપ્ત થતા નથી. ત્યાં (મૂર્તિમાં) કેવી રીતે જવાય ? એકાંતિક થઈને પરમાત્મા જે શ્રીજીમહારાજે તેમને પધરાવે એટલે પરંમએકાંતિક થાય ત્યારે તેને મહારાજનું અનુભવ જ્ઞાન ખેંચી લે છે. એટલે જેમ સમુદ્રની વેડ આવે છે એમ ઝળળ ઝળળ કરતું મહા તેજોમય સુખ તેના હિલોળામાં પરમએકાંતિને લઈ જાય છે. ત્યાં બીજા કોઈની ગતિ નથી. ત્યાં ગયા પછી મહા તેજોમય, દિવ્ય સનાતન એવા સુખને અનાદિમુક્ત સાથે ભોગવે છે. આ વાત મુદ્દાની છે. - અનાદિમુક્ત બાપાશ્રી.

**૪૬૪ દિવ્યભાવમાં બધાય મુક્ત સરખા છે, તેથી પોતાને કેવી રીતે ખબર પડે કે આમને જોગે હું મહારાજને પામ્યો ?**

(સદ્. દેવજીવનદાસજીસ્વામી) બાપાશ્રી કહે, "અનુભવજ્ઞાન થાય ત્યારે એને કોઈ વાત અજાણી રહે નહિ, એ મૂર્તિ જ અલૌકિક છે."

૪૬૫ આપણે મહારાજ સન્મુખ થઈએ તો ધક્કે મારીને લઈ જાય એવા છે. આ સમે એમની અપાર કરુણા છે. પણ જીવને કારણમાં હેત થતું નથી ને કાર્યમાં બહુ રાજી થાય છે. ઉત્સવ, સમૈયા ને ધામધૂમ હોય તેમાં રાજી થાય તેવો કારણનો આનંદ હોય તો કાંઈ વાંધો રહે નહિ. કાર્ય હોય તેમાં પણ મૂર્તિનો સંબંધ રાખે તો સુખ થાય પણ જીવને કાર્યમાં જ ભડાભૂડ કરવાનું બહુ ગમે છે. - અનાદિમુક્ત બાપાશ્રી.

૪૬૬ આ લોકમાં સમજણ વિના કેટલાક ને ધનના, મનના, તનના અથવા બુદ્ધિના મદ હોય છે તેથી મુક્તના સમાગમનો લાભ ન લઈ શકે ને ઝીણા હોય તે કામ કાઢી જાય. - અનાદિમુક્ત બાપાશ્રી.

૪૬૭ કોઈ અધિકાર કે વ્યવહારમાં ચિત્ત રાખશો નહિ. પ્રકૃતિના કાર્યમાં ક્યાંય ખોટી ન થાવું. સદાય મૂર્તિમાં રહેજો. એ મૂર્તિ દિવ્ય તેજોમય છે, કારણ છે, અપાર છે, તેનો કોઈ પાર પામી શકે તેવું નથી.

**૪૬૮ મૂર્તિની દુર્લભતા :**

પુરુષકોટી, બ્રહ્મકોટી, અક્ષરકોટી આદિને મહાપ્રભુ શ્રીસ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ અગમ છે, તે આપણને દયા કરી શ્રીજીમહારાજના લાડીલા અનાદિમુક્તોએ સુગમ કરી છે. આ અવસરે બહુ ભારે કામ થાય છે. આવો અવસર કોઈ વંજાવશો નહિ. આ ટાણું બહુ દુર્લભ છે. માટે શ્રીજીમહારાજનું દિવ્ય સુખ, દિવ્ય સ્વરૂપ, દિવ્ય સામર્થી હૃદયમાં ઉતારી તથા અનાદિ મહામુક્તનો અલૌકિક પ્રતાપ વિચારી, આ લૌકિક સુખને અસાર જાણી, દિવ્ય સુખની ત્વરા કરી પોતાનો મોક્ષ સાધી લેવો. એવા ભક્ત પર મહારાજ તથા અનાદિ મહામુક્તરાજ બાપાશ્રી રાજી થશે.

**૪૬૯ બાપાશ્રીને એમના કોઈ સંબંધીએ પૂછ્યું કે આપણે શું થઈએ ?** ત્યારે બાપાશ્રીએ પોતાનો અલૌકિક દિવ્યભાવ જણાવતા કહ્યું કે અમને મનુષ્ય જેવા જાણો તો અમે કુટુંબી થઈએ અને જેવા છીએ તેવા જાણો તો સર્વના સ્વામી શ્રીપુરુષોત્તમ ભગવાન તેમની મૂર્તિમાં જ રસબસ છીએ. અમે જીવોને એ મૂર્તિના સુખમાં રાખવા આવ્યા છીએ, પણ અમે કોઈના બાપ, દીકરા કે સંબંધી નથી. અમે તો આનાદિમુક્ત છીએ અમારી આ લોકમાં કોઈ જોડ નથી.

૪૭૦ બાપાશ્રી કહે, ''મહારાજની મૂર્તિને આપણે ઘડીએ મૂકવી નહિ એટલે સાધન માત્ર પૂરા થયા. તે વિના તો બધું કાર્ય છે, તેનો અંત નથી. માટે આપણે એક મૂર્તિને સુખે સુખિયા રહેવું આ લોકમાં બીજું કાંઈ જોયા જેવું નથી. જોયા જેવા તો એક શ્રીજીમહારાજ છે. દોયલી વેળાના દામ અને ખરી વેળાનો ખજાનો પણ એ છે. એ જ જીવનમૂડી છે, માટે બીજી વાતમાં મન ન દેવું ને મૂર્તિમાં રહી મૂર્તિનું સુખ લેવું. આવો જોગ અક્ષરકોટી સુધી મળે નહિ તે આજ હરતા ફરતા દર્શન થાય છે એ મહાપ્રભુની દયા છે.''

૪૭૧ બાપાશ્રી કેરા (કચ્છ)માં હતા. ત્યાં ભૂજથી સ્વામી ભક્તિપ્રીયદાસજી તથા શ્રીવલ્લભદાસજજી આદિ સંતો આવેલા. તેમણે પૂછ્યું જે બાપા ! અમોએ આપની માંદાઈ સાંભળી હતી તે હવે આપને શરીર કેમ છે ? ત્યારે બાપાશ્રી બોલેલા જે અમે માંદા નથી, માંદો તો દેહધારી હોય, અમે તો શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા થકા સદાય સુખ લઈએ છીએ. અમને જે ઓળખે તેને પણ એવા જ સુખિયા કરીએ છીએ. કેટલાક અમારે વિષે મનુષ્યભાવ પરઠીને દુઃખિયા થાય છે, તેવું કોઈ કરશો મા. અમે તો સદાય મહારાજની મૂર્તિમાં રસબસ છીએ, તેના સ્વામિનારાયણ સાક્ષી છે. જે અમારી સામે દ્રષ્ટિ રાખશે તેને પણ મૂર્તિના સુખે સુખિયા કરશું.

૪૭૨ મહારાજ કહે, ''અમને વન, પર્વત ને જંગલ બહુ ગમે છે.'' આપણે પણ એવી રૂચિ રાખવી જોઈએ. અનાદિમુક્ત બાપાશ્રી.

૪૭૩ બાપાશ્રી કહે,, "અમે મોટા મોટા નંદ સાધુઓ જોયા છે. તે તો ક્યારેય મૂર્તિને મૂકતા નહિ. માળા, માનસીપૂજા, ધ્યાન, ભજન, સેવા, કથા-વાર્તા નિરંતર કર્યા જ કરતા. એમને તો એમ જે એ સુખ વિના બીજું શું જોયા જેવું છે ? આપણે પણ એ માર્ગ લેવો. કેટલાય રાગરંગમાં, મારા-તારામાં, પંચચવિષયના વલખામાં આવરદા ખોઈ નાખે છે. આપણને તો શ્રી પુરુષોત્તમનારાયણ અવિનાશી વર મળ્યા છે, તેથી ક્યાંય અટકવું નહિ. કેવડા મહારાજ ને કેવડા તેમના અનાદિમુક્ત ! આ તો ભારે વાત બની ગઈ છે. નહિ તો જીવનું શું ગજું ?

જીવને આ લોકના કેવા તાન છે ? આવું હેત મહારાજની મૂર્તિમાં હોય તો કાંઈ વાંધો રહે નહિ. ઉત્તમ સ્થિતિને ન પામ્યા હોય તે આવા લૌકિક પદાર્થમાં સુખ માને. મોટા મોટા સંતો તથા સ્થિતિવાળા હરિભક્તો તો મૂર્તિમાં જ ગુલતાન રહે છે.

૪૭૪ પાણો અગ્નિથી શેકાઈ જાય છે પછી પાણી અડે એટલે ચૂરેચૂરા થઈ જાય છે. ઔષધીમાં પણ એવો ચમત્કાર છે જે સોના આદિક વસ્તુને ગાળીને શુદ્ધ કરી નાખે છે. તો **આપણને સર્વોપરી મુક્ત મળ્યા છે તોપણ અંતર કેમ ગળતું નથી. ?** (૧) મહારાજનો તથા અનાદિમુક્તનો જેવો છે તેવો મહિમા જાણવામાં આવ્યો નથી. (૨) સર્વોપરી ભગવાન તથા મૂર્તિના સુખની પ્રાપ્તિ કરાવનારા અનાદિમુક્તની ઓળખાણ થઈ નથી, કદાપિ થઈ છે તો તે સાથે જીવ જોડ્યો નથી. જો મન, કર્મ, વચને જીવ જોડે તો કાંઈ ખામી રહે નહિ. જેટલી ખામી રહે છે તેટલી જીવ જોડવામાં તથા આજ્ઞા પાળવામાં કસર છે. તેથી અંતર ગળતું નથી. અગ્નિ ને ઔષધ તો જડ છે તોય સોના આદિકનો મેલ મૂકાવી દે છે. તો આ તો દિવ્ય મહારાજ ને દિવ્ય મુક્ત, તે શું ન કરે ? પણ અંતરાય રહે છે તેથી જેમ છે તેમ સમજાતું નથી. માટે સાચે ભાવે જોડાવું.

૪૭૫ કેટલાક આજ્ઞા નિયમનો પત્તો હોય નહિ ને આસુરી જેવી ક્રિયા કરતા હોય તેવાા પણ ઉપરનો આટાટોપ રાખીને બીજાને આજ્ઞા પાળવાની વાતો કરે. એવાને બહુ ખોટ આવે, માટે કોઈએ એવું ન કરવું. કેટલાક તો

દ્રોહને માર્ગે ચડી જાય છે તે કોઈના સમજાવ્યા પણ સમજે નહિ, એવા જીવને મોક્ષ માર્ગમાં બહુ વિઘ્ન થાય.

૪૭૬ **સદ્. નિષ્કુળાનંદસ્વામીએ લખ્યું છે જે :**
''એક હરિજન પર્વતભાઈ અચરજકારી છે; સદા રહે મૂર્તિમાંહી અચ. છે.'' વળી ''એક એક મુનિમાં અનેક મુનિના વૃંદ ''એમ પણ લખ્યુ છે. તથા'' જળ તરંગ નહિ ભેદ જુદા, તેમ તેજ અગ્નિ નહિ ભિન્ન તદા, એમ હરી હરિજન એક સદા'' ''રસબસ હોઈ રસિયા સંગ'' એમ મહારાજ તથા અનાદિની આવા દ્રષ્ટાંતે એકતા બતાવી છે. તોપણ સદા સાકારપણું, સ્વામી-સેવકપણું, દાતા-ભોક્તાપણું ક્યારેય ટળતુ નથી.

૪૭૭ **જાણપણારૂપ દરવાજો : સદાવ્રત :**
આપણે જાણપણારૂપ દરવાજે રહેવું અને સદાવ્રત ચલાવવું / આપવું એટલે કે **સદાવ્રત જે શ્રીજીનું જ્ઞાન તે સર્વેને આપવું.** કુતરા, ગધેડા, જેમ ઘરમાં પેસી જાય છે તેમ નબળા દોષ કામ, ક્રોધ, મોહ, માન, મત્સર, આદિકને જીવમાં પેસવા દેવા નહિ, એટલે પાપ નાશ પામે અને એમ કરીએ તો જ ધણીની મરજી સાચવી કહેવાય.

૪૭૮ **મંદવાડ કોને જાણવો ?**
મહારાજના અનાદિમુક્ત દયા કરી જીવોને મૂર્તિને સુખે સુખિયા કરવા દ્રષ્ટિગોચર વર્તતા હોય તેમને ન જાણીને તેમને વિષે મનુષ્યભાવ પરઠે તે મંદવાડ જાણવો. **આપણે સાજા ક્યારે કહેવાઈએ ?** બાપાશ્રી કહે, ''અમે તો બધાયના મંદવાડ ટાળીને શુદ્ધ અનાદિ કૈવલ્યમુક્ત કરીને એટલે શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ કરીને મૂર્તિને સુખે સુખિયા કરવા આવ્યા છીએ, એમ સમજીએ એટલે સાજા કહેવાઈએ.

૪૭૯ જેને મૂર્તિના સુખનો મહિમા સમજાય તેને બીજા સુખ કચરા જેવા થઈ જાય છે. મહારાજનો મહિમા તથા પ્રતાપ જાણે તેને સુખ બહુ આવે.

૪૮૦ મહારાજ તથા મોટા અનાદિને ખરેખરા જીવનરૂપી કરી રાખવા; કેમકે તે થકી આપણું આત્યંતિક મોક્ષરૂપ કામ થાય છે. મોટા મુક્ત દયા કરીને હિંમત આપે છે ત્યારે કસર માત્ર ટળી જાય છે ને જીવમાં તત્કાળ બળ આવે છે. એમના રાજીપા વિના કારણ શરીર નાશ પામે નહિ. મોટા અનાદિ તો મહારાજના સંકલ્પ ભેગો સંકલ્પ મેળવીને અનેક જીવને સુખિયા કરી મૂકે છે. તેની જીવને શું ખબર પડે ! અનાદિમુક્ત બાપાશ્રી

૪૮૧ **મોટાની દ્રષ્ટિમાં તથા રાજીપામાં આવ્યા હોય તે કેમ ઓળખાય ?**
તો એ મૂર્તિ વિના રહી શકે નહિ. એ તો કથા, વાર્તા, ધ્યાન, ભજન કર્યા કરે. એની દરેક વાતમાં મૂર્તિનું મુખ્યપણું આવતું હોય. સત્સંગમાં સૌ પ્રમાણ કરે ત્યારે જાણવું જે આના ઉપર મોટાનો રાજીપો છે.

૪૮૨ સદ્. મુક્તાનંદસ્વામી કહે છે, ‘‘હરિ હરિજનની ગતિ છે ન્યારી, એને દેહ-દર્શી દેખે પોતા જેવા સંસારી’’ દિવ્યભાવ થયા વિના આત્યંતિક મોક્ષ ન થાય. મોટાની ગતિ જીવ શું જાણી શકે !

૪૮૩ બાપાશ્રી કહે, ‘‘જ્ઞાન સમ વસ્ત્ર નહિ, ધીરજ સમ નહિ ઢાલ, શિયળ સમ સિંહાસન નહિ, એવું કરી રાખવું તો ગલોલી આવે તોપણ લાગે નહિ.’’

૪૮૪ **કારણ શરીર છે શું ?**
અનાદિ અજ્ઞાનમય જીવમાં રાગ રહ્યો છે તે છે. કારણ શરીર ક્યારે બળે / ટળે ? જ્યારે સ્થૂળ ઈન્દ્રિયો જીતાય અને આત્યંતિક પ્રલય જે જ્ઞાન પ્રલયના ઉપશમે કરીને શ્રીજીમહારાજનું ધ્યાન કરે ત્યારે બળે/ટળે.

૪૮૫ જ્યારે અનંત જન્મના સુકૃત ઉદય થાય ત્યારે બાપાશ્રી જેવા મોટાની ઓળખાણ થાય છે. સદ્. ગુણાતીતાનંદસ્વામી કહેતા કે મહારાજ તથા મોટા મુક્તને જે ન ઓળખે તે તો ખીજડા જેવો છે અને આ દિવ્ય સભાને વિષે નિષ્ઠા હોય તે તો આંબા જેવા છે. મહારાજ તથા મોટાને વિષે હેત ન હોય તો મોક્ષ કેમ થાય ? બાપાશ્રી કહે, ‘‘મોટા મુક્તને ઓળખે નહિ તો કલ્યાણ થવું કઠણ છે.’’

૪૮૬ **દેહ :**

જીવને દેહનું આવરણ બહુ મોટું છે. તે દેહને જ્ઞાને કરીને ખોટો કરી નાખવો, નહિ તો સુખ આવવા દે તેવો નથી. એ જડ છે તોય જીવને છેતરી જાય છે અને ચાળાચૂંથણો પણ છે. તે અહીં બેઠા અમદાવાદ કે અમેરીકા પહોંચી જાય, માટે એને નાશવંત ને દુઃખરૂપ જાણી દેહરૂપ વર્તવું નહિ.

૪૮૭ **વ્યવહાર :**

મહારાજ તથા આવા મુક્ત મળ્યા તોપણ વ્યવહારમાં ડૂબી પડ્યા હોય તે કેવી સમજણ ! - અનાદિમુક્ત બાપાશ્રી. વ્યવહારમાંથી પાછી વૃત્તિ કરીને કથા - વાર્તા - ધ્યાન - ભજન કરવાનો ખટકો રાખવો.

૪૮૮ **શ્રીજીમહારાજે કહ્યું કે જે "જે જે અવતારે કરીને જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી." તે કયા અવતાર જાણવા ?**

બાપાશ્રી કહે, "તે અવતાર તે આ સમજવા. (આ = મુક્તાવતાર, બાપાશ્રી) પૂર્વે આવા કલ્યાણ થયા નથી. આજ તો અનંતના સહેજે આત્યંતિક કલ્યાણ થાય છે, પણ જીવમાં અજ્ઞાન છે તેથી મનાય નહિ. આ સંત હરિભક્ત સર્વે બ્રહ્મની મૂર્તિઓ છે."

૪૮૯ આ સત્સંગમાં અવતાર આદિકને, બ્રહ્મકોટીને તથા અક્ષરકોટીને પણ આવ્યા વિના છૂટકો નથી. મહારાજની ઉપાસના તો આ સત્સંગમાં છે પણ બીજે ગોલોક, વૈકુંઠ, બ્રહ્મકોટી કે અક્ષરકોટીમાં ક્યાંયે નથી. બીજી સભાઓના મુક્તોથી તથા તેમના સ્વામીઓથી પણ આ સત્સંગમાં શ્રીજીમહારાજના મુક્ત વિશેષ છે. મૂળઅક્ષરકોટીને પણ આ મુક્તના દર્શન નથી તે તમને મળ્યા છે. શ્રીજીમહારાજ ને આવા મોટા સંત હરકોઈ બ્રહ્માંડમાંથી ખોળી લાવો તો ઈનામ દઈએ પણ મળે જ નહી, તે તો સત્સંગમાં છે. - અનાદિમુક્ત બાપાશ્રી.

૪૯૦ બાપાશ્રી કહે, "શ્રીજીમહારાજને જેવા છે તેવા સમજો ને આજ્ઞા પાળો તો અમે સહાય કરીને મૂર્તિના સુખમાં મૂકી દઈશું. આ શબ્દ નીકળે છે તે સ્વામિનારાયણની મૂર્તિમાંથી નાદ નીકળે છે, આ મહિમા સમજાય તો કાંઈ બાકી રહે જ નહિ, સાધને કરીને કલ્યાણ લેવું તે દહાડી કર્યા જેવું છે ને આશરે આવીને દેહ, મન ને જીવ સોંપી દે તો કલ્યાણ થવામાં કાંઈ વાર લાગે નહિ. આ વખત ને આ દાવ જો ભૂલ્યા તો પૂરું થાય એમ નથી. માટે ચાલોચાલ સત્સંગ ન કરવો."

**૪૯૧ સ્ત્રીઓના તથા તેઓના સંગીઓના સંગથી મનુષ્યોને જેવા મોહ ને બંધન થાય છે; તેવા બીજા પ્રસંગથી થતા નથી.**

**૪૯૨ મોટા પુરુષ કેવી રીતે દર્શન દે છે ?**

જ્યારે કોઈક હેતવાળા હરિભક્ત અતિ હેતે કરીને સાંભરે ને ચિંતવન રે ત્યારે મોટા સંકલ્પ કરે તે સંકલ્પ મૂર્તિમાન થઈને દર્શન આપે છે.

૪૯૩ આપણા ઉપર કોઈ દ્વેષ રાખતા હોય પણ તેને જો આપણા જેવું કામ પડે તો તેના કૃત્ય સામું જોવું નહિ, બને તેટલું સાચા દિલથી સારું કરવું એવી ભગવાનના ભક્તની રીત છે. - અનાદિમુક્ત બાપાશ્રી મામા પણ કહેતા કે જો હું ખરો અનાદિમુક્ત હોઉ તો મારા દુશ્મનનું પહેલા કલ્યાણ કરું.

**૪૯૪ સત્સંગમાં કુસંગ તે શું છે ?**

તો જે વાતના કરનારા હિંમત વિનાની વાત કરે છે તે. એમ કહે છે કે ભગવાનના વચનને કોણ યથાર્થ પાળી શકે છે ? વર્તમાન ધર્મ પણ યથાર્થ કોણ પાળી શકે છે ? માટે પળે તેટલું પાળીએ ને ભગવાન તો અધમ - ઉદ્ધારણ છે તે કલ્યાણ કરશે અને વળી એમ વાત કરે છે કે ભગવાનનું સ્વરૂપ હૃદયમાં ધારવું તે કાંઈ આપણું ધાર્યું ધરાતું નથી, એ તો ભગવાન દયા કરીને જેને ધરાવે છે તેને ધરાય છે. એવી મોળી વાત કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ વગેરે ભગવાનની પ્રસન્નતાના

સાધન તેમાંથી બીજાને મોળા પાડે છે. માટે આજથી કોઈ પણ એવી હિંમત રહિત વાત કરશો નહિ, સદા હિંમત સહિત જ વાત કરજો. હિંમત વિનાની વાત થઈ જાય તે દિવસ ઉપવાસ કરવો. - મહારાજ.

**૪૯૫ ભગવાનની અખંડ સ્મૃતિ ક્યારે રહે ?**

મહારાજ કહે છે કે જીવ પંચ ઈન્દ્રિયો દ્વારે જે આહાર કરે છે તે આહાર જો શુદ્ધ કરે તો અંતઃકરણ શુદ્ધ થાય, પછી ભગવાનની અખંડ સ્મૃતિ રહે. માટે પંચ ઈન્દ્રિયોના આહાર અતિશે શુદ્ધપણે કરીને રાખવા. એ વચન અમારું જરૂરાજરૂર માનજો. જો એકેય ઈન્દ્રિયનો આહાર મલિન થાય તો અંતઃકરણ પણ મલિન થઈ જાય છે. ભક્તને ભજનમાં જે કાંઈ વિક્ષેપ થાય છે તેનું કારણ પંચ ઈન્દ્રિયોના વિષય જ છે, પણ અંતઃકરણ નથી.

**૪૯૬ વચ.પ્ર.૬૩ માં કહ્યું છે જે :**

"અક્ષરધામ મૂર્તિમાન છે" તે પોતાના પરમએકાંતિક અને અનાદિમુક્ત તેમને અક્ષરધામ નામે કહ્યા છે. જેના એક એક રોમને વિષે અનંતકોટી બ્રહ્માંડ અણુની પેઠે ઊડતા ફરે છે તે પોતાના તેજરૂપ સમૂહરૂપ અક્ષરધામના એક એક કિરણમાં અક્ષરૂપી બ્રહ્માંડ અણુની પેઠે ઊડતા ફરે છે એમ જાણવું. અનાદિમુક્ત બાપાશ્રી.

૪૯૭ બાપાશ્રી કહે, "હું માંદો હતો ત્યારે બળદિયામાં આ મંદિરના બારણા આગળ નરનારાયણ દેવ સ્વામી અક્ષરજીવનદાસજીને દેખાયેલા. ત્યારે સ્વામીએ પૂછેલું કે તમે કેમ આવ્યા છો ? ત્યારે દેવે કહેલું કે આવા મોટા સત્સંગમાં છે તેમના દર્શન કરવા આવ્યા છીએ.

૪૯૮ "મેં હું આદિ અનાદિ; આ તો સર્વે ઉપાધિ, સદ્‌ગુરુ મિલિયા અનાદિ; મીટ ગઈ સર્વે ઉપાધિ "બાપાશ્રી કહે." આ રહ્યો તે આદિ, પણ છું અનાદિ મૂર્તિમા. આદિ એટલે આ પ્રત્યક્ષ આદિ જેવો દેખાઉ છું અને અનાદિ એટલે જેવો મહારાજની મૂર્તિમાં છું તેવો જ આ પ્રત્યક્ષ છું."

**૪૯૯ કાર્ય તે શું ? કારણ તે શું ?**

કાર્ય એટલે અક્ષરધામ ને અનંત ઐશ્વર્ય તથા મંદિર, સાધુ, બ્રહ્મચારી, સત્સંગી, ઉત્સવ, સમૈયા તે સર્વે. તે કાર્ય જોઈને નિશ્ચય કર્યો હોય તો રહે નહિ, ડગી જાય. કારણ એટલે શ્રીજીમહારાજ ને અનાદિમુક્ત, તેમને ઓળખીને નિશ્ચય કર્યો હોય તો તે ડગે નહિ. જો નિશ્ચયમાંથી ડગ્યો તો પછી સાધને કરીને પૂરું ન થાય, માટે કારણ મૂર્તિનો નિશ્ચય કરવો. - અનાદિમુક્ત બાપાશ્રી

**૫૦૦** બાપાશ્રીએ આશીર્વાદ આપેલા છે કે સટીક વચનામૃતની કોઈ પારાયણ કરશે અથવા કરાવશ તેને અમે ધામમાં તેડી જઈશું.

**૫૦૧ મૂર્તિમાં મુક્ત રહ્યા છે તેમને સુખ સરખું આવતું હશે કે અધિક ન્યૂન આવતું હશે ?**

બાપાશ્રી કહે, ''સુખ તો જેટલો મહિમા સમજાય એટલું આવે ને જેમ જેમ મહિમા વધુ સમજાતો જાય છે તેમ તેમ સુખ પણ વધતું જાય છે, માટે પાત્રની તારતમ્યતા પ્રમાણે સુખ આવે છે.

**૫૦૨ શ્રીજીમહારાજની મૂર્તિમાં મુક્ત રહે છે તેઓ મૂર્તિ જેવા જ મૂર્તિમાન છે. તે બધાય મુક્ત મૂર્તિમાં કેવી રીતે રહ્યા હશે ?**

બાપાશ્રીએ કહ્યું જે, ''જેમ બિલોરી કાચમાં સભા જણાય છે તેમ મૂર્તિમાં મુક્ત રહ્યા છે. તે મૂર્તિનું એવું અલૌકિક ઐશ્વર્ય જ છે. જેમ ચિંતામણીમાંથી બ્રહ્માંડ ભરાઈ જાય એટલા પદાર્થ નીકળે છે તો પણ ચિંતામણી દૂબળી થતી નથી અને સર્વે તેમાં સમાઈ જાય તેણે કરીને પુષ્ટ થતી નથી, જેવી હોય તેવી ને તેવી જ રહે છે, એવું અદભૂત સામર્થ્ય તો જડ વસ્તુમાં પણ જેના પ્રતાપથી આવ્યું છે એવા દિવ્ય મૂર્તિ શ્રીજીમહારાજ તેમાં સર્વે મુક્ત સમાઈ જાય તેમાં શું આશ્ચર્ય છે ? એ તો હોય જ.''

**૫૦૩** જ્યારે જીવ ભગવાનને ભૂલી જાય છે ત્યારે કામ આદિક શત્રુ જીવને પીડવા ધાય છે. માટે સાવધાન રહી પ્રભુને દિન - રાત સંભાર્યા કરવા. બાપાશ્રી.

**૫૦૪ જીવ શરણે થયો ક્યારે કહેવાય ?**

(૧) પરિપક્વ **નિશ્ચય** કરે (૨) **મહિમા સહિત ઉપાસના** હોય અને (૩) સમજીને શ્રીહરિની **આજ્ઞા** પાળે ત્યારે સાચે ભાવે શરણે થયો કહેવાય.

**૫૦૫** મોટા તો સૃષ્ટિમાં સર્વને દિવ્ય દેખે છે પણ જે જીવમાં માયા હોય તે જીવ મોટાની દ્રષ્ટિમાં આવતો નથી.

**૫૦૬ દયા : બાપાશ્રી કહે અમે કે મહારાજ દયા કરીએ તો શું થાય ?**

દ્રવ્ય નાશ પામે જાય, દીકરો હોય તે મરી જાય, સર્વે પદાર્થ નાશ થઈ જાય, સ્ત્રી હોય તે મરી જાય, પાછળ કાંઈ ન રહે, બીજા બધા સંકલ્પ બંધ થઈ જાય, મૂર્તિનો અખંડ સંબંધ થાય, એક શ્રીજીની મૂર્તિમાં જ અતિ સ્નેહથી જોડાઈ જવાય.

**૫૦૭ સદ્. વૃંદાવનદાસજીએ પૂછ્યું, આવો ને આવો આનંદ સદાય ક્યારે રહે ?**

બાપાશ્રી કહે, "અનાદિમુક્ત સાથે સ્નેહ અને અતિશે આત્મબુદ્ધિ થાય તો આવો ને આવો આનંદ સદા રહે."

**૫૦૮ જીવનું કલ્યાણ ક્યારે થાય ?**

મહારાજ ને મહારાજના મોટા મુક્ત મળે ત્યારે, તે સિવાય ન થાય.

**૫૦૯ નાસ્તિકભાવ કોને કહેવાય ?**

મહારાજ શાસ્ત્રમાં, સત્સંગમાં અને પ્રતિમામાં સદાય છે એમ ન મનાય તેને.

**૫૧૦ અનાદિમુક્ત ચરિતામૃત ગ્રંથના આશીર્વાદ :**

આ ગ્રંથ બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ લખેલો છે. ભાગ-૨માં અધ્યાય-૫૮ સુધી લખેલો પછી તેઓ ધામમાં ગયેલા. બાકીના અધ્યાય મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજીએ લખેલા છે. ભાગ.૧ ના છેલ્લા અધ્યાયમાં નિર્ગુણાનંદજીએ આશીર્વાદ આપેલા છે કે જે કોઈ આ ગ્રંથ વાંચશે,

વિચારશે, સાંભળશે તેનો આત્યંતિક મોક્ષ થશે. ચોક્કસ માનજો કે આ હું સ્વામિનારાયણ ભગવાનની સાખે કહું છું.

**૫૧૧ મોટા પુરુષને રાજી કરવાથી બ્રહ્મચર્ય સિદ્ધ થાય.**

**૫૧૨ સત્પુરુષ કોને જાણવા ?**

જેને આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર હોય ને પોતાનો સંગ કરનારાનો માયિક ઘાટ ટાળીને મૂર્તિના સુખે સુખિયા કરે તેને.

**૫૧૩ યોગભ્રષ્ટ કોને કહેવાય ?**

જે જીવ સાધનકાળમાંથી પડે તેને.

**૫૧૪ પ્રધાનપુરુષના પત્ની પ્રધાનમાયા ને મહાપુરુષના પત્ની મહામાયા કહેવાય છે.**

**૫૧૫ ક્રોધ :**

મહારાજ કહે, ‘‘ક્રોધ ઉપર તો અમારે ઘણું વેર છે ને ક્રોધી જે માણસ અથવા દેવતા તે મને ગમે જ નહિ. થોડોક ક્રોધ ઉપજે તે પણ અતિશે દુઃખદાયી છે.’’

**૫૧૬ માયાને તર્યા ક્યારે કહેવાય ?**

ભગવાન તો સમર્થ છે, તે જેમ કરતા હશે તે ઠીક કરતા હશે, એવી રીતે ભગવાનને નિર્દોષ સમજે તો માયાને તર્યા કહેવાય.

**૫૧૭ સાક્ષાત્ ઉપાસક કોને જાણવા ?**

સાક્ષાત્ ભગવાન જે સ્વામિનારાયણ તેમના સમીપમાં સદાય રહેનારા ને એક ક્ષણ વાર પણ મૂર્તિનો વિયોગ ન હોય એવાને.

**૫૧૮** પંચભૂત, પ્રજાપતિ, બ્રહ્મા, વિષ્ણુ, શિવ તથા વૈરાજપુરુષ તે સર્વે દેવતા છે, તે પૃથ્વીના આવરણની અંદર રહ્યા છે, પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ તેમના લોકમાં મૂર્તિમાન છે. તેઓ વૈરાજથી પર છે. તેમના સુખ પણ દેવતા કરતા અધિક છે.

**૫૧૯ જીવના દેહ :**

સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ, ઈશ્વરના દેહ : વિરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃત. ઈશ્વરના દેહમાં જે પંચભૂત રહ્યા છે તેને મહાભૂત કહે છે. તે એક એક દેહને ધરી રહ્યા છે.

**૫૨૦ ત્રણ ગુણ ને તેમની સંપત્તિઓ :**

રજોગુણ, તમોગુણ અને સત્વગુણ. રજોગુણની સંપત્તિ દસ ઈન્દ્રિયો છે. તમોગુણની સંપત્તિ પંચભૂત અને પંચવિષય છે, સત્વગુણની સંપત્તિ અંતઃકરણ અને દેવતા છે.

**૫૨૧** હૃદયમાં માન હોય ત્યારે ભગવાનની મૂર્તિની નજર કરડી દેખાય, નિર્માનીપણે વર્તાય ત્યારે ભગવાનની મૂર્તિની નજર અતિ પ્રસન્ન જણાય છે.

**૫૨૨ ભગવાનની ખરી સ્મૃતિ ક્યારે રહે ?**

દેહનું અસ્તિત્વ જ્યારે ભૂલી જવાય ત્યારે જ. દેહને ભૂલવો કેવી રીતે ? ભગવાનના સ્વરૂપમાં રહીને ભગવાનના સ્વરૂપના દર્શન કરીએ ત્યારે ભગવાનની કૃપાથી દેહને ભૂલવો એ સહજ થઈ જાય છે. ધીરજ રાખી કર્યા કરવું. - પૂજ્યશ્રી નારાયણમામા.

**૫૨૩** આખું જીવન બાહ્યવૃત્તિમાં જાય પણ કોઈ પ્રાપ્તિ ન થાય. બાપાશ્રીએ કહ્યું છે તેમ છ મહિના અંતરવૃત્તિએ ધ્યાન કરે તો સાક્ષાત્કાર થાય. - પૂજ્યશ્રી નારાયણમામા

**૫૨૪** મુક્તને મહારાજના સુખ સિવાય બીજું જાણપણું જ નથી હોતું. અયોધ્યાપ્રસાદજી મહારાજને વીંછી કરડ્યો તોપણ ડંખની વેદના ન થઈ કારણ કે તેઓ મૂર્તિરૂપે વર્તતા હતા. મંદવાડ દેહમાં હોય છે, પણ ચૈતન્યમાં નથી હોતો. મૂર્તિરૂપ વર્તે તો કોઈ મંદવાડ ન રહે. મૂર્તિનું મનન થાય તો બધા રોગ મટી જાય. - પૂજ્યશ્રી નારાયણમામા

**૫૨૫ નરક એટલે શું ?**

ભગવાનના સુખ આગળ આ લોકના બધા સુખ નરક તુલ્ય છે. નરક શબ્દથી બધા ભડકી જાય છે. મહારાજ કહે, “મળ-મૂત્ર આદિક મલીન તત્વ જેવી અશુદ્ધિઓરૂપી ગંદવાડને તરક કહેવાય એ તો ઠીક મારા ભાઈ; પણ મેં જે નરક કહ્યું છે તે એમ છે કે સર્વોપરી ભગવાનને ઓળખવામાં જે કચાશ છે એ નરક છે. બધા દેવો એ દેવ કક્ષાએ પહોંચ્યા છે; ત્યાં સર્વોપરી પરમ તત્ત્વ ઓળખવાનું બાકી છે એ નરક છે. એકલા મળ-મૂત્ર નરક નથી. નરકનો અર્થ” અતિ ગૌણ” એવો છે. શ્રીજીમહારાજના સુખ આગળ તેમની મૂર્તિથી ઓરી જુદી જુદી જે ભૂમિકાઓ છે એ બધાના સુખ અતિ ગૌણ છે; એમ કહેવાનો અર્થ છે. - પૂજ્યશ્રી નારાયણમામા

**૫૨૬ રાંક કોને કહેવાય ?**

જે ભગવાનના પરમ સુખથી વંચિત હોય તે બધાંને રાંકા કહેવાય. કોઈને સદાય રાંક થઈને રહેવું ગમે ખરું ? રાંકમાંથી શાહુકાર બનવું ગમે. શાહુકાર થવું એટલે મુક્ત થવું. મહારાજના મુક્ત બને એ શાહુકાર. બીજા બધા દેવોના સુખ શાહુકાર પાસે સડતાલાના રાંકા જેવા છે મતલબ કે ભગવાનના સુખ આગળ અતિ ગૌણ છે. - પૂજ્યશ્રી નારાયણમામા

**૫૨૭** અનાદિમુક્તનો જોગ થયો હોય તો જ અનાદિમુક્તની સ્થિતિને પામી શકાય છે. અનાદિમુક્તની વાણીમાં ભલે લિંક ન દેખાય; પરંતુ એ અનુભવવાણી હોવાથી જીવોના જીવન પરિવર્તન કરી દેનારી હોય છે. ભગવાનના સંકલ્પથી પધારેલા અનાદિમુક્ત પાત્ર-કુપાત્ર જોયા વગર જન્મ સુધારી દઈ મૂર્તિમાં રાખી દે છે. એ કૃપાસાધ્ય બને ત્યારે કાંઈ કરવું ન પડે. - પૂજ્યશ્રી નારાયણમામા

**૫૨૮ સેવા : સેવા કોની / કેવાની કરવી ?**

સત્સંગની સેવા કરે તેથી પણ શ્રીજીમહારાજને અનાદિમુક્તની સેવા મળે

તે શ્રેષ્ઠ છે; કેમ જે તે મૂર્તિમાં જોડી દે અને સર્વોપરી એવા સ્વામિનારાયણને જીવમાં પધરાવી દે.

૫૨૯ પોતાના આત્માને વિષે અનંત મુક્ત ને મહારાજ રહ્યા છે એમ સમજીને સ્ત્રી, પુત્ર, ધન આદિક માયિક પદાર્થની ઈચ્છા ન રાખવી અને એકલા છીએ એમ ન જાણવું. શ્રીજીમહારાજ તથા અનંત મુક્ત મારા આત્માને વિષે વિરાજમાન છે એમ જાણીને સદા આનંદમાં રહેવું.

૫૩૦ મૂર્તિ રાખી હોય તો સુખ આવે પણ એકલે સાધને સુખ ન આવે.

**૫૩૧ સર્વે ક્રિયા શુદ્ધ સત્વમાં રહીને કરવી. શુદ્ધ સત્વ એટલે શું ?**
આત્માને વિષે મૂર્તિ પધરાવવી ને સદા સાથે રાખીને કથા, વાર્તા આદિ ક્રિયા કરવી પરંતુ મૂર્તિને ભૂલીને કોઈ ક્રિયા કરવી નહિ તે શુદ્ધ સત્વ કહેવાય. તેમાં રજ, તમ તથા માયાનો સત્વગુણ ન ભળે; પણ જો શ્રીજીમહારાજને સાથે ન રાખે તો તેમાં રજ, તમ તથા માયાનો મલીન સત્વગુણ ભળી જાય.

**૫૩૨ જાણપણારૂપી દરવાજો એટલે શું ?**
બધા પ્રત્યે સદા દિવ્યભાવ રહે; પણ અભાવ ન આવે, સભામાં મનુષ્યભાવ ન આવે; એ જાણપણારૂપી દરવાજો જાણવો અને મહારાજ વિના બીજો ઘાટ ન થવા દેવો તે પણ જાણપણારૂપી દરવાજો જાણવો.

૫૩૩ જે સુખ દેહ મૂકીને પામવું છે તે છતે દેહે ભોગવવું; એ કરવાનું છે. તે જરૂર કરવું જોઈએ.

**૫૩૪ શ્રીજીમહારાજનો રાજીપો કોની ઉપર થાય છે ? કૃપા ક્યારે કરે છે ?**
જે પંચવિષયનો અભાવ કરે અને પુરુષપ્રયત્ન કરે તેની ઉપર જ શ્રીજીમહારાજનો રાજીપો થાય છે અને પછી કૃપા કરે છે. માટે પંચવિષય (શબ્દ - સ્પર્શ - રૂપ - રસ ને ગંધથી ભોગવતા ભોગો / સુખો) નો અભાવ કર્યા વિના છૂટકો નથી. તે સો જન્મે, હજાર જન્મે કે લાખ જન્મે પણ

એનો અભાવ કર્યા વિના છૂટકો નથી. જો નહિ કરો તો ઓચિંતાની કેદ આવી પડશે ને નવ મહિના સુધી પાચ, પરુ, વિષ્ટા મળ, મૂત્રમાં ઊંધે માથે રહેવું પડશે ને બારી કે વાયરો કાંઈ મળે નહિ એવું દુઃખ આવી પડશે. ॥ પ્રકૃતિપુરુષના કાર્યમાંથી ને વૈભવમાંથી લૂખા થવું. તેમ જ બ્રહ્મકોટી ને અક્ષરકોટીના ઐશ્વર્યમાંથી ને એમના સુખમાંથી લૂખા થવું છેવટે શ્રીજીમહારાજનું તેજ જે અક્ષરધામ તેમાં પણ સુખ ન માનવું. એક શ્રીજીમહારાજની મૂર્તિમાં જ સુખ માનવું ને હેત કરવું તો શ્રીજીમહારાજ ને મોટા રાજી થઈને કૃપા કરે અને પોતાના તુલ્યપણાને પમાડે. - અનાદિમુક્ત બાપાશ્રી.

**૫૩૫** મહારાજની નાની મોટી આજ્ઞા સર્વે યથાર્થ પાળીને ધ્યાન કરવું તે આજ કરો કે લાખ - કરોડ જન્મે કરો; પણ તે કર્યા વિના મહારાજ કે મોટા પ્રસન્ન થાય નહિ.

**૫૩૬ વૈરાગ્ય કોને કહેવાય ?**

બાપાશ્રી કહે, "પ્રકૃતિપર્યંત સર્વે ખોટું છે તેને ખોટું કરે તે પણ વૈરાગ્ય છે અને પ્રકૃતિ પર અક્ષરપર્યંત જે સાચું છે તેને પણ ખોટું કરવું તે વૈરાગ્ય કહેવાય."

**૫૩૭ મૂર્તિમાં રહે તેનું વર્તન કેવું હોય ?**

મૂર્તિમા રહે તેને મારું નહિ, તારું નહિ, સાધુ નહિ, ગૃહસ્થ નહિ. એને કાંઈ જોઈએ જ નહિ. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય આદિક કોઈ સાધનની ખખા રહે નહિ. મૂર્તિ વિના બીજી કાંઈ સ્મૃતિ જ નહિ. કોઈ પ્રકારનો ઠરાવ જ નહિ. એક મૂર્તિ જ રહે.

**૫૩૮ મંદિરના કાર્યમાં હાથ ઘાલવામાં સાધુતા ન રહે. સાધુતા ન રહે તો પછી મહારાજ તરફ આગળ શી રીતે વધાય ?**

માટે ત્યાગીઓએ વિચારવું. મૂર્તિના ઘરાક થવું. ધ્યાન કરતા, માળા ફેરવતા, મૂર્તિની બહાર નીકળાય નહિ, એ યોગીની નિદ્રા કહેવાય. મૂર્તિમાં

રસબસ જોડાઈ રહેવું. પહેલા મોટા મોટા સંત હતા તે મૂર્તિમાં રસબસ જોડાઈ રહેતા, મૂર્તિના સુખે સુખિયા હતા. આજ તો સાધન ઉપર તાન, તે સાધન તો ચાલી ચાલીને બહુ કરે તો અક્ષર સુધી જાય, તોય લૂખું ને લૂખું. મૂર્તિમાંથી બહાર નીકળાય તો માયિક વૈભવમાં લેવાઈ જવાય; માટે મૂર્તિમાં બેસી રહેવું.

**૫૩૯** જીવનને મોહે કરીને દેહના રૂપમાં આનંદ મનાય છે; પણ દેહ તો હાડકાની મેડી છે તેમાં શું આનંદ મનાતો હશે ?

**૫૪૦ ગુરુ કોને કહેવાય ? કેવા ગુરુ કરવા ?**

જેને જડ - ચૈતતન્ય (દ્રવ્ય - સ્ત્રી)નો સંસર્ગ ન હોય અને ભગવાનના અખંડ સંબંધવાળા હોય તેને ગુરુ કહેવાય. એવાને ગુરુ કરવા. ગુરુના લક્ષણ બહાર જાય તે ગુરુ શાનો ? સનાતન હોય તે ગુરુ. સનાતન એટલે અનાદિ જે ધામમાંથી આવેલા હોય તે જાણવા. આજ સત્સંગમાં ભગવાન બિરાજે છે પણ પાપી અને અધર્મોના મતે નથી, તે તો અદ્રશ્ય થયા જાણે છે, કેમ જે સત્સંગની શૈલી જાણતા નથી, તેથી એમ સમજે છે કે ભગવાન અંતર્ધાન થયા છે. એવું સમજનારા સાધુ શું કામ થયા હશે ? મૂંડાવા ? એવા વચ્ચે આવે તે ગુરુ ન જાણવા. એવાનો જોગ થયો હોય તો મોક્ષ માર્ગમાં વિઘ્ન થયું જાણવું. એવાના જોગથી જુદા પડી જવું અને તેનો ત્યાગ કરવો.

**૫૪૧** સાધુ કે સત્સંગી થઈને તુચ્છ પદાર્થ સારું ભડાભુટ કરવી તે ઠીક કહેવાય નહિ; અને પ્રસાદીની વસ્તુ જે ચરણારવિંદ તે પણ અંદર રાખ્યા હોય તો પછી બહારના જોઈએ નહિ. માટે ખબર રાખવી. રાજકાજ સારું માથા કપાવે અને સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે તે સારું કાંઈ ન થાય. દેહ ઉપર ડગલી છે તેમ દેહરૂપી ડગલો કાઢીએ એટલે જીવ દેહરૂપ થઈ જાય અને મહારાજ દેહી થઈ જાય. (જીવ શરીર થઈ જાય અને મહારાજ તેમાં રહેનારા એટલે કે શરીરી થઈ જાય.)

૫૪૨ જેમ ચિંતામણિ નાની  છે પણ અનંત જનના સંકલ્પ સત્ય કરે છે અને જે જે ઈચ્છે તે આપે છે તેમ મહારાજની મૂર્તિના સુખમાં અપારપણું છે.

૫૪૩ **માગવા વિષે :**

મોટા મોટા કહી ગયા કે મૂર્તિનું સુખ પણ ન માગવું, કાંઈ ન માગવું. પ્રાર્થના કરીએ તો અંતર્યામી જાણ્યામાં ફેર કહેવાય. પ્રાર્થના કરે તે સકામ કહેવાય. બાપાશ્રી કહે કે ભગવાન નહિ જાણતા હોય ? "તનકી જાણે મનકી જાણે, જાણે ચિત્તકી ચોરી, ઈનકી પાસ ક્યા છુપાઈએ, જીનકે હાથમે દોરી" આપણે પાત્ર થશું તો એની મેળે સુખ આવશે હાથ જોડીને વિનંતી કરવી ને પાત્ર થવું પણ માગવું તો નહિ જ. મહારાજ કેમ પ્રસન્ન થાય તે તપાસી પ્રસન્નતાના સાધન કરવા. મૂર્તિનું સુખ માગવું એ પણ સકામ. ભગવાન પાસે આપણે માગીએ તેવી શું વસ્તુ હોય ? એ તો ઢગલા ને ઢગલા છે. માગીએ તો મૂર્ખ કહેવાઈએ. જે માગીએ તે પ્રકૃતિ માંહેલુ માગીએ. મૂર્તિનું સુખ અપાર અપાર ને અપાર !! તેનો કોણ પાર લે ? હાથ જોડી વિનંતી કરીએ તો સુખિયા કરી દે. માગવું તો નહિ જ. માગ્યામાં તો ભગવાન ખોટા પડી જાય. પ્રસન્નતા મગાય અને પ્રસન્ન થાય એવી ક્રિયા કરવી. - અનાદિમુક્ત બાપાશ્રી

૫૪૪ જીવમાં માયા હોય તો મોટાની દ્રષ્ટિમાં આવે જ નહિ. - અનાદિમુક્ત બાપાશ્રી.

૫૪૫ મહારાજની અખંડ સ્મૃતિ તો પ્રત્યક્ષ દર્શન તુલ્ય છે અને એ બહુ કામ કરે છે. - અનાદિમુક્ત બાપાશ્રી

૫૪૬ **અંતર્વૃત્તિ : એકાંતિક, પરમએકાંતિક, અનાદિમુક્ત ક્યારે થવાય ? અંતર્વૃત્તિ ક્યારે થઈ કહેવાય ?**

(૧) મહારાજની મૂર્તિ પ્રતિમા રૂપે છે તે દિવ્ય અક્ષરધામમાં છે તે જ છે. એમ સમજે. (૨) આ સભા દિવ્ય અક્ષરધામની છે, આ સભા અનાદિમુક્તની છે. આ સભામાં પ્રત્યક્ષ મહારાજ બિરાજે છે. એ બે વાતો

દ્રઢ થઈ તો અંતર્વૃત્તિ થઈ જાણવી. એ બે વાતો સિદ્ધ થાય તો ખરેખરો એકાંતિક થાય. **તે એકાંતિક કોને કહીએ ?** તો આંખે આંધળો થાય (મૂર્તિ સિવાય રૂપ આદિક કાંઈ જોવે નહિ), કાને બહેરો થાય (મૂર્તિના સંબંધ સિવાયની કોઈ વાત સાંભળે નહિ), ત્વચા, રસના, નાસિકા આદિના સર્વે વિષય રહિત થાય ને માંહી રાગ ન રહે તેને **એકાંતિક** કહેવાય. એ કૃપાનો પાત્ર થયો. પછી ભગવાનને આત્મામાં પધરાવે ત્યારે **પરમએકાંતિક** થાય છે. તે ખરી કૃપાનો પાત્ર થયો. પછી મહારાજ તેના ઉપર પૂર્ણ દયા કરે ત્યારે મૂર્તિમાંથી અનુભવ જ્ઞાન છૂટે છે તે ભક્તને મૂર્તિમાં ખેંચે છે ને મૂર્તિમાં જોડી દે છે, ત્યારે **અનાદિમુક્ત** થાય છે. ઈન્દ્રથી લઈ અક્ષર સુધી સાધન છે, અક્ષરથી પર એકાંતિક, પરમએકાંતિક થાય ત્યારે કૃપા થાય. પછી કૃપાથી મૂર્તિના સુખમાં પહોંચાય છે. એ સારું જેવી દેહને વિષે આત્મબુદ્ધિ છે તેવી મોટા અનાદિ સાથે દ્રઢ આત્મબુદ્ધિ કરવી. મોટાની સહાયતા વિના કાંઈ થાય નહિ. સાધન કાળમાં પણ મોટાની કૃપા હોય તો જ સિદ્ધ થવાય છે. - અનાદિમુક્ત બાપાશ્રી

**૫૪૭** ભગવાનના ભક્તને રોગ થાય તો મોટાનો સમાગમ મળ્યો જાણી તેમાં દુઃખ માનવું નહિ. અનાદિમુક્ત બાપાશ્રી.

**૫૪૮ પ્રાયશ્ચિત :**

નાનું-મોટું પાપ થઈ જાય તો પ્રાયશ્ચિત કરી નાખવું, ન કરે તો અભડાયેલો રહે.

**૫૪૯ આત્યંતિક કલ્યાણ કોને કહેવાય ?**

મોટાની કૃપાએ હું તો મહારાજ સાથે જ છું. ક્યાંય જવું - આવવું નથી, એમ જે સમજે તેને આત્યંતિક કલ્યાણ કહેવાય - અનાદિમુક્ત બાપાશ્રી.

**૫૫૦** જેને મહારાજની મૂર્તિનો અલૌકિક આનંદ છે તેને જગતનું કોઈ સુખ નજરમાં આવતું નથી. મૂર્તિનું સુખ અપાર છે. - અનાદિમુક્ત બાપાશ્રી

**૫૫૧** કામકાજ કરતા મૂર્તિમાં વૃત્તિ રાખવી પણ ક્રિયારૂપ થઈ જવું નહિ, મૂર્તિને ભૂલીને કાર્યમાં હણોહણ કરે તો શું કમાણા !! મૂર્તિ મુખ્ય રાખવી તો સુખિયું થવાય, એ વિના કોટી સાધને કામ થાય તેવું નથી. કાર્યમાં તાન હોય તેથી કારણમાં જીવ બેસે નહિ. માલ તો મળ્યો છે પણ ભોગવે તો કામ થાય એટલે કે મૂર્તિમાં જોડાય તો સુખ આવે. મૂર્તિમાં જ સુખ છે, બીજે બધે તો રોગી વાની (રાખ) ઉડે છે. મહારાજનું સુખ તો બહુ જ જબરું છે. મૂર્તિ રાખ્યા વિના સાજો જન્મારો એમ ને એમ નીકળી જાય પણ કામ ન થાય, મહારાજની મૂર્તિ વિના ઘડી પણ રહેવું નહિ. મૂર્તિમાં સુખ, સુખ ને સુખ જ છે. તે સુખનો જે પારખું થયો હોય તેને ખબર પડે. આપણે તો મૂર્તિના સુખરૂપ મહારસનું પાન કરવું, એ અમૃત રસ મેલીને પ્રકૃતિના કાર્યમાં કુટાવું નહિ. શ્રીજીમહારાજને જેવડા જાણી શકીએ તેવડા જાણીએ તોય મહારાજ તો સર્વેને અપાર ને અપાર રહે છે. મહિમા તો ઘણો સમજવાનો છે પણ જેમ છે તેમ કહીએ તો ખમાય નહિ. - અનાદિમુક્ત બાપાશ્રી

**૫૫૨** શ્રીજીમહારાજ ને મુક્ત સાક્ષાત્ બિરાજે છે એવું જણાતું નથી ત્યાં સુધી મહિમા સમજાય નહિ.

**૫૫૩** સત્સંગ દિવ્ય ક્યારે જણાય ? જ્યારે મહારાજ અને અનાદિમુક્તને સાથે ને સાથે રાખે ત્યારે.

**૫૫૪** હું જે જે ઘાટ - સંકલ્પ કરું છું તે સર્વે મહારાજ ને મોટા જાણે છે એવી મર્યાદા રાખીને ખરી આતુરતાથી મંડે તો મહા સુખિયો બ્રહ્મરૂપ કરી મૂકે. - અનાદિમુક્ત બાપાશ્રી.

**૫૫૫** ઈન્દ્રિયો જીતવાનું સાધન વૈરાગ્ય, સ્વધર્મ, તપ ને નિયમ છે; જ્યારે મન (અંતઃકરણ) જીત્યાનું સાધન ભગવાનની માહાત્મ્યે સહિત નવધા ભક્તિ છે. ॥ જીવ કેવો છે ? જીવ પુરુષ પણ નથી ને સ્ત્રી પણ નથી, એ તો સત્તા માત્ર ચૈતન્ય છે. ॥ ધામમાં શી સેવા હશે ? શ્રીજીમહારાજને વિષે દાસપણું

રાખવું તે સેવા કહી છે. ॥ સત્યરૂપ એવો પોતાનો આત્મા તથા સત્યરૂપ એવા ભગવાન તેનો જેને સંગ થયો તેને સત્સંગી કહીએ - મહારાજ ॥ અમારા પ્રકાશના આત્મા, બ્રહ્મ, ને અક્ષરધામ એ ત્રણ નામ છે.

**૫૫૬ શિ.હર.ર માં ધામમાં શી સેવા કરવાની હશે ?**

દાસભાવે મૂર્તિના આનંદનો અનુભવ કરવો, મૂર્તિનું સુખ ભોગવવું તે. ॥ **ધામમાં જીવને કેવો દેહ બંધાય છે ?** બ્રહ્મરૂપ જીવાત્માનો = ભાગવતી તનુ = જીવાત્માનું સાકાર સ્વરૂપ = ચૈતન્ય પ્રકૃતિનો દેહ બંધાય છે. ॥ **આત્મનિવેદનમ્ : આત્મા અર્પણ કરવો એટલે શું ?** ભગવાનમાં એકાત્મભાવે જોડાઈ રહેવું તે, પોતાના આત્માને મૂર્તિના સુખમાં રાખવો તે.

**૫૫૭** મહારાજ કહે છે કે આત્મા - પરમાત્મા સંબંધી જ્ઞાનવાળા મારા આશ્રિતોએ પોતાની મોટી મોટી પૂજા થાય કે તાડન કરે, હાથી ઉપર બેસાડે કે ગધેડે બેસાડે તોપણ સમભાવ રાખવો. તેમ જ જ્ઞાની ભક્તે સોનામાં ને કચરામાં, શત્રુમાં ને મિત્રમાં, રમણીય રૂપ ને કુત્સિત રૂપમાં, માને ને અપમાનમાં સર્વ પ્રકારે, સર્વકાળમાં સમપણું રાખવું. એવા જ્ઞાની ભક્તના હૃદયમાં મારો નિરંતર નિવાસ જાણવો. તે ભક્ત દેવ - મનુષ્ય આદિકે પણ પૂજવા યોગ્ય થાય છે. આવી સ્થિતિવાળાને જ જ્ઞાની ભક્ત કહ્યા છે.

**૫૫૮ ત્રણ ગુણના ગુણો :**

(૧) **સત્વગુણના ૧૦ ગુણો :**

૧. આનંદ - હૃદયમાં સત્ત્વગુણ વર્તે ત્યારે વૃત્તિ ભગવાનની મૂર્તિમાં સ્થિર થઈને રહે, તે રૂપી આનંદ વર્તે. ૨. તપ - વિહિતભોગનો સંકોચ રાખવો તે. ૩. શાંતિ - વિષયભોગમાંથી ઈન્દ્રિયો પાછા વળે તે. ૪. પ્રકાશય - હૃદયમાં મૂર્તિનું જાણપણું રહે તે ૫. પૂણ્યશીલતા - ભક્તિ તથા સેવા કરવામાં સ્વાભાવિક રુચિ વર્તે તે ૬. સંતોષ - વિષયની તૃષ્ણા ન હોય તે ૭. શ્રદ્ધા - સત્પુરુષ તથા સત્ શાસ્ત્રોના વચનમાં વિશ્વાસ ૮. આર્જવ - સરળતા અથવા

સારો સ્વભાવ ૯. ત્યાગશીલતા - અનુચિત વસ્તુનો સંગ્રહ ન કરવો. ૧૦. ઐશ્વર્ય - કામ ક્રોધ આદિ અંતઃશત્રુઓ જીતવાનું પરાક્રમ.

(૨) **રજો ગુણના ૯ ગુણો :**

૧. અસ્થિરપણું - ભગવાનની કથા - વાર્તા - ધ્યાન - ભજનમાં ટકી શકાય નહિ. ૨. અકૃપણતા - માને કરીને કે કીર્તિને માટે દ્રવ્યનો વ્યય કરે. ૩. વિષય આસક્તિ - વિષયસુખ ભોગવતા દુઃખ આવે તે સહન કરે પણ વિષયમાંથી પાછું વળાય નહિ ૪. કુસંપ - સંપ ન રહેવા દેવો ૫. ઉપસવાનો રાગ - પોતાની મોટાઈ બતાવવી ૬. કામ - વિષયભોગની ઈચ્છા ૭. મદ - દ્રવ્ય - વિદ્યા વગેરેનું અભિમાન ૮. મત્સર કોઈ દે ને કોઈ લે તેમાં વચમાં બળી મરે. ૯. અતિવાદ - વધારે પડતો વાદ - વિવાદ, છોડે જ નહિ.

(૩) **તમોગુણના ૮ ગુણો :**

૧. તમ - સ્વરૂપ અપ્રકાશ એટલે કે પોતાના સ્વરૂપનું વિવેક રહિતપણું ૨. મોહ - વિપરીત જ્ઞાન એટલે કે દેહ આદિમાં અહંબુદ્ધિ ૩. મહામોહ - પ્રાકૃત વિષયભોગની તૃષ્ણા ૪. તામિસ્ત્ર - ક્રોધ ૫. અંધતામિસ્ત્ર - વિષય નાશ પામે તો; હું જ મૃત્યુ પામ્યો એમ માનીને દુઃખી થવું તે ૬. નિદ્રા - ઊંઘ ૭. પ્રમાદ - અસાવધાનતા એટલે કે ન કરવાનું થાય ને કરવાનું હોય તે ન થાય તે ૮. આળસ - સુસ્તી, ઉદ્યમ ન કરવો.

**૫૫૯ શિ.૨૯.૨, શ્લોક.૧૦૬ : મહામાયાનું સ્વરૂપ :**

મહામાયા નિત્ય, અનાદિ ને અનંત છે. અવ્યય છે એટલે કે કોઈ દિવસ વિકાર પામતી નથી, તમ એટલે અનાદિ અજ્ઞાન - એવા નામે કહેવાય છે, જે અનંતકોટી પ્રધાનપુરુષ (રામ) ને મહાપુરુષ (કૃષ્ણ)નું કારણ છે. ॥ મહાકાળનું સ્વરૂપ : શ્રીહરિ કહે છે કે મહાકાળ મારી શક્તિરૂપ છે. મારે આધિન રહીને સર્વનું નિયમન કરે છે, દિવ્યરૂપ છે, પ્રકૃતિપુરુષ (કૃષ્ણ)નો

પ્રેરક છે, પ્રકૃતિપુરુષની માફક એની સર્વે ક્રિયાઓ લય તથા વિક્ષેપે રહિત છે, વિવિધ પ્રકારના રૂપના આશ્રયરૂપ છે.

**૫૬૦ ધ્યાન : ધારણા :**
પૃથક પૃથક અંગ ધારવા તે ધ્યાન. સમગ્ર મૂર્તિ ધારવી તે ધ્યાનનો ઉચ્ચ પ્રકાર અથવા ધારણા અથવા અંગસમાધિ કહેવાય છે.

**૫૬૧** રોગ રૂપી શિક્ષા દેહ ભોગવે ત્યારે ચૈતન્ય ધીમે - ધીમે પાપથી રહિત થઈ ભગવાન તરફ મોક્ષ માર્ગે આગળ વધે છે. માટે એવી શિક્ષા આવે ત્યારે ભગવાનની મરજી જાણી તેને ભોગવી લેવી. બાપાશ્રી દ્વારા મહારાજે આપણને નિરોગી બનાવી દીધા છે. - પૂજ્યશ્રી નારાયણમામા

**૫૬૨** અનાદિમુક્ત મૂર્તિ પધરાવે પછી તે મૂર્તિમાં રહી ભગવાન સદાકાળ આશીર્વાદ વરસાવે છે. - પૂજ્યશ્રી નારાયણમામા

**૫૬૩ ચૈતન્યનો આહાર શું છે ?**
વૈવિધ્યભર્યા સુખનો અનુભવ થવા લાગે એ સુખ જ ચૈતન્યનો આહાર છે. - પૂજ્યશ્રી નારાયણમામા

**૫૬૪** અહિંસા ને સત્ય એ બે ભગવાનનું સ્વરૂપ છે. - પૂજ્યશ્રી નારાયણમામા

**૫૬૫ અબજીબાપાશ્રીનું જીવનવૃતાંત-૨ અ.મુ.બાપાશ્રી :**
શ્રીજીમહારાજના મુક્ત થયા તેણે પોતાનું રૂપ બીજાને દેખાડવું નહિ. તે કેવી રીતે ? તો મૂર્તિ ભૂલીને જો આ લોકના ભાવમાં જવાય તો બીજાના જોવામાં આવી જાય અને પોતાથી પણ બીજાનું રૂપ જોઈ જવાય, માટે એ વાતનો ખટકો રાખવો. ॥ કોઈ સત્સંગી આગ્રહ કરે તો જઈ આવવું તો મહારાજ રાજી થાય. ॥ મહારાજે હું અને મારું એ બેયને માયા કહી છે. તે માયા જ્યાં પેસે ત્યાં ભગવાન ભૂલાવે. ॥ આ જીવનું કલ્યાણ કોઈ વાતે થાય તેમ નથી, પણ ભગવાનન કે ભગવાનના મુક્ત પૃથ્વી પર વિચરતા હોય ને તેનો આશરો કરે તો તત્કાળ કલ્યાણ થઈ જાય. બીજાથી

એ કામ થાય તેવું નથી. ॥ ભગવાન તો એક સ્વામિનારાયણ પોતે જ છે. આ ભગવાનની તડોવડ કોઈ નથી. આ તો "જોવા રાખી નહિ જોડ, પુરુષોત્તમ પ્રગટ" એવી અકળ મૂર્તિ છે. ॥ કોઈને ધ્યાન કરતા મૂર્તિમાંથી સુખ આવતું હોય પણ જાગીને એમ જાણે કે હું કેવું ધ્યાન કરું છું તો તે પાછો વળ્યો અને પોતામાં કાંઈક રૂડા ગુણ આવ્યા હોય તોય તેનો ખખા આવવા દેવો નહિ. જો વિચાર ન હોય તો સર્વે વાતમાં માન આગળ પડે છે. પણ શ્રીજીમહારાજ અને તેમના આશ્રિતાનો મહિમા સમજે તેને એ નડી શકે નહિ. જીવને મહિમાની કાચપ છે એટલે મહારાજને જેવા છે તેવા જાણી ન શકે. નહિતર એમની પાસે માન કે બીજું કાંઈ કેમ રહે ? ॥ **મહારાજ ને તેમના મુક્તના તો મોટા મોટા અવતાર આદિ પણ દર્શન ઈચ્છે છે. એમના સામર્થ્ય પાસે બીજા કોઈનું સામર્થ્ય શું લેખામાં ? કેમકે આત્યંતિક મોક્ષ કરવામાં મહારાજ અને મુક્ત એ બે જ સમર્થ છે. જેમ કોઈને હીરો ખરીદવો હોય તો ઝવેરી પાસેથી મળે પણ જ્યાં ત્યાં ન મળે; કારણકે તેની કિંમત મોટી છે, તેમ મોક્ષ સહુથી મોંઘો છે. તે મહારાજ કે તેમના મુક્ત પાસેથી જ મળે છે.** ॥ જેને મહારાજનું દિવ્ય સુખ પામવું હોય તેણે માન, મોટપ, યશ, કીર્તિ, પ્રસિદ્ધિ વગેરેને હરામ કરવા જોઈએ. ॥ મોટા મુક્ત પ્રત્યક્ષ બેઠા હોય ત્યાં સુધી તેમની સેવા અને જોગ - સમાગમ કરી મૂર્તિ સિદ્ધ કરી લેવી. મૂર્તિ વિના જે જે થાય તે બધુય લૂખું છે. કેટલાક તો કોઠાર, ભંડાર, મહંતાઈ વગેરેમાં જ્યાં ત્યાં બંધાઈ જાય છે, માટે આ લોકમાં સર્વે ઠેકાણેથી વૃત્તિ ઉખાડીને મૂર્તિમાં જોડાવું ને સત્સંગની સેવા કે બીજું કાંઈ કરવું તેમાં માન, ઈર્ષ્યા, ક્રોધ, આદિ દોષ કે વિક્ષેપ વગેરેનો ત્યાગ કરી એક મૂર્તિ જ રાખવી; પણ મૂર્તિ ભૂલીને કાંઈ કામ ન કરવું. ॥ આપણે વાતો કરતા મૂર્તરૂપ નિશાન ચૂકવું નહિ ને સર્વે વાતમાં મૂર્તિનું બીજ લાવવું, તે વિના મહારાજ રાજી ન થાય. ॥ **આપણને કાંઈક થાય ત્યારે દેહનું અનુસંધાન રાખીએ તો દુઃખ જાણય પણ મૂર્તિમાં જોડાઈ જઈએ તો જાણે કાંઈ છે જ નહિ. મૂર્તિમાં તો નકરું સુખ જ ભર્યું છે, દુઃખનો ગંધય નથી.** ॥ **મહારાજના મુક્ત સાથે હેત થયું તેને તો બહુ ભારે કામ**

**થઈ ગયું; કેમકે એ સર્વે આવરણ ભેદાવીને મહારાજની મૂર્તિમાં જોડી દે એવા છે. ॥ દેહ તો સાવ ખોટો છે પણ ખોટો મનાતો નથી એટલે દુઃખ થાય છે.** ॥ જીવને મહારાજ તથા મુક્તનો મહિમા સમજવામાં શું નડે છે ? દેહાભિમાનરૂપ આભડછેટ બહુ નડે છે. એ આભડછેટ જીવ મૂકે નહિ ત્યાં સુધી મહારાજ રાજી ન થાય. માટે જે કાંઈ કરવું તે દિવ્યભાવમાં રહીને કરવું. ॥ **મહારાજના દર્શન જેવો જ અનાદિમુક્તના દર્શનનો લાભ છે. મહારાજ ને અનાદિમુક્ત તો રસબસ છે. જેને મહારાજ ને મોટા મળ્યા તેણે કલ્યાણમાં સંશય રાખવો નહિ કે મારું કેમ થશે ! મોટા અનાદિને વિષે આત્મબુદ્ધિ રાખતા કલ્યાણમાં ફેર રહે તો તેની મોટાને જોખમદારી છે. મહારાજ ને મોટાની દયાનું માપ થાય તેવું નથી. આ ટાણે મહારાજ પાત્રકુપાત્ર જોતા નથી, તેથી નજરે ચડ્યો તેનું કામ થઈ જાય છે.** ॥ **ભગવાન અને મુક્તની સાક્ષાત્ પ્રાપ્તિ ક્યારે થઈ કહેવાય ? મહારાજ પ્રત્યક્ષ દર્શન દેતા હોય ત્યારે તે મૂર્તિમાંથી મનુષ્યભાવ ટાળવો જોઈએ ને પ્રતિમારૂપે દર્શન અપાતા હોય ત્યારે તેમાંથી પ્રતિમાભાવ ટાળવો જોઈએ ને એમ જાણવું જોઈએ કે અક્ષરધામમાં જે મૂર્તિ છે તે જ આ છે, એવા જ્ઞાને સહિત આશ્રય કરે તો સાક્ષાત્ પ્રાપ્તિ થઈ કહેવાય.** ॥ **મહારાજને મળેલા કોને કહેવાય ? મૂર્તિમાં રહેતા હોય તે મળેલા કહેવાય. આજ તો મળેલા ઘણા છે.** ॥ **સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને પૂછ્યું જે "છપૈયા અને ગઢપુર એ બે ધામમાં કયુ અધિક જાણવું ?"** બાપાશ્રીએ કહ્યું કે ભગવાનનો પ્રાદુર્ભાવ જ્યાં થયો હોય તે અધિક ગણાય. છપૈયા અધિક. ॥ કેટલાય રાગરંગમાં, મારા-તારામાં, પંચવિષયના વલખામાં આવરદા ખોઈ નાખે છે, આપણને તો શ્રી પુરુષોત્તમનારાયણ અવિનાશી વર મળ્યા છે તેથી ક્યાંય અટકવું નહિ. ॥ **મહારાજનો મહિમા :** બધી વનસ્પતિની કલમો કરો ને સાત સમુદ્રની શાહી કરો અને પૃથ્વી બધીનો કાગળ કરો; પછી લખવા માંડો તો લખતા લખતા કલમો ઘસાઈ જાય, શાહી ખૂટી જાય; તોપણ શ્રીજીમહારાજના મહિમાનો પાર ન આવે, એવી એ અલૌકિક દિવ્ય મૂર્તિ છે ને અતિ અપાર છે. તેનો કોઈ પાર પામી શકે તેવું નથી. મહારાજ

કહે છે કે હું પણ મારા મહિમાનો પાર પામતો નથી, તો બીજા કોણ પામી શકે ? એવી એ કારણ મૂર્તિ છે. એ કારણ મૂર્તિના આધારે સૌ સુખિયા છે. ॥ **અંતરમાં ભૂડાં ઘાટ થતા હોય ને ભગવાનની મર્યાદા ન રહે તે પણ નાસ્તિકપણું કહેવાય. માટે ખરા આસ્તિક થવું.** ॥

**૫૬૬** મામા કહે, "આખા બ્રહ્માંડમાંથી એક કે બે જીવ જ અક્ષરધામમાં આવે છે. છતાં પણ બ્રહ્માંડ અનંત હોવાથી અક્ષરધામમાં અનંત જીવોની એન્ટ્રી થાય છે." "જેના રોમ શું છિદ્રમાં અણુ સમ બ્રહ્માંડ કોટી ફરે" (રોમ = તેજની કિરણ, માયિક રૂંવાડા દિવ્ય મૂર્તિને ન હોય). શ્રીજીમહારાજના તેજની એક કિરણમાં આવા અનંતકોટી બ્રહ્માંડો અણુની જેમ ઉડતા ફરે છે. માટે વહાલા ભાઈઓ વિચારજો ! જ્યારે જીવ મહારાજ જેવો ને જેટલો નિર્મળ થાય ત્યારે જ અક્ષરધામમાં રહી શકે એવો પાત્ર થાય છે. પાત્રતા વગર એ જબરજસ્ત દિવ્ય શક્તિ જીરવાતી જ નથી. દિવ્ય ધ્વની પણ કાનના પડદા ફાટી જાય એવો લાગે છે. જ્યાં સુધી પાત્ર નહિ થઈએ ત્યાં સુધી અનેકવાર સત્સંગીને ઘેર જન્મવું ને મરવું પડશે ! જે જન્મમાં આજ્ઞાઓ પાળીને, ઉપાસના બરાબર દ્રઢ કરીને ને ભગવાન જેવા કલ્યાણકારી ગુણો કેળવીને પાત્ર થાશું ત્યારે જ છૂટકારો થશે. તો પછી હવે કોની રાહ જોવાની ? સાવધાન થઈને જે કરવાનું છે તે કરવા મંડી પડીએ, તો વહેલો પાર આવે ને મૂર્તિના સુખમાં રમમાણ કરતા થઈ જવાય.

**૫૬૭** સુકૃત ઉદય થાય ત્યારે સ્વામિનારાયણ ભગવાન ઓળખાય. અનાદિમુક્તનો જોગ મળે ત્યારે મહારાજનું તત્ત્વજ્ઞાન સમજાય. ચૈતન્ય જ્યારે મહારાજના તેજ સાથે વિલીન થાય, ત્યારે સમગ્ર ચૈતન્ય ઈન્દ્રિયોનું કામ કરે. પોતાને ગમતું ભગવાનનું સ્વરૂપ લઈ તેને નીરખવું. દેહભાવ કાઢી નાખીને નીરખવું. ચૈતન્યનો અણુ - અણુ આંખ બની મહારાજને જુએ છે. આપણી ચૈતન્ય પ્રકૃતિ ભગવાનના તેજ સાથે મળી સાકાર થાય છે, છતાં તે જગ્યા રોકતી નથી કારણકે એ દિવ્ય છે. એનો આકાર ભગવાનના જેવો જ થઈ જાય છે અને ભગવાન સાથે એકરૂપ થઈ જાય છે. મસ્તકે - મસ્તક, ચરણે

- ચરણ, ત્યારે એ રોમે - રોમ સુખ ભોગવે. પરંતુ પહેલા મૂર્તિ એકદમ સ્પષ્ટ થવી જોઈએ. જ્યાં જોઈએ ત્યાં નજર સમક્ષ એ મૂર્તિ જ દેખાવી જોઈએ. પરિશ્રમ કરવો પડે. સાત્વિક ગુણ પ્રવર્તતો હોય ત્યારે ધ્યાન કરવું. બ્રહ્મા મુહૂર્તમાં કે રાત્રે ઊંઘ ઉડે ત્યારે પણ ધ્યાન કરાય. ધ્યાન કરવું એ પૂર્ણ યોગ છે. બધા પ્રશ્નોનો ઉકેલ મૂર્તિ છે. નિઃસ્વાર્થ પ્રાર્થનાથી ભગવાન રાજી થાય માટે એ કરવી. આવરણો હટાવવા પ્રાર્થના એ શક્તિશાળી હથિયાર છે. ધ્યાન ન કરનારની આંતરિક પ્રગતિ અટકી ગયેલી લાગે છે. મૂર્તિ સળંગ દેખાય પછી મંદિર જવાની આવશ્યકતા ન રહે. - પૂજ્યશ્રી નારાયણમામા

૫૬૮ **મહારાજનું કર્તાપણું - અકર્તાપણું - અન્યથાકર્તાપણું : અવરભાવમાં / આ લોકમાં - કર્તાપણું :**

અનંત કોટી બ્રહ્માંડોમાં તથા આ લોકમાં જે કાંઈ થાય છે તે મહારાજ જ કરે છે તે. અકર્તાપણું : પોતે કાંઈ કરતાં નથી, બીજા દ્વારા કરાવે છે તે. અન્યથાકર્તાપણું : કોઈની પણ મદદ વગર જે ચાહે તે કરવા સમર્થ છે તે. **પરભાવમાં** કર્તાપણું : પોતાના એકાંતિક / વિદેહી મુક્તાને તથા અનાદિમુક્તો / કૈવલ્યમુક્તો ને પોતાના ધામમાં રાખીને સુખ આપે છે તે. અકર્તાપણું : પોતાના મુક્તોને વશ થઈ જાય, આધિન થઈ જાય તે. અન્યથાકર્તાપણું : ધારે તો પોતાના મુક્તોને પોતાનામાં લીન કરીને, એકલા જ રહીને જે કરવું હોય તે કરવા સમર્થ છે તે એવા ભગવાન સત્

૫૬૯ **શબ્દો :**

**પ્રતીતિ** = દિવ્યભાવનો દ્રઢ વિશ્વાસ । **ભક્તિ** = પ્રીતિ । **સત્સંગ** = સંત એવા ભગવાન સત્ એવા આનાદિમુક્ત / સત્પુરુષ, ને સત્ એવા શાસ્ત્ર; તેમનો સંગ તે સત્સંગ, તેમની જોડે વાસ્તવિક સંબંધ થઈ જાય, આપોપું થઈ જાય તે । **પ્રતિમા** = અર્ચા સ્વરૂપ (ચિત્રામણ કે ધાતુ - પાષાણની મૂર્તિ) । **મહામુની** = અનાદિમુક્ત । **પ્રસંગ કરવો** = આશરો કરવો । **અભયપદ** = અક્ષરધામ । **વ્યતિરેક** = મૂર્તિમાન । **કાંતિ** = તેજ, પ્રકાશ ।

**વાર્તાનો સાક્ષાત્કાર** = ચિંતવન કર્યા વિના ઇદં સાંભરી આવે તે । **મોહ** = કરવા યોગ્ય ને ન કરવા યોગ્ય સૂજે નહિ ને પંચચવિષયને વિષે આસક્તિ હોય તે । **પ્રમાદ** = કરવાનું (સંત સમાગમ, ભજન, આજ્ઞા પાળવી વગેરે) ન થાય ને ન કરવાનું થાય તે । **ભાગવતીતનું** = ચૈતન્ય શ્રીજીમહારાજના જેવો જ મૂર્તિમાન થાય તે । **ડોલરિયા** = મોગરો । **ચરિત્ર** = ક્રિયા । **સાવધાન રહેજ્યો** = આત્મસત્તારૂપે રહેજ્યો । **અભિજ્ઞજન** = ભગવાનની મૂર્તિના સાક્ષાત્કારવાળા સત્પુરુષ । **શુદ્ધ સત્વમય** = બ્રહ્મરૂપે । **શૂન્ય સમતા** = દેહના વિકાર અડે નહિ ને કેવળ આત્મસત્તારૂપે વર્તે તે । **આત્મબુદ્ધિ** = પોતાપણાની બુદ્ધિ, પૂજ્યબુદ્ધિ, દેવતાબુદ્ધિ, તીર્થબુદ્ધિ । **વ્યાપકપણું** = એક ઠેકાણે રહ્યા થકા યોગકળાએ કરીને અનંતત ઠેકાણે દેખાવું તે । **સનાતન** = અનાદિ, જે ધામમાંથી આવેલા હોય તે, હતા જ, કોઈના કરેલા નહિ । **કરુણાસાગર** = કાંઈ જોવે - બોવે નહિ; જે કોઈ નજરમાં આવે એના ઉપર કૃપા જ વરસાવે એવા દયાળુ । **અપ્રાકૃત** = દિવ્ય । **આવરણ** = બંધન, નડતર । **નિરંશ** = ટૂકડા ન થાય એવું । ચરાચર = ચર + અચર = જંગમ (હસતું-ફરતું) અને સ્થાવર (સ્થિર), MOVABLE AND IMMOVABLE । **સચ્ચિદાનંદ** = સત્, ચિત્ત ને આનંદમય, સત્ = હતા, છે ને રહેશે, સત્યસ્વરૂપ, ચિત્ત = પ્રકાશમય, જ્ઞાનપણું. આનંદ = સદાય આનંદરૂપ । અનંત = પાર રહિત । **અખંડ** = અવિનાશી । **ગુણાતીત** = ગુણ + અતીત = રજ-તમ-સત્વ ગુણથી પર । **અચ્યુત** = ટૂકડા ન થાય, કપાય નહિ, ભાગલા ન પડે એવું, અખંડ । **સર્વથી પર** = મૂર્તિમાન સર્વથી ન્યારા (જુદા) । **શૂન્ય** = કંઈ ઘાટ ન થાય તે । **શૂન્યભાવ** = આકાશંવત્ નિર્લેપ, માયાથી રહિત નિર્ગુણ થવું તે । **નિવૃત્તિ કર્મ** = ત્યાગીને પાળવાના બ્રહ્મચર્ય, અહિંસા વગેરે । **પ્રવૃત્તિ કર્મ** = ગૃહસ્થને પાળવાના જે નિયમ છે તે (જે.૧) । **પ્રધાનમાયા** = પ્રધાનમાયારૂપ સુષુપ્તિ, તુર્યાવસ્થા । **મૂળમાયા** = સામ્યવસ્થા । **કૃપાનિધાન** = કૃપાનો

ભંડાર / ખજાનો । **ત્યાગ-ભાગ** = પોલાણપણું । **માજમ** = કેફી પદાર્થ । ઓગણતેરો કાળ = સં. ૧૮૬૯, ઈ.સ. ૧૮૧૨ માં પડેલો ભયંકર દુષ્કાળ । **મહા તેજરૂપ મુક્ત** = પરમ એકાતિક મુક્ત । **કૈવલ્ય જ્ઞાન** = આત્મસ્વરૂપનું જ્ઞાન । **અષ્ટક** = જેમાં આઠ શ્લોક હોય તે । **સ્તોત્ર** = જેમાં ૧૧ શ્લોક હોય તે । **દેવભાષા** = સંસ્કૃત । **પ્રાકૃત ભાષા** = લૌકિક ભાષા । **દાન્ત** = બાહ્ય-આભ્યંતર ઈન્દ્રિજીત હોય તે । **અવ્યગ્ર ચિત્તવાળા** = સાવધાન મનવાળા । **અનુકંપા** = દયા । **ક્ષાંતિ** = ક્ષમા । **શૈર્ય** = રણસંગ્રામમાં ઉત્સાહ । **ધૈર્ય** = સહનશીલતા । **કુસીદ** = વ્યાજવટુ (વૈશ્યના ધર્મમાં) । **અવકીર્ણિતા** = વીર્યપાત । **અસંદિગ્ધ** = સંશય વગર । **આચાર** = અમુક નિમિત્તે પાળવાના સદાચાર । **યોગ** = મૂર્તિમાં જોડાવું તે । **મહેમાનની માફક** = આસક્તિ રહિત । **દમ** = ઈન્દ્રિયોને નિયમમાં રાખવા । **શમ** = અંતઃકરણને નિયમમાં રાખવા । **ભૂતદયા** = સર્વ પ્રાણી માત્રનું હિત કરવું । **અનુક્રોશ** = રીસ ન કરવી । **ક્ષમા** = પર અપરાધને સહન કરવો । **તપ** = ભગવાનની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવી । **ધૃતિ** = સુખ-દુખમાં ધીરજ રાખવી । **શુક્ત અન્ન** = ઉતરી ગયેલું । **પર્યુષિત અન્ન** = રાત્રિ વાસી રહેલું । **સંસૃતિ** = જન્મ-મરણ । **બ્રાહ્મમુહૂર્ત** = સૂર્યોદય પહેલાની ચાર ઘડી (૯૬ મિનિટ) । **અતિક્રમણ** = અપરાધ । **આપ્ત** = બંધુ વર્ગ, સર્વની સાથે સુહૃદ્ભાવ રાખનારો । **અભીષ્ટ** = મનવાંછિત, ઈચ્છિત । **અજ** = બકરો, ન ઉગે એવા ડાંગર આદિક બીજ । **અનાયાસ** = ધ્યાન-ભક્તિ ન થઈ શકે એવું અતિ તપ ન કરવું । **મંગળ** = આજ્ઞા ઉપાસનાની દ્રઢતા । **અકાર્પણ્ય** = ઈષ્ટદેવનો દશાંશ - વિશાંશ કાઢવામાં ને સંતની સેવામાં ઉદારતા । **આત્મનિવેદન** (નવ પ્રકારની ભક્તિમાં) = પોતાના આત્માને મૂર્તિના સુખમાં રાખવો તે । **અકૃપણતા** = માન અથવા કીર્તિને માટે દ્રવ્યનો વ્યય કરવો તે । **તામિસ્ત્ર** = ક્રોધ । અવ્યય = કોઈ દિવસ વિકાર ન પામે તે । **તપ** = અનાદિ અજ્ઞાન । **કાષાય** (વસ્ત્ર) = ભગવા । **સોમ્ય** = જેની

ઉપમા ન આપી શકાય એવી શોભાવાળા । **કષાય** = રાગ-દ્વેષનો તીવ્ર વેગ ચિત્તમાં લાગે તે । ચિત્તની સ્થિતિ પ્રમાણે : ક્ષિપ્ત = વિષયભોગમાં શોભાવાળા = આસક્ત એવું ચિત્ત । **મૂઢ** = નિદ્રા-તંદ્રાથી ગ્રસ્ત ચિત્ત । **વિક્ષિપ્ત** = ક્યારેક ભગવાનની મૂર્તિના ધ્યાને યુક્ત ને ક્યારેક વિષયાસક્ત એવું ચિત્ત । **એકાગ્ર** = શ્રીજીની મૂર્તિ આકારે જે ચિત્ત હોય તે । **રૂદ્ધ** = શ્રીજીની સંળગ મૂર્તિમા રસબસભાવે ચિત્ત લીન થઈ ગયું હોય તે । **કૂટસ્થ** = નિર્વિકારી । **વલય** = કંકણ, બંગડી । **હવિ** = ઘી । **બ્રહદવ્રત** = નૈષ્ટિક બ્રહ્મચર્યવ્રત । **ધીર** = વિકારનું કારણ હોવા છતાં જેના ચિત્તમાં વિકાર ન થાય તે । **ભદ્ર** = કલ્યાણ । **અભ્યંગ** = તેલ ચોળીને સ્નાન કરવું । **માધુકરી** = જુદા જુદા ઘેરથી માગેલી ભિક્ષા = । **નિમિષ** = પાંપણ ખોલીને બંધ કરીએ એટલો સમય । **અજાતશત્રુ** = શત્રુ તથા મિત્રમાં સમભાવવાળા । **દાંત** = વ્રત-ઉપવાસ વડે દેહનું દમન કરનારા, સરળ સ્વભાવવાળા । **પરિમિત** = મિતભાષી, જરૂર પૂરતું જ બોલનારા । **ધીમંત** = (ધી = બુદ્ધિ) બુદ્ધિવાળા । **શ્રીમંત** = (શ્રી = લક્ષ્મી) પૈસાવાળા । **પ્રાજ્ઞો** = વિદ્વાનો । **અભીષ્ટ** = ઈચ્છેલા ફળને આપનારું । **દર્પ** = ગર્વ । **પૈશુન** = ચાડીયાપણું । **સ્પૃહા** = અલભ્યમાં લાલસા । **રાગ** = માયિક પંચવિષયમાં આસક્તિ । **દ્વેષ** = શત્રુભાવ । **માર્દવ** = કોમળતા, કોઈની પણ સાથે અક્કડપણું નહિ । **નિગ્રહ** = કર્મેન્દ્રિયોને નિયમમાં રાખવી । **સામ** = પરને પ્રિય લાગે એવું ઉચ્ચારણ કરવું તે ॥

• • •

## સંદર્ભ ગ્રંથો

વચનામૃત રહસ્યાર્થ, અબજીબાપાશ્રીની વાતો, અમૃતસરિતા,, અબજીબાપાશ્રીનું જીવનવૃતાંત, અબજીબાપાશ્રીનું જીવનચરિત્ર, વૃંદાવનદાસજીસ્વામીની વાતો, શિક્ષાપત્રી રહસ્યાર્થ, સત્સંગીજીવન, સત્સંગીજીવભૂષણ, હરિચરિત્રામૃત સાગર, હરિલીલામૃત વિવેક ચિંતામણી, ભક્તચિંતામણિ, ગોપાળાનંદસ્વામીની વાતો, ગુણાતીતાનંદસ્વામીની વાતો, મુનિસ્વામીની વાતો, અનાદિમુક્ત ચરિતામૃત, તત્ત્વજ્ઞાન મંજરી.

## સંકલન

વચનામૃત દ્વિશતાબ્દી (૧૮૧૯-૨૦૧૯), અબજીબાપા શતામૃત (૧૮૪૪-૨૦૧૯) તથા નારાયણમામા શતાબ્દી (૧૯૨૨-૨૦૨૨) મહોત્સવ ઉપલક્ષ્યે.

# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન શાને માટે?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે –

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈ-બહેનને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેંદ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેંદ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધન કેંદ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે

જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય તેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય તેવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

અનાદિમુક્ત શ્રી નારાયણભાઈ

શતાબ્દી મહોત્સવ

1922 - 2022

12 થી 16 ફેબ્રુઆરી, 2023

જન્મ-મરણ ત્યારે જ ટળે,
જ્યારે આત્માનો પરમાત્મા સાથે સંબંધ થાય.

- પૂજ્યશ્રી નારાયણભાઈ

Website: www.shriswaminarayandivinemission.org

Email: info@shriswaminarayandivinemission.com